સ્મૃતિ: પ્રકૃતિ અને વિકૃતિ

[સંપાદકીય]

જીવન એટલે સ્મૃતિનો ભંડાર કહીએ તો ચાલી શકે. તેમાં પણ જીવનની વિકસિત દશા એટલે કે માનવ-જીવન એ તો ખરેખર સ્મૃતિનો ભંડાર છે. વૃક્ષને મૂળવાટે પોષણ મેળવવાનું સૂચન કોણ કરતું હશે? અળસિયાને પાણીમાં આગળ વધવાની પ્રેરણા કોણ આપતું હશે? પશુપક્ષીને ઉડવાની, બેસવાની, આગળ વધવાની ગતિ કોણ આપતું હશે? આ માણસ—જેણે અદ્દ્ભુત શોધો કરી છે; તેને તેમ કરવા માટે કંઈ વસ્તુ સંચાર કરતી હશે? તે સ્મૃતિ જ છે। મારે ખાવું જોઈએ! એનું વિશ્લેષણ કરવા બેસીએ તો માણસે કેટલું બધું કંઈ કંઈ રીતે યાદ કર્યું છે? ફળ, ફૂલ, ધાન્ય, સ્વાદો-સુગંધો અને ન જાણે શું? તેણે કેટલું યાદ કર્યું છે? મારે વધવું જોઈએ...! તેનું વિશ્લેષણ કરતાં કેટકેટલું તેણે કર્યું છે? આકાશમાં ઊડયો છે, પૃથ્વી ઉપર દોડયો છે, પાણીમાં સરરરર...કરતો નીકળી ગયો છે. તેણે એક તરફ પરમાત્મા તરફ જવાની લગની વધારી છે જ્યારે બીજી તરફ તે પૃથ્વીને સુખનું સ્વર્ગ બનાવવા ન જાણે કેટકેટલા પ્રયોગો કરી ચૂકયો છે; કરી રહ્યો છે અને કરશે! અને તેમાં સ્મૃતિનો જ સહુથી મોટો ફાળો છે!

"આ મીઠું છે!" એમ કહીને જેણે મીઠાશની સ્મૃતિ કાયમ કરાવી ત્યારથી લઈને "આ આત્મા છે, આ પરમાત્મા છે" એમ કહેનારની વાતને જો સ્મૃતિ રૂપે કાયમ ન રાખવામાં આવત તો જીવનનો વિકાસ અટકી જાત! એટલે સ્મૃતિની વ્યાખ્યા થઈ સ્મરણ કરવું. પણ સ્મૃતિની સ્વાભાવિક ગતિ તો એ જ થઈ કે આગળ વધવું! સ્મૃતિનો વિકાસ એટલે સવિશેષપણે ગતિ કરવી.

"મારું શરીર છે. તેને ટકવું છે. તેને ભૂખ લાગી છે." એટલે આહારની સ્મૃતિ થાય છે. તેને ટકાવી રાખવું જોઈએ એટલે રક્ષણની સ્મૃતિ પેદા થાય છે. તેને બહારના ઉપદ્રવથી અન્યની જેમ નાશ થતાં અટકાવવું જોઈએ; એટલે ભયની સ્મૃતિ થાય છે. અને મારું જીવન સુંદર છે; એવું જ બીજા જીવનનું નિર્માણ કરું - એ ભાવનાથી મૈથુનની

સ્મૃતિ થાય છે. પણ, આ બધા કરતાં યે કંઈક વધુ મારે કરવાનુ છે એ
વિચારે સ્મૃતિનો વિકાસ થાય છે. અજ્ઞાનમાંથી જ્ઞાન તરફ તે વળે છે
અને વિજ્ઞાનના સંશોધન વડે પરમજ્ઞાનને પ્રાપ્ત કરે છે.

એટલે સ્મૃતિની પ્રકૃતિ સ્વાભાવિક રીતે આગળ વધવામાં છે. જીવ
સંપૂર્ણતાને ન પામે ત્યાંસુધી તેને જંપ વળતો નથી. પણ જીવ ધારે
અને તેને પામે એવુ થતુ નથી. સ્મૃતિઓમાં સુસ્મૃતિઓ અને કુસ્મૃતિઓ
છે. સુસ્મૃતિઓ જીવનને આગળ વધારે છે ત્યારે કુસ્મૃતિઓ જેને
સ્મૃતિની વિકૃતિ તરીકે ઓળખાવી શકાય તે તેને પાછળ ધકેલે છે. એટલે જ
મોટા-મોટા સંતોને પથભ્રષ્ટ થતાં .આપણે સાંભળીએ છીએ. તેઓ
પોતાની ક્ષુદ્ર દુનિયામાં જ અટવાઈને પડ્યા રહે છે. જો જીવન કેવળ
ખાવા-પીવામાં જ પસાર કરવાનુ હોય કે કુટુંબ કબીલાની સંભાળ
સુધી જ હોય તો પછી મનુષ્ય-જીવન અને પશુ-જીવન કે જંતુ-જીવનમાં
કંઈ ફરક રહેતો નથી. કુસ્મૃતિનુ જોર વધે છે, ત્યારે સ્વાર્થ માટે ભાઈને
ભાઈનો, પતિને પત્નીનો, બાપને બેટાનો કે એ રીતના અન્ય વિનાશ
કરવા પ્રસંગો સામે આવે છે. તો પછી જીવનને ટકાવી રાખવા માટે
પોતાનાં જ બચ્ચાંને ખાઈ જતા જંતુઓ અને માણસમાં ક્યાં ફરક રહ્યો?

તેથી સ્મૃતિ-વિકાસનો અર્થ સુસ્મૃતિઓ સાથે આગળ વધવાનુ
છે. એમાં ક્યાંયે વિકૃતિ આવી તો વિકાસની ટોચે પહોંચેલો જીવાત્મા
નીચે પડી શકે છે. આના માટે જૈન સંતોમાં "પ્રસન્નચંદ્ર રાજર્ષિ"નો
દાખલો સમજવા જેવો છે.

પ્રસન્નચંદ્ર રાજર્ષિને વૈરાગ્ય આવતાં તેમણે પોતાનો બાળકુમારને
ગાદીએ બેસાડી મંત્રીઓને તેનો "કારભાર" સોંપ્યો. પછી પોતે દીક્ષા
લઈને નીકળી પડ્યા. વિચરતાં-વિચરતાં 'રાજગૃહી' આવ્યા. ત્યાં એક
સ્થળે ધ્યાન ધરીને ઊભા હતા. તે વખતે બે સૈનિકો ત્યાંથી નીકળ્યા.
એકે કહ્યું : "જોયું આ રાજર્ષિ પ્રસન્નચંદ્ર છે! કેવો ત્યાગ કરીને
સંયમ માર્ગે આગળ વધ્યા છે!"

બીજાએ કહ્યું : પોતે તો સંયમ લઈ લીધો પણ પુત્રને કંઈ

સ્મૃતિ: પ્રકૃતિ અને વિકૃતિ

[સંપાદકીય]

જીવન એટલે સ્મૃતિનો ભંડાર કહીએ તો ચાલી શકે. તેમાં પણ જીવનની વિકસિત દશા એટલે કે માનવ-જીવન એ તો ખરેખર સ્મૃતિનો ભંડાર છે. વૃક્ષને મૂળવાટે પોષણ મેળવવાનું સૂચન કોણ કરતું હશે? અળસિયાને પાણીમાં આગળ વધવાની પ્રેરણા કોણ આપતું હશે? પશુપક્ષીને ઊડવાની, બેસવાની, આગળ વધવાની ગતિ : કોણ આપતું હશે? આ માણસ—જેણે અદ્‌ભુત શોધો કરી છે; તેને તેમ કરવા માટે કઈ વસ્તુ સંચાર કરતી હશે? તે સ્મૃતિ જ છે। મારે ખાવું જોઈએ! એવું વિશ્લેષણ કરવા બેસીએ તો માણસે કેટલું બધું કઈ કઈ રીતે યાદ કર્યું છે? ફળ, ફૂલ, ધાન્ય, સ્વાદો-સુગંધો અને ન જાણે શું? તેણે કેટલું યાદ કર્યું છે? મારે વધવું જોઈએ...। તેનું વિશ્લેષણ કરતાં કેટકેટલું તેણે કર્યું છે? આકાશમાં ઊડયો છે, પૃથ્વી ઉપર દોડયો છે, પાણીમાં સરરર...કરતો નીકળી ગયો છે. તેણે એક તરફ પરમાત્મા તરફ જવાની લગની વધારી છે જ્યારે બીજી તરફ તે પૃથ્વીને સુખનું સ્વર્ગ બનાવવા ન જાણે કેટકેટલા પ્રયોગો કરી ચૂકયો છે; કરી રહ્યો છે અને કરશે। અને તેમાં સ્મૃતિનો જ સહુથી મોટો ફાળો છે!

"આ મીઠું છે!" એમ કહીને જેણે મીઠાશની સ્મૃતિ કાયમ કરાવી ત્યારથી લઈને "આ આત્મા છે, આ પરમાત્મા છે" એમ કહેનારની વાતને જો સ્મૃતિ રૂપે કાયમ ન રાખવામાં આવત તો જીવનનો વિકાસ અટકી જાત! એટલે સ્મૃતિની વ્યાખ્યા થઈ સ્મરણ કરવું. પણ સ્મૃતિની સ્વાભાવિક ગતિ તો એ જ થઈ કે આગળ વધવું! સ્મૃતિનો વિકાસ એટલે સવિશેષપણે ગતિ કરવી.

"મારું શરીર છે. તેને ટકવું છે. તેને ભૂખ લાગી છે." એટલે આહારની સ્મૃતિ થાય છે. તેને ટકાવી રાખવું જોઈએ એટલે રક્ષણની સ્મૃતિ પેદા થાય છે. તેને બહારના ઉપદ્રવથી અન્યની જેમ નાશ થતાં અટકાવવું જોઈએ; એટલે ભયની સ્મૃતિ થાય છે. અને મારું જીવન સુંદર છે; એવું જ બીજા જીવનનું નિર્માણ કરું એ ભાવનાથી મૈથુનની

સ્મૃતિ થાય છે. પણ, આ બધા કરતા યે કંઈક વધુ મારે કરવાનુ છે એ વિચારે સ્મૃતિનો વિકાસ થાય છે. અજ્ઞાનમાંથી જ્ઞાન તરફ તે વળે છે અને વિજ્ઞાનના સશોધન વડે પરમજ્ઞાનને પ્રાપ્ત કરે છે.

એટલે સ્મૃતિની પ્રકૃતિ સ્વાભાવિક રીતે આગળ વધવામાં છે. જીવ સંપૂર્ણતાને ન પામે ત્યાંસુધી તેને જપ વળતો નથી. પણ જીવ ધારે અને તેને પામે એવુ થતુ નથી. સ્મૃતિઓમાં સુસ્મૃતિઓ અને કુસ્મૃતિઓ છે. સુસ્મૃતિઓ જીવનને આગળ વધારે છે ત્યારે કુસ્મૃતિઓ જેને સ્મૃતિની વિકૃતિ તરીકે ઓળખાવી શકાય તે તેને પાછળ ધકેલે છે. એટલે જ મોટા-મોટા સતોને પથભ્રષ્ટ થતાં આપણે સાંભળીએ છીએ. તેઓ પોતાની ક્ષુદ્ર દુનિયામા જ અટવાઇને પડયા રહે છે. જો જીવન કેવળ ખાવા-પીવામાં જ પસાર કરવાનુ હોય કે કુટુબ કબીલાની સભાળ સુધી જ હોય તો પછી મનુષ્ય-જીવન અને પશુ-જીવન કે જંતુ-જીવનમા કઈ ફરક રહેતો નથી. કુસ્મૃતિનુ જોર વધે છે, ત્યારે સ્વાર્થ માટે ભાઇને ભાઇનો, પતિને પત્નીનો, બાપને બેટાનો કે એ રીતના અન્ય વિનાશ કરતા પ્રસગો સામે આવે છે. તો પછી જીવનને ટકાવી રાખવા માટે પોતાનાં જ બચ્ચાંને ખાઇ જતાં જતુઓ અને માણસમાં કયા ફરક રહ્યો.!

તેથી સ્મૃતિ-વિકાસનો અર્થ સુસ્મૃતિઓ સાથે આગળ વધવાનુ છે. એમા કયાંયે વિકૃતિ આવી તો વિકાસની ટોચે પહોંચેલો જીવાત્મા નીચે પડી શકે છે. આના માટે જૈન સૂત્રોમાં "પ્રસન્નચદ્ર રાજર્ષિ"નો દાખલો સમજવા જેવો છે.

પ્રસન્નચંદ્ર રાજર્ષિને વૈરાગ્ય આવતાં તેમણે પોતાનો બાળકુમારને ગાદીએ બેસાડી મત્રીઓને તેનો કારભાર સોપ્યો. પછી પોતે દીક્ષા લઈને નીકળી પડ્યા. વિચરતાં-વિચરતા 'રાજગૃહી' આવ્યા. ત્યાં એક સ્થળે ધ્યાન ધરીને ઊભા હતા. તે વખતે બે સૈનિકો ત્યાંથી નીકળ્યા. એકે કહ્યું : "જોયું આ રાજર્ષિ પ્રસન્નચંદ્ર છે! કેવો ત્યાગ કરીને મથમ માર્ગે આગળ વધ્યા છે!"

બીજાએ કહ્યું : પોતે તો સંયમ લઈ લીધો પણ પુત્રને દુષ્ટ

મંત્રીઓના હાથમાં સોંપી આવ્યા છે. તેઓ રાજ્ય હડપીને કુમારને મારી નાખશે!"

પ્રસન્નચંદ્ર રાજર્ષિના કાનમાં આ શબ્દો પડ્યા. તેમનું ધ્યાન વિચલિત થયું અને ધ્યાનમાં જ તેમની સ્મૃતિ બીજે દોડવા લાગી. તેમને થયું કે તેઓ મહેલમાં પહોંચ્યા. ત્યાં દુષ્ટ–મંત્રીઓને પડકાર કર્યો. અને તેમની વચ્ચે યુદ્ધ ચાલ્યું. તેમણે કેટલાયે સૈનિકોનો કચ્ચરઘાણ વાળી નાખ્યો. અંતે એક સૈનિકના ખડ્ગનો પ્રહાર તેમના મસ્તક ઉપર થયો. તેઓ પોતાનો મુગટ સંભાળવા ગયા.

યોગાનુયોગે રાજગૃહી નગરીમાં મહાવીર ભગવાન પધાર્યા હતા. તેમને વાંદવા રાજા શ્રેણિક ગયા. તેમણે પણ માર્ગમાં પ્રસન્નચંદ્ર રાજર્ષિને જોઈ તેમનાં તપ–ધ્યાનના વખાણ કરતાં ભગવાનને પૂછ્યું કે "રાજર્ષિ કાળધર્મ પામી ક્યાં જશે?"

આ પ્રશ્ન પૂછાયો તે વખતે રાજર્ષિ પ્રસન્નચંદ્રના ધ્યાનમાં કુ–સ્મૃતિના ઘેરાવાના કારણે તેઓ માનસિક રીતે સંહાર યુદ્ધ કરી રહ્યા હતા. ભગવાન મહાવીરે કહ્યું: "અત્યારે સાતમી નરકે!"

"થોડીવાર બાદ ફરી શ્રેણિકે કહ્યું: "કેમ ?"

"હવે તેઓ મુક્તિએ જશે!" ભગવાન મહાવીરે કહ્યું અને થોડીવારે તેઓ મુક્તિએ પધાર્યાના સમાચાર આવ્યા. શ્રેણિકને તે ન સમજાયું એટલે ભગવાન મહાવીરે બધી વાત કરતાં કહ્યું: "જ્યારે તમે મને પહેલી વાર પૂછ્યું ત્યારે પ્રસન્નચંદ્ર ઘોર માનસિક સંહારમાં લાગ્યા હતા અને તે જ ક્ષણ તો તેમના માટે નરક જ હતી. પણ જ્યારે બીજી વાર 'કેમ' પૂછ્યું ત્યારે તેમનો હાથ મસ્તક ઉપર જતાં તેમને પુનઃ સ્મૃતિ થઈ કે અરે હું તો સાધુ છું–મારે માટે આ બધું યોગ્ય છે? તેમને પોતે કરેલ માનસિક હિંસા માટે પસ્તાવો થયો અને તેમાં જ તેમનાં બધાં કર્મો ધોવાઇ ગયાં અને તેની ઉગ્રતાએ તેમણે દેહ–ત્યાગ કર્યો અને તેમનો આત્મા મુક્ત થયો!"

આ પ્રસંગમાં બે વસ્તુ જાણવા જેવી છે કે સ્મૃતિ–વિકાસના

શિખરે પહોંચીને પણ જો વિકૃતિ આવે કે કુસ્મૃતિ થાય તો જીવન ઊંડી ગર્તામાં પડી શકે છે એટલે સ્મૃતિ વિકાસ સાથે સતત જાગૃતિ રાખવી જરૂરી છે. નહીંતર સ્મૃતિ વિકાસ આત્મોન્નતિનું કારણ ન બનતાં, ચમત્કાર, સ્વપ્રશંસા કે સ્વાર્થમાં અટવાઈ જાય છે અને એકવાર લક્ષ ચૂકાયા બાદ ફરીને મળવું મુશ્કેલ બને છે.

આ અંગે વિસ્તારથી સ્મૃતિ વિકાસના બાહ્ય અને અન્તરંગ બધા પાસાંઓ અને અલગ-અલગ મુદ્દાઓની છણાવટ પૂજ્ય મુનિવર્ય શ્રી સંતબાલજીએ સાધુ-સાધ્વી શિબિરની પ્રવચનમાળાના ઉપક્રમે કરેલી. જૈન જ્ઞાની, શતાવધાની તેમજ વિશ્વવાત્સલ્યના પ્રચારક હોઈને તેમણે દરેક વસ્તુ બહુ જ સ્પષ્ટતાથી રજૂ કરી છે. શિબિર પ્રવચનોમાં તેને શિક્ષણ-વિષય તરીકે, તેના પેટા પાડી અલગ-અલગ મુદ્દાઓને ક્રમશઃ દૃષ્ટાંત સમન્વયમાં આપ્યા હતા. પણ તેને સળંગ રૂપ આપવા જતાં તેનો ક્રમ અલગ અલગ પ્રકરણ પ્રમાણે પાડીને તેને ફરી મઠારીને રજૂ કરવામાં આવ્યું છે. આ મઠારવાનું કાર્ય પૂ. મુનિશ્રી નેમિચંદ્રજીએ બહુ જ વ્યવસ્થિત રીતે કર્યું છે એટલે આ પુસ્તકના સંપાદનમાં વિષયનું સંકલીકરણ કરવા અને પ્રેસ માટેની પ્રતિલિપિ તૈયાર કરવાનું જ મારે ફાળે આવ્યું છે. આ પુસ્તક જલ્દી પ્રગટ થાય તે માટે ઉક્ત મુનિવર્યે જાતે પ્રેસકોપી કરવાનું પણ સૂચવેલું પણ જ્ઞાન-લાભના મારા અંગત સ્વાર્થ માટે મેં જ તેને કરવાનો આગ્રહ રાખ્યો. જેને તેમણે પ્રકાશનમાં વિલંબ થવા છતાં માન્ય રાખી મારા ઉપર ઋણ ચડાવ્યું છે. વાચકો આ વિલંબ માટે મને જરૂર માફ કરશે કારણ કે આનું સ્વતંત્ર મૂલ્યાંકન, જ્ઞાન-વિકાસ કે સ્મૃતિ વિકાસ કરનાર માટે છે, એવું મારી જેમ, વાચકો પણ સ્વીકાર્યા વગર નહીં રહે, એમ મારું વિનમ્ર માનવું છે.

દેવ-દિવાળી,
તા. ૧૯-૧૧-'૬૪
મદ્રાસ.

ગુલાબચંદ જૈન.



મંત્રીઓના હાથમાં સોંપી આવ્યા છે. તેઓ રાજ્ય હડપીને કુમારને મારી નાખશે!"

પ્રસન્નચંદ્ર રાજર્ષિના કાનમાં આ શબ્દો પડ્યા. તેમનું ધ્યાન વિગલિત થયું અને ધ્યાનમાં જ તેમની સ્મૃતિ પાછી દોડવા લાગી. તેમને થયું કે તેઓ મહેલમાં પહોંચ્યા. ત્યાં દુષ્ટ-મંત્રીઓને પડકાર કર્યો. અને તેમની વચ્ચે યુદ્ધ ચાલ્યું. તેમણે કેટલાયે સૈનિકોનો કચ્ચરઘાણ વાળી નાખ્યો. અંતે એક સૈનિકના ખડ્ગનો પ્રહાર તેમના મસ્તક ઉપર થયો. તેઓ પોતાનો મુગટ સંભાળવા ગયા.

યોગાનુયોગે રાજગૃહી નગરીમાં મહાવીર ભગવાન પધાર્યા હતા. તેમને વાંદવા રાજા શ્રેણિક ગયા. તેમણે પણ માર્ગમાં પ્રસન્નચંદ્ર રાજર્ષિને જોઈ તેમનાં તપ-ધ્યાનના વખાણ કરતાં ભગવાનને પૂછ્યું કે "રાજર્ષિ કાળધર્મ પામી ક્યાં જશે?"

આ પ્રશ્ન પૂછાયો તે વખતે રાજર્ષિ પ્રસન્નચંદ્રના ધ્યાનમાં કુ-સ્મૃતિના ઘેરાવાના કારણે તેઓ માનસિક રીતે સંહાર યુદ્ધ કરી રહ્યા હતા. ભગવાન મહાવીરે કહ્યું: "અત્યારે સાતમી નરકે!"

"થોડીવાર બાદ ફરી શ્રેણિકે કહ્યું: "કેમ ?"

"હવે તેઓ મુક્તિએ જશે!" ભગવાન મહાવીરે કહ્યું અને થોડીવારે તેઓ મુક્તિએ પધાર્યાના સમાચાર આવ્યા. શ્રેણિકને તે ન સમજાયું એટલે ભગવાન મહાવીરે બધી વાત કરતાં કહ્યું: "જ્યારે તમે મને પહેલી વાર પૂછ્યું ત્યારે પ્રસન્નચંદ્ર ઘોર માનસિક સંહારમાં લાગ્યા હતા અને તે જ ક્ષણ તો તેમના માટે નરક જ હતી. પણ જ્યારે બીજી વાર 'કેમ' પૂછ્યું ત્યારે તેમનો હાથ મસ્તક ઉપર જતાં તેમને પુનઃ સ્મૃતિ થઈ કે અરે હું તો સાધુ છું-મારે માટે આ બધું યોગ્ય છે? તેમને પોતે કરેલ માનસિક હિંસા માટે પસ્તાવો થયો અને તેમાં જ તેમનાં બધાં કર્મો ધોવાઈ ગયાં અને તેની ઉગ્રતાએ તેમણે દેહ-ત્યાગ કર્યો અને તેમનો આત્મા મુક્ત થયો!"

આ પ્રસંગમાં બે વસ્તુ જાણવા જેવી છે કે સ્મૃતિ-વિકાસના

શિખરે પહોંચીને પણ જો વિકૃતિ આવે કે કુસ્મૃતિ થાય તો જીવન ઊંડી ગર્તામાં પડી શકે છે એટલે સ્મૃતિ વિકાસ સાથે સતત જાગૃતિ રાખવી જરૂરી છે. નહીંતર સ્મૃતિ વિકાસ આત્મોન્નતિનું કારણ ન બનતા, ચમત્કાર, સ્વપ્રશંસા કે સ્વાર્થમાં અટવાઈ જાય છે અને એકવાર લક્ષ ચૂકાયા બાદ ફરી ને મળવું મુશ્કેલ બને છે.

આ અંગે વિસ્તારથી સ્મૃતિ વિકાસના બાહ્ય અને અન્તરંગ બધા પાસાંઓ અને અલગ-અલગ મુદ્દાઓની છણાવટ પૂજ્ય મુનિવર્ય શ્રી સંતબાલજીએ સાધુ-સાધ્વી શિબિરની પ્રવચનમાળાના ઉપક્રમે કરેલી. જાતે જ્ઞાની, શતાવધાની તેમજ વિશ્વવાત્સલ્યના પ્રચારક હોઈને તેમણે દરેક વસ્તુ બહુ જ સ્પષ્ટતાથી રજૂ કરી છે. શિબિર પ્રવચનોમાં તેને શિક્ષણ-વિષય તરીકે, તેના પેટા પાડી અલગ-અલગ મુદ્દાઓને ક્રમશઃ દૃષ્ટાન્તવાર સમજાવવામાં આવ્યા હતા. પણ તેને સળંગ રૂપ આપવા જતાં તેનો ક્રમ અલગ અલગ પ્રકરણ પ્રમાણે પાડીને તેને ફરી મઠારીને રજૂ કરવામાં આવ્યું છે. આ મઠારવાનું કાર્ય પૂ. મુનિશ્રી નેમિચંદ્રજીએ બહુ જ વ્યવસ્થિત રીતે કર્યું છે એટલે આ પુસ્તકના સંપાદનમાં વિષયનું સંકલીકરણ કરવા અને પ્રેસ માટેની પ્રતિલિપિ તૈયાર કરવાનું જ મારે ફાળે આવ્યું છે. આ પુસ્તક જલ્દી પ્રગટ થાય તે માટે ઉદાર મુનિવર્યે જાતે પ્રેસકોપી કરવાનું પણ સૂચવેલું પણ જ્ઞાન-સાધના મારા અંગત સ્વાર્થ માટે મેં જ તેને કરવાનો આગ્રહ રાખ્યો. જેને તેમણે પ્રકાશનમાં વિલંબ થતા છતાં માન્ય રાખી મારા ઉપર ઋણ ચડાવ્યું છે. વાચકો આ વિલંબ માટે મને જરૂર માફ કરશે કારણ કે આનું સ્વતંત્ર મૂલ્યાંકન, જ્ઞાન-વિકાસ કે સ્મૃતિ વિકાસ કરનાર માટે છે, એવું મારી જેમ, વાચકો પણ સ્વીકાર્યાં વગર નહીં રહે, એમ મારું વિનમ્ર માનવું છે.

દેવ-દિવાળી,
તા. ૧૯-૧૧-'૬૪
મદ્રાસ.

ગુલાબચંદ જૈન.



મંત્રીઓના હાથમાં સોંપી આવ્યા છે. તેઓ રાજ્ય દબાવીને કુમારને મારી નાખશે!"

પ્રસન્નચંદ્ર રાજર્ષિના કાનમાં આ શબ્દો પડ્યા. તેમનું ધ્યાન વિચલિત થયું અને ધ્યાનમાં જ તેમની સ્મૃતિ ભણી દોડવા લાગી. તેમને થયું કે તેઓ મહેલમાં પહોંચ્યા. ત્યાં દુષ્ટ-મંત્રીઓને પડકાર કર્યો. અને તેમની વચ્ચે યુદ્ધ ચાલ્યું. તેમણે કેટલાયે સૈનિકોનો કચ્ચરઘાણ વાળી નાખ્યો. અને એક સૈનિકના ખડ્ગનો પ્રહાર તેમના મસ્તક ઉપર થયો. તેઓ પોતાનો મુગટ સંભાળવા ગયા.

યોગાનુયોગે રાજગૃહી નગરીમાં મહાવીર ભગવાન પધાર્યા હતા. તેમને વાંદવા રાજા શ્રેણિક ગયા. તેમણે પણ માર્ગમાં પ્રસન્નચંદ્ર રાજર્ષિને જોઈ તેમનાં તપ-ધ્યાનના વખાણ કરતાં ભગવાનને પૂછ્યું કે "રાજર્ષિ કાળધર્મ પામી ક્યાં જશે?"

આ પ્રશ્ન પૂછાયો તે વખતે રાજર્ષિ પ્રસન્નચંદ્રના ધ્યાનમાં કુ-સ્મૃતિના ઘેરાવાના કારણે તેઓ માનસિક રીતે સંહાર યુદ્ધ કરી રહ્યા હતા. ભગવાન મહાવીરે કહ્યું: "અત્યારે સાતમી નરકે!"

"થોડીવાર બાદ ફરી શ્રેણિકે કહ્યું: "કેમ ?"

"હવે તેઓ મુક્તિએ જશે!" ભગવાન મહાવીરે કહ્યું અને થોડીવારે તેઓ મુક્તિએ પધાર્યાના સમાચાર આવ્યા. શ્રેણિકને તે ન સમજાયું એટલે ભગવાન મહાવીરે બધી વાત કરતાં કહ્યું: "જ્યારે તમે મને પહેલી વાર પૂછ્યું ત્યારે પ્રસન્નચંદ્ર ઘોર માનસિક સંહારમાં લાગ્યા હતા અને તે જ ક્ષણ તો તેમના માટે નરક જ હતી. પણ જ્યારે બીજી વાર 'કેમ' પૂછ્યું ત્યારે તેમનો હાથ મસ્તક ઉપર જતાં તેમને પુનઃ સ્મૃતિ થઈ કે અરે હું તો સાધુ છું-મારે માટે આ બધું યોગ્ય છે? તેમને પોતે કરેલ માનસિક હિંસા માટે પસ્તાવો થયો અને તેમાં જ તેમનાં બધાં કર્મો ધોવાઈ ગયાં અને તેની ઉગ્રતાએ તેમણે દેહ-ત્યાગ કર્યો અને તેમનો આત્મા મુક્ત થયો!"

આ પ્રસંગમાં બે વસ્તુ જાણવા જેવી છે કે સ્મૃતિ-વિકાસના

શિખરે પહોંચીને પણ જો વિકૃતિ આવે કે કુસ્મૃતિ થાય તો જીવન ઊંડી ગર્તામાં પડી શકે છે એટલે સ્મૃતિ વિકાસ સાથે મનન જાગૃતિ રાખવી જરૂરી છે. નહીંતર સ્મૃતિ વિકાસ આત્મોન્નતિનું કારણ ન બનતાં, ચમત્કાર, આત્મપ્રશંસા કે સ્વાર્થમાં અટવાઈ જાય છે અને એકવાર લક્ષ ચૂકાયા બાદ ફરી તે મળવું મુશ્કેલ બને છે.

આ અંગે વિસ્તારથી સ્મૃતિ વિકાસના બાહ્ય અને અન્તરંગ બધા પાસાંઓ અને અલગ-અલગ મુદ્દાઓની છણાવટ પૂજ્ય મુનિવર્ય શ્રી સંતબાલજીએ સાધુ-સાધ્વી શિબિરની પ્રવચનમાળાના ઉપક્રમે કરેલી. જાતે જ્ઞાની, શતાવધાની તેમજ વિશ્વવાત્સલ્યના પ્રચારક હોઈને તેમણે દરેક વસ્તુ બહુ જ સ્પષ્ટતાથી રજૂ કરી છે. શિબિર પ્રવચનોમાં તેને શિક્ષણ-વિષય તરીકે, તેના પેટા પાડી અલગ-અલગ મુદ્દાઓને ક્રમશઃ દૃષ્ટાન્તો સમજાવવામાં આવ્યા હતા. પણ તેને સળંગ રૂપ આપવા જતાં તેનો ક્રમ અલગ અલગ પ્રકરણ પ્રમાણે પાડીને તેને ફરી મઠારીને રજૂ કરવામાં આવ્યું છે. આ મઠારવાનું કાર્ય પૂ. મુનિશ્રી નેમિચંદ્રજીએ બહુ જ વ્યવસ્થિત રીતે કર્યું છે એટલે આ પુસ્તકના સંપાદનમાં વિષયનું સ્પષ્ટીકરણ કરવા અને પ્રેસ માટેની પ્રતિલિપિ તૈયાર કરવાનું જ મારે ફાળે આવ્યું છે. આ પુસ્તક જલ્દી પ્રગટ થાય તે માટે ઉક્ત મુનિવર્યે જાતે પ્રેસકોપી કરવાનું પણ સૂચવેલું પણ જ્ઞાન-સાધના મારા અંગત સ્વાર્થ માટે મેં જ તેને કરવાનો આગ્રહ રાખ્યો. જેને તેમણે પ્રકાશનમાં વિલંબ થવા છતાં માન્ય રાખી મારા ઉપર ઋણ ચડાવ્યું છે. વાચકો આ વિલંબ માટે મને જરૂર માફ કરશે કારણ કે આનું સ્વતંત્ર મૂલ્યાંકન, જ્ઞાન-વિકાસ કે સ્મૃતિ વિકાસ કરનાર માટે છે, એવું મારી જેમ, વાચકો પણ સ્વીકાર્યા વગર નહીં રહે, એમ મારું વિનમ્ર માનવું છે.

દેવ-દિવાળી,
તા. ૧૯-૧૧-'૬૮
મદ્રાસ.

ગુલાબચંદ જૈન.



આમુખ

'સ્મૃતિ-વિકાસના માર્ગો' પુસ્તકને પોતીકું કરવાથી જે લોકો અવધાનશક્તિને ચમત્કાર માની તેને દૂરથી પૂજે છે, તેમને નજીકથી ચાહીને આરાધવાનું મન થશે. એથી અવધાનશક્તિ કોઈને ય માટે અશક્ય નથી એટલી પ્રતીતિ થાય તે સ્વાભાવિક છે. અને જેમણે એ શક્તિ આરાધી છે અથવા આરાધવાના છે, તેમને એ ખ્યાલ આવશે કે અવધાનશક્તિ તો 'સ્મૃતિવિકાસના માર્ગો' પૈકીનો એક કેવળ પેટા માર્ગ જ છે. આટલી આરાધનાથી ફૂલાવાનું નથી તેમ સંતોષ માની એટલેથી અટકી જવાનું નથી. 'સ્મૃતિવિકાસનો પંથ' પારાવાર છે. એ તો આત્માને અંતરાત્મા તથા અંતરાત્માને છેવટે પરમાત્મારૂપ બનાવીને જ પૂરો થાય છે. વાચક આ સ્મૃતિવિકાસના માર્ગોનું સંપાદન વાંચીને ગૂજરાતમાં જન્મેલા તાજા એવા શ્રીમદ્ રાજચંદ્રને—આ દિશાના શોભતા એ મોક્ષમાર્ગના મહાપથિકના જીવનને—યાદ કર્યા વિના કેમ રહી શકશે? માત્ર એ એક જ જીવનનાં જુદાં જુદાં પાસાંઓ વિચારશે. તો તરત એક વિશ્વવંદ્ય વિભૂતિને પણ યાદ કર્યા વિના નહીં રહી શકે. જેનું નામ ગાંધીજી છે.

"અનુબંધ વિચારધારા' આ બન્ને મહાપુરુષોના જીવનની ગંગા-યમુના સાથે મળેલી સરસ્વતી સાથેની પવિત્ર ત્રિવેણી છે. ભાલનલકાંઠા પ્રયોગનું એ આવી ત્રિવેણીમાંથી સર્જન થયું છે. એનો આજલગીનો વ્યક્તિ, સમાજ, સમષ્ટિ અને સંસ્થા સમેતનો ઇતિહાસ સ્વપરકલ્યાણની આરાધનાનો છે. ભલે તે ભારતના એક પ્રાંતમાં પણ એક જિલ્લાના અમુક ભાગમાંથી શરૂ થયો હોય, પણ એનું લક્ષ્ય સમગ્ર વિશ્વની

માનવજાત ઉપરાંત પ્રાણિજાત પણ છે જ. આથી જ એમાં સર્વધર્મ ઉપાસનાનું માધ્યમ રખાયું છે. 'વિશ્વવાત્સલ્ય' એ ધ્યેય રખાયું છે. અને એ પ્રયોગનું નામ 'ધર્મમય સમાજ રચના' અપાયું છે. આજ સુધીના બધા ધર્મોનું માખણ એની આધારશિલા રહી છે. અને ચાર તત્ત્વો એમાં પ્રધાનપણે છે : (૧) ક્રાન્તિપ્રિય સંતોનું (પછી એ સાધુ પણ હોય અને સાધ્વી પણ હોય, તેમનું) માર્ગદર્શન. (૨) લોકસેવક સંસ્થાનું સંચાલન (જે સંસ્થા જનસંસ્થા અને જનતંત્રીય રાજ્ય સંસ્થાનું સુયોગ્ય સંકલન સાધવી મુખ્યપણે જન સંગઠનોનો પ્રભાવ જનરાજ્ય તંત્ર પર તથા જનરાજ્ય સંસ્થા પર ઊભો કરે.) (૩) જનસંગઠનોનું નિર્માણ (ગામડાંમાં અને શહેરોમાં ગામપૂરક રૂપે નૈતિકપાયા પર જનસંગઠનો જિલ્લાવાર ઊભાં કરી દેવાં) તથા (૪) કોંગ્રેસનું શુદ્ધિલક્ષી રૂપાંતર (કોંગ્રેસને માત્ર ભારતની જ નહીં, બલ્કે આંતરરાષ્ટ્રીય શુદ્ધ રાજ્યસંસ્થા બનાવવી).

શ્રીમદ્જીનું આ મતલબનું એક કથન છે "જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, ત્યાં સમજવું તેહ, તે ત્યાં આચરવું એહ." આ યુગે સ્મૃતિવિકાસના માર્ગો દ્વારા સ્વપરકલ્યાણનો મોક્ષમાર્ગ સર્વમાનવો માટે ઉઘાડો કરવાનો ઉપલો પુરુષાર્થ અનિવાર્ય છે. મને આશા જ નહીં, બલ્કે વિશ્વાસ છે કે એ દિશા સમજાવવામાં આ પુસ્તક ઘણું ઉપયોગી પુરવાર થશે.

નેમિમુનિએ અને સંપાદકે મારાં પ્રવચનોના સંકલન અને સંપાદન કર્યાં છે, તે અંગે ઘટતી દોરવણી આપ્યા બાદ પણ હું સાંગોપાંગ જોઈ ગયો છું અને મને તે ગમ્યાં છે, એટલે વાચકોને તેમના પરિશ્રમની પણ નોંધ લેવાનું કહેવું જોઈએ.

આ ભાગે શિબિરનું પ્રથમ અને અંતિમ પ્રવચન, શિબિરનો કાર્યક્રમ, અભિપ્રાયો અને શિબિર દરમ્યાન અને પછીની ફલશ્રુતિઓ વગેરે રૂપે શિબિરના મૂલ્યાંકન રૂપનું લખાણ પણ ૧૦ મા રૂપે આ ૮ પુસ્તકમાં શામેલ કરેલ છે. આ રીતે ધારવા કરતાં સારી રીતે મોડું છતાં એકંદરે સુંદર સંપાદન થઈ શક્યું છે; તે વાચક પોતે પણ સ્પષ્ટ જોઈ શકશે. સંપાદકે આ દશેય પુસ્તકોના સંપાદનનું માત્ર સંપાદન નથી કર્યું, પણ એ સંપાદનમાં પોતાનું અધ્યયન, મનન અને ખરેખર તો દિલ રેડ્યું છે, તેનું મૂલ્ય કરી શકાય નહીં. આ સંપાદકને મેળવી આપનાર શ્રી. મણિભાઈ લોખંડવાળાએ માત્ર પ્રકાશનમાં જાતે અને સાથીઓ દ્વારા આર્થિક મદદ જ નથી કરી, બલકે બીજી અનેક પ્રકારની મદદો કરી છે. આ દશેય પુસ્તકોમાં મારા સાથી મુનિ, વિ. વા. પ્રા. સંઘ, મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર, સુરતનું પ્રતાપ પ્રિન્ટીંગ પ્રેસ, જશુભાઈ ભાવસાર વગેરે અનેક સંસ્થાઓ તથા વ્યક્તિઓનો જે ફાળો છે તેને પણ વાચકો કેમ ભૂલી શકશે ?

કલકત્તા તા. ૨૧-૧૧-૬૪ 'સંતબાલ'

✩

બે બોલ

મુનિશ્રી સંતબાલજીને તમો સૌ જાણો છો. તેઓ એક ક્રાન્તિકારી જૈન સાધુ છે. તેઓ આત્મસાધનામાં મગ્ન રહેવા છતાં સમાજકલ્યાણની અનેક પ્રવૃત્તિમાં સક્રિય માર્ગદર્શન અખંડપણે અહોનિશ આપતા રહે છે. તેઓશ્રી માને છે કે હવે માત્ર ઉપદેશથી કામ નહીં ચાલે પણ જે સમાજ-જીવન સ્વાર્થી બન્યું છે; ડગલે ને પગલે અશાન્તિ દેખાય છે તેના નિરાકરણ માટે સાધુસંતોએ સક્રિય માર્ગદર્શન આપવું જોઈએ. આ તો જ બની શકે જો સાધુસાધ્વીઓ પ્રાણ, પ્રતિષ્ઠા અને પરિગ્રહનો મોહ છોડે અને સાંપ્રદાયિકતામાંથી મુક્ત બની, સર્વધર્મોનો અભ્યાસ કરે. આમ કરવાથી આપોઆપ માનવજાતનો અને આમ-જનતાનો સંપર્ક આવી જશે.

આજે કોઈ પણ એક પ્રશ્ન કે એક જ ક્ષેત્રના અનેક પ્રશ્નો લેવાથી સમાજ વ્યવસ્થા પૂર્ણ નહીં બને. જો ધર્મમય સમાજરચના ઊભી કરવી હશે તો માનવજીવનમાં ઊભા થતા સામાજિક, આર્થિક, ધાર્મિક, રાજકીય અને દરેક ક્ષેત્રના પ્રશ્નોનો સર્વાંગી વિચાર કરવો પડશે અને અમલ પણ સંસ્થાદ્વારા જનતા પાસે કરવો પડશે. પ્રાચીન કાળમાં યુગાનુરૂપ આમ થતું હતું; એટલે જ ભારતની સંસ્કૃતિ સર્વશ્રેષ્ઠ બની છે, અને આજ સુધી ટકી છે. આપણે ત્યાં ઘરના ધર્મની ચોકી સ્ત્રીઓ કરતી એટલે કુટુંબ સ્નેહભર અને પવિત્ર રહેતું. સમાજની ચોકી બ્રાહ્મણો કરતા. તેઓ કદાચ વ્યસનો, અપ્રામાણિકતા કે ગેરરીતિઓ પેસી ન જાય તેને માટે સતત ક્રિયાશીલ રહેતા; તેથી દેશ નીતિસભર રહેતો. અને સંતો આખા દેશમાં પરિભ્રમણ કરી સંસ્કૃતિની ચોકી અખંડપણે કર્યા કરતા હતા. રાજ્ય પણ સંતો, બ્રાહ્મણોને આધીન રહીને ચાલતું. આ બધાના કારણે સમાજ શાન્તિથી જીવતો અને આધ્યાત્મલક્ષી રહી શકતો; કોઈ [illegible] ક્ષુદ્ર કૃત્ય કરનાર નીકળતો તો રાજ્ય તેને યોગ્ય નસ્યત કરતું.

આજે સ્થિતિ બદલાઈ ગઈ છે. પૂર્વ પશ્ચિમ એક થવા લાગ્યાં છે. વિજ્ઞાને દોટ મૂકી છે એટલે મહારાજશ્રી એ જ પુરાણી સંસ્કૃતિને નજરમાં રાખી, યુગાનુરૂપ નવી ઢબે સમાજ વ્યવસ્થા ગોઠવવા પ્રયત્ન કરે છે.

હવે વિશ્વરાજ્યોમાં લોકશાહી વ્યવસ્થા મજબૂત બનતી જાય છે ત્યારે જનતાને ઘડવાનું જ મુખ્ય કામ અગત્યનું બન્યું છે. એટલે એમનાં નીતિનાં પાયા પર સંગઠનો બનાવવાં જોઈએ. એ સંગઠનો સતત સાચે રસ્તે વિકાસ કરતાં રહે તે માટે; તેનું સંચાલન આજના બ્રાહ્મણો કે જે રચનાત્મક કાર્યકરો કહેવાય છે તેમની બનેલી સંસ્થાના હાથમાં મૂકવું જોઈએ. અને રચનાત્મક કાર્યકરોની સંસ્થાને પણ માર્ગદર્શક પ્રેરણા મળતી રહે તે માટે સાધુસંતોએ ધ્યાન રાખવું જોઈએ. દુનિયાભરનાં રાજ્યોની અશુદ્ધિઓ દૂર કરવા માટે પણ સાધુસંતોએ ધ્યાન આપવું જોઈએ.

આ સાધુસંતો સર્વાંગી પ્રશ્નોને સમજે, અને તે માટે સાથે બેસી વિચાર વિનિમય કરી શકે તે માટે સંવત ૨૦૧૭ ના ચાતુર્માસમાં મુંબઈમાં માટુંગા (ગુર્જરવાડી) મુકામે સાધુ–સાધ્વી અને સાધક–સાધિકાઓનો એક શિબિર યોજવામાં આવેલ. તે સતત ચાર માસ ચાલ્યો, તેમાં જે પ્રવચનો ચર્ચા વ. ચાલ્યાં તેનું પુસ્તક આકારે સંકલન થાય તો બીજા સાધુ સાધ્વી, સેવકો અને પ્રજાને તેમાંથી ઉપયોગી માર્ગદર્શન મળે તેવી ઘણાં ભાઈબહેનોને લાગણી થઈ આવી. ખાસ કરીને પૂ. નેમિચંદ્રજી મહારાજની એવી તીવ્ર ઇચ્છા હતી. પરંતુ આટલા બધા સાહિત્યને તૈયાર કરવું, તેનું સંપાદન કરવું, અને પછી છપાવવું તે ઘણું અઘરું કામ હતું. તેને માટે સમય જોઈએ અને સહાય માટે નાણાં પણ જોઈએ. આની વિમાસણ ચાલતી હતી. પણ જે કામ કુદરતને ગમતું હોય છે તે કામને આગળ વધારવા કુદરત જ કોઈકને નિમિત્ત બનાવી પ્રેરણા આપે છે.

માટુંગાના આ શિબિરમાં શીવમાં રહેતા શ્રી મણિભાઈ લક્ષ્મીચંદ લોખંડવાળા પ્રથમથી રસ લેતા હતા. તેમને મુનિશ્રી સંતબાલજી ઉપર અપાર શ્રદ્ધા છે. મહારાજશ્રી જે ધર્મકાર્ય કરી રહ્યા છે તે આજના યુગે ખૂબ જરૂરી છે તેમ તેઓ માને છે. એટલે શિબિરનાં કામોમાં અનેક રીતે તેઓ ઉપયોગી થતા હતા. તેમણે કહ્યું કે "મહારાજશ્રીના આ શિબિરપ્રવચનો પુસ્તકરૂપે છપાય અને સાધુસંતોને અપાય તો તેનો લાભ તેમના જીવનવિકાસમાં તો થાય જ

પણ તેઓ છપાવવાં વિચારે (સમાજના માથાય) છે તેથી સમાજને માર્ગદર્શન આપવામાં ઘણા ઉપયોગી થઇ શકે."

તેમના આ શુભ વિચારથી અને પ્રયત્નથી આ પુસ્તકો છાપવાનું મહાન કામ શરૂ કરી શકાયું છે. આ પ્રયત્નોનું મુખ્ય તત્ત્વ જાળવી અલગ અલગ મુદ્દાવાર નાનાં નાનાં પુસ્તકરૂપે છપાય, તો વાંચનારને સુગમ પડે એમ સામગ્રીથી દરેક વિષયના જુદાં જુદાં એમ ક્રમ દસ ભાગો છે.

આ પુસ્તકોનું સંપાદન પણ ટૂંકાણમાં છતાં મૂળ ભાવ અને અનિવાર્ય એવી વિગતો જાળવીને થાય એ જરૂરી હતું. એ માટે પણ શ્રી. મણિભાઈ લોખંડવાળાએ મદ્રાસના જૈન વિદ્યાર્થીગૃહના ગૃહપતિ શ્રી ગુલાબચંદ જૈનનું નામ સૂચવ્યું. તેમને રૂબરૂ મળવા બોલાવ્યા અને વાતચીત કરી અને તેમણે મદદ આ કામગીરી સ્વીકારી.

અંતમાં અમે પૂ. મુનિશ્રી સંતબાલજી તેમજ મુનિશ્રી નેમિચંદ્રજીએ આવું સર્વાંગ સુંદર અનુભવપૂર્ણ સાહિત્ય જનતાને આપ્યું, તે બદલ તેમનો આભાર માનીએ છીએ. તે જ રીતે સાયનના શીવ સોસાયટીમાં રહેતા વોરા મણિભાઈ લક્ષ્મીચંદ કચ્છ મુંદ્રાવાળાએ આ પુસ્તકો છપાવવામાં પૂરતો સહકાર આપેલ છે, તેમજ મહેનત લઈ શેઠ શ્રી. પદમશીભાઈ તથા બીજાઓ પાસેથી સહકાર અપાવેલ છે તે બદલ તેઓશ્રીઓનો આભાર માનીએ છીએ. તેમની મદદ વગર અમે આ સાહિત્ય પ્રકાશિત કરી શકત કે કેમ? તે સવાલ હતો. અને મદ્રાસવાળા શ્રી. ગુલાબચંદ જૈન કે જેમણે અનેક જવાબદારીઓ હોવા છતાં આ કામને ધર્મકાર્ય માની અગ્રેસર સંપાદન કર્યું છે તેમનો પણ આભાર માનીએ છીએ. પૂ. શ્રી. [illegible], શ્રી માટલિયા, વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ વગેરેએ પણ પ્રેરણા આપી છે, તેથી તેમનો અને જ્ઞાત, અજ્ઞાત સૌએ જે સહકાર આપ્યો છે તેમનો પણ અમે આભાર માનીએ છીએ.

સાધુસંતો, સાધ્વીઓ, સેવકો અને જનતા આ દરેક પુસ્તકોનો અભ્યાસ કરી સ્વપર કલ્યાણનો સ્પષ્ટ માર્ગ અપનાવનાર કરશે એવી અમને આશા છે.

સાધુસાધ્વી શિબિર વ્યવસ્થાપક સમિતિ, મુંબઈ.

આપણી પ્રકાશન સંસ્થા

સમાજ પરિવર્તનનો આધાર નવા વિચાર પર છે. એ લોકો સુધી પહોંચે તો જ સમાજ ઘડતરનું કામ આગળ ચાલે. એટલા માટે મુનિશ્રી સંતબાલજીના વિચારોને મૂર્ત સ્વરૂપ આપવાની દૃષ્ટિએ ભાલનળકાંઠા પ્રદેશમાં જે વિવિધ પ્રવૃત્તિઓ ચાલી રહી છે તે પૈકી એક પ્રવૃત્તિ પ્રકાશન વિભાગને લગતી છે.

આ પ્રવૃત્તિ એટલે મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર. આ સંસ્થા છેલ્લા તેત્રીસ વર્ષથી પુસ્તકોનું પ્રકાશન કરે છે. આ પ્રકાશનોએ જાહેર જીવનના ઘડતરમાં સારો એવો ફાળો આપ્યો છે.

એક વ્યક્તિએ પોતાના વ્યક્તિગત વિચારે આ સંસ્થા સન-૧૯૩૩માં સ્થાપાયેલી. આ વ્યક્તિ તે શ્રી લક્ષ્મીચંદ ઝવેરચંદ સંઘવી. જેઓ મુનિશ્રી સંતબાલજી પ્રત્યે ખૂબ જ આદર અને ભક્તિભાવ ધરાવે છે અને છેલ્લા તેત્રીસ વર્ષથી મંત્રીપદની જવાબદારી કર્તવ્યભાવે સંભાળી રહ્યા છે. સંસ્થાની શરૂના ચૌદ વર્ષ તેઓએ વ્યક્તિગત આર્થિક જવાબદારી ઉપાડી વ્યક્તિગત સંચાલન કરેલું પણ જ્યારે પ્રાયોગિક સંઘની સ્થાપના થઈ ત્યારે સંઘે તેઓશ્રીના કહેવાથી આ પ્રવૃત્તિને પોતામાં સમાવી તેનું સંચાલન પોતાના હાથ ધર્યું.

મુનિશ્રી સંતબાલજીએ સન-૧૯૩૮ના અરસામાં ભાલનળકાંઠા પ્રદેશમાં પ્રવેશ કર્યો. તેઓશ્રીને પોતાના વિચારોને મૂર્ત સ્વરૂપ આપી શકાય એવો આ પ્રદેશ લાગ્યો અને પ્રદેશની આમજનતાએ તેમાં પૂરો સાથ આપ્યો.

આમ જનતાના સહકારથી અનેકવિધ પ્રવૃત્તિ ચાલુ થઈ. આ બધી પ્રવૃત્તિઓને સાંકળવા માટે ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘની સ્થાપના થઈ. સંઘના સંચાલન નીચે આજે દસ પ્રવૃત્તિઓ-સંસ્થાઓ ચાલે છે. જેમાં ઉપરની પ્રકાશન સંસ્થાનો સમાવેશ થાય છે.

આમ જનતાને જીવનલક્ષી સાહિત્ય શક્ય તેટલાં ઓછાં મૂલ્યે મળે એ દષ્ટિ આ સંસ્થાના ઉદ્દેશમાં રહેલી છે. આ ઉદ્દેશ પાર પડે અને સંસ્થાના આર્થિક પાસાં સરભર થઈ રહે એ રીતે બજાર કિંમતથી પણ ઓછી કિંમત પ્રકાશનની રાખવામાં આવે છે.

આમજનતા આ સંસ્થાના સાહિત્યનો વધુ ને વધુ લાભ ઊઠાવશે એવી આશા છે.

હરિપ્રસાદ આચાર્ય

વ્યવસ્થાપક

આપણાં ઉત્તમ પુસ્તકો

પુસ્તક		કિંમત
જૈન દૃષ્ટિએ ગીતા દર્શન ભા. ૧-૨	...	૮-૦૦
આચારાંગ સૂત્ર	...	૫-૦૦
દશવૈકાલિક સૂત્ર	..	૦-૭૫
સાધક સહચરી	...	૧-૫૦
સન્મુખ (પ્રાર્થના સંગ્રહ)	...	૧-૨૫
સાધનાનું જીવન દર્શન	...	૫-૦૦
આદર્શ ગૃહસ્થાશ્રમ	...	૫-૫૦
અભિનવ રામાયણ	...	૨-૫૦
અનંતની આરાધના	...	૨-૦૦
વાત્સલ્ય મંજરી	...	૧-૫૦
શિબિર પ્રવચનની ઝાંખી	..	૨-૫૦
શુદ્ધિ પ્રયોગની પૂર્વપ્રભા	..	૨-૨૫
શુદ્ધિ પ્રયોગના સફળ ચિત્રો	...	૩-૦૦
જગદંબાના પત્રો	..	૧-૦૦
સ્મરણ શક્તિ	...	૧-૦૦
નારીને ચરણે	...	૧-૦૦
યૌવન	...	૨-૦૦
આપણાં સંતબાલજી	...	૧-૦૦
પાથેય (નવલકથા)	...	૩-૦૦
સર્જાતા હૈયાં (ઉનામને પાત્ર)	...	૨-૫૦
સ્નેહો ખડ (પ્રવાસ વર્ણન)	....	૨-૦૦
સમજ (નવલકથા)	...	૩-૦૦
સાધના (ટૂંકી વાર્તા)	...	૪-૦૦
રાત પણ રડી પડી (છપાય છે)	...	—

☆

આદર્શ ગૃહસ્થાશ્રમ

(છઠ્ઠી આવૃત્તિ)

(લગ્ન પ્રસંગે ભેટ આપવા લાયક)

'ગૃહસ્થાશ્રમ' એ માનવજીવનનો પાયો છે. બધાં આશ્રમોનો એના પર આધાર છે. ગૃહસ્થ-જીવન સરળ, સુખી અને સભર બને તે દૃષ્ટિએ મુનિશ્રી સંતબાલજીની કલમે લખાયેલ આ પુસ્તક ગૃહસ્થાશ્રમમાં પ્રવેશનાર અને ન પ્રવેશેલ એવી એકેએક વ્યક્તિને અનેરું માર્ગદર્શન આપે છે.

કિંમત : ૫–૫૦ ટપાલ ખર્ચ : અલગ



અભિનવ રામાયણ

(પ્રકાશક : **નવજીવન પ્રકાશ મંદિર**)

મુનિશ્રી સંતબાલજી રચિત આ 'અભિનવ રામાયણ' પુસ્તક કે જે સન ૧૯૫૮ માં મુંબઈ રાજ્યમાં સંખ્યાબંધ પ્રગટ થયેલાં પુસ્તકોમાં પ્રથમ પંક્તિમાં લેખાયું છે. આ પુસ્તકની બે આવૃત્તિઓ બહાર પડી છે. હિન્દીભાષી પ્રજા આ પુસ્તકનો વધુ લાભ ઊઠાવી શકે એ દૃષ્ટિએ હિન્દી આવૃત્તિ ઉપરોક્ત સંસ્થા છાપી રહી છે. આ અભિનવ રામાયણમાં કથા તો મૂળ છે તે જ છે, પરન્તુ એમાં આવતી ઘટનાઓનું અર્થઘટન ગાંધીયુગની અથવા ગાંધીજીની ફિલસૂફી અનુસારનું છે. આ પુસ્તક જિજ્ઞાસુ અને વિચારક પ્રેમીએ ખાસ વાંચવા જેવું છે.

કિંમત : ૨–૫૦ ટપાલ ખર્ચ : **અલગ.**

અનુક્રમણિકા

ભાગ-૧

ભાગ-૨



[૧]

સ્મૃતિ-વિકાસની મહત્તા

સ્મૃતિ કે ચમત્કાર :

આપણે કેટલીક વાર કેટલીક વ્યક્તિઓને, એક બાદ એક અનેક ઘટનાઓને સંભળાવતા જોઈએ છીએ; મોટી મોટી રકમના દાખલાઓ મોઢે કરતા જોઈએ છીએ તેમજ ઘણીવાર અલગ અલગ પ્રકારના અનેક પ્રશ્નોને સાંભળીને અવધાન-પ્રયોગ વડે જવાબ દેતા જોઈએ છીએ. ત્યારે તેમની સ્મૃતિ અંગે દિંગ થઈ જઈએ છીએ. ઘડીભર એમ પણ લાગે છે કે આને કોઈ દૈવી શક્તિ કે ચમત્કાર-શક્તિ તો પ્રાપ્ત નથી ને!

સ્વામી વિવેકાનંદ અમેરિકાથી પાછા ફરીને યુરોપમાં એક મહિલાના અતિથિ બન્યા. એકવાર તેઓ નિરાંતે પાનાં ફેરવતા એક પુસ્તક વાંચતા હતા. પેલી મેજબાન બાઈને લાગ્યું કે સ્વામીજી અમસ્થા પાના ફેરવે છે. તેણે કહ્યું "સ્વામીજી! તમે પણ પાના જ ફેરવો છો?"

વિવેકાનંદે કહ્યું: "ના, બહેન! હું કેવળ ઝડપથી વાંચતો જ નથી પણ સાથે સાથે જે વાંચુ છું તે બધું મને યાદ છે."

પેલી બાઈને લાગ્યું કે વિવેકાનંદજી હાંકે છે ને તેમની સામું જોવા લાગી. સ્વામીજીએ તેને કહ્યું: "શંકાને કોઈ કારણ નથી. મારા વાંચેલા પૃષ્ઠોમાંથી મને કોઈપણ પૃષ્ઠ ઉપર કઈ લાઈન છે તેમાં શું વાક્ય છે તે પૂછો, હું તમને તે કહી દઈશ."

બાઈની શંકા જિજ્ઞાસામાં પરિણમી. તેણે એક પાનું ખોલીને અમુક લીટી વાંચી. વિવેકાનંદજીએ કેવળ તે પાનાંની ક્રમ સંખ્યા જ નહીં, પણ તે પૃષ્ઠ ઉપર તે લીટી કેટલામી છે તે પણ કહી બતાવી. પેલી બાઈ તો આશ્ચર્યમાં પડી ગઈ.

સ્મૃતિ-વિકાસની મહત્તા

સ્મૃતિ કે ચમત્કાર :

આપણે કેટલીક વાર કેટલીક વ્યક્તિઓને, એક બાદ એક અનેક ઘટનાઓને સંભળાવતા જોઈએ છીએ; મોટી મોટી રકમના દાખલાઓ મોઢે ગણતા જોઈએ છીએ તેમજ ઘણીવાર અલગ અલગ પ્રકારના અનેક પ્રશ્નોને સાંકળીને અવધાન-પ્રયોગ વડે જવાબ દેતા જોઈએ છીએ. ત્યારે તેમની સ્મૃતિ જોઈને દંગ થઈ જઈએ છીએ. ઘડીભર એમ પણ લાગે છે કે આને કોઈ દૈવી શક્તિ કે ચમત્કાર-શક્તિ તો પ્રાપ્ત નથી ને?

સ્વામી વિવેકાનંદ અમેરિકાથી પાછા ફરીને યુરોપમાં એક મહિલાના અતિથિ બન્યા. એકવાર તેઓ નિરાંતે પાનાં ફેરવતા એક પુસ્તક વાંચતા હતા. પેલી મેજબાન બાઈને લાગ્યું કે સ્વામીજી અમસ્થા પાના ફેરવે છે. તેણે કહ્યું "સ્વામીજી! તમે પણ પાનાં જ ફેરવો છો?"

વિવેકાનંદે કહ્યું: "ના, બહેન! હું કેવળ ઝડપથી વાચનો જ નથી પણ સાથે સાથે જે વાચું છું તે બધું મને યાદ છે!"

પેલી બાઈને થયું કે વિવેકાનંદજી ફાંકે છે ને તેમની સામું જોવા લાગી. સ્વામીજીએ તેને કહ્યું: "શંકાને કોઈ કારણ નથી. મેં વાંચેલા પૃષ્ઠોમાંથી મને કોઈપણ પૃષ્ઠ ઉપર કઈ લાઈન છે તેમાં શું વાક્ય છે તે પૂછો, હું તમને તે કહી શકીશ!"

બાઈની શંકા જિજ્ઞાસામાં પરિણમી. તેણે એક પાનું ખોલીને અમુક લીટી વાંચી. વિવેકાનંદજીએ કેવળ તે પાનાંની ક્રમ સંખ્યા જ નહીં, પણ તે પૃષ્ઠ ઉપર તે લીટી કેટલામી છે તે પણ કહી બતાવી. પેલી બાઈ તો આશ્ચર્યમાં પડી ગઈ.

એટલે આ વિષય રસિક, ચમત્કારિક તેમજ દરેક માટે અનુકરણીય છે. દરેકની પાસે અખૂટ આત્મ–શક્તિ ભરેલી છે અને સ્મૃતિ તેનો એક સ્રોત છે. માણસ પોતાની એ શક્તિને ભૂલીને, બાહ્યશક્તિથી અંજાઈ જાય છે. પણ તે ભૂલે છે કે તેની અંદર પણ એવી અખૂટ શકિત ભરી પડી છે જેનો તેણે વિકાસ સાધવાનો છે. ને આત્મશકિત સાધી શ્રદ્ધા સાથે સ્મૃતિ–વિકાસના, વર્તમાન યુગે શોધાયેલા ઉપાયો વડે પોતાની સ્મૃતિનો વિકાસ સાધે; તો તેને મળતી સ્મૃતિની સિદ્ધિ પણ એક આશ્ચર્યજ થશે.

સ્મરણ શકિત આપણા મનની–માનસની એક વિદ્યુત્ શકિત છે. તે પોતેજ અસંખ્ય સાચા ચમત્કારોની જનની છે. તે ઉપરાંત જીવનના ડગલે ને પગલે માણસને તેની જરૂર છે. માણસ ગમે તે ક્ષેત્રમાં કામ કરતો હોય પણ તેને નાના મોટા પ્રસંગમાં સ્મૃતિ–વિકાસની જરૂર પડશેજ.

સ્મૃતિ વિકાસની જરૂર :

સ્મૃતિ વિકાસના મુદ્દાને અહીં ચર્ચાનું કારણ એટલુંજ છે કે તે માનવજીવનની સર્વાંગી સાધનામાં ઘણો ઉપયોગી મુદ્દો છે. જો સ્મૃતિ અને ધારણા શકિત બળવાન હોય તો માણસ નાની–મોટી દરેક સાધનામાં ઝડપથી પ્રગતિ કરી શકે છે. તે નૂતન કે પુરાતન દરેક વિચારને વિચારકોની દૃષ્ટિએ સ્પષ્ટ કરી શકે છે. જ્યારે ધર્મમય સમાજ રચના કરવી, એ આપણો ઉદ્દેશ્ય છે ત્યારે અલગ અલગ ધર્મના લોકોને તે વાત તેમના ગ્રંથો વડે સમજાવવી પડે છે. આ ત્યારેજ બની શકે જ્યારે સ્મૃતિ વિકસિત હોય અને તે ધર્મગ્રંથોની વાતો દૃષ્ટાંતો, શ્લોકો, છંદો વગેરે, યાદ રાખી શકીએ; જે કાર્ય સ્મૃતિનુ છે.

એવીજ રીતે રાજકીય ક્ષેત્રમાં વિવિધ ઉતાર–ચઢાણના પ્રસંગો યાદ રાખવાની, વિવિધ શાસન પ્રણાલીઓનો અનુભવ યાદ રાખવાની જરૂર પડે છે. સામાજિક જીવનમાં વિદ્યાર્થી, શિક્ષક, પ્રાધ્યાપક, ડોકટર, વકીલ, પત્રકાર લેખક વકતા વગેરે દરેક માટે સ્મૃતિ વિકાસ અત્યંત

જરૂરી છે. આર્થિક-વ્યાપારિક ક્ષેત્રમાં, વેપારી, મજૂર, ઈજનેર, કારખાનાદાર, આંકડાશાસ્ત્રી, અર્થશાસ્ત્ર કે આયોજન-શાસ્ત્રી વગેરે બધાને પ્રબળ સ્મૃતિ હોવી ફાયદાકારક છે. સ્મૃતિનો વિકાસ આ બધા માટે વરદાન રૂપે સિદ્ધ થાય છે

આધ્યાત્મિક ક્ષેત્રમાં તો સાધક માટે પ્રતિપળ સ્મૃતિની જરૂર છે. તે જે પ્રવૃત્તિ કરે છે તેમાં ડગલે ને પગલે એ યાદ રાખવાની જરૂર રહે છે કે તે આત્મભાન તો ચૂકતો નથી ને? જગતના બધાયે આત્માઓ માટે અને પોતાના આત્મા માટે તેની પ્રવૃત્તિ અહિતકર તો નથી ને? આ પ્રવૃત્તિમાં કષાય, આસક્તિ, અહંકાર, રાગદ્વેષ વગેરે દોષો તો પેસી જતાં નથી ને? આવું પ્રતિક્ષણ યાદ રાખવું આધ્યાત્મિક સાધક માટે જરૂરી હોય છે.

એટલે જ ઉપનિષદમાં એક ઋષિ પોતાના શિષ્યને ચેતવે છે :—

ॐ क्रतो ! स्मरकृतं, स्मरकृत ।

હે ક્રતુ! કરેલા કાર્યને સ્મર! કરેલા કાર્યને સ્મર!

એટલે જ પ્રત્યેક સાધક, ગૃહસ્થ કે મુનિ, પ્રાતઃકાળે ઊઠીને એ જ સ્મરણ કરે છે :—

कि मे कडं ! कि मे किच्चसेस ! किंवा सक्कं न समायरामि

—'મેં શું કર્યું? શું કરવાનું બાકી છે? કયું શક્ય કાર્ય હું ન કરી શક્યો?' તે ઉપરાંત દિનચર્યામાં પણ પ્રતિક્ષણ જાગૃત રહેવા માટે સ્મૃતિ-વિકાસ આવશ્યક છે. આંતની સંધ્યા (ક્રિયા)માં કે પ્રતિક્રમણમાં સાધક એ જ યાદ કરે છે કે મેં કેટલા ગુણ વધાર્યા અને અને કેટલા દોષો? પાપ-પુણ્ય બન્નેમાં કયું પાસું વધારે નમ્યું? મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને અશુભ યોગનું તે પ્રતિક્રમણ કરે છે એટલે યાદ કરીને, દોષોને દૂર કરીને ગુણોને ગ્રહણ કરવા તત્પર થાય છે.

જો સ્મૃતિ-વિકાસ વધારે થયો હોય તો સાધનામાં વધારે જાગૃતિ

રાખી શકે છે. ભક્તિના ક્ષેત્રમાં પ્રભુ નામ-સ્મરણનું મહત્વ છે. તે સ્મરણ સ્મૃતિ-વિકાસ વગર થઈ શકતું નથી.

બ્રાહ્મમુહૂર્તમાં ઊઠીને સાધક કહે છે :—

प्रातः स्मरामि हृदि संस्फुरदात्मतत्वं
सच्चित् सुखं परम हंस गतिं तुरीयम—

—આવાં પદ્યો વડે તે ભાવોને ઉન્નત કરે છે; મનને એકાગ્ર કરે છે ત્યારે તેમના માટે ભક્તિ રસના કવિનુ પદ તે વારંવાર ગાય છે.

સુમિરન કરલે મેરે મના......।

પોતાનાં મન, બુદ્ધિ, ચિત્ત અને ઇન્દ્રિયરૂપ સાધન દ્વારા સ્મરણ કરવાની તાલીમ જીવનનાં દરેક ક્ષેત્રે ઉપયોગી નીવડે છે.

નારી જાતિ પણ સ્મૃતિ એક ઉપયોગી અને ઉત્તમ ગુણ છે. તેને કુટુંબના દરેક વહેવારમાં ઘણું યાદ રાખવું પડે છે. ગીતામાં નારીના ઉત્તમોત્તમ ગુણ તરીકે સ્મૃતિને બતાવવામાં આવી છે :—

कीर्तिः श्रीर्वाक् च नारीणां स्मृतिर्मेधा धृतिः क्षमा

કેવળ નારીના સાત મહાગુણો આ પ્રમાણે છે :—કીર્તિ, શ્રી, વાણી, સ્મૃતિ, મેધા (બુદ્ધિ) ધૃતિ અને ક્ષમા. આ સાત ગુણો વડે તે દીપે છે.

જિંદગીના દરેક ડગલે અને પળે સ્મૃતિની જરૂર છે. એટલું જ નહીં જિંદગી સાથેનો તેનો નિકટનો સંબંધ છે. જ્યારે માણસનું મૃત્યુ નજીક આવે ત્યારે તેની સ્મૃતિ ક્રમે ક્રમે ઓછી થતી જાય છે. બેભાન-અવસ્થામાં પણ સ્મૃતિનો લગભગ લોપ થઈ જાય છે.

એક અંગ્રેજ વિદ્વાન ડૉ. લાર્ઈસેટે કહ્યું છે : "આધ્યાત્મિક, માનસિક, અને શારીરિક આ ત્રણે શક્તિઓના ક્ષીણ થવાનું પ્રથમ કારણ સ્મરણ શક્તિનો અભાવ જ છે." સ્મૃતિના અભાવને ભ્રમ કે

ભૂલ કહેવામાં આવે છે. માણસ ખાવાની–પથ્યાપથ્યની ભૂલો કરે છે તો તે માંદો પડે છે. ચાલવામાં ચૂકે છે તો તે ખાડામાં પડે છે અને વિચારમાં ચૂકે છે તો તેનું આધ્યાત્મિક પતન થાય છે. તે ઘણા દોષોથી ઘેરાઈ જાય છે. જ્યારે માણસ સ્મૃતિવાન હોય છે ત્યારે તેની શારીરિક અને માનસિક શક્તિ પણ સતેજ, બળવાન અને જાગૃત હોય છે પરિણામે તે પોતાના ધ્યેયમાં પૂરી સફળતા મેળવે છે.

ભગવાન બુદ્ધે આર્ય–અષ્ટાંગિક માર્ગમાં, "સમ્યક્–સ્મૃતિ"ને પણ એક માર્ગ બતાવ્યો છે. ભગવાન મહાવીરે તેને 'અપ્રમાદ' કે અપ્રમત્તતા તરીકે બતાવી છે. મહર્ષિ પતંજલિએ તેને યોગ ગણાવીને ચિત્તવૃત્તિનો નિરોધ કરવાનો માર્ગ ગણ્યો છે

સ્મૃતિ એટલે શું?

સ્મૃતિનો વિકાસ કરવો એ વિષય ચર્ચતા પહેલાં સ્મૃતિ શું છે! તે જોઈ લઈએ. સ્મૃતિ એટલે સામાન્ય રીતે જોયેલી, સાંભળેલી, વાંચેલી કે વિચારેલી વાત અને વસ્તુને મગજમાં વ્યવસ્થિત રીતે ભરી લેવી; તેમ જ તે વસ્તુને સમયસર, આવશ્યક લાગે ત્યારે એ જ રીતે બીજા આગળ પ્રગટ કરી દેવી. આમાં પ્રથમ ભાગ સ્મૃતિ તરીકે ગણી શકાય; ત્યારે પછીનો ભાગ વિકાસ તરીકે ગણાવી શકાય. શરૂઆતમાં અંગત સ્મૃતિ વિકાસ થાય છે. પછી વ્યાપક સ્મૃતિ વિકાસ થાય છે.

જૈન દૃષ્ટિ પ્રમાણે મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષય કે ક્ષયોપશમના કારણે કોઈ જોયેલી, સાંભળેલી કે વિચારેલી વસ્તુ પુનઃ પ્રગટ થવી એનું જ નામ સ્મૃતિ છે. તત્ત્વાર્થસૂત્રમાં તો સ્મૃતિને મતિજ્ઞાનના જ પર્યાયવાચી શબ્દ તરીકે ગણાવી છે:—

मतिः स्मृतिः संज्ञा चिन्ताऽभिनिबोध इत्यनर्थान्तरम्

—એટલે કે મતિ, સ્મૃતિ, સંજ્ઞા (ઓળખ), ચિંતા, અભિનિબોધ એ બધા શબ્દો એક અર્થવાળા છે. સ્મૃતિ ખરા અર્થમાં ત્યારે જ કહી

શકાય જ્યારે જોયેલી, સાંભળેલી, વાંચેલી કે વિચારેલી વસ્તુને સમ્યક્ રીતે અને સમયસર પાછી જ્યારે જરૂર પડે ત્યારે તરત કહી શકાય. એ ત્યારે જ થઈ શકે જ્યારે વિષયનું ગ્રહણ ધારણ કે ઉદ્‌બોધન (પુનઃ સ્મરણ) વ્યવસ્થિત રીતે થાય. આને એ રીતે પણ કહી શકાય કે ધારણા શક્તિનું ઉદ્‌બોધન કરીને બહાર લાવવાનું નામ જ સ્મરણ શકિત છે. બીજા શબ્દોમાં વિચારીએ તો ગ્રહણશકિત, ધારણાશકિત, નિર્ણયશકિત, નિરીક્ષણશક્તિ પરીક્ષણશકિત અને સ્ફુરણાશકિત વગેરે બધી શકિતઓનું ઉદ્‌ગમ સ્થળ સ્મરણ શકિત છે, તેને સૂર્ય કહી શકાય તો આ બધી શકિતઓને તેનાં કિરણો રૂપે ગણી શકાય. સ્મરણશકિત આત્માની અનંત શકિત પૈકી એક વિશિષ્ટ શકિત છે. શરીરમાં આત્મા હોય ત્યાં સુધી જ એ સંભવે છે. ચેતન ચાલી જતાં તે પણ ચાલી જાય છે.

સ્મૃતિ-વિકાસ એટલે ?

આવી અનંત શકિતશાળી વસ્તુ સ્મૃતિ છે અને તેવી સ્મૃતિનો ફેલાવો કરવો, વ્યાપક બનાવવી, શુદ્ધ અને સતેજ બનાવવી, એનું નામ સ્મૃતિ-વિકાસ છે. સ્મૃતિનો વિકાસ કરવા માટે અલગ અલગ યુગમાં શોધાયેલ અનેક માર્ગો છે; અસંખ્ય પ્રક્રિયાઓ છે. આ બધા અંગે કોઈ એક વ્યકિત વિશેષ, એક યુગમાં વિચારી શકે જ નહીં, તે બધાંનો એક સાથે પ્રયોગ પણ એક વ્યકિતના જીવનમાં અશકય છે. તે છતાં ટુંકમાં આ મુદ્દા અંગે તેમ જ એના કેટલાંક મુખ્ય માર્ગો અને પાસાંઓ ઉપર છણાવટ કરતાં યથાર્થ સ્મૃતિ-વિકાસ કોને કહેવાય? તેનો ખ્યાલ આવી શકશે.

સ્મૃતિ અંગે જોયું કે તેમાં ધારણા મુખ્યત્વે છે. ત્યારે કોઈપણ વસ્તુની સ્મૃતિને મગજમાં સ્થિર રાખીને તેનું ઉદ્‌બોધન કે સમયસર પુનઃસ્મરણ થવું; એ સ્મૃતિ-વિકાસ થયો કહેવાય. સ્મૃતિની ખિલેલી એ અવસ્થા-વિશેષને વિકાસ ગણી શકાય. આમાં પણ ઊંડી નિરીક્ષણ અને પરીક્ષણની બુદ્ધિ વડે કાળનાં પડોને ચીરીને પણ નિર્ણય કરી

ચિત્તને સ્થિર કરવી ને વિશેષ વિકસિત અવસ્થા છે। તેનાથી પણ આગળ વધીને સામી વ્યક્તિના ભાવોને ઓળખીને તેવા જ પ્રગટ કરવા તે સ્મૃતિ-વિકાસની શ્રેષ્ઠ અવસ્થા છે. તેને સંપૂર્ણ જ્ઞાનની અવસ્થા પણ કહી શકાય।

આનો એક દાખલો લઈએ. રામ અને કૃષ્ણ બે મિત્રો હતા. બન્ને સાથે ભણતા હતા. ભણવા પછી અલગ થઇ ગયા. વર્ષો બાદ બન્ને મળ્યા. રામે તે દરમ્યાન આધ્યાત્મિક સાધના કરી. કૃષ્ણે પૈસો પેદા કર્યો પણ તેને આરામ ન હતો.

બન્નેના ચહેરા ઉપર વર્ષોના વહેણો વહી ચૂક્યા હતા. તે છતા જ્યારે કૃષ્ણને રામે જોયો તો તરત તેને થયું કે "આ તો કૃષ્ણ જ હોવા જોઈએ!" આમ સ્મૃતિનું સ્ફુરણ થાય તેને સ્મૃતિનો સામાન્ય વિકાસ ગણી શકાય.

રામે કૃષ્ણને બોલાવ્યો "અરે કૃષ્ણ!"

કૃષ્ણે પહેલા તો તેને ન ઓળખ્યો. પછી ધ્યાનથી જોતા તેને લાગ્યું કે આ તો રામ છે. તે બોલી ઊઠ્યો - "અરે...રામ!"

રામે કહ્યું: "બહુ જ પૈસાદાર થઈ ગયો લાગે છે!"

કૃષ્ણે કહ્યું: "હા... પણ દુ !"

રામે કહ્યું: "આપણે તો અધ્યાત્મ માર્ગના પથિક છીએ! પણ, કૃષ્ણ પૈસા મળવા છતા તું સુખી નથી લાગતો!"

કૃષ્ણે કબૂલ કર્યું કે તે ખરેખર સુખી ન હતો.

આમાં રામ કૃષ્ણને ઓળખે છે. તે સ્મૃતિ વિકાસ સામાન્ય છે. જો કે તેને કૃષ્ણને ઓળખવામાં તેના નાનપણના ચહેરા સાથે હમણાના ચહેરાનું નિરીક્ષણ અને વિશ્લેષણ તો કરવું પડે છે. પણ, તે એને એમ કહે છે કે – "તું ધનવાન થઇ ગયો લાગે છે" એ સ્મૃતિ-વિકાસ છે અને તેથી આગળ "પૈસા મળવા છતાં તું સુખી લાગતો નથી!" એ સ્મૃતિની વિશેષ વિકસિત અવસ્થા છે.

કેટલાક લોકો એવી ફરિયાદ કરતા હોય છે, કે અમને યાદ રહેતું નથી અગર તો અમને એ વસ્તુ યાદ રહેશે નહીં, કે અમારામાં સ્મરણ શકિતનો અભાવ છે, તો તે તેમની ભ્રાંતિ છે. કોઈપણ સ્ત્રી કે પુરુષ સ્મૃતિ વગરનાં નથી. દરેકમાં ઓછાવત્તા અંશે સ્મૃતિ રહેલી જ હોય છે. તેઓ સામાને જોઈને કહે કે "આપણે આટલા વર્ષો પહેલાં મળ્યાં હતાં અથવા તમે ફલાણાના દીકરા ને?" આ બધી બાબતો સ્મૃતિની છે.

આ સ્મરણશકિત વેર-વિખેર થઈ જતાં તદ્દન મર્યાદિત બની જાય છે; તેનામાં ઉણપ આવી જાય છે. સ્મરણશકિતને સંગઠિત કરીને તેનો વિકાસ સાધવામાં આવે તો તે ચમત્કારો સર્જી શકે છે. તેનો પ્રવાહ અલગ-અલગ દિશાઓમાં વહી જતાં જ તેનું બળ ઓછું થઈ જાય છે. જરૂર એ છે કે તેનો વિકાસ પ્રારંભથી અને ખરી દિશામાં થાય.

સ્મૃતિનો વિકાસ બાળક ગર્ભમાં આવે ત્યારથી થઈ જાય છે. ગર્ભમાંથી બહાર આવ્યા બાદ બાળક થોડા વખતમાં ઘણું શીખી લે છે. જેમ જેમ તે મોટું થતું જાય છે તેમ તેમ તે મા, બા, મામા, બાબા, બાપા વગેરે શબ્દોને ગ્રહણ કરતું જાય છે. ઘણીવાર તો તે આસપાસમાં રહેતા જેટલા પ્રકારના લોકો હોય છે તેટલી ભાષા બોલે છે. મુંબઈ જેવા શહેરમાં નાનું બાળક ગુજરાતી, મરાઠી, હિંદી વગેરે ભાષા ઘણી સરળતાથી બોલતાં શીખી શકે છે. હમણાં જ છાપામાં આવ્યું હતું કે એક અઢી વર્ષનું બાળક એક પુસ્તકાલયમાં ઘણાં પુસ્તકો એક સાથે વાંચી ગયું હતું. નાનું બાળક નાનપણથી એકીટશે જોતું હોય છે; ધ્યાનથી સાંભળતું હોય છે. અને ઘણી બાબતોને ગ્રહણ કરતું હોય છે; કારણ કે સ્મૃતિનો સંબંધ અનંતયુગનો સાથે હોય છે. જન્મથી જ "મરણપર્યંત સ્મૃતિ વિકાસનું કાર્ય ચાલુ જ હોય છે. આજે ઘણા વાલીઓ એમ માને છે કે છોકરો નહીં ભણે તો ઠોઠ રહી જશે પણ વાલીઓને એવો ખ્યાલ આવે કે ઘણીવાર સ્કૂલના ઠોઠ નિશાળીયાઓ જગતના મહાપુરુષો થઈ શકયા છે. તે તેમના સ્મૃતિ વિકાસને આભારી છે તો તેમની એ ભ્રમણા ભાંગી પડશે.

ખરેખર માણસને એ ખ્યાલ નથી કે કુદરતે અથવા નિસર્ગમૈયાએ
તેને સ્મરણશક્તિની કેટલી વિશિષ્ટ શક્તિ આપી છે! તેને વિકસાવી
શકાય છે અને આગળ વધી શકાય છે તેના બદલે એ લોકો ભાગ્યના
ભરોસે કે દૈવી ચમત્કારના આધારે બેસી જાય છે અને પોતે આરામપ્રિય
બની જાય છે તેમને દરેક અસાધારણ ઘટનામાં દૈવી સંકેત નજરે
પડે છે. તેઓ જડ પદાર્થોમાંથી ઉત્પન્ન શક્તિ અંગે પણ એવી જ
કલ્પના કરી લે છે તેઓ નિસર્ગે આપેલી આ તેમ જ એવી બીજી
શક્તિઓનો વિકાસ કે અનુભવ કરતા નથી અને પોતાની કિંમતી
જિંદગીને નાશવાન ક્ષણિક પદાર્થો મેળવવા પાછળ ખર્ચી દે છે.
તેમને અંતઃકરણની આ શક્તિઓનો અનુભવ નહી હોવાથી તે
બાહ્ય શક્તિઓને પણ મહત્ત્વ આપી તેની પાછળ ફાંફાં મારતા
થાય છે.

દરેક માણસમાં સ્મરણ શક્તિ છે, તે નિસર્ગ તરફથી મળેલી છે.
તે અણુરૂપે છે. તેનો વિકાસ કરવામાં આવે તો તે આખા પરમાણુ
વિશ્વને આવરી શકે છે. આ વિકાસ કરવાની તક કે અધિકાર નિસર્ગે
જીવાત્માને આપી દીધો છે. તેને પુરુષાર્થ કહેવામાં આવે છે આ
પુરુષાર્થ પ્રગટ છે ત્યારે ભાગ્ય ગુપ્ત છે. તેથી પુરુષાર્થને પ્રગટાવી
શકાય છે ને નિશ્ચિત છે અને સ્પષ્ટ છે કેટલાક માણસો ભાગ્યને
આધારે બેસી રહે છે તે નકામું છે. પુરુષાર્થથી ભાગ્ય પ્રગટી શકે છે.
એ દિશામાં ખરો પ્રયત્ન થવો જોઈએ. ખાસ કરીને સ્મૃતિ વિકાસ
માટે ભાગ્યને હાથ દઈને બેસી શકાતું નથી.

જે વ્યક્તિ સ્મરણશક્તિના વિકાસ માટે પુરુષાર્થ નથી કરતા તેની
સ્મરણશક્તિ કટાયેલી તલવાર જેમ નકામી થઈ જાય છે, જેમ જમીનમાં
દાટેલો ખજાનો કામમાં ન આવે તેમ તે નિરુપયોગી બને છે.
માણસને જો પોતાની રુચિનો ખ્યાલ (સ્મૃતિ) હોય તો તે સ્મૃતિ-
વિકાસ અવશ્ય કરી શકે છે. તે સાધ્ય છે. અ-સાધ્ય નથી.

મહાકવિ કાલિદાસ એટલો મૂર્ખ હતો કે જે ડાળી ઉપર બેઠે

કેટલાક લોકો એવી ફરિયાદ કરતા હોય છે, કે અમને યાદ રહેતું નથી અગર તો અમને એ વસ્તુ યાદ રહેશે નહીં, કે અમારામાં સ્મરણ શકિતનો અભાવ છે, તો તે તેમની ભ્રાંતિ છે. કોઈપણ સ્ત્રી કે પુરુષ સ્મૃતિ વગરનાં નથી. દરેકમાં ઓછાવત્તા અંશે સ્મૃતિ રહેલી જ હોય છે. તેઓ સામાને જોઈને કહે કે "આપણે આટલા વર્ષો પહેલાં મળ્યાં હતાં અથવા તમે ફલાણાના દીકરા ને?" આ બધી બાબતો સ્મૃતિની છે.

આ સ્મરણશક્તિ વેર-વિખેર થઈ જતાં તદ્દન મર્યાદિત બની જાય છે; તેનામાં ઉણપ આવી જાય છે. સ્મરણશકિતને સંગહિત કરીને તેનો વિકાસ સાધવામાં આવે તો તે ચમત્કારો સર્જી શકે છે. તેનો પ્રવાહ અલગ-અલગ દિશાઓમાં વહી જતાં જ તેનું બળ ઓછું થઈ જાય છે. જરૂર એ છે કે તેનો વિકાસ પ્રારંભથી અને ખરી દિશામાં થાય.

સ્મૃતિનો વિકાસ બાળક ગર્ભમાં આવે ત્યારથી થઈ જાય છે. ગર્ભમાંથી બહાર આવ્યા બાદ બાળક થોડા વખતમાં ઘણું શીખી લે છે. જેમ જેમ તે મોટું થતું જાય છે તેમ તેમ તે મા, બા, મામા, બાબા, બાપા વગેરે શબ્દોને ગ્રહણ કરતું જાય છે. ઘણીવાર તો તે આસપાસમાં રહેતા જેટલા પ્રકારના લોકો હોય છે તેટલી ભાષા બોલે છે. મુંબઈ જેવા શહેરમાં નાનું બાળક ગુજરાતી, મરાઠી, હિંદી વગેરે ભાષા ઘણી સરળતાથી બોલતાં શીખી શકે છે. હમણાં જ છાપામાં આવ્યું હતું કે એક અઢી વર્ષનું બાળક એક પુસ્તકાલયમાં ઘણાં પુસ્તકો એક સાથે વાંચી ગયું હતું. નાનું બાળક નાનપણથી એકીટશે જોતું હોય છે; ધ્યાનથી સાંભળતું હોય છે. અને ઘણી બાબતોને ગ્રહણ કરતું હોય છે; કારણ કે સ્મૃતિનો સંબંધ અનંતયુગનો સાથે હોય છે. જન્મથી જ "મરણપર્યંત સ્મૃતિ વિકાસનું કાર્ય ચાલુ જ હોય છે. આજે ઘણા વાલીઓ એમ માને છે કે છોકરો નહીં ભણે તો ઠોઠ રહી જશે પણ વાલીઓને એવો ખ્યાલ આવે કે ઘણીવાર સ્કૂલના ઠોઠ નિશાળીયાઓ જગતના મહાપુરુષો થઈ શકયા છે. તે તેમના સ્મૃતિ વિકાસને આભારી છે તો તેમની એ ભ્રમણા ભાંગી પડશે.

હતો તેને જ કાપતો હતો. પણ તેણે પ્રયત્ન શરૂ કર્યો અને આગળ જતાં તે સંસ્કૃતનો કવિ શિરોમણિ ગણાયો.

જે લોકો આ વાત નહીં સમજીને પોતાની જીવન યાત્રામાં દીન: હીન કે પરાધીન ભાવના લઈને ચાલે છે અને પોતાની સ્મૃતિ વિકાસનો પ્રયત્ન કરતા નથી તેઓ પાછળ રહી જાય છે. પણ જેઓ તેને યોગ્ય વળાંક આપીને આગળ વધે છે. તેઓ મહાન બની શકે છે.

સુંદર સ્મૃતિ અસરકારક વ્યકિતત્વનું એક મુખ્ય અંગ પણ છે. આવા વિકાસ માટે વધારે પ્રયત્નની જરૂર પડતી નથી. તે માણસના પોતાના હાથમાં છે. તેનો વિકાસ વ્યકિતત્વનો વિકાસ છે. તેથી દરેક વ્યકિતએ તે કરવો જોઈએ. સાધકોએ અને સંતોએ તો તે બાબતમાં જરા પણ બેદરકારી ન દાખવવી જોઈએ.

સ્મૃતિવિકાસ કેવી રીતે?

સ્મૃતિ–વિકાસ બે રીતે થાય છે પૂર્વ સંસ્કારોથી અને વર્તમાન અભ્યાસથી. આ બન્નેમાં પારસ્પરિક સંબંધ છે. કેટલીક વ્યકિતઓમાં પૂર્વ સંસ્કારના કારણે નિમિત્ત મળતાંજ સ્મૃતિ વધારે જોવામાં આવે છે આવા વિકાસમાં વધારે પ્રયત્નની જરૂર પડતી નથી. આ અંગે આપણે જૈન ઉપાધ્યાય યશોવિજયજીના નાનપણનો દાખલો લઈએ :—

અમદાવાદની એક પોળમાં એક બાઈ ત્રણ દિવસથી ભૂખી હતી. તેને એવો નિયમ હતો કે જ્યાં સુધી હું 'ભકતામર સ્તોત્ર' નહીં સાંભળું ત્યાં સુધી ખોરાક નહીં લઉં. તેને આવડતું નહીં એટલે ઉપાશ્રયે જઈ ગુરુજીના મોંઢે સાંભળતી હતી. શ્રાવણનો ધોધમાર વરસાદ ત્રણ દિવસથી પડતો હોઈને તે ઉપાશ્રયે જઈ શકી નહીં. તેમાં તેની તબિયત લથડી હતી.

ઉપવાસનો ચોથો દિવસ હતો. પોતાની માને કાંઈ પણ ન ખાતી જોઈને તેના સાત વરસના દીકરાએ તેને કહ્યું : "બા! તું ત્રણ દિવસથી કેમ ખાતી નથી! તને શું દુ:ખ છે? તું નહીં ખાય તો હું પણ આજે નહીં ખાઉં!"

બાળકના પ્રેમ ભર્યા શબ્દો સાંભળી માતૃ વાત્સલ્ય ઊભરાઈ આ
તેણે બાળક જશાને છાતી સરસો ચાંપ્યો. તેણે કહ્યું : "દીક
ભક્તામર સાંભળ્યા વગર હું કંઈ પણ લેતી નથી. ત્રણ દિવસ
વરસાદ પડે છે અને માગથી ઉપાશ્રયે જઈને ભક્તામર સાંભળાયું ન
તેથી હું કેવી રીતે જમું ?"

નાના બાળક જશાએ કહ્યું : "તો બા ! મને કહેવું હતુ
હું તને સંભળાવી દેત !"

માને આશ્ચર્ય થયું. તેણે કહ્યુ "દીકરા ! તને તો એક અ
પણ આવડતો નથી. પછી ભક્તામર ક્યાંથી શીખ્યો ?"

જશાએ કહ્યું : "લે બા હમણાં જ સંભળાવું......!"
—અને તેણે શરૂ કર્યું :—

भक्तामर प्रणत मौलि मणि प्रभाणा.. .

—પહેલી કડીથી લઈને તે ૪૮ શ્લોક કડકડાટ બોલી ગયો.
મા તો હર્ષભેર આંસુ સાથે સાંભળતી રહી. તેણે બાળકને ભેટી સગા
કહ્યું : "દીકરા... ! ક્યાંથી આ શીખી આવ્યો ?"

"બા ! તે દિવસે તારી સાથે ઉપાશ્રયે આવ્યો હતો ત્યારે
મહારાજ પાસે સાંભળ્યું હતુ તે મને યાદ રહી ગયું છે !"

પોતાના બાળકની આવી તીક્ષ્ણ સ્મૃતિ જોઈને માને હર્ષ
મા-દીકરો તે દિવસે જમ્યા. આજ બાળક આગળ જતાં ઉપા
યશોવિજયજી રૂપે થયા. તેમની પ્રખર બુદ્ધિ, વિદ્યા અને સ્મૃતિની
અદ્ભુત વાતો આજે પણ સાંભળવા મળે છે.

અહીં સ્મૃતિ-વિકાસમાં પૂરો સહકારી કારણભૂત બન્યા
એવો જ એક બીજો દાખલો પણ છે.

રાજા ભોજના દરબારમાં કવિ ધનપાલનો ઘણો જ આદર સ
થતો હતો. તેમણે વર્ષોના પરિશ્રમે બાણભટ્ટ રચિત "કાદંબરી

ભાષાંતર પ્રાકૃત ભાષામાં કર્યું. તેમણે એ ભાષાંતર એકવાર રાજા ભોજને સંભળાવ્યું. રાજાએ કહ્યું : "એ ગ્રંથ સાથે મારું નામ જોડી દો!"

કવિએ ના પાડી. રાજા બહુ જ ગુસ્સે થઈ ગયો. તેણે એ ગ્રંથ લઈને તેને બાળી નાખવાનો આદેશ આપ્યો. પંડિત ધનપાલ નિરાશ થઈ ગયા. તે વીલે મોએ ઘેર આવ્યા.

પિતાનું મોં ઉદાસીન જોઈ તેમની પુત્રી તિલકમંજરીએ કહ્યું : "બાપુ! આજે ચિંતામાં કેમ બેઠા છો?"

કવિએ બધી હકીકત કહી સંભળાવી. પુત્રીએ કહ્યું : "તમે ચિંતા ન કરો! મેં તે ગ્રંથ વાંચ્યો હતો અને મને અક્ષરે અક્ષર યાદ છે. હું બોલતી જઈશ અને આપ તેને ફરીથી લખો!"

પુત્રીની આવી અજબ સ્મરણ શક્તિથી કવિ ખુશ થયા. તિલકમંજરી બોલતી ગઈ તેમ તેઓ લખતા ગયા અને તેમણે એ ગ્રંથ પૂરો કર્યો. તેમણે પુત્રીના નામ ઉપરથી એ ગ્રંથનું નામ "તિલકમંજરી" રાખ્યું.

આવી સ્મરણશક્તિમાં પૂર્વ સંસ્કારો નિમિત્ત હોય છે; પણ, સ્મૃતિનો વધારે વિકાસ આ જન્મમાં કરેલા વિધિવત્ અભ્યાસથી થઇ શકે છે. તેના થોડાક દાખલા લઈએ :—

(૧) ઇરાનનો રાજા સાઈરસ પોતાની સેનાના દરેક સૈનિકનું નામ પોતે મોંઢે યાદ રાખી શકતો. તેના સેનામાં જે સૈનિક દાખલ થાય તેને તે એક વખત સારી પેઠે જોઈ લેતો અને તેનું નામ મગજમાં રાખી લીધા પછી તે એને ભૂલતો નહીં. આ સ્મરણશક્તિ અભ્યાસથી વધી હતી.

(૨) અકબર બાદશાહના દરબારમાં અબુલફઝલ નામનો વિદ્વાન હતો. તે એક પુસ્તક વાંચી લેતો. પછી તેના દરેક પાનામાં શું લખ્યું તે કહી શકતો હતો. એટલી તેની સ્મૃતિ તીવ્ર હતી.

(૩) અમેરિકામાં આસાગ્રે નામનો એક વનસ્પતિ શાસ્ત્રવેત્તા હતો. તેણે અભ્યાસથી ૨૫ હજાર વનસ્પતિઓનાં નામો મોઢે કરી રાખ્યાં હતાં.

(૪) ઉપાધ્યાય યશોવિજયજી અને વિનયવિજયજી જ્યારે કાશીમાં એક બ્રાહ્મણ પંડિત પાસે ભણતા હતા ત્યારે તે પંડિતજી પાસે એક કિંમતી ગ્રંથ હતો. તેમાં ૧૨૦૦ શ્લોક હતા. ઘણો આગ્રહ કરવા છતાં તેઓ તે ગ્રંથ ભણાવતા ન હતા.

એકવાર પંડિતજી કોઈ કામસર બહારગામ ગયા. પાછળથી યશોવિજયજી અને વિનયવિજયજીએ પંડિતાણી પાસે આવીને તે ગ્રંથ જોવા માટે આપવાની માગણી કરી. બન્નેનો આગ્રહ જોઈને તે ગ્રંથ તેમને આપી દીધો. તે ગ્રંથ લઈને પ્રારંભના ૭૦૦ શ્લોક યશોવિજયજીએ અને બાકીના ૫૦૦ વિનયવિજયજીએ એક રાતમાં કંઠસ્થ કરી લીધા. અને ગ્રંથ પંડિતાણીને પાછો આપી દીધો. બન્નેએ એકબીજા પાસે સાંભળીને પૂરો ગ્રંથ કંઠસ્થ કરી લીધો.

બપોરે પંડિતજી જ્યારે ભણાવવા બેઠા ત્યારે તેમણે તે અંગે માફી માગી. પંડિતજીને વિશ્વાસ ન બેઠો અને તેમને શ્લોકો સંભળાવવાનું કહ્યું. બન્ને જણે કડકડાટ ૧૨૦૦ શ્લોક સંભળાવી દીધા. પંડિતજી સાંભળીને દિંગ થઈ ગયા. તેમની આંખમાં પ્રેમાશ્રુ ઊભરાવા લાગ્યા. તેમણે પોતાના બન્ને શિષ્યોને આવી અદ્ભુત સ્મૃતિના અભ્યાસ માટે અભિનંદન આપ્યા.

મનુસ્મૃતિ, પારાશરસ્મૃતિ, યાજ્ઞવલ્ક્યસ્મૃતિ, હારીતસ્મૃતિ વગેરે સ્મૃતિઓ સમાજ વ્યવહારના અનુભવોનું સ્મરણ કરીને જ લખેલ છે. તેથી જ એમનું નામ 'સ્મૃતિ' પડ્યું છે. અગાઉ પરાપૂર્વથી સાંભળીને જ જ્ઞાન અપાતું. વેદો, પુરાણો આગમો એ રીતે જ આપણી વચ્ચે છે. જૈનાગમોને લિપિબદ્ધ કરવાનો તો ઘણો અર્વાચીન ઇતિહાસ છે.

દેવર્દ્ધિ ગણિ આચાર્યના સમયે કહેવાય છે કે એક દિવસે

સૂઠનો ગાંગડો સાંજે પરત કરવાનું યાદ ન રહ્યું. પ્રતિક્રમણ કરતી વખતે તેને તે યાદ આવ્યું. તે વખતે દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે વિચાર કર્યો કે હવેના સાધકોની સ્મૃતિઓ મંદ થતી જાય છે. આમ જ થશે તો આગમોના પાઠો ભૂલાઈ જશે. કંઠસ્થ કરવાથી તે સુરક્ષિત રહેશે નહિ. એટલે તેમને લિપિબદ્ધ કરવાં જોઈએ. તે માટે પાટલિપુત્રમાં પ્રમુખ વિદ્વાન સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનું એક સંમેલન ભરાયું. તેમાં જેમને જેમને જે જે યાદ હતું અથવા વિસ્મૃત જેવું થઈ ગયું હતું તે બધું જ્ઞાન સ્મરીને યાદ કરીને સંકલિત કરાયું અને આગમો વ્યવસ્થિત રીતે લખાયાં.

ટૂંકમાં વર્ષો જૂનાં સંભારણાં પણ અભ્યાસ કરવાથી યાદ થઈ શકે છે. આપણું મગજ ભલે નાનું છે, પણ તેમાં ગોઠવણ બહુ મોટી હોય છે. જન્મજન્માંતરોના સંસ્કારો એમાં કડીબંધ ગોઠવાયેલા છે. અભ્યાસથી જેમ જેમ સંસ્કારોને ઉખેડવામાં આવશે તેમ તેમ બધું યાદ આવતું જશે. આ વિકાસ સ્મૃતિને કેળવવાથી થઈ શકે છે. એના માટે સ્મૃતિ સુધાર માટે જે બાધક કારણો છે તેમને છોડવાં જોઈએ અને સાધક કારણોને અપનાવવાં જોઈએ. આ અંગે હવે પછી વિચારણા કરશું.



[૨]

સ્મૃતિ વિકાસના સ્રોત

બે બાળકો એક સાથે જન્મ્યાં, એક સાથે રમ્યાં, એક જ મા-બાપના હાથ નીચે ઉછર્યાં; તે છતાંયે તેમાંના એક બાળકની બુદ્ધિ-સ્મૃતિ તીવ્ર હોય છે અને બીજાની મંદ હોય છે. આનાં કારણો ઊંડાણથી તપાસશું તો જણાશે કે બન્નેની સ્મૃતિના સ્રોતો છે તેમાં ઘણું અંતર છે. એમ બની શકે કે તેમાંથી તીવ્ર સ્મૃતિવાળા માટે તેના પૂર્વજન્મના સંસ્કારો સ્રોત રૂપે બન્યા હોય છે અને તેથી તેનાં આ જન્મની સ્મૃતિ વિકાસની સાધના ઝડપી બની શકી. અમે એવા સ્મૃતિ વિકાસના સ્રોતો ઉપર છણાવટ કરશું.

પૂર્વજન્મના સંસ્કાર :

આ સ્રોતોમાંનો એક મુખ્ય સ્રોત છે પૂર્વજન્મના સંસ્કાર. એવી કેટલીક વ્યક્તિઓ જોવા મળે છે કે જેમણે આ જન્મમાં સ્મૃતિ વિકાસ માટે કંઈ પણ ન કર્યું હોય; છતાંયે નાનપણથી તેમની સ્મૃતિ એટલી બધી તીવ્ર હોય છે કે તેઓ અઘરાં શાસ્ત્રોના-ધર્મગ્રંથોના પાઠ ઝડપથી યાદ કરી કડકડાટ બોલી દે છે. ઘણીવાર તેમને ભણ્યા વગર પણ કુદરતી રીતે શાસ્ત્ર-જ્ઞાન કે શાસ્ત્રનું રહસ્ય યાદ રહી જાય છે.

થોડાં વર્ષો ઉપર છાપામાં વાંચ્યું હતું કે એક ૧૦-૧૨ વર્ષના નાના બાળકને વેદો તથા ધર્મશાસ્ત્રો મોઢે છે; તે શાસ્ત્રના પાઠો કડકડાટ બોલી જાય છે તેને જોવા માટે લોકો દૂરદૂરથી આવતા હતા અને તેને ધર્મ સંબંધી જે પ્રશ્નો પૂછતા તેનો તે સારી પેઠે તે જવાબ આપતો હતો.

શંકરાચાર્યની સ્મરણશક્તિ નાનપણથી જ તીવ્ર હતી. તેમને ૮ વર્ષની નાની ઉમરે બોધ થઈ ગયો હતો. તેમણે નાનપણમાં સંન્યાસ

ગ્રહણ કરી લીધો હતો અને ગીતા, ઉપનિષદો તેમ જ વેદો ઉપર ભાષ્યો રચી કાઢ્યાં હતાં.

શ્રીમદ્ રાજચંદ્રજીએ નવેક વર્ષની ઉંમરે મોક્ષમાળા જેવો ઉત્તમ ગ્રંથ લખ્યો હતો. તેમ જ નાનપણથી જ તેઓ કાવ્યો રચવા લાગ્યા હતા. તેત્રીસમે વર્ષે તેઓ મૃત્યુ પામ્યા ત્યારે તેઓ આટલું બધું ક્યારે ભણ્યા? ત્યારે માનવું પડશે કે સ્મૃતિનો સંબંધ જન્મોનો છે. એવી જ રીતે ઘણાં ભક્તોને અક્ષરજ્ઞાન ન હોવા છતાં તેમણે કાવ્યો રચ્યાં છે; ભજન બનાવ્યાં છે અને તેમાં અદ્ભૂત કાવ્ય તત્ત્વની સાથે ગેયતાની ક્ષમતા છે.

તન્નિસર્ગાદધિગમાદ્વા

એટલે કે સમ્યક્દર્શન કે સમ્યક્જ્ઞાન નિસર્ગથી અથવા બીજાના નિમિત્તે કે પ્રેરણાથી થાય છે. જૈનશાસ્ત્ર ભગવતીસૂત્રમાં બતાવવામાં આવ્યું છે પરભવમાં–પૂર્વજન્મોમાં ઉપાર્જિત જ્ઞાન, બીજા જન્મમાં યાદ રહી શકે છે. આ ભવનું તો યાદ રહે જ છે.

આનો અર્થ એ થયો કે કેટલાક માણસોમાં જે અપૂર્વ જ્ઞાન જોવામાં આવે છે કે ધર્મશાસ્ત્રો કે ગ્રંથોના પાઠોની સ્મૃતિ તેમને થઇ આવે છે. અથવા અન્ય ભાષામાં બોલી શકે છે તેનું કારણ પૂર્વોપાર્જિત જ્ઞાન છે. પૂર્વજન્મમાં મેળવેલ જ્ઞાનનાં બીજ તો અંતરાત્મામાં પડયાં હોય છે. તે નિમિત્ત મળતાં એકાએક ઊભરાઇ આવે છે. જાતિ–સ્મરણ જ્ઞાન (પૂર્વભવો કે જન્મોની સ્મૃતિ)નો મૂળ સ્રોત પણ એ જ છે. આ જન્મમાં જેની સ્મૃતિ નિર્મળ થઇ જાય છે; બુદ્ધિનાં આવરણો હટી જાય છે અથવા તો ચિત્ત વૃત્તિઓનો નિરોધ થઈ જાય છે તેને જાતિસ્મરણ જ્ઞાન થાય છે. એવી જ રીતે સ્મૃતિનો ઉદય પણ જેના મતિજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કે ક્ષય થયો હોય તેને કોઈની પ્રેરણા; બોધ કે શિક્ષણ વગર સહેજે થઈ જાય છે.

નાનું બાળક જગતમાં આવે છે. એકીટશે માને અને આસપાસ-

બાળકને જોતું રહે છે. તે અનેક વાતોને ફરી મગજમાં ભરે છે તે મોટું
થાય છે, યુવાન થાય છે, વૃદ્ધ થાય છે અને અનેક પ્રકારના સંસ્કારો
તેના મગજમાં સંગ્રહાયેલા રહે છે. જો માનવીય કૃત્યો ને કરશે તો ફરી
માનવજન્મ મળશે અને પૂર્વજન્મના સંસ્કારો સ્મૃતિ-વિકાસના સ્રોત
રૂપે બનીને રહેશે

ગર્ભસ્થ સ્થિતિ

સ્મૃતિ-વિકાસનો બીજો સ્રોત છે—ગર્ભમાં રહેવી સ્થિતિ—આપણે
ના ધ્રુવ-પ્રહ્લાદથી લઈને ચિરાગ સુધીના ઘણા એવા દાખલા મળે છે જેમાં
ગર્ભમાં રહેતા છતાં સ્મૃતિનો વિકાસ થતો રહે છે અને જ્ઞાન મળે છે
અભિમન્યુ જ્યારે માતાના ગર્ભમાં હતો ત્યારે ગુરુ તેની માતાને ઘણી
વિદ્યા અંગે વાતો કરતા તેમાં તેમણે ચક્રવ્યૂહ (કોઠા) ભેદવાની વાત
કરી પ્રવેશની વાત તો ... એ બાબતો પણ નીકળવાની વાત સાંભળતી
વખત તેને ઊંઘ આવી ગયું પરિણામે અભિમન્યુને ચક્રવ્યૂહમાં પ્રવેશ
જ્ઞાન મળ્યું. મહાભારતના સમયે તેણે ૧૬ વર્ષની ઉંમરે એ જ્ઞાનનો
ઉપયોગ કર્યો હતો તેથી મોટા મોટા મહારથીઓને પણ આશ્ચર્યમાં
નાખી દીધા હતા

બાળ મનોવિજ્ઞાનના એક પ્રખ્યાત ડૉક્ટરનું કહેવું છે "ગર્ભથી
માંડીને ૬ વરસ સુધીમાં માનવ-બાળક મોટાભાગનું બધું જ જ્ઞાન મેળવી
લે છે. ત્યાર પછી તો તે તેના જિંદગીભર અભ્યાસ જ કરતો રહે છે."
નાનપણમાં કે ગર્ભમાં મળેલ જ્ઞાનના પણ દાખલાઓ ખરેખર આશ્ચર્ય
પમાડે તેવા હોય છે તેનું મૂળ કારણ ગર્ભસ્થ સ્થિતિ પણ સ્મૃતિ-
વિકાસનો સ્રોત છે.

માતા-પિતાના સંસ્કારો :

ગર્ભમાં રહેલ બાળકને જો બાહ્ય બધું યાદ રહી જતું હોય
તો ગર્ભથી બહાર આવ્યા બાદ કેટલું બધું જ્ઞાન મેળવી શકાય ! વિચાર

કરવાથી તરત જણાશે કે આપણો વહેવારૂ ભાષાનો શબ્દ ભંડોળ કેટલો બધો હોય છે? બાળક તે બધું શીખી જાય છે. અલબત્ત તેમાં બાળકની પોતાની પૂર્વજન્મની ઉપાર્જિત જ્ઞાનની મૂડી હોય છે પણ નાનપણમાં માતા-પિતાના નિમિત્તે તેને ઘણું નવું શીખવાનું મળે છે. અને સમાજ દ્વારા તેને ઘણું વધારવાનું મળે છે.

ત્રીશેક વર્ષ ઉપર અજમેર સાધુ સમ્મેલન વખતે અમારે બ્યાવર જવાનું થયું. ત્યાં રામપ્રતાપજી શાસ્ત્રી નામના એક પંડિત પોતાની આઠ અને દશ વર્ષની બે પુત્રીઓને લઈને આવેલા. તેમણે કહ્યું : "આ બાળાઓને ગીતાનો કોઇ પણ શ્લોક પૂછો તો તે કહી શકશે!"

અમને થયું કે એ નહી બોલી શકે.

પણ, જ્યારે અમે એમને પૂછવા બેઠા તો એ છોકરીઓ કડકડાટ શ્લોકો બોલવા લાગી. એક કન્યા તો શ્લોકોનો અર્થ પણ કરી દેતી હતી. પંડિતજીને તેનું કારણ પૂછતાં તેમણે જણાવ્યું કે તેમની માતા નાનપણથી હાલરડાંમાં ગીતાના શ્લોકો જ બોલતી હતી. તેથી તેમને તે યાદ રહી ગયા.

પુરાણમાં મદાલસા રાણીનું એક આખ્યાન આવે છે. તે હાલરડાંમાં પોતાનાં બાળકોને આત્મજ્ઞાન પાતી હતી :—

शुद्धोऽसि बुध्धोऽसि निरंजनोऽसि, संसार माया परिवर्जितोऽसि ।
संसार स्वप्नं त्यज मोहनिद्रां मदालसा वाक्यमुवाच पुत्रं ॥

"દીકરા! તું શુદ્ધ છો, બુદ્ધ છો, નિરંજન છો, સંસારની માયાથી રહિત છો! આ સંસાર એક સ્વપ્ન છે. તું મોહનિદ્રા તજીને જાગૃત થા." આમ મદાલસા પોતાના બાળકોમાં આત્મજ્ઞાન ભરતી. પરિણામે તેના સાત બાળકો થોડાંક મોટાં થઈને ત્યાગી બની ગયાં હતાં. તેમને નાનપણમાં સાંભળેલું આત્મજ્ઞાન યાદ આવી ગયું.

શિવાજીમાં વીરતાના સંસ્કારો નાનપણમાં સાંભળેલ વીરતાની

ઐતિહાસિક વાર્તાઓને લીધે જ આવ્યા હતા. ટૂંકમાં, નાનપણમાં જે સ્મૃતિ-વિકાસ થાય છે તેનો સ્રોત માતા-પિતાએ આપેલ સંસ્કારો બને છે.

સ્વયંબોધ-પ્રત્યેકબોધ :

કેટલાંક માણસોને માતા-પિતા કે સમાજના વાતાવરણના સંસ્કાર વગર જ આપમેળે બોધ થઈ જાય છે. તેને સ્વયંબોધ થયો કહેવાય છે. આની પાછળ પૂર્વજન્મના સંસ્કારો અને કર્મોનો ક્ષયોપશમ કારણભૂત હોય છે. તેમને સ્મૃતિની પરંપરાએ પોતાના સ્વરૂપની સ્મૃતિ થઈ જાય છે. આવી સ્થિતિમાં કોઈ પણ આલંબન હોતું નથી તેથી તેમની સ્થિતિ નિરાલંબન હોય છે. ને કોઈ ગુરુ પાસે દીક્ષા લેતા નથી પણ પોતે જ મુનિવેશ ધારણ કરે છે. આત્મામાં પડેલા જન્મ-જન્મના સંસ્કારો શુદ્ધ અને નિર્મળ થતાં તેઓ અનાયાસે સ્મૃતિ વડે ઉદ્બુદ્ધ થઈ જાય છે. તીર્થંકરો બધા આવા સ્વયંસંબુદ્ધ હોય છે. એમને જ્યારે અંતઃસ્ફુરણા થાય છે કે મારે હવે ત્યાગમાર્ગ સ્વીકારીને તીર્થસંઘની રચના કરવી જોઈએ. તેથી તે સ્વયમેવ દીક્ષા લે છે; બુદ્ધ થાય છે અને અંતે સિદ્ધ થાય છે.

આવો જ એક બીજો પ્રકાર છે સાલંબન બુદ્ધ થવાનો! તેમાં કોઈને કોઈ એક નિમિત્તને લઈને સ્મૃતિ વડે અંતઃપ્રેરણા જાગે છે, તેઓ વૈરાગ્ય લે છે. આવાને પ્રત્યેકબુદ્ધ કહેવામાં આવે છે. આમ પણ સ્મૃતિ વિકાસનો સ્રોત રહેલ છે.

કરકંડુ રાજાને પોતાના પાડિયાને જોઈને આવું જ્ઞાન થયું. તેમણે જે પાડિયાને દૂધ પાઈને ઉછેર્યો હતો, તે ઘરડો થવા આવ્યો. બળવાન પાડિયાના હાડકાં દેખાતાં તેમને થયું કે આ શું! ગોવાળને પૂછ્યું તો તેમણે જણાવ્યું કે "સબળ પ્રાણીઓની આવી જ દશા થવાની. આપની પણ આવી જ દશા થશે." તેથી કરકંડુ રાજાને વૈરાગ્ય જાગી ગયો અને પોતાની પૂર્વ સ્મૃતિઓનો ઉદય થતાં તેમણે દીક્ષા લીધી.

એવી જ રીતે કોઈને વાદળાં જોઈને, કોઈને સ્ત્રીને જોઈને, કોઈને થાંભલો જોઈને, કોઈને મૂર્તિ જોઈને સ્વરૂપ–સ્મૃતિ થાય. બોધ થાય. તે બધા જૈન દૃષ્ટિએ પ્રત્યેકબુદ્ધ કહેવાય છે.

ભગવાન બુદ્ધના પિતાએ તેમને નાનપણથી એ રીતે રાખવા પ્રયત્ન કર્યો કે ક્યાંય સંસારની દશાનો તેમને ખ્યાલ ન આવી જાય. એટલે કે સંસારના દુઃખ તેમની નજરે જરા પણ ન ચડે.

પણ એક વખત તેઓ છન્નક સારથી સાથે ફરવા નીકળ્યા. ત્યાં તેમને એક સૂકલકડી ઘરડો મળ્યો, બુધ્ધે પૂછયું : "આ કોણ છે?"

છન્નકે કહ્યું : "આ ડોસો છે. તેની કમ્મર વાંકી વળી ગઈ છે. ઘડપણમાં બધાની એ જ દશા થવાની છે!"

વળી આગળ જતાં એક મડદું મળ્યું, બુધ્ધે પૂછયું : "આ કોણ છે? અને આ બીજા બધા શા માટે વલોપાત કરે છે?"

છન્નકે કહ્યું : "રાજકુમાર! આ મડદું છે, એના શરીરમાંથી આત્મા નીકળી ગયો છે. તેને બાળવા લોકો લઈ જાય છે. તેથી સગાંવહાલાં તેના વિયોગમાં રડે છે. જગતમાં જન્મે છે તેને એક દિવસ જરૂર મરવાનું છે!"

આ સાંભળી બુધ્ધે અંતરમાં ડોકિયું કર્યું. ત્યાં એક રોગીને જોયો. તેની ચામડીમાંથી પીપ નીકળતું હતું. તેણે છન્નકને પૂછયું : "આ કોણ છે? તેના શરીરને શું થયું છે!"

છન્નકે કહ્યું : "તે રોગી છે, તેને ચેપી દરદ થયું છે, જ્યાં શરીર છે ત્યાં દરેકને રોગ થઈ શકે છે."

આ ત્રણે વાતો ઉપરથી બુદ્ધને જગતનાં દુઃખની સ્મૃતિ થતાં તેમને વૈરાગ્ય થઈ ગયો. તેમણે એ ત્રણે પ્રસંગોથી પ્રેરણા મેળવી હતી તેથી તેમને પ્રત્યેકબુદ્ધ કહી શકાય.

આવી સ્ફુરણા થતાં શ્રેષ્ઠીપુત્રે સંકલ્પ કર્યો અને સવાર થતાં તેની વેદના મટી ગઇ. રોગ મટી ગયા પછી તે પોતાના સંકલ્પ ઉપર દૃઢ રહ્યા અને કુટુંબને વાત કરી તેની રજા લઈ ઘરબાર છોડીને સાધુ બન્યા. જૈનાગમમાં તેમનો દાખલો અનાથીમુનિની કથા રૂપે છે.

આમ સ્મૃતિ-વિકાસનો સ્રોત સ્વયંસ્ફુરણા પણ બને છે.

સ્વતઃપ્રેરણા :

સ્મૃતિ-વિકાસના સ્રોત રૂપે સ્વતઃપ્રેરણાને પણ ગણાવી શકાય. કેટલીક એવી વ્યક્તિઓ હોય છે જેમને કોઇને કોઈ નિમિત્તે સ્વતઃપ્રેરણા થઈ જાય છે. તેને ઘણા લોકો અંતરનો અવાજ પણ કહે છે.

વાલ્મીકિ જંગલી ભીલ હતા. તે વટેમાર્ગુઓને લૂટતા અને ત્રાસ આપતા. તેમજ ઘણીવાર મારી નાખતા. એક દિવસ તેમને નારદઋષિનો ભેટો થયો. તેમને પણ લૂંટવા-મારવાનો પ્રયત્ન કરવા લાગ્યા. ત્યારે નારદે કહ્યું : "મને ભલે લૂંટજે, પણ એક વાત તારા કુટુંબીઓને પૂછી આવ કે તેઓ તારા આ બધા દુષ્કર્મમાં ભાગીદાર છે ને ? મને તારા જેવા પડછંદ અને બલિષ્ઠ વ્યક્તિનાં જીવનને આવાં દુષ્કર્મોમાં સપડાયેલું જોઇને દુઃખ થાય છે !"

વાલ્મીકિને નારદમુનિ તરફ શંકા ગઈ કે આ મને ઘરે મોકલીને છટકી જશે. એટલે તેણે નારદને ઝાડ સાથે સુરકેટાટ બાંધ્યા. પછી તે ઘરે ગયો અને ઘેર જઇ પત્ની વગેરેને નારદમુનિનો પ્રશ્ન પૂછ્યો.

બધાએ કહ્યું : "અમે તમારાં દુષ્કર્મોમાં શેના ભાગીદાર બની શકીએ ? તમે સુકર્મ કરીને પણ આપણાં બધાનું ભરણ-પોષણ કરી શકો છો."

વાલ્મીકિને ત્યાંજ અંતરમાં સ્વતઃપ્રેરણા થઈ ગઈ. તે ત્યાંથી દોડતો નારદ પાસે આવ્યો. તેમના બંધનો છોડી તેમના પગે પડીને કહ્યું : "મને ખરો બોધ થઈ ગયો છે. મારો અપરાધ ક્ષમા કરો અને સત્કર્મનો માર્ગ બતાવો !"

નારદજીએ તેમને ઋષિ બનાવ્યા અને રામનામનો મંત્ર આપ્યો. વાલ્મીકિએ ત્યારબાદ આશ્રમમાં રહીને, સાત્વિક જીવન ગાળ્યું અને સાધના કરી. એકવાર એક ક્રૌંચ પક્ષીના જોડામાંથી એકને, એક પારધીએ મારી નાખ્યું. તે જોઈને તેમની વાચા શ્લોકરૂપે સ્ફુરિત થઈ :—

मा निषाद प्रतिष्ठां त्वगमः शाश्वतीः समाः
यत्क्रौंच मिथुना देकमवधी काम मोहितं ॥

"—અરે વ્યાધ! તું સેંકડો વરસો સુધી રખડતો રહીશ; પ્રતિષ્ઠા પામીશ નહીં કારણ કે તે એક આનંદભર્યા પ્રેમી ક્રૌંચ જોડામાંથી એકને મારી નાખ્યું છે."

તેમણે એમાંથી જગતને રામાયણ જેવો અમરગ્રંથ આપ્યો. અહીં જોવાનું એ છે કે વાલ્મીકિ તે અગાઉ ભણેલા નહોતા કે કવિ પણ નહોતા. પણ, તેમના પૂર્વજન્મના સંસ્કારો, પ્રત્યેકબોધ અવસ્થા અને સ્વતઃ સ્ફુરણાએ તેમની સ્મૃતિઓ જાગતી કરી. આમ ત્રણ સ્રોતોએ તેમને અમરકવિ બનાવવામાં સહાયતા કરી અને નાગમુનિનું સાંભળી તેમને સ્વતઃ પ્રેરણા થઈ. તેથી તેમની સ્મૃતિનો વિકાસ થયો.

એક બીજો પ્રસંગ કપિલ નામના બ્રાહ્મણ-પુત્રનો છે.

કપિલ બ્રાહ્મણ પુત્ર હતો. તેના બાપ નાનપણમાં મરી ગયા. માતાને થયું કે આ છોકરો ભણે તો સારું એટલે તેના પિતાના મિત્ર ઇંદ્રદત્ત નામના ઉપાધ્યાયને ત્યાં તેને મફત શિક્ષણ લેવા મોકલ્યો. ઉપાધ્યાયે તેને પુત્રની જેમ વહાલથી રાખ્યો. તેના જમવાની વ્યવસ્થા એક શેઠને ત્યાં કરી આપી તે જ્યાં જમતો હતો ત્યાં રસોઈ બનાવનાર એક દાસી હતી. તે રૂપાળી અને દેખાવડી હતી. તેમ જ કપિલ પણ રૂપાળો અને દેખાવડો હતો. બન્ને વચ્ચે પ્રેમ થયો અને [illegible] રંગાઈ રહ્યો. તેની ઇચ્છા હતી કે દાસી સાથે ઘરસંસાર માંડવો.

એકવાર કૌમુદી-ઉત્સવ થવાનો હતો. તેમાં બધી સ્ત્રીઓ નવાં

કપડાં ઘરેણાં પહેરીને જતી હતી. ને દાસીને પણ ઇચ્છા થઇ. તેણે કપિલને કહ્યું. કપિલે કહ્યું કે "મારી પાસે ખરીદવા માટે કાંઈ નથી !"

દાસીએ રડ પકડી.

કપિલે કહ્યું : "કોઇ રસ્તો બતાવ, તો હું ધન લાવી શકું !"

દાસીએ કહ્યું : "વિદ્વાન છો. શ્લોક રચી રાજા પાસે જાવ ! વહેલી સવારના પહેલો જે મળે તેને બે માસા સોનું એ આપે છે !"

કપિલ ધૂનમાં ને ધૂનમાં અર્ધરાત્રે નીકળી પડયો. પહેરેદારો તેને ચોર સમજીને પકડી ગયા. સવારે રાજા આગળ તેને હાજર કર્યો. રાજાએ પૂછપરછ કરતાં કપિલે બધી વાત કહી. રાજાને વિશ્વાસ બેસે છે અને તે ખુશ થઇ કપલિને કહે છે : "તમારી ઇચ્છા હોય તે પ્રમાણે માંગો ! હું તમને આપીશ !"

કપિલ રાજી થયો. વિચાર કરવા લાગ્યો કે બે માસા સોનામાં કેટલા દિવસ ચાલે ? તેનો લોભ વધતો ગયો. અંતે તેને રાજ્ય પણ નાનું લાગ્યું ! રાજ્યની માંગણી કરવા જાય છે ત્યાં તેના મગજમાં સ્મૃતિનો સ્રોત પ્રવેશે છે કે રાજ્યથી પણ શું શાંતિ મળશે ? તો ખરી શાંતિ કયાં ? તે તો ત્યાગ કરવામાં છે; ભોગ–વિલાસની તૃપ્તિમાં શાંતિ નથીજ !

કપિલની અંદર સ્વતઃ પ્રેરણા થઇ: "તું અહીં કેમ આવ્યો ? ભણવા માટે... ! દાસી માટે તો નહીં ને ! કોનો દીકરો ? બ્રાહ્મણનો ! કોણે મોકલ્યો... ? માતાએ !. શા માટે ? ભણવા...પછી આ બધું શું થઈ રહ્યું છે ?"

કપિલના હૃદયમાં ઊંડું ચિંતન જાગ્યું ! તેને થયું કે સાચી સત્તા કે સંપતિ તો મારી અંદર છે—બહાર નથી. મારે તેને મેળવવા માટે પુરૂષાર્થ કરવો જોઈએ. બસ આમ મનોમંથન થતાં તેને કેવળજ્ઞાન થયું.

આવી અંત:પ્રેરણાને આધ્યાત્મિક પ્રેરણા કહેવાય છે. આ સ્વતઃપ્રેરણા કે અંતરનો અવાજ પણ સ્મૃતિ વિકાસનો સ્રોત છે.

પરપ્રેરણા :

ઘણીવાર બીજાની પ્રેરણાથી સ્મૃતિ જાગૃત થઈને તેનો વિકાસ થાય છે. એટલે પર-પ્રેરણાને પણ સ્મૃતિ-વિકાસનો સ્રોત માનવામા આવે છે. આવી પ્રેરણા, મૌન-પ્રેરણા, મૂકપ્રેરણા અને વાચિક-પ્રેરણા રૂપે હોય છે.

મૂક પ્રેરણા મોટા ભાગે પોતાના આચરણ વડે સામાને મળે છે એટલે કહ્યુ છે :—

"ગુરોસ્તુ મૌન વ્યાખ્યાનં શિષ્યાસ્તુ છિન્ન સંશયા"

'ઘણીવાર ગુરુનુ મૌન વ્યાખ્યાન શિષ્યના સંશયોને છિન્નભિન્ન કરનારુ થાય છે તેથા શિષ્યને તેના સાચા અર્થની સ્મૃતિ થઈ જાય છે.

આશ્રમમાં કોઈ ભાઈ બહેનની ભૂલ થઈ જતા તેને જો પોતાની મેળે ભૂલ યાદ ન આવે તો ગાંધીજી તેને યાદ અપાવવા માટે જાતે ઉપવાસ કે પ્રાયશ્ચિત ઉપર ઉતરી જતા. તેથા ભૂલ કરનારના અંતરને પ્રેરણા મળી જતી અને તે પોતાની ભૂલનુ સ્મરણ કરી, પ્રાયશ્ચિત પૂર્વક તેને સુધારી લેતો.

રમણ મહર્ષિના આશ્રમમા જિંદગીથી કંટાળેલો એક અમેરિકન આવ્યો હતો. એમ કહેવાય છે કે તેના જીવનમાં અશાંતિ હતી અને તે ત્યાં પ્રેરણા લેવા આવ્યો હતો. તે ત્યા એક-બે દિવસ રહ્યો કે આપોઆપ તેને શાંતિની પ્રેરણા થવા લાગી અને તેને ભૂલાયેલો શાંતિનો સાચો માર્ગ મળવા લાગ્યો. પવિત્ર વ્યક્તિના સાંનિધ્ય માત્રથી માણસની સ્મૃતિ ખિલી ઉઠે છે.

સંત ફ્રાંસિસ યુરોપના પવિત્ર સંત થઈ ગયા. એકવાર તેમના શિષ્યે તેમને કહ્યું : "ગુરુવર ! આપ હમણાં ઉપદેશ આપતા નથી, તો આવતી કાલે જરૂર આપજો !"

"સારું...!" એમ કહીને તેમણે શિષ્યને સંતોષ આપ્યો. બીજે દિવસે તેઓ પોતાના શિષ્યોને સાથે લઈને નગરમાં ગયા. ત્યાં ફરીને

શેરીએ ફર્યા પણ તેમણે ઉપદેશનું એક વચન પણ ન કહ્યું. ચાર વાગે પાછા મઠમાં આવી ગયા. શિષ્યની ધીરજ ખૂટી. તેણે પૂછ્યું : "ગુરુજી! આપે ગઈ કાલે કહેલું કે આજે પ્રવચન આપીશ, છતાં એક પણ વચન ન ઉચ્ચાર્યું તે કેમ ?"

સંત-ફ્રાંસિસે કહ્યું : શિષ્ય! તું આમાં જાણતો નથી. આપણે શહેરમાં જે વખતે ફરી રહ્યા હતા તે વખતે મૂક ઉપદેશ આપી રહ્યા હતા. આપણી તરફ જોઈને લોકો આપણા જીવનથી અનેક જાતનો બોધ ગ્રહણ કરી રહ્યા હતા. આપણે તેમને સંયમની સ્મૃતિ કરાવી રહ્યા હતા !"

તુકારામ અને એકનાથ મહારાષ્ટ્રના ઉચ્ચ કોટિના સંતો થઈ ગયા. બન્ને સમકાલીન હતા. એકવાર બન્નેનું મિલન થવાનું હતું. લોકોને ખબર પડી. એટલે મોટું ટોળું ભેગું થયું. બધાને થયું કે "મઝા પડશે. બે વાદ-વિવાદ કરશે પછી જોશું કે કોણ જીતશે ?" પણ, લોકોની ભાવના ફળી નહીં. બન્ને નદીના બે કિનારે ઊભા રહ્યા. ઈશારાથી તત્વસ્મરણ કરાવ્યું અને વિદાય લઈને અલગ થયા. તેમને જે તત્ત્વ મળવાનું હતું તે મળી ગયું અને લોકોને પણ ખ્યાલ થયો કે તેઓ તો માત્ર કુતૂહલ વશ ભેગા થયા હતા.

જૈન શાસ્ત્રોમાં આચાર્ય માટે કહેવાય છે કે તે શિષ્યને પ્રેરણા (ચોયણા) અને પ્રતિપ્રેરણા (પડિચોયણા) આપતાં રહે છે. શિષ્યને સાચા રસ્તાની સ્મૃતિ કરાવવા માટે અને ખોટે રસ્તે જવાની ભૂલની સ્મૃતિ કરાવી; સાફ કરાવવા માટેની આ પ્રેરણાને પરતઃવાચિક પ્રેરણા કહેવામાં આવે છે.

સિદ્ધસેન દિવાકરનો એક પ્રસંગ છે. તેમનાં ગુરુ વૃદ્ધવાદી આચાર્યને ખબર મળે છે કે તેમના શિષ્યને વિદ્યાનો ગર્વ થયો છે અને તે નીચે ઊતરી રહ્યો છે. તેમણે સંદેશ મોકલ્યો. પણ કંઈ અસર ન થઈ. એટલે ગુરુ જાતે બોધ પમાડવા માટે સાદા વેશમાં જાય છે.

રસ્તામાં તેમણે સિદ્ધસેનને પાલખીમાં બેસીને જતાં જોયા. ચાર ભોઈ પાલખી ઉપાડીને ચાલે છે અને છડી પોકારાય છે : "સિદ્ધસેનનો જય થાઓ!"

ગુરુ મજૂરના વેશમાં ગયેલા એટલે ઓળખાતા ન હતા. તેમણે એક ભોઈને કહ્યું : "મને ઉપાડવા દે!"

એક ભોઈ ખસી ગયો. ગુરુએ ખભો ઊંચક્યો પણ વૃદ્ધ હોવાથી ભારને લીધે તે ખભો નમ્યો. પાલખીમાં બેઠા બેઠા સિદ્ધસેન દિવાકરે કહ્યું :-

"भूरि भार भराक्रांत. स्कंधस्ते किमु बाधति

અરે ભોઈ! તને બહુ ભાર લાગે છે! તારો ખભો દુઃખે છે!"

ત્યારે આચાર્ય વૃદ્ધવાદી જવાબ આપે છે -

"न तथा बाधते स्कंधो यथा 'बाधति' बाधते

તારા ખભાનો ભાર મારે લાગતો નથી જેટલો તારો 'બાધતે'ના બદલે 'બાધતિ'નો ખોટો શબ્દપ્રયોગ નડે છે!"

સિદ્ધસેન ચમક્યા! આ ભૂલ સુધારનાર કોઈ ન હોય શકે. તેમણે નીચે જોયું તો ગુરુદેવને જોયા. તરત પાલખીમાંથી કૂદીને ગુરુચરણે પડી માફી માગી અને પૂછ્યું : "તમે...!"

"હા...તને તારા સ્વરૂપનું સ્મરણ કરાવવા માટે જ આવ્યો છું. દિવાકર લોકોને પ્રકાશ આપે છે. તે લોકો માટે બોજારૂપ નથી બનતો!"

સિદ્ધસેન સામાન્ય માણસ ન હતા. તેમને ટકોરો બસ. તેમને પોતાની ભૂલ સમજાઈ અને પોતાના સ્વરૂપની તેમને સ્મૃતિ તાજી થઈ.

આમ સાચી વાતની સ્મૃતિ બીજાના મૌન, ઉદ્ગાર કે વર્તણૂકથી થાય છે. એટલે તો પ્રેરણાને પણ સ્મૃતિ વિકાસનો ભાગ કહી છે.

મૌન :

મૌનમાં બહારનો કોલાહલ બંધ થઈ જતાં અંતરની સ્મૃતિઓના પડળો એક એક કરીને બહાર આવતા જાય છે. મૌનમાં નીરવતા અને નિસ્તબ્ધતા હોય છે તેથી માણસ પોતાની ભૂલોને યાદ કરી શકે છે; નવું ચિંતન કરી શકે છે અને એકાગ્ર થતાં નવાં સત્યો મેળવી શકે છે.

દરેક ધર્મમાં મૌનનું મહત્વ બતાવવામાં આવ્યું છે. ઋષિ-મુનિઓએ જંગલમાં જઇ મૌન ધ્યાન કરીને દર્શન, ચિંતન અને ધર્મના ગ્રંથો રચ્યાં છે. સ્મૃતિઓ પણ સમાજના વિવિધ વિધિ-વિધાનો જ્ઞાતિ રિવાજોને યાદ કરીને રચાઇ છે. તે પણ મૌન રહીને જ. મૌનમાં કેટલાયે ગૂઢ પ્રશ્નોનો ઉકેલ સ્ફુરી આવે છે. એટલે મૌન એ સ્મૃતિ વિકાસનો સ્રોત છે.

બધા પવિત્ર સ્થળોએ ફરીને ચીનનો બાદશાહ કન્ફ્યુશીયસ પાસે ગયો. તેણે ત્યાં જઈને અંતરવેદના રજુ કરી : "ત્રીસ વર્ષ સુધી પવિત્ર સ્થળોએ રહેવા છતાં મને જે સુખ-શાંતિ મળવાં જોઇએ તે મળ્યાં નથી. આપની પાસે એટલા માટે આવ્યો છું કે આપ મને તેનો કોઇ રસ્તો બતાવો !"

કન્ફ્યુશીયસે પોતાની સ્વભાવિક શાંત મુદ્રામાં કહ્યું : "હમણાં તો તમે ઉતાવળમાં છો અને હું પણ બીજા કામમાં વ્યસ્ત છું, માટે આપ પંદર દિવસ પછી આવજો. ત્યાં સુધી રાજમહેલમાં રહેજો પણ એક શરત તમારે પાળવી પડશે કે તમારે એકાંતવાસ મૌન સાથે રાખવો પડશે !"

બાદશાહને શાંતિ થઇ. તેણે તે પ્રમાણે કર્યું. પરિણામે તેને ત્રીસ વર્ષમાં જે શાંતિ નહોતી મળી તે પંદર દિવસના એકાંત-મૌનમાં મળી ગઇ. આમ મૌન પણ સ્મૃતિ વિકાસનો એક સ્રોત છે.

એવો જ સ્મૃતિ વિકાસનો એક સ્રોત આગાહી છે. તે પ્રમાણે બનાર ઘટનાની સ્મૃતિ પહેલાથી થઈ જાય છે. ઘણાને ભાવિમાં થનાર ઘટનાનો સંકેત અગાઉથી મળે છે. ઘણાંને પોતાનું મરણ અમુક સમયે જ થશે એમ જણાઈ આવે છે. આવા બધા સંકેતો સ્વપ્નમાં, તંદ્રામાં કે એકાંત મૌનમાં બેઠા બેઠા પણ થાય છે. કેટલાક લોકો સંયમી અને સત્યનિષ્ઠ હોય છે. આવા લોકો સામી વ્યક્તિને જોઈને કહે છે તે ખરું પડે છે. એટલું જ નહિ તેઓ અન્ય સંબંધી જે વાતો કરે છે તે પણ ખરી પડે છે. તે આગાહી છે. આ વિષય યોગનિદ્રાથી તદ્દન અલગ જ છે.

મહેંદગામમાં એક ખેડૂત હતો. તે બહુ જબરો અને ખંડખોર હતો. તેણે ઘણાં દુકાનદારો પાસેથી માલ ઉધાર લીધો હતો પણ પૈસા ન ચૂકવતો. એકવાર તેને આગાહી થઈ કે "અમુક દિવસે બાર વાગે હું મરી જવાનો છું." એટલે તેણે પોતાની પત્નીને એક દિવસ પહેલાં કહ્યું: "આજે મને સારું ખવડાવી દે આવતી કાલે હું તો રામના શરણે ચાલ્યો જઈશ!"

પત્નીએ કહ્યું: "કાંઈ ગાંડા થયા કે! એવું તે કંઈ બનતું હશે!"

ખેડૂતે તેને સુંદર રસોઈ કરવાનું કહ્યું. તે દુકાનદારો પાસે ગયો. જે બધાને પૈસા ચૂકવ્યા અને બધાને રામ રામ કરી મારી આવવા ઉઘરાણીની વાત કરી. દુકાનદારો પણ હસવા લાગ્યા. બીજે દિવસે તે નહાઈ ધોઈને અગિયાર વાગે જમી કરીને બેસી ગયો. બરાબર બાર વાગ્યા સુધી જે મળે તેને રામ-રામ તેણે કર્યા. ઠીક બાર વાગતાં તે શાંત થઈ ગયો. બધાએ લોકોએ પણ તેના પ્રાણ નીકળી જતા જોયા હતા. આમ આગાહી થતાં તે પોતાનું જીવન સુધારી શક્યો હતો.

વહી :

વહી પણ સ્મૃતિ-વિકાસનો એક સ્રોત છે પણ તે આગાહી કરતાં જરાક જૂદી છે. કુરાનમાં વહીની વાત આવે છે કે હજરત મુહંમદ સાહેબને વહી આવતી હતી. તેમને પછેડી ઓઢીને સુતા સુતા કુદરતી અવાજ આવતો. એ અવાજને સાંભળીને તેમને અન્તઃ સ્ફૂરણાથી કેટલીક કુરાનની આયતોનું સ્મરણ થયું હતું. વહીનો સામાન્ય અર્થ છે શાસ્ત્રોનું અર્થજ્ઞાન સ્મરણ.

તીર્થંકરો જે વાણી બોલે છે, તેને ગણધરો સૂત્ર અને અર્થરૂપે રચે છે. એમાં પણ વહી જેવું જ છે આમ આગાહી વહી સ્મૃતિના સ્રોતો છે પણ તેનો ઉપયોગ ભૌતિક સુખો માટે થતો નથી. તેમ કરવાથી તે નષ્ટ થઈ જાય છે.

સ્વપ્ન :

સ્વપ્ન પણ ભવિષ્યની સ્મૃતિ વર્તમાનમાં કરાવે છે. દરેક સપનાં સાચાં હોતાં નથી. કેટલાંક તો ભ્રમણા-જાળ જેવાં હોય છે. દિવસના જોયેલી કે વિચારેલી વાત પણ ઘણીવાર સ્વપ્નામાં આવે છે. કેટલાંક સ્વપ્નો સાચાં આગાહી કરનારાં હોય છે તે સૂચવે છે કે શું બનાવ બનાવનો છે? આમ તો સ્વપ્નશાસ્ત્ર પણ એક અલગ શાસ્ત્ર છે. તેમાં સ્વપ્નનાં ભેદ, શુભ-અશુભ સ્વપ્નનો ફળાદેશ; દુષ્ટસ્વપન-નિવારણ-વિધિ વગેરે વાતો વિસ્તારથી આપવામાં આવે છે.

જૈનસૂત્રોમાં બતાવવામાં આવ્યું છે કે દરેક મહાપુરૂષ જ્યારે માતાના ગર્ભમાં આવે છે ત્યારે તે માતાને સ્વપ્ન આવે છે. ભગવાન મહાવીરની માતાને ચૌદ સ્વપ્ન આવ્યાં હતાં. રામ-કૃષ્ણ-બુદ્ધ જ્યારે ગર્ભમાં આવ્યા ત્યારે તેમની માતાને પણ અદ્દ્ભૂત સ્વપ્ન આવ્યાં હતાં. તેથી તેઓ ધારે છે કે તેમની કૂખે કોઇ મહાન-જીવ આવ્યો છે.

અહીં આપણને સ્વપ્ન વડે આગાહીનાં દર્શન થાય છે. સ્વપ્ન વડે અન્ય વાતો પણ પ્રગટ થાય છે.

માર્ટલિવાળીએ પોતાને આવેલ એક સ્વપ્નની વાત કરી હતી કે તેમને સ્વપ્નમાં મૂર્તિ દેખાણી જે કહેતી હતી કે મને અપૂજ રાખવામાં આવે છે. તેની બાજુમાં ઊંચું ઝાડ હતું. તેમણે પોતાના પિતાશ્રીને વાત કરી. તપાસ કરતાં જણાયું કે ખરેખર પુજારી તેને પૂજતો નહતો. ઊભા ઝાડનો અર્થ એ હતો કે તેમના પિતાએ મંદિરમાં વાપરવાના પૈસા અંગત ખર્ચમાં વાપરી નાખ્યા હતા.

હમણાં એક પુસ્તકમાં વાંચ્યું હતું કે એક માણસને સ્વપ્ન આવ્યું કે તેના મિત્રને તે મોટર નહોવાથી ઘોડા-ગાડીમાં મળવા જાય છે. તેને રસ્તામાં પડેલી એક કાળી વસ્તુ દેખાય છે. તે ઉતારીને લે છે. તે પાકિટ હોય છે. તેમાંથી દશ પેન્સ નીકળે છે બીજે દિવસે જોગાનુજોગ એવું જ થાય છે. તેને મોટરના બદલે ઘોડા-ગાડીમાં જવું પડે છે. તેને એ કાળી વસ્તુ દેખાય છે. તે પાકિટ હોય છે. તેમાંથી દશ પેન્સ જ મળે છે.

સ્વપ્નની આવી વાતોને ઘણીવાર લોકો ચમત્કાર માની લે છે પણ તે તો પવિત્ર કે અપવિત્ર જીવનના પડઘા રૂપે છે. આધ્યાત્મિક દૃષ્ટિએ વિચારીએ તો સંત. પછી માણસની ચાર દશાઓ થાય છે :— નિદ્રા, તંદ્રા, જાગૃતિ અને તુરીયા. તે પૈકી તુરીયા દશા એજ સ્વપ્ન છે. નિદ્રાનો સંબંધ તન સાથે, તંદ્રાનો સંબંધ મન સાથે અને જાગૃતિનો સંબંધ ચેતન સાથે છે. જે યોગી હોય છે તેની દશા તુરીયા કહેવાય છે.

સ્વપ્નના અનેક કારણો છે :—હોજરીનો અપચો, અવ્યવસ્થા, બેચેની, ચિંતા અને આઘાતના પ્રમાણ હોય ત્યારે તેને કાલ્પનિક સ્વપ્ન આવે છે. ઘણીવાર નિર્મળ મતિ અને સ્મૃતિના કારણે [illegible] હતા

આગાહી-સૂચક સ્વપ્નો આવે છે. સમ્રાટ ચંદ્રગુપ્તને એવાં સ્વપ્નો આવેલાં, કાલ્પનિક સ્વપ્નો ભૂલાવાં જોઈએ. આગાહીવાળાં સ્વપ્નો આગળ વધારનારાં છે પણ તે ગુપ્ત રહે તો સારૂં.

આમ સ્વપ્ન પણ સ્મૃતિ-વિકાસનો સ્રોત છે. તેની સાથે પૂર્વજન્મ સંસ્કાર, ગર્ભસ્થિતિ, મા-બાપના સંસ્કાર, સ્વયંબોધ, પ્રત્યેકબોધ, સ્વયંસ્ફુરણા, સ્વતઃપ્રેરણા, પરપ્રેરણા, ભાન, આગાહી, વહી અને સ્વપ્ન પણ સ્મૃતિ વિકાસના સ્રોતો છે જેને લીધે માણસની સ્મૃતિ-પરંપરા ચાલુ રહી શકે છે.



[૨]

સ્મૃતિ-વિકાસના આધારો

સ્મૃતિ-વિકાસના સ્રોતો હાજર હોય અને સ્મૃતિ-વિકાસના આધારોનો ખ્યાલ ન હોય ત્યાંસુધી સ્મરણશક્તિ વિશ્વાસ-યોગ્ય કે વધારે ઉપયોગી ન થઈ શકે તેથી સ્મૃતિ-વિકાસના આધારો અંગે ક્રમશઃ વિચાર કરવાનો છે.

સ્વસ્થ શરીર:

સુંદર-સ્મૃતિનો મૂળ આધાર શરીર છે. જો શરીર સ્વસ્થ ન હોય તો સ્મૃતિ પણ ઝંખવાઈ જાય છે. ઘણા એવા રોગો હોય છે જેમાં સ્મૃતિ નબળી પડી જાય છે. જૂની સ્મૃતિનો લોપ પણ થાય છે. શરદી, સળેખમ, માથાનો દુખાવો, તાવ, વગેરે દર્દોથી પીડાતો માણસ યાદ કરવાનું કાર્ય કરી શકતો નથી. જો પરાણે કરવા જાય છે તો તેનાથી યાદ થતું નથી. સ્મૃતિ નિષ્ક્રિય થઈ જાય છે.

શરીર તંદુરસ્ત હોય તો મન પણ તંદુરસ્ત રહે છે અને સ્મૃતિ પણ સારી પેઠે કામ કરતી રહે છે. એટલે શરીરને સ્વસ્થ રાખવા માટેના યોગ્ય ઉપાયો કરવા જોઈએ. શરીર બગડે છે-ખરાબ ખાનપાનથી, વ્યસનોથી અને અનિયમિતતાથી.

રાજસી અને તામસી ખોરાકની અસર તરત શરીર ઉપર પડે છે. જે જે માણસ માંસાહાર કરતો હોય, ખૂબ તીખા તમતમતાં, મરી-મસાલાવાળો, દુષ્પાચ્ય અને વાસી ખોરાક લે છે તેનું સ્વાસ્થ્ય તરત બગડે છે-તેનું શરીર અનેક રોગોનું ઘર બને છે અને તેની સ્મૃતિ નષ્ટ થાય છે.

દારૂ, ચરસ, ગાંજો, અફીણ, તમાકુ, બીડી-સિગારેટ તેમજ અન્ય નશાવાળા કેફી પદાર્થનું જે માણસ સેવન કરતો હોય તેની સ્મૃતિ પણ ધી લુપ્ત થઈ જાય છે.

ખોરાકની તો શરીર ઉપર જબ્બર અસર પડે છે. તેનો એક દાખલો લઈએ:—પ્રાચીન સમયમાં એકવાર જેરૂસલેમ ઉપર બેબિલોનનો બાદશાહ ચઢી આવ્યો હતો. ને વિજય મેળવી કેટલાક યુવાનોને પકડીને પોતાને દેશ લઈ ગયો હતો. તેમાંથી કેટલાકને રાજસેવા યોગ્ય બનાવવા માટે ત્રણ વર્ષ સુધી પોતાના ખર્ચે ભણવાની તથા રહેવા-જમવાની સગવડ કરી આપી. તેણે એક રસોઈયાને રાખી તેમના ખાનપાનની ખાસ વ્યવસ્થા કરાવી. તેને કહેવામાં આવ્યું કે આ યુવકોની બરાબર સંભાળ રાખજે. એમના ખાનપાનમાં જરાયે કરકસર કરતો નહીં.

તેથી તે રસોઈયો દરરોજ રાજસી અને તામસી તેમ જ સ્વાદિષ્ઠ અને ગરિષ્ઠ ભોજન આપવા લાગ્યો. તેની સાથે દારૂ કે બીજું કેફી પીણું પણ આપવા લાગ્યો. આવું ભોજન ખાઈને ડેનિયલ નામનો એક યુવક કંટાળી ગયો. તેણે સંકલ્પ કર્યો કે હું આજથી સાદો અને સાત્ત્વિક ખોરાક જ લઈશ. તેણે પોતાનો વિચાર બીજા બે–ત્રણને જણાવ્યો. તેઓ પણ તેમાં ભળ્યા. તેમણે પોતાનો અભિપ્રાય રસોઈયાને જણાવ્યો કે "હવેથી અમને સાદો ખોરાક જોઈએ।"

રસોઈયાએ કહ્યું: "એમ નહીં બને! બધાને માટે થાય છે તે જ તમને મળશે. વળી બાદશાહ મને ઠપકો આપશે."

યુવકોએ કહ્યું: "અમે દશ દિવસ સુધી સાદા શાકાહાર ઉપર રહેશું. જો અમારું સ્વાસ્થ્ય બગડશે તો તમારો ખોરાક ચાલુ કરી દેશું!"

રસોઈયો માની ગયો. દશ દિવસ પછી ચારે યુવકો, બીજા યુવકો કરતાં વધારે સ્ફૂર્તિવાળા, આનંદી અને સ્વસ્થ જણાતા હતા. તેમનો અભ્યાસ પણ પ્રગતિજનક હતો. રસોઈયાએ તેમનો સાદો ખોરાક ચાલુ રાખ્યો. ત્રણ વર્ષ પછી આ ચારેય વિદ્યાર્થીઓ પોતાના વિદ્યાલયમાં સૌથી વધારે પ્રખર બુદ્ધિવાળા, સ્વસ્થ અને સુંદર લાગવા લાગ્યા. બાદશાહે તેમને પોતાના અંગરક્ષક તરીકે નીમ્યા. એટલે સ્વસ્થ

અનોખું છે. કોઈ પણ વાતમાં લીન થવા માટે—તન્મય થવા માટે જાપ કરવો જરૂરી છે. જાપ કરવાથી તે જ વસ્તુમાં સ્મૃતિ અખંડ ચાલુ રહે છે. ધ્યાન પણ એટલા માટે જ કરવામાં આવે છે. જો માણસ સતત આર્ત ધ્યાન કે રૌદ્ર ધ્યાન કરતો હોય છે, તેની સ્મૃતિ રાત-દિવસ, ચિંતા, વિકાર કે આવેગોને લઈને દુબળી પડી જાય છે. તેને જે યાદ કરેલું હોય છે તે ભૂંસાઈ જાય છે.

મનની સ્વસ્થતતા માટે યમ-નિયમ અને સંયમ-બ્રહ્મચર્ય પાળવાં જોઈએ. યમમાં અહિંસા-સત્ય અચૌર્ય, નીતિ, પ્રમાણિકતા વગેરે આવે છે. નિયમમાં સુંદર ટેવો આવે છે. નિયમિત જીવન આવે છે. સંયમમાં ઇંદ્રિયોનો સંયમ આવે છે અને બ્રહ્મચર્ય વડે કામ-વાસનાને જીતવાની હોય છે. બ્રહ્મચર્ય વગર સ્વસ્થ મનની કલ્પના અશકય છે. અસંયમી અને વિકારી મન માણસની સ્મૃતિને બગાડી નાખે છે. તેની શુદ્ધ સ્મૃતિ ધીરે ધીરે લુપ્ત થતી જાય છે. પણ જે યમ-નિયમ-સંયમમાં પાકો છે તે એકાગ્ર બનીને આગળ વધી શકે છે.

પોતાની વિદ્યાર્થી અવસ્થામાં નેપાલિયનને અકલોની ગામમાં એક હજામને ત્યાં રહેવું પડ્યું. નેપાલિયન ઘણો જ સ્વસ્થ અને સુંદર યુવાન હતો. તેને જોઈ હજામની પત્ની તેના ઉપર મુગ્ધ થઈ ગઈ અને તેને પોતાની જાળમાં ફસાવવાનો પ્રયત્ન કરવા લાગી. પણ નેપોલિયને પોતાના ઉપર સંયમ રાખ્યો અને અભ્યાસમાં જ મનને પરોવી રાખ્યું. તેને તે સ્ત્રીને જોવાની તક કે ફુરસદ જ ન હતી. તે અભ્યાસ પૂરો કરીને ગયો.

તે પોતાના દેશના પ્રધાન સેનાપતિ તરીકે ચૂંટાયો ત્યારે તે પેલા હજામના ઘરે ગયો. હજામની પત્ની બેઠી હતી. તેને જોઈને નેપોલિયને પૂછ્યું: "તમને યાદ છે કે તમારે ત્યાં નેપોલિયન નામનો એક જુવાન રહેતો હતો.

તે બાઈએ કહ્યું: "જવા દો એમની વાત! તદ્દન નીરસ

હતો, ક્રિયાઓનો કીડો જ હતો. મારી સાથે હસીને વાત પણ કરતો ન હતો!"

નેપોલિયને કહ્યું : "દેવી! તમે ઠીક કહો છો. હું તેજ નેપોલિયન છું. ને હું તમારી રસિકતામાં ફસાઈને સંયમ ખોઈ બેસત તો આજે હું અણીગણીને જે પદને લાયક થયો છું, તેને યોગ્ય ન બનત!"

આમ સ્વસ્થ મન સ્મૃતિ વિકાસનો મુખ્ય આધાર છે. મનની એકાગ્રતાથી સ્મૃતિ કેવી રીતે ખીલે છે તે હવે પછી આગળ ઉપર વિચારશું.

સ્વસ્થબુદ્ધિ :

સ્મૃતિ વિકાસનો બીજો આધાર છે સ્વસ્થબુદ્ધિ. સ્વસ્થબુદ્ધિથી ઘણા માણસો વ્યવસ્થિત રીતે યાદ કરી શકે છે. અસ્વસ્થ કે અવ્યવસ્થિત બુદ્ધિથી માણસની બુદ્ધિ બગડે છે અને તે યાદ રાખવા લાયક વસ્તુને યાદ કરી શકતો નથી. બુદ્ધિનું કાર્ય નિર્ણય કે નિશ્ચય કરવાનો છે. બુદ્ધિને નકામી રાખવાથી તે કટાઈ જાય છે. તેવી જ રીતે બુદ્ધિ પાસેથી હદ બહારનું કામ લેવાથી તે કામ આપતી નથી.

કોઈ પણ પાઠ કે વસ્તુ યાદ કરતા પહેલા એ જોવું જોઈએ કે આપણું મગજ તાજું છે કે નહીં. થાકેલું મગજ વિશેષ રીતે સ્મરણનું કાર્ય કરી શકતું નથી. મસ્તિષ્ક, જ્ઞાનતંતુઓ શિથિલ હોય ત્યારે તે કોઈ વિષયને દૃઢતાથી ગ્રહણ કરી શકતા નથી. મસ્તિષ્ક ઉપર વધુ પડતું દબાણ આવતાં, લોહીનું દબાણ, હૃદય રોગ વગેરે [illegible] પડે છે. તેથી રાતે વિશ્રાંતિ લેવાની ખાસ જરૂર છે.

સવારે બ્રાહ્મ મુહૂર્તમાં જેને અભ્યાસ કરવામાં આવે છે, એમાં મગજ તદ્દન તાજું હોય છે ને બપોરે કે કોઈ પણ વિષય સરળતાથી યાદ થઈ શકે છે. વર્ષને રાત્રિનો સમય અનુકૂળ પડે છે. મતલબ એ કે બુદ્ધિને

જરૂરી વિશ્રામ મળવો જોઈએ. જેથી યાદ કરવાની ઉત્સુકતા, રસ અને રુચિ જાગે અને શાંતિથી પાઠ યાદ કરી શકાય.

દૃઢસંકલ્પ :

બુદ્ધિનું કાર્ય છે સંકલ્પ કરવો. સ્વસ્થ બુદ્ધિ વડે દૃઢ સંકલ્પ કરવો જોઈએ કે "હું આજે આટલું યાદ કરીને જ ઊઠીશ. આજે મારે આટલા પાનાંનો સાર ચોક્કસ યાદ કરવાનો છે." આમ સંકલ્પ કરીને યાદ કરવાની ટેવ પાડે તો ધીમે ધીમે સ્મૃતિ–વિકાસ ચોક્કસ થઈ શકે.

એક કોલેજમાં એક વિદ્યાર્થીએ એવો સંકલ્પ કર્યો કે હું એમ. એ. પાસ થઈને આ શાળાનો મુખ્ય આચાર્ય (પ્રીન્સીપાલ) બનીશ. બીજા વિદ્યાર્થીઓ તેને પ્રીન્સીપાલ કહીને ચીડવતા પણ તે કંટાળતો નહીં, ઊલટું તેણે પોતાના હોસ્ટલની ચોપડીઓ ઉપર તેની યાદ નિમિત્તે 'P' અક્ષર લખ્યો. તેના દૃઢ સંકલ્પથી તે દરેક પરીક્ષા પ્રથમ શ્રેણીમાં પસાર કરતો ગયો. M.A. થઈ ગયા બાદ સંયોગવશાત્ ત્યાંના પ્રીન્સીપાલની બદલી થઈ અને આને રાખવામાં આવ્યો. આવો છે દૃઢ સંકલ્પનો પ્રભાવ !

નિષ્ઠા :

દૃઢસંકલ્પ હોવા છતાં સ્મૃતિ–વિકાસ માટે નિષ્ઠા હોવી જોઈએ. નિષ્ઠાવાન માટે અલ્પપરિશ્રમથી વસ્તુઓ યાદ કરવાનું તરત બને છે. ગીતામાં કહ્યું છે :—

શ્રદ્ધા વાંલ્લભતે જ્ઞાનમ્

શ્રદ્ધાવાન હોય છે તે જ્ઞાન મેળવી લે છે. દરેક વસ્તુને કાળજી રાખીને તે યાદ કરીશ શકે છે.

સતત પુરૂષાર્થ :

નિષ્ઠાની સાથે સતત–પુરૂષાર્થ પણ સ્મૃતિ–વિકાસનો મોટો આધાર છે. પુરૂપાર્થ કરવાથી જડબુદ્ધિ માણસ પણ વિદ્વાન બની જાય છે. હિંદી કવિ વૃંદ કહે છે :—

[૪]

સ્મૃતિવિકાસમાં બાધક કારણો

સ્મૃતિ-વિકાસના સ્રોતો વધેલા હોય, યોગ્ય આધાર હોય તે છતાં કેટલાંક કારણો એવાં છે જ્યાં સુધી તેમને દૂર કરવામાં ન આવે ત્યાંસુધી સુંદર સ્મૃતિ કેળવી શકાતી નથી. આ બાધક કારણો કયાં છે તે અંગે વિચારીએ.

આખા દિવસમાં થનારી દરેક ઘટના કે મળનારી દરેક વ્યક્તિને યાદ રાખી શકાતી નથી. તેમજ સવારથી સાંજ સુધી કે રાતમાં ઊઠનાર દરેક વિચાર, સ્વપ્નને પણ નોંધી શકાતાં નથી. માણસનું મગજ ટેપ રેકાર્ડિંગ જેવું નથી જેમાં દરેક વાતો કે પ્રસંગ અંકિત થઈ જાય. તેણે તો એ જ યાદ રાખવાનું છે જે હિતકર હોય અને ઉપયોગી હોય. ઘણીવાર બિનજરૂરી અને નિરૂપયોગી વાતો પણ મગજમાં ભરાતી રહે છે; અને જરૂરી વાતો યાદ રહેતી નથી. કેટલાક માણસો ઘરેથી નીકળે એટલે ડાયરીમાં-પાનાંમાં નોંધી લે છે કે તેમણે શું શું કરવાનું છે. નહીંતર કોઈ ચીજ રહી જતાં ફરીવાર ધક્કો ખાવો પડે. પણ સ્મૃતિ બરાબર કામ કરે તો એવું ન બને. સ્મૃતિ ઉપરના આવરણો કે બાધક તત્ત્વોને દૂર કરી દેવામાં આવે તો દરેક સ્મરણીય વસ્તુનું સ્મરણ (જેને યાદ રાખવું હોય તે) રહી શકે.

જૈનદર્શનમાં જ્ઞાનાવરણને તેનું મૂળ બાધક કારણ માનેલું છે. એ પ્રમાણે જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનનાં સાધનોની નિરંતર આશાતના કરવાથી જે કંઈ બંધાય છે, તેના ફળ સ્વરૂપે જ્ઞાન ઉપર આવરણ આવી જાય છે અને તેથી સ્મૃતિ પણ મંદ બને છે.

સ્મૃતિ ઉપર અવિશ્વાસ : તે ઉપરાંત અન્ય કારણોમાં સર્વ પ્રથમ બાધક કારણ છે પોતાની જ સ્મૃતિ ઉપર અવિશ્વાસ કરવો. પોતાની સ્મૃતિ ઉપર વિશ્વાસ રાખીને ચાલીએ તો ધાર્યું યાદ રહી શકે. પણ

ઘણા લોકોને રોદણાં રડવાની ટેવ જ હોય છે. આવા લાઘવગ્રંથિથી
પિડાતા લોકો સ્મૃતિ વિકાસમાં સફળ થતા નથી. એના કારણે પ્રખર
સ્મૃતિવાળો વિદ્યાર્થી પાછળ રહી જાય છે. ફરી તેનામાં જ્યારે તેની
સ્મૃતિ ઉપર વિશ્વાસ બેસાડવામાં આવે ત્યારે તેનો પ્રસુપ્ત આત્મા જાગે
છે અને તે પાછો પ્રથમ આવી શકે છે. આવું બનતું ઘણીવાર જોઈએ
છીએ ઘણા લોકો સ્મૃતિ-વિકાસ માટે બદામ, માખણ કે ઘાબાનું ઘી
ખાય છે; પણ તેના કરતાયે આત્મવિશ્વાસ કેળવવો એ ચડિયાતી
વધુ છે.

યાદ રાખવાની અનિચ્છા : સ્મૃતિ ઉપર ઘણીવાર અવિશ્વાસ તો
હોતો નથી પણ કોઈ વસ્તુને જોઈ-સાંભળીને ભૂલી જવાય એવું પણ
બને છે. થોડા વખત પછી તેની સ્મૃતિ પણ ભૂંસાઈ જાય છે. ત્યારે
સ્મૃતિ નબળી છે એમ માનવામાં આવે છે. પણ ખરું કારણ તો તે વિષયને
યાદ રાખવાની અનિચ્છા હોય છે. અનિચ્છા થવા અપેક્ષા કેળવાય
છે. તેવી વ્યક્તિ એમ ધારે છે : 'મૂકો, આ લપને! આને યાદ કરીને
શું કરવાનું છે? તેની સાથે આપણે શો સંબંધ!'

એટલે કોઈ પણ વ્યક્તિ, વાત કે વિષયના સંપર્કમાં આવતાં તે
અંગે વિચાર કરવો જોઈએ કે એ ઉપયોગી છે કે નહીં? જો ઉપયોગી
હોય તો ઇચ્છાપૂર્વક તેને યાદ રાખવી જોઈએ. તે અંગે દરેક જણનો
ધ્યાનપૂર્વક જોવી, સાંભળવી કે વિચારવી જોઈએ. આમ ઇચ્છાપૂર્વક યાદ
કરેલ વિષય સ્મૃતિમાંથી ભૂંસાતો નથી.

શ્રવણ-વાચનની અરુચિ : ઘણીવાર ઇચ્છાપૂર્વક સમજણ કે ખપ
જતાં છતાં તે વાત થોડા દિવસોમાં ભુલાઈ જાય છે. એનું કારણ સ્વાભ
રાખવાની અરુચિ છે. ઘણાં બાળકોના વાલીઓ ફરિયાદ કરે છે કે : "અમારા [illegible]
ચાલતું નથી કે યાદ રહેતું નથી!" પણ તેની ફરિયાદમાં, તેમનું કે [illegible]
અપમાન કર્યું હોય, ઠપકો આપ્યો હોય, મ.કે. ટીપી હોય, [illegible]
મારેલ હોય, એમ વખતે વર્તન [illegible]. કોઈ તે જોઈ તેમને કેમ [illegible]

યાદ છે? એટલે કે તે વાતમાં તેમને રસ છે. જે વાતમાં રસ ન હોય તે યાદ રહેતી નથી.

કેટલીક વાર જીવનની ગૂઢ અને વિશિષ્ટ ઘટનાઓ ઓચિંતી સ્મૃતિપટ પર તરી આવે છે. જેની કલ્પના પણ નહીં કરી હોય. ઊંડાણથી વિચારતાં જણાશે કે તે ઘટનાઓમાં અજ્ઞાત રીતે રસ રહેલો હોય છે. ઘણા વિદ્યાર્થી કઠણ અને નીરસ જણાતાં વિષયોને સરળતાથી યાદ કરે છે તેનું કારણ તેમની તેમાં રહેલી રુચિ છે. ન્યાય, વ્યાકરણ, ગણિત જેવા વિષયો કેવળ રુચિના કારણે સરળતાથી યાદ થઈ શકે છે. એટલે સારી સ્મૃતિ કેળવવા માટે, જે વિષયો યાદ ન રહેતાં હોય તે બધામાં રુચિ કેળવી અને પ્રયત્ન કરવો જોઈએ. કોઈ વસ્તુને તરત ભૂલી જઈએ છીએ તેનુ કારણ તે અંગે અરુચિ અને રસનો અભાવ જ છે. સિનેમાના ગીતો ઘણા લોકો એક વખત સાંભળીને યાદ કરે છે તેનું કારણ તેમાં રસ અને રુચિ છે. એવી જ રીતે ઘણા એકવાર શિક્ષક પાસે સાંભળીને તે વિષયને યાદ કરી લે છે; તેનું કારણ પણ રુચિ અને રસ છે. એટલે રસપૂર્વક વાંચવાથી કોઇપણ વસ્તુ સ્મૃતિમાં સ્થિર થઈ જશે.

મહત્ત્વ કે લાભની સમજણ :

કેટલીક વખત માણસને કોઈ વસ્તુનું મહત્વ સમજાતું નથી. તેમ જ તેનાથી થનો માનસિક વિકાસનો લાભ પણ સમજાતો નથી. ત્યારે તે વિષયમાં રુચિ અને પ્રયત્ન હોવા છતાં તે યાદ રહેતો નથી. એટલે જે માણસ વિષયને યાદ રાખવા ઇચ્છતો હોય તેણે તે વિષયનું મહત્વ સમજવું જોઈએ; અને તે વિષયની સ્મૃતિથી મોટા લાભની શ્રદ્ધા મગજમાં સારી પેઠે બેસાડી દેવી જોઈએ. શરૂઆતમાં થોડોક શ્રમ તો કરવો પડશે પણ પછી તે વસ્તુ એટલી બધી રુચિકર અને રસપ્રદ થઈ જશે કે તેને તે યાદ રાખ્યા સિવાય ગમશે જ નહિ. ગણિત, ન્યાય, વ્યાકરણ વગેરે વિષયો નિરસ ગણાય છે પણ તેમના જેટલા ચોકકસ

વિષયો બીજા કોઈપણ નથી. આકર્ષક વિષય હમેશાં રસપ્રદ હોય છે પણ તેનું મહત્ત્વ સમજાતું નથી ત્યાં સુધી તે નીરસ રહે છે; જ્યારે તેના લાભની સમજણ પડે છે ત્યારે લોકો એમાં એટલા ડૂબી જાય છે કે તેઓ તેમાં જ તન્મય બની જાય છે.

ભૂલવા લાયક વસ્તુની સ્મૃતિ :

ઘણી બાબતો કે વસ્તુઓ ભૂલવા લાયક હોય છે. પણ માણસ તેને યાદ કરીને મગજમાં બોજો ઊભો કરી દે છે તેથી સ્મરણ કરવા યોગ્ય વસ્તુની સ્મૃતિ દબાઈ જાય છે. એટલે જે વસ્તુને સ્મરણ કરવી અનિવાર્ય હોય તે વસ્તુની સ્મૃતિ રાખવા માટે જ પ્રયત્ન કરવો જોઈએ. ઘણા લોકો એવી વસ્તુનું સ્મરણ કરવા માટે ગાંઠ વાળી લે છે. જેથી કાંઈ જોતાં તે તરત યાદ આવી જાય.

શ્રીમદ્ રાજચંદ્રજી ભૂલવા લાયક વસ્તુને ભૂલવાનો પુરુષાર્થ કરતા હતા. તથા જે યાદ રાખવા લાયક વસ્તુ સમજતા તેને યાદ રાખી શકતા. એકદા એક માણસનું ધોતિયું ખોવાઈ જવાથી એ બહુ ચિંતિત હતો. શ્રીમદ્જીએ તેને કહ્યું : "ધોતિયું ક્યાં ખોવાયું છે તે હું નથી જાણતો, પણ તેમાં જે વિગત હતી તે લખાવી દઉં!" તેમણે એ વ્યક્તિને તદ્દન ખરા આંક પ્રમાણે તારીખ, વાર અને કિંમત લખાવી દીધી, ત્યારે સહુને થયું કે તેમણે આ બધું શી રીતે જાણ્યું?

તેનું કારણ એ છે કે તેમનું ચિત્ત એકાગ્ર હતું અને તેઓ ભૂલવા લાયક વસ્તુમાં ચિત્ત પરોવતા ન હતા. તારીખ ખરીદીની વખતે તેઓ વેપારી પાસે ઊભા હતા અને ત્યાં તેમનું ચિત્ત એકાગ્ર હતું.

રામાયણમાં સુગ્રીવ-અંગદ વગેરેનું વર્ણન આવે છે કે જ્યારે તેઓ રામ સાથે અયોધ્યામાં આવ્યા ત્યારે પોતાના ઘરબાર ભૂલી જ ગયા. ત્યાં તુલસીદાસજી તેમની આ મનઃસ્થિતિને ઉપમા આપીને કહે છે —

વિધિ જા હોઈ ભવન મન નાહિં.

—એમ સત્ય છે કે તેમના મનને ભક્તિએ કરીને ઘરને ભૂલી જાય

છે તેમ અંગદ, સુગ્રીવ વગેરે પણ અયોધ્યા આવીને પોતાનું ઘર ભૂલી ગયા.

ઘણીવાર ભૂલી જવા જેવી બાબતો : "આણે મને માર્યો, ગાળો આપી વગેરે" યાદ રખાય છે. તેથી યાદ રાખવા જેવી બાબતો ભૂલી જવાય છે. આ ચાલુ ફરિયાદ છે કે કઈ વસ્તુ ભૂલવી અને કઈ વસ્તુ ન ભૂલવી ? આની ગોઠવણ કરતાં આવડવી જોઈએ કે શું પોતાને જરૂરી છે-ઉપયોગી છે ? બાકી જેમ નકામો કચરો ઘર બહાર ફેંકી દઈએ એમ બિનજરૂરી બાબતોને હટાવી નાખવી જોઈએ. એ માટે વિવેક સારાસાર, નિર્ણય શક્તિ બહુ જ ઉપયોગી છે.

જગદ્ગુરુ શંકરાચાર્ય બ્રહ્મજિજ્ઞાસાનાં પહેલાં લક્ષણ તરીકે વિવેક શક્તિને બતાવે છે. વિવેક જ ભૂલવા લાયક વસ્તુને ભૂલાવી દેવાના સફળ શ્રમમાં સહાયક બનશે.

મનની ચંચળતા :

ઘણીવાર વાતોમાં રસ પણ હોય છે; ઉપયોગી જાણીને યાદ કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. તે છતાં તે થોડાક સમય પછી મગજમાંથી સરી જાય છે. મગજમાં તેની સ્થિર સ્મૃતિ રહેતી નથી. તેનું કારણ છે મનની ચંચળતા. જેનું મન અનેક કાર્યોમાં પરોવાયું હોય; તેનું મન એક પણ વિષય ઉપર સ્થિર થઈ શકતું નથી. જેમ ચંચળ જળ ઉપર ચિત્ર ન દોરી શકાય, તેમ જ અસ્થિર પત્ર પર ચિત્રનું આલેખન ન થઈ શકે તેમ અસ્થિર અને ચંચળ ચિત્તમાં કોઈ પણ વસ્તુના સંસ્કાર ટકી શકતા નથી.

સ્મરણશક્તિના વિકાસમાં મનની ચંચળતા ઘણી જ બાધક છે. એ ચંચળતા વીજળીની જેમ કોઈ એક વિષય ઉપર ટકતી નથી. ચંચળતાને દૂર કરવા અને સ્મૃતિને સ્થિર કરવા માટે એકાગ્રતાની સાધના કરવી અત્યંત જરૂરી છે. એકાગ્રતા વડે ઘણો સમય નષ્ટ થતો બચે છે. કલાકોમાં યાદ ન થતી વસ્તુ મિનીટોમાં એકાગ્રતા વડે યાદ થાય છે.

માત્ર તેનો અભ્યાસ કરવો જોઈએ. એકાગ્રતા અંગે વધારે વિવેચન અવધાન પ્રક્રિયાના હવે પછીના પ્રકરણોમાં કરશું.

ગ્રહણ શક્તિમાં ઇન્દ્રિય-કુંઠિતતા :

જ્યારે ઇન્દ્રિયો પોતાના વિષયોને ગ્રહણ કરવામાં કુંઠિત થઈ જાય છે ત્યારે પણ સ્મૃતિ વિકાસ અટકી જાય છે. જ્યારે વસ્તુને બરાબર ગ્રહણ ન કરી શકાય તો પછી તેને યાદ કઈ રીતે કરી શકાય? આમાં અપવાદ રૂપે કુદરતી કે અકસ્માતથી ઇન્દ્રિયોની શક્તિનો નાશ થાય છે ત્યાં એવી આશા રાખવી અસ્થાને છે. તે છતાં યે હમણાં તો વિજ્ઞાને શોધ કરી છે અને ખોવાયેલી ઇન્દ્રિયના સ્થાને તેવી જ ઇન્દ્રિય કે સાધનસામગ્રી ફીટ કરી દેવામાં આવે છે જેથી તે ઇંદ્રિય તેનું કામ કરી શકે છે. તે ઉપરાંત પણ એવું છે કે એક ઇંદ્રિય કુંઠિત થતાં, બીજી ઇન્દ્રિયો તેનું કામ ઉપાડી લે છે અને સ્મરણશક્તિ વધુ સતેજ બને છે. આ છતાં યે જેની ઇંદ્રિયો સાબૂત છે તે છતાં તે તેનો દુરૂપયોગ કરીને પોતાની તે સંબંધી શક્તિને કુંઠિત કરી નાખે છે; તે ધારે તો પુનઃ અભ્યાસ અને પ્રયોગથી તેને સતેજ કરી શકે છે. પણ હાથે કરીને કુહાડો મારવા જેવું. ઘણાં બેદરકારીનું કાર્ય કરે તો પછી તેમની સ્મૃતિ મંદ બનવાનો સંભવ છે.

ઘણી વાર ઇન્દ્રિયની શક્તિ કુંઠિત થવાનું કારણ કુશીલ અને દુરાચાર સેવન છે. જે વ્યક્તિ બ્રહ્મચર્ય પાળે છે તેનામાં સ્મૃતિની અપૂર્વ તીક્ષ્ણતા જોવા મળે છે. જ્યારે ઘણું અબ્રહ્મચર્યનો વારંવાર ભંગ કરીને અન્ય ઇન્દ્રિયોની શક્તિને પણ કુંઠિત કરી નાખે છે. આ અંગે સ્વસ્થ શરીર કેવું કેટલું જરૂરી છે તેનો આગળ વિચાર કરવામાં આવશે. ઇ.

પુનરાવર્તન ન કરવાની વૃત્તિ :

ઘણી વાર એક વિષયને સારી પેઠે ગોખીને યાદ કરી દીધા પછી અને તે પછી [illegible] એક વિષય [illegible] હોવા છતાં [illegible] કંઈ તે વિષય

છે તેમ અંગદ, સુગ્રીવ વગેરે પણ અયોધ્યા આવીને પોતાનું ઘર ભૂલી ગયા.

ઘણીવાર ભૂલી જવા જેવી બાબતો : "આણે મને માર્યો, ગાળો આપી વગેરે" યાદ રખાય છે. તેથી યાદ રાખવા જેવી બાબતો ભૂલી જવાય છે. આ ચાલુ ફરિયાદ છે કે કઈ વસ્તુ ભૂલવી અને કઇ વસ્તુ ન ભૂલવી ? આની ગોઠવણ કરતાં આવડવી જોઇએ કે શું પોતાને જરૂરી છે-ઉપયોગી છે ? બાકી જેમ નકામો કચરો ઘર બહાર ફેંકી દઇએ એમ બિનજરૂરી બાબતોને હટાવી નાખવી જોઇએ. એ માટે વિવેક સારાસાર, નિર્ણય શક્તિ બહુ જ ઉપયોગી છે.

જગદ્ગુરૂ શંકરાચાર્ય બ્રહ્મજિજ્ઞાસાનાં પહેલાં લક્ષણ તરીકે વિવેક શક્તિને બતાવે છે. વિવેક જ ભૂલવા લાયક વસ્તુને ભૂલાવી દેવાના સફળ શ્રમમાં સહાયક બનશે.

મનની ચંચળતા :

ઘણીવાર વાતોમાં રસ પણ હોય છે; ઉપયોગી જાણીને યાદ કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. તે છતાં તે થોડાક સમય પછી મગજમાંથી સરી જાય છે. મગજમાં તેની સ્થિર સ્મૃતિ રહેતી નથી. તેનું કારણ છે મનની ચંચળતા. જેનું મન અનેક કાર્યોમાં પરોવાયું હોય; તેનું મન એક પણ વિષય ઉપર સ્થિર થઈ શકતું નથી. જેમ ચંચળ જળ ઉપર ચિત્ર ન દોરી શકાય, તેમ જ અસ્થિર પત્ર પર ચિત્રનું આલેખન ન થઇ શકે તેમ અસ્થિર અને ચંચળ ચિત્તમાં કોઈ પણ વસ્તુના સંસ્કાર ટકી શકતા નથી.

સ્મરણશક્તિના વિકાસમાં મનની ચંચળતા ઘણી જ બાધક છે. એ ચંચળતા વીજળીની જેમ કોઈ એક વિષય ઉપર ટકતી નથી. ચંચળતાને દૂર કરવા અને સ્મૃતિને સ્થિર કરવા માટે એકાગ્રતાની સાધના કરવી અત્યંત જરૂરી છે. એકાગ્રતા વડે ઘણો સમય નષ્ટ થતો બચે છે. કલાકોમાં યાદ ન થતી વસ્તુ મિનીટોમાં એકાગ્રતા વડે યાદ થાય છે.

યાદ આવતો નથી. એનું કારણ એ છે કે તે વિષયનું બે-ચાર વાર પુનરાવર્તન કરવામાં આવતું નથી.

સંસ્કૃત વ્યાકરણ ભણનાર વિદ્યાર્થીઓ જાણે છે કે એક વખત ગોખીને યાદ કરી લેવાથી તે યાદ રહેતું નથી. એટલે તેઓ એને ચાર ઘડીએ ગોખતા હોય છે. જેથી તેમના મગજમાં તે ચોંટી જાય. તે ઉપરાંત જે વિષયને દીર્ઘકાળ સુધી યાદ રાખવો હોય તેનું પુનરાવર્તન ઘણી વાર કરવું જોઈએ. કદાચ એટલો સમય ન હોય તો પણ યાદ કરેલ કે સાંભળેલ વિષયનું ઓછામાં ઓછા બે દિવસ સુધી સવારના પહોરમાં આખું સ્મરણ કરી લેવું જોઈએ.

અર્થ–સમજૂતી વગર યાદ કરવાની વૃત્તિ :

ઘણા વિદ્યાર્થીઓ અર્થ સમજ્યા વગર કોઈ પાઠને ગોખતા હોય છે; પરિણામે તે તાત્કાલિક યાદ તો થઈ જાય છે પણ પાછો એવો ભૂલાય છે કે તેની સ્મૃતિ પણ રહેતી નથી. એટલે જે પાઠ કે વાત યાદ રાખવા માગીએ, તેનો અર્થ–સમજૂતી બરાબર સમજીને યાદ કરવું જોઈએ. તેથી મૂળ પાઠ ભૂલાઈ જાય તો યે અર્થના અનુસંધાનમાં તે યાદ આવી જશે.

સંસ્કૃતનો એક વિદ્યાર્થી હતો. તે "શકલ" અને "સકલ" બન્નેના અર્થો સમજ્યા વગર કોપ રટતો હતો. તેથી જ્યારે તે બન્નેના અર્થો કરવાનો પ્રસંગ આવતો ત્યારે ખોટા અને વિપરીત અર્થો કરી નાખતો.

એકદા તેને તેના શિક્ષકે કહ્યું : "જો વર્ણમાળામાં પહેલાં તાલવ્ય "શકાર" આવે છે પછી દંત્ય "સકાર" એટલે પ્રથમ જે 'સકલ' શબ્દ છે તેનો અર્થ ખંડ કે ટુકડો હોય છે. પછી જે, 'સકલ' આવે છે તેનો અર્થ પૂર્ણ કે સમસ્ત હોય છે. પહેલાંનો અર્થ ખંડ અને પછીનો અર્થ અખંડ થાય છે. એમ સમજીને તું ગોખીશ તો તરત બન્નેના અર્થ મગજમાં બેસી જશે અને યાદ રહી જશે!"

અવધાન પ્રયોગમાં તો આની ડગલે અને પગલે જરૂર પડે છે; અને તેનો ઉપયોગ કરવામાં આવે છે.

એવું જ વર્ગીકરણનું છે. કોઈ વ્યક્તિ ૧૫ અલગ અલગ વસ્તુઓનાં નામો યાદ રાખવા માટે કહે; તો તેને વર્ગીકરણ વગર યાદ રાખવા જશો તો તેમાંથી અમુક તો ભૂલાઈ જ જશે. વર્ગીકરણ કરવાથી તે સરળતાથી યાદ રહી જશે. વર્ગીકરણ કરવામાં સમાન ગુણ કે જાતિવાળી વસ્તુને એક વર્ગમાં ગોઠવવી જોઈએ.

કોઈ કે પાંચ અલગ ફળોના નામ, પાંચ સ્ટેશનરીનાં નામ અને પાંચ કટલરીનાં નામ આપ્યાં. તેને અવ્યવસ્થિત કે વ્યુત્ક્રમથી યાદ રાખવા જશું તો તે યાદ નહીં રહે પણ ઉપર જણાવેલ રીતે યાદ કરવાથી તરત યાદ થઈ જશે અને યાદ રહેશે પણ ખરી.

ભાવાવેશથી યાદ કરવાની વૃત્તિ :

કામ, ક્રોધ, મોહ, ભય વગેરે ભાવાવેશો છે. તેથી પ્રેરાઈને કોઈ પણ વસ્તુ યાદ કરવા જશે તો તે યાદ નહીં રહે; બલ્કે યાદ કરેલ વસ્તુ આ બધા ભાવાવેશોના કારણે ખરે ટાણે ભુલાઈ જશે; તેમજ તેને ભોંઠા પડવું પડશે.

પૂર્વગ્રહ :

પૂર્વગ્રહને પણ ભાવાવેશમાં ઘણા ખપાવે છે. પણ તેનું અલગ મહત્વ છે. તે પ્રારંભમાં નાનો સરખો હોય છે પણ તેના લીધે માણસ શ્રેષ્ઠ જ્ઞાનથી વંચિત થઈ જાય છે. સ્મૃતિ–વિકાસમાં પૂર્વગ્રહ ઘણો બાધક છે.

આ પૂર્વગ્રહના કારણે બીજા પ્રત્યે મોહ, દ્વેષ ઘૃણા કે ક્રોધથી જોવાય છે. તથા તેમાંથી સારો ભાવ લેવાતો નથી. તેના કારણે જ્ઞાન કે સ્મૃતિ–વિકાસનો જે મસાલો બીજા પાસેથી મળી શકે છે તે લેવાતો નથી.

જૈન પરિભાષામાં તેને સ્મૃતિજ્ઞાન માટે અંતરાય કર્મોદય કહેવાય છે.

હતા કે એના ઉપર વિશ્વાસ મૂકવા જેવો નથી." હમણાં "મુસ્લિમ
પાકિસ્તાન મળ્યું. તેની સામે હિંદુઓ પૂર્વગ્રહથી જુએ છે.

જેમ કોમ કોમની વાત થઈ, દેશ-દેશની વાત થઈ તેમ પક્ષ-પક્ષ વચ્ચે પણ બને છે. કોંગ્રેસી ગમે તેટલો સારો હશે તો પણ બીજા પક્ષવાળા તો ઠીક આજના સર્વોદયી કાર્યકરો પણ તેને શંકાની નજરે જોવાના. આમ ગજગ્રાહ ચાલ્યા જ કરવાનો. એવું વ્યક્તિ વ્યક્તિ વચ્ચે પણ "આ મારો દુશ્મન છે. આણે મારા માટે આમ કર્યું છે." આ બધું પૂર્વગ્રહને આભારી છે. પૂર્વગ્રહથી નાની નાની બાબતોમાં મન અટવાયું પડયું રહે છે અને સ્મૃતિ ત્યાંજ થંભી જાય છે.

પૂર્વગ્રહને દુર કરવાનો એકજ ઉપાય છે વિશ્વાસ. કૈકેયીએ ગમે તે કર્યું પણ રામે તેના પ્રતિ સંપૂર્ણ વિશ્વાસ રાખ્યો. તેનું અંતે કેટલું રૂડું પરિણામ આવ્યું? વિભીષણ રામ પાસે શરણે આવ્યો ત્યારે હનુમાન અને સુગ્રીવ જેવા મહાબળીને પણ શંકા ગઈ. તેઓ પૂર્વગ્રહ ન ટાળી શકયા. પણ ભગવાન રામચંદ્રજીએ તો તેનામાં પૂર્ણ વિશ્વાસ રાખ્યો. તેનું પરિણામ લંકા વિજયમાં યોગ્ય સહાયતા રૂપે મળ્યું.

ગાંધીજીએ મુસ્લિમો ઉપર વિશ્વાસ મૂકયો તો એકંદરે ફાયદો જ થયો. મહંમદઅલી-શૌકતઅલી ફરી ગયા, જિન્ના બદલાઇ ગયા પણ સરહદના ગાંધી જેવા હજુ ટકી રહ્યા છે. તે ઉપરથી પરિણામનું તારણ કાઢવું જોઈએ. જો ગાંધીજી બધા મુસ્લિમો પ્રતિ અવિશ્વાસ રાખત તો એક આખો વર્ગ સાવ અતડો પડી જાત. છેતરનારો હંમેશા છેતરાશે. માટે વિશ્વાસથી નજીકમાં જાઓ. વિશ્વાસ દરેક પર કેળવવાથી આત્મીયતા લાગશે અને મળવા જેવો અનુભવ પણ મળી શકશે. પૂર્વગ્રહના કારણે અમુક માણસો પ્રતિ ગાંઠ બંધાય છે વળી ઉપરથી તેલનું ટીપું

પણ મૂકાય છે. આમ કરવાથી સામાના દોષનો કચરો મગજમાં ફેલાઈ જાય છે. તેના દોષ દૂર કરાવી શકાતા નથી.

એટલે બીજાના ગુણો જુઓ, ઉદાર બનો, વિશ્વાસ રાખો, અતડા રહેશો તેથી કોઈ કામ થવાનું નથી. આજે તો સાથે રહીને કામ કરવાનો જમાનો છે. સાથે સાથે રહેવું છતાં લેપાવું નહીં, આત્મીયતા ખોવી નહીં, એ કળા શીખી લઈએ તો આનંદથી રહી શકાય. તે માટે પૂર્વગ્રહથી સર્વપ્રથમ મુક્ત થવું જોઈએ. જેથી સ્મૃતિને ઉદાત્ત બનાવી શકાય.

ઉપર સ્મૃતિ વિકાસના બાધક કારણો બતાવ્યાં છે. તે બધાયને વીણી-વીણીને દૂર કરી નાંખવાં જોઈએ. તેથી સ્મૃતિનો સતત વિકાસ થતો રહેશે.

☆

[૫]

સ્મૃતિ વિકાસનો ક્રમ

સ્મૃતિનો વિકાસ એકદમ થતો નથી. તેનાં સાધનો હોય, સ્રોત હોય અને બાધક કારણોનું નિવારણ થાય તે પછી પણ તેનો એક ક્રમ છે તે પ્રમાણે જ તેનો વિકાસ થાય છે. જૈન સૂત્રોમાં સ્મૃતિ–વિકાસનો એક ક્રમ બતાવવામાં આવ્યો છે. તેને આપણે સ્મૃતિ–ઉદ્બોધનો ક્રમ પણ કહી શકીએ. તે આ પ્રમાણે છે :—(૧) અવગ્રહ, (૨) ઈહા, (૩) અવાય કે અપાય, (૪) ધારણા અને (૫) પુનઃસ્મરણ. આને વિગતવાર તપાસીએ :—

અવગ્રહ : સૌથી પહેલાં અવગ્રહ થાય છે. આપણે કોઈ પણ ચીજ યાદ રાખવા માગીએ છીએ ત્યારે સૌથી પહેલાં તે પદાર્થનો, તે તે ઇંદ્રિયોની સાથે સહેજે સ્પર્શ થાય છે. પછી તે ઈન્દ્રિય-આંખ હોય, કાન હોય, નાક હોય, જીભ હોય કે હાથ–પગ. તે પોતપોતાના વિષયને ગ્રહણ કરે છે. આમ વસ્તુ કે પદાર્થના ઇન્દ્રિયને થતાં પહેલા સ્પર્શને ગ્રહણ કરવાની શક્તિ અવગ્રહ છે. તે વસ્તુનો પહેલો સ્પર્શ બરાબર ન હોય તો તેની આગળની ભૂમિકા થતી નથી કે બરાબર થતી નથી; તે ચીજ યાદ રહેતી નથી.

દા. ત. આંખ એક વસ્તુને જોઈ રહી છે. તેવામાં બીજી વસ્તુ ત્યાંથી પસાર થાય છે કે બીજી ઇન્દ્રિયોનો કોઇ વિષય ચાલે છે—જેમકે સંગીત વગેરે. કોઈ વસ્તુનો સ્પર્શ થાય તો તે સમયે મન એક વસ્તુને જ ગ્રહણ કરશે. તે જેમાં વધુ તન્મય હશે તેજ તેને સ્પર્શશે. જો તે કોઈ વસ્તુને જોતો હશે તો ત્યારે સંગીત કે સ્પર્શની સ્મૃતિ તેને નહીં રહે અને તે ગ્રાહ્ય નહીં બને. એટલે જે વસ્તુને યાદ રાખવી હોય તે તરફ એકાગ્રતા સર્વ પ્રથમ કેળવવી જોઈએ. નહીંતર આ જગતમાં એક જ ક્ષણે ઇન્દ્રિયોના એટલા બધા વિષયો ચાલે છે કે ન યાદ કરવાનું

પગનાં ઘરેણાં છે તેને હું ઓળખું છું. કારણકે પ્રાતઃસ્મરણ વંદન કરતી વખતે મારું ધ્યાન તે તરફ જતું હતું.

આ ઉપરથી જણાય છે કે જે દશ્ય કે શ્રાવ્ય વસ્તુ પર ધ્યાન ચોંટે છે, તે જ યાદ રહી જાય છે. જ્યાં ધ્યાન નથી ચોંટતું તે વસ્તુ ભૂલાઈ જાય છે. જેટલું વધારે આપણું ધ્યાન સ્મરણીક વસ્તુ ઉપર વધારે એકાગ્ર થાય છે તેટલું જ વધારે આપણે તે વસ્તુને ગ્રહણ કરી શકીએ. સામાન્ય રીતે વસ્તુને સ્પર્શ કરવો, ગ્રહણ કરવો તે અવગ્રહ છે તેમાં અવલોકન, શ્રવણ, સ્પર્શન કે આસ્વાદન આવી જાય છે.

આ અવગ્રહની પણ બે ભૂમિકા છે. પ્રથમ વસ્તુની અસ્પષ્ટ ઝાંખી થાય છે તે વ્યંજનાવગ્રહ છે. ત્યાર પછી વસ્તુની વધારે સ્પષ્ટ ઝાંખી થાય છે તેને અર્થાવિગ્રહ કહેવામાં આવે છે. આવી અસ્પષ્ટ ઝાંખી તો પાંચે ઇન્દ્રિયો વડે થતી હોય છે. બે માણસો એક સાથે કામે જતા હોય છે. કોઈ ઘટના થાય છે ત્યારે એકને તેની ચોક્કસ સ્મૃતિ રહી જાય છે જ્યારે બીજાને તેની સ્મૃતિ તદ્દન રહેતી નથી. તેનું કારણ અવગ્રહ જ છે. જેણે ચોક્કસ અવલોકન અથવા સારી પેઠે ગ્રહણ કર્યું હોય છે તેની ધારણા બળવતી અને સુદૃઢ હોય છે. એટલે અવગ્રહમાં વસ્તુનો સહેજ સ્પર્શ થાય છે—આ કંઇક છે, આ શું છે? એની ખબર સ્પષ્ટ રીતે નથી હોતી—આ વ્યંજનાવગ્રહમાં છે. પછી અથવિગ્રહમાં ચોક્સાઇ આવે છે.

ઈહા :

અવગ્રહને સામાન્ય રીતે એમ કહી શકાય કે વસ્તુનો સ્પર્શ થયો. જેમકે કોઇ વસ્તુ અથડાઇ ત્યારે ઇહા ત્યાર પછીની ભૂમિકા છે. તેનો અર્થ ઇચ્છા કે સ્પૂહા રૂપે ઘટાવી શકાય. વસ્તુ છે—તો તે શું છે? આમ નિશ્ચય કર્યા પહેલાંની ભૂમિકા ઇચ્છા છે. ઇચ્છા વગર સ્મૃતિરૂપે કોઈ વસ્તુને પકડીને રાખી શકાતી નથી.

ક્યારેક કોઇક માણસ કંટાળીને કહી દે છે ; "છોડો એ વાત!

એટલે તે પાઠશિખનો નહીં પણ જ્ઞાનકાર્યનો [illegible] [illegible] આ ભૂમિકા અવાયની છે. ત્યાર પછી તેના મગજના ખાનામાં તેની સ્મૃતિ સ્થિર થઈ જશે.

ધારણા :—કોઈ વસ્તુનો નિશ્ચય કરી લીધા પછી મનમાં તે સ્થિર થઈ જવી, એ ધારણા છે. કેવળ અવાય-નિશ્ચયથી કામ ચાલતું નથી. ઠેઠ ધારણા સુધી તેનો પુરુષાર્થ થાય તો જ તે સ્મૃતિરૂપે ટકી શકે અને તેનું પુનઃસ્મરણ થઈ શકે. કોઈ કે કબાટ ઉઘાડયો એટલેથી કામ પતતું નથી; પણ કબાટ ઉઘાડયા પછી વસ્તુને યથાસ્થાને મૂકયા સિવાય કબાટ ઉઘાડવાથી ફાયદો શું ? અવાય સુધી અમૂક કબાટનેજ ઉઘાડવો એ નક્કી થાય છે પણ સ્મૃતિનો કબાટ ઉઘાડીને સ્મરણીય વસ્તુને યથાસ્થાને મૂકવી એ ધારણાનું કાર્ય છે.

ધારણાનો સરળ અર્થ એ થાય છે કે સ્મૃતિના ખાનામાં સ્મરણીય વસ્તુઓ મૂકવી–ગોઠવવી જો માણસ દૃઢ નિશ્ચય કરે કે મારે આટલું યાદ કર્યા સિવાય ઊઠવું નથી તો તેને તે વસ્તુ જરૂર યાદ રહેશે.

કેટલીક વખત ધારણા કર્યા છતાં તે વસ્તુ યાદ આવતી નથી. ત્યારે માણસ માથા ઉપર હાથ રાખીને તેને યાદ કરવાનો પ્રયત્ન કરતો હોય છે. એનો અર્થ એ થયો કે તે એ વસ્તુને સ્મૃતિના ભંડારમાંથી બહાર કાઢવા મથે છે. ઘણી વાર ભૂલાઈ ગયેલી વાત અચાનક યાદ આવી જાય છે. પરીક્ષાના સમયે ઘણા વિદ્યાર્થીઓ ઉદાસ થતા દેખાય છે; કારણ કે તેમને કશું યે યાદ હોતું નથી. એમ પણ થાય કે આ પરીક્ષા શું આપશે. પણ, પરીક્ષા આપતી વખતે તેમની સ્મૃતિ એકાએક જાગૃત થઈ જાય છે. તેમને ભૂલાયેલી બધી વસ્તુ એકાએક યાદ આવી જાય છે. સ્મૃતિનાં પડળો નીકળી જાય છે. એને ઘણા લોકો દેવ–દેવીનો પ્રસાદ, કે માનતાનો ચમત્કાર માને છે. ખરી રીતે તો એ તેમની સુદૃઢ ધારણાનો જ ચમત્કાર છે. વિષયને સુનિશ્ચિત કર્યા બાદ

એક જ સ્મૃતિનું અંગ છે. ગ્રહિત વિષયોનું વારંવાર પુનરાવર્તન નહીં કરવામાં આવે તો તે નષ્ટ થઈ જાય. અવગ્રહ, ઈહા, અવાય, ધારણા વડે ગ્રહણ કરવા માટેનો શ્રમ નિષ્ફળ જાય છે. જ્યારે પુનઃસ્મરણ બરાબર થતુ નથી. કારણ કે સ્મૃતિ અંગેના બધા શ્રમની કિંમત પુનઃસ્મરણ છે.

અવગ્રહ વગેરેના દોષો : ગ્રહણ વિધિથી જ નિશ્ચયમાં દોષ આવે છે–ગ્રહણ સમ્યક્ પ્રકારે નહીં થવાથી ધારણામાં દોષ આવે છે અને તે દોષ પુનઃ સ્મરણ વખતે તરી આવે છે. દર્શનશાસ્ત્રના નિયમ પ્રમાણે આવા દોષો ત્રણ છે :–સંશય, વિપર્યય, અનધ્યવસાય.

સંશય : સંશયનો અર્થ છે બે નિશ્ચયો વચ્ચેની ડામાડોળ સ્થિતિ. બે જાતના વિચારો પૈકી કોઈ એક ચોક્કસ વિચાર કે નિષ્કર્ષ ઉપર પહોંચ્યા વગર પુનઃસ્મરણ બરાબર થતું નથી.

એક માણસે કદિ 'રોઝ' નામનું પ્રાણી જોયેલું નહીં. તે ગાય જેવું હોય છે. ગાય અને રોઝ વચ્ચેનો ફરક તેના મગજમાં બરાબર કલ્પેલો નહીં. તે અંગે ગ્રહણ પણ કરેલું નહીં. એક દિવસ તે પોતાના પ્રવાસી મિત્રો સાથે જંગલમાં ગયો. ત્યાં તેણે 'રોઝ' જોયું. પ્રવાસી મિત્રોએ પૂછ્યું : "આ શું છે?"

"જંગલી ગાય છે!" તેણે જવાબ વાળ્યો.

પેલા લોકોને વિશ્વાસ ન થયો એટલે તેમણે ફરીથી પૂછ્યું. તેણે કહ્યું : "કાં તો જંગલી ગાય છે, નહીંતર રોઝ છે."

અહીં આ ભાઈએ ગ્રહણ કરતી વખતે રોઝ અને ગાયનો ફરક બન્નેનું પૃથક્કરણ કરીને સરખી રીતે પકડ્યો ન હતો. જો તેણે પહેલાંથી જ બન્ને વિધિનો ઉપયોગ કર્યો હોત તો કદાચ આ સંશયવાળી દશા થાત નહીં. પુનઃ સંસ્મરણ વખતે તે સંશય નડત નહીં.

વિપર્યય :

વિપર્યય એટલે ગ્રહણ કરતી વખતે રહી ગયેલા દોષો છે. તે

કે વિભાગપૂર્વક વસ્તુ ગ્રહણ કરવામાં આવે તો તે કદી તદ્દન યાદ નહીં થાય, અથવા યાદ સ્પષ્ટ નહીં થાય; અથવા જે ભાગ કહેવાઈ હશે તેના કરતાં વિપરીત અર્થે જ રજૂ કરવામાં આવશે.

એટલે જે વિષયનું પુનઃ સ્મરણ કરવાની ઇચ્છા હોય તે અંગેના સંસ્કારો જ્યાં સુધી સ્મૃતિનાં ખાનામાં સ્થિર નહીં થઈ જાય ત્યાં સુધી તે વિષયનો સંબંધ છોડવો નહીં જોઈએ. જોઈને, વાંચીને કે સાંભળીને તેની સાથે તેને લગતી કોઈ વસ્તુનો સંબંધ કે પૂરી કલ્પના જોડી દેવી જોઈએ. જેથી પુનઃ સ્મરણ વખતે અચકાવું ન પડે.

પુનઃસ્મરણમાં બાધક તત્ત્વો :

પુનઃસ્મરણ વખતે બુદ્ધિશાળી અને પરિપકવજ્ઞાન વાળા માણસો પણ કેટલીકવાર દિગ્મૂઢ થઈ જાય છે. અગર તો તે વસ્તુ વિસ્મૃત થઈ જાય છે; અને નિર્બળ સ્મૃતિ કે અલ્પજ્ઞાન વાળા માણસો તેનાથી આગળ વધી જાય છે. આવું શાથી થાય છે! એનું કારણ છે પુનઃસ્મૃતિમાં બાધક તત્ત્વોનું આક્રમણ. આ આક્રમણનું જ્ઞાન તેમને કેટલીક વાર પુનઃસ્મરણ વખતે થઈ જાય છે. કેટલીક વાર તો કારણ એટલું સ્પષ્ટ હોય છે કે બીજા લોકો પણ પકડી લે છે. આ બાધક કારણોમાં, કામોત્તેજના, ક્રોધનો વેગ, ભયાત્મક ભાવના, અવિશ્વાસ કે સભાભય, અથવા ધ્યાનચલિત થવું વગેરે છે. આ બધી ભાવનાત્મક ઉત્તેજનાઓ કે આવેશની લાગણીઓ છે.

ઘણીવાર કામોત્તેજક વાસના કે મોહાત્મક આકર્ષણ જેને અન્યલિંગી આકર્ષણ કહેવાય છે તેનાં પ્રવાહમાં સ્ત્રી કે પુરૂષો એટલા બધા તણાઈ જાય છે કે તેમને પોતાનું અસ્તિત્વ પણ વિસ્મરિત થઈ જાય છે. ઉત્તેજિત ભાવનાઓ સ્મૃતિને ક્ષીણ કરી નાખે છે; જ્ઞાનતંતુઓને શૂન્ય કરી નાખે છે. એવી જ રીતે ક્રોધના આવેગમાં પણ માણસ ભાન ભૂલી જાય છે.

ખામી પેદા થાય છે. એક વ્યાખ્યાતા પોતાના વિષય ઉપર સારીપ્રકારે ભાષણ કરતો હતો. સભામાં જરા ઘોંઘાટ કે શ્રોતાઓનું હલન ચલન થતાં તેનું ધ્યાન ખસી ગયું; પરિણામે તે મૂળ વિષયથી ખસીને તદ્દન એવી તથ્યહીન વાતો કરવા મંડે છે કે તે વિષય બહાર જ લાગતો નજરે ચડે છે. એટલે ઘોંઘાટ કે સભાનો શોર વગેરે થાય. તેથી એકાગ્રતા ન તૂટવી જોઈએ અને મૂળ વિષય ઉપર ચિત્તને એકાગ્ર કરવું જોઈએ. કોઈ કલ્પનાની સાથે તે વિષયને અવધાન વડે જોડી દેવો જોઈએ.

આમ અવગ્રહ, ઇહા, અવાય, સ્મરણ, ધારણા અને પુનઃ સ્મરણ એ સ્મૃતિ વિકાસનો ક્રમ છે. અવગ્રહનું કામ ઇન્દ્રિયો વડે, ઇહાનું કામ મન વડે, અવાયનું કામ બુદ્ધિ વડે અને ધારણાનું કામ ચિત્ત વડે થાય છે. જેથી આ બધાં સાધનો વડે પુનઃ સ્મરણનું કાર્ય થાય છે. તેમાં જે બાધક કારણો અને દોષો છે તેનાથી બચીને સ્મૃતિ વિકાસ માટે તેમનો ઉપયોગ કરવો જઈએ.

કરતો નથી તેથી તે ઇંદ્રિયની શક્તિ કરમાઈ જાય છે. આ અનુપયોગ થયો ગણાશે. કોઈ માણસ પાસે તલવાર છે પણ તે તેનો ઉપયોગ ન કરે તો તે કરમાઈ જાય છે અને વખતે કામ આપી શકતી નથી. એવું જ ઇન્દ્રિયોનું છે. જો ઇન્દ્રિયો વડે સળંગ કામ ન લેવાય તો તેની અદ્ભુત શક્તિ મંદ પડી જાય છે.

ઇન્દ્રિયોના ભેદ :

જૈન દર્શનમાં ઇન્દ્રિયોના મુખ્ય બે ભેદ કહ્યા છે :—"દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય; અથવા બાહ્ય–ઇન્દ્રિય અને આભ્યંતર ઇન્દ્રિય. દરેક ઇન્દ્રિયની બહારની આકૃતિ–આકાર–પ્રકારને દ્રવ્યેન્દ્રિય–બાહ્યેન્દ્રિય કહેવામાં આવે છે. જેમ કાનનું રૂપ છે; નાકના ખાડા છે; આંખનાં ડોળા છે; જીભની ચામડી છે અને આકૃતિ છે. પણ આ એકલી દ્રવ્યેન્દ્રિય કામમાં આવતી નથી. મડદાંને બધી બાહ્યેન્દ્રિ હોય છે પણ તે કામ આપી શકતી નથી. એવી જ રીતે આંધળાને આંખના ડોળા હોવા છતાં તે જોઈ શકતો નથી. એટલે ભાવેન્દ્રિય કે આભ્યંતરેન્દ્રિય અગત્યની વસ્તુ છે. તે દરેક ઇન્દ્રિયની શક્તિ છે. જેમ ટોર્ચમાં પાવર (મસાલો) હોય તો જ તે પ્રકાશ આપી શકે. તેવી જ રીતનો પાવર ભાવેન્દ્રિય રૂપે દરેક દ્રવ્યેન્દ્રિયના ખોખાં સાથે હોય છે જે વિષયને ગ્રાહી શકે છે.

એવી જ રીતે આ બે પ્રકારની ઇન્દ્રિયોના પાંચ ભેદ બતાવ્યા છે:— કાન (શ્રોત્રેન્દ્રિય) આંખ (ચક્ષુઇન્દ્રિય) નાક (ઘ્રાણેન્દ્રિય) જીભ (રસનેન્દ્રિય) અને શરીર (સ્પર્શેન્દ્રિય). વૈદિક દર્શનમાં કોઈક તેના ૧૦ અને મનને ગણીને કોઇક ૧૧ ભેદ બતાવે છે. તે આ પ્રમાણે છે:— પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયો. પાંચ જ્ઞાનેન્દ્રિયો તો જૈનદર્શન પ્રમાણે જ છે. પાંચ કર્મેન્દ્રિયો આ પ્રમાણે છે :—વાક્ (વાણી) પાણિ (હાથ) પાદ (પગ) ગુદા (મળદ્વાર) અને ઉપસ્થ (એટલે જનનેંદ્રિય).

ઇન્દ્રિઓનો સંબંધ :

ઘણી વખત એક ઇન્દ્રિયનું કામ કરવામાં બીજી ઇન્દ્રિય પણ

સ્થિર કરો. આમ નેત્ર વડે સૂક્ષ્મ અવલોકન વડે ચક્ષુ-ઇન્દ્રિયની પટુતા વધશે અને ધીમે-ધીમે તેની કાર્યક્ષમતા પણ વધશે.

હવે શ્રોત્રેન્દ્રિય કે કાનની કાર્યપટુતા વધારવી હોય તો આંખો બંધ કરીને એકાગ્રતાપૂર્વક ત્યાંના વાતાવરણમાં ગાજતા જુદા જુદા ધ્વનિઓનું વિશ્લેષણ કે વર્ગીકરણ કરો. દા. ત. આ રેડિયોનો અવાજ છે, આ મોટરનો ઘોંઘાટ છે. આ પક્ષીઓનો કલરવ છે; આ માણસોનો કોલાહલ છે. આમ કરવાથી સ્મૃતિનો પ્રવાહ શ્રોત્રેન્દ્રિયની શક્તિ તરફ વળશે અને કર્ણેન્દ્રિય વધારે સૂક્ષ્મ થશે અને શીઘ્ર ગ્રહણની કાર્યક્ષમતા પણ વધશે.

આમ રૂપના સૂક્ષ્મ નિરીક્ષણ અને વિશ્લેષણથી ચક્ષુ-ઇન્દ્રિય તીવ્ર બને છે અને ધ્વનિનાં મોજાંઓ અને અવાજોને સૂક્ષ્મ રીતે પકડવાથી શ્રોત્રેઇન્દ્રિયની શક્તિનો વિકાસ થાય છે. બન્નેની કુશળતાથી સ્મૃતિ ખીલે છે. તેમજ ચિરસ્થાયી બને છે.

એવી જ રીતે સ્પર્શેન્દ્રિય કે રસનેન્દ્રિયની શક્તિનો વિકાસ તેના જુદા જુદા વિષયોને ગ્રહણ કરીને અને સૂક્ષ્મ રીતે વિશ્લેષણ કરીને એટલે કે એક બીજાથી પૃથક્ કરીને ભેજામાં તેની સ્મૃતિ સ્થિર કરવાથી થઈ શકે છે.

૫ ઇન્દ્રિયોના ૨૩ વિષયોને આધારે વિશ્લેષણ :

ઈન્દ્રિયોની કાર્યક્ષમતા વધારવા માટે પહેલાં તે તે ઇન્દ્રિયના વિષયને આધારે વિશ્લેષણ કે વર્ગીકરણ કરવું ઉપર જરૂરી બતાવ્યું છે. તે ૫ ઇન્દ્રિયોના ૨૩ વિષયો જૈનદર્શનમાં બતાવવામાં આવ્યા છે :— શ્રોત્રેન્દ્રિયના ૩ વિષય : જીવ શબ્દ, અજીવ શબ્દ અને મિશ્ર શબ્દ. (૨) ચક્ષુ ઇન્દ્રિયના ૫ વિષય : કાળું, લીલું, રાતું, પીળું અને ધોળું, (૩) રસનેન્દ્રિયના ૫ વિષય : તીખું, કડવું, કસાયલું, ખાટું અને ગળ્યું. (૪) ઘ્રાણેન્દ્રિયના બે વિષય : સુરભિગંધ અને દુરભિગંધ. (૫) સ્પર્શેન્દ્રિયના ૮ વિષય :—હળવું, ભારે, ઠંડું, ઊનું, લુખું, ચીકણું, ખરબચડું (કઠોર) અને કોમળ. આમ વિષયોનું વિશ્લેષણ કરવાથી પાંચે ઇન્દ્રિયોની કાર્યપટુતા વધશે.

આમ કાર્યક્ષમ અને ગ્રહણપટુ બનેલી ઈન્દ્રિયો જ અવગ્રહ સારી પેઠે કરી શકે અને સ્મૃતિ વિકાસના માર્ગમાં બહુ મદદગાર થઈ શકે છે.

[૭]

સ્મૃતિ વિકાસનાં સાધનો ૨

મન-બુદ્ધિ અને ચિત્ત

સ્મૃતિ વિકાસના સાધનોમાં ઈન્દ્રિય અંગે વિચારણા કરવામાં આવી છે. કોઈ પણ વસ્તુને સ્મૃતિમાં ગ્રહણ કરવાનું પ્રથમ સાધન ઈન્દ્રિય છે. પણ તેના અંતરંગ સાધનો મન, બુદ્ધિ અને ચિત્ત છે. શરીર અને ઈન્દ્રિયો આત્માના બાહ્ય કરણ છે. ત્યારે મન, બુદ્ધિ અને ચિત્ત તેના સ્વભાવિક આભ્યંતર કરણ છે. એટલે એમને અંતઃકરણ પણ કહી શકાય. ઈન્દ્રિય, એ સ્મૃતિની પહેલી ભૂમિકા અવગ્રહ માટેનું સાધન છે, પણ ત્યાર બાદની ઈહા, અવાય અને ધારણા માટેના સાધનો મન, બુદ્ધિ અને ચિત્ત છે. તેમનો સ્મૃતિ સાથેનો શો સબંધ છે તે અંગે તાત્વિક રીતે વિચારણા કરીએ.

સાંખ્યદર્શનમાં વર્ણવેલ ૨૪ તત્ત્વો સાથે ૨૫મું ઈશ્વર તત્ત્વ મેળવીને, યોગદર્શને ૨૫ તત્ત્વોનું વર્ણન કર્યું છે. તે ૨૫ તત્ત્વો આ પ્રમાણે છે :- ૫ મહાભૂત, ૫ જ્ઞાનેન્દ્રિય, ૫ કર્મેન્દ્રિય, ૫ તન્માત્રા, (કુલ ૨૦) (૨૧) અહંકાર, (૨૨) મહત્તત્વ બુદ્ધિ, (૨૩) પ્રકૃતિ, (૨૪) પુરૂષ અને (૨૫) ઈશ્વર તત્ત્વ.

યોગ દર્શન ઈશ્વર તત્ત્વને વિશેષ માને છે. આ તત્ત્વોને ગીતામાં કંઈક વિસ્તારથી ૩૧ તત્ત્વો રૂપે કહ્યા છે :-

> ' महाभूतान्यहंकारो बुद्धिर व्यक्त मेवच ! '
> इन्द्रियाणि दशैकच पंचचेन्द्रिय गोचरा : '
> ईच्छा-द्वेष-सुखं दुःखं सघात श्चेतना धृतिः ।
> एतत्क्षेत्रं समासेन सविकार मुदाहृतम् ॥ '

—ગીતા અ. ૧૩. શ્લોક ૫-૬

એટલે કે ૫ મહાભૂત, (૬) અહંકાર, (૭) બુદ્ધિ (૮) અવ્યક્ત, (૯-૧૪) ૫ જ્ઞાનેન્દ્રિય, (૧૫-૧૯) ૫ કર્મેન્દ્રિય, (૨૦) મન, (૨૧-૨૫) પાંચ ઇન્દ્રિય વિષય, (૨૬) ઇચ્છા (૨૭) દ્વેષ, (૨૮) સુખ (૨૯) સંઘાત, (૩૦) ચેતન, (૩૧) ધૃતિ. એમ ૩૧ તત્ત્વ સવિકાર ક્ષેત્ર શરીરનાં છે. આ ૩૧ તત્ત્વોથી માનવદેહ બનેલો છે. કેટલાક આની સાથે ૩૨મું ચેતના તત્ત્વ જોડીને તેને ૩૨ કરે છે.

આ તત્ત્વો બતાવવાનો આશય એ છે કે માનવ જીવનની સાથે આ બધાનો સંબંધ છે. ગીતામાં એમ પણ કહેવામાં આવ્યું છે કે શરીરથી ઇન્દ્રિયો પર છે, તેથી પર મન છે, મનથી પર બુદ્ધિ છે અને બુદ્ધિથી પર આત્મા છે. મતલબ કે આ બધાં સાધનોનો કરણ-ઉપકરણોનો આત્માની સાથે સંબંધ છે.

આ તત્ત્વોને ટુંકમાં જૈનદર્શને સાત તત્ત્વો રૂપે રજુ કર્યાં છે. (૧-૫) ૫ ઇન્દ્રિય (૬) મન અને (૭) આત્મા. સ્મૃતિને મનના ગુણ તરીકે કહી છે. પણ, મનનો બુદ્ધિની સાથેનો સંબંધ બતાવવા માટે બે પ્રકારનાં મન બતાવ્યાં છે. (૧) દ્રવ્ય મન (૨) ભાવ મન. ભાવમન, ચેતન સાથે સીધો સંબંધ ધરાવે છે. અને દ્રવ્યમન બાહ્ય શરીર સાથે મુખ્ય સંબંધ ધરાવે છે. ઇન્દ્રિયોનું મૂળ ચેતન છે. ઘણીવાર બાહ્ય ઇન્દ્રિયોથી વિષય ગ્રહણ થતો નથી. જેમકે કેટલાક લોકો કાનથી નથી સાંભળતા, આંખથી નથી જોઈ શકતા છતાં એક એવું તત્ત્વ છે જેના વડે તેઓ વિષયને ગ્રહણ કરી શકે છે. તેને જૈનદર્શનમાં ભાવમન કહેવામાં આવે છે.

કુમારી હેલન કેલર માટે કહેવાય છે કે તે બોલનારનાં હોઠ ઉપર આંગળી મૂકીને તેનો કહેવાનો ભાવ સમજી જાય છે. પં. સુખલાલજી પ્રજ્ઞાચક્ષુ છે. તેમને દર્શન શાસ્ત્રનું અગાધ જ્ઞાન છે. તેમની સ્મૃતિનો સારો વિકાસ થયો છે તેનું કારણ તેમની અન્ય ઇન્દ્રિયો અને ભાવમનનો વિકાસ થયેલો છે. જૈનદર્શન કહે છે કે મતિ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ કે ક્ષય દ્વારા એટલું ગ્રહણ કરી શકાય છે. સ્મૃતિ પણ

તેથી અનેરો આનંદ પ્રગટ થશે. આ સફળતા મનની શક્તિને પણ વેગ આપશે.

મનનાં લક્ષણો બતાવતાં વિવેકચૂડામણિમાં કહ્યું છે :—

संकल्प-विकल्पात्मकं मन :

—જે સંકલ્પ અને વિકલ્પ કરે છે તે મન છે. સંકલ્પથી તેની શક્તિ વધે છે ત્યારે વિકલ્પોથી તે ખોટા તરંગોમાં ડૂબી જાય છે, તે તેની શક્તિનો હ્રાસ કરે છે. આ માટે ખોટા વિચારો ન થવા જોઈએ અને કદી પણ નકામાં ન બેસી રહેવું જોઈએ. અંગ્રેજીમાં કહ્યું છે :—

Empty mind is devil's work shop.

—ખાલી મન શયતાનનું કારખાનું છે. ખોટા વિચારો કે વિકલ્પોમાં મનને લગાડવાથી તે એક વિષયમાં એકાગ્ર રહી શકતું નથી. એકાગ્રતા વગર ગ્રહણ કરેલી વાત કોઈ દિવસ મગજમાં સારી પેઠે સ્થિર થઇ શકે નહીં. આવી વ્યક્તિ એક વસ્તુ ઉપર કદિ ક્રમબદ્ધ વિચારી શકે નહીં

એક પાશ્ચાત્ય લેખકે પોતાની જિંદગીમાં ૪૦૦ નિબંધો લખ્યા હતા. પણ, તે બધા અપૂર્ણ હતા. એનું કારણ તેનું મન એકાગ્ર ન હતું. તેથી બુદ્ધિ સ્થિર ન હતી. તેણે પોતાનાં સ્મૃતિ-વિકાસનાં આ અંતરંગ સાધનનો દુરૂપયોગ કરેલો.

એટલે મન જેટલું સ્પષ્ટ હશે તેટલી જ અવગ્રહરૂપે ગ્રહણ કરેલ વાત ઇહારૂપે સ્પષ્ટરીતે કાયમ થતાં તેની સ્મૃતિ સુસ્પષ્ટ થશે.

બુદ્ધિ અને તેની કાર્યક્ષમતા

સ્મૃતિની ત્રીજી ભૂમિકા માટે 'અવાય' છે, તેના માટેનું સાધન બુદ્ધિ છે. મન પછી તે તીવ્ર અને ઉત્કૃષ્ટ સાધન છે. મન તો કેવળ મનન જ કરે છે કે આ શું છે? પણ બુદ્ધિ સાચા-ખોટાંનો નિર્ણય કરે છે. અગાઉ જણાવ્યું તેમ ઘણીવાર બુદ્ધિનો દુરૂપયોગ કરવામાં આવે છે. તે માંટે તેને લાંચ આપીને ખોટા નિર્ણયો કરવામાં આવે

લોકોએ કહ્યું : " તમને દુનિયાની ખબર નથી ! "

અભયકુમારે કહ્યું : મને ખબર છે. કહો તો સાબિત કરી બતાવું. ! "

બધા કબુલ થયા. તેમણે થોડા દિવસ જવા દીધા. પછી એકવાર રાજા શ્રેણિક સાથે ભોજનના ઘડી તેમને માંદા જાહેર કર્યા પછી તેઓ દીવાન પાસે ગયા. તેમણે કહ્યું : " મહારાજને અમુક જાતનું ગુમડું થયું છે, તે માટે માંસની જરૂર છે. "

દીવાન કહે ! " એમાં શું ? એ તો ઘણું સસ્તુ છે ! મંગાવી દઈએ ! "

અભયકુમારે કહ્યું : એ માટે માણસનું માંસ જોઈએ. તમે તો મહારાજના બહુ જ વહાલા છો. તેમના માટે જરૂર પડે તો પ્રાણ પણ આપી શકો છો. તમે શરીરના ગમે તે ભાગમાંથી થોડુંક માંસ આપો તોયે ચાલશે. "

દીવાન તો સાંભળીને અદ્ધર થઈ ગયા. તેમણે કહ્યું : અભય-કુમારજી ! માફ કરજો ! કોઈ ગરીબને પકડી લો. તે પૈસાની લાલચે પોતાનું માંસ કાપી આપશે. તેના પૈસા હું આપું ! "

એમ કહીને દીવાનજી થેલી આપીને અંદર ચાલ્યા ગયા. અભયકુમાર કોટવાળ, શેઠ, સેનાપતિ, ગાથાપતિ સર્વે પાસે ગયા. બધાએ સોનામહોરો પણ માંસ આપવા કોઈ તૈયાર ન થયું. અંતે તેઓ " માંસ સસ્તું છે આપી એમ કહેનારા " પાસે ગયા. તેમણે પણ સોના મહોર આપી બીજા પાસેથી લેવાનું જણાવ્યું.

અભયકુમાર બીજે દિવસે બધી સોનામહોરોનો ઢગલો લઈને દર-બારમાં ગયો. તેણે તેનો ઢગલો કરતાં કહ્યું : " મહારાજ ! આટલું ધન આપતાં પોતાનું માંસ મળતું નથી. માંસ સસ્તું છે, પણ બીજાનું— પોતાનું નહીં."

આમ ઔપપાતિકી બુદ્ધિથી અભયકુમારે તે બનાવી આપ્યુ. જેમ અકબરની સભામાં બીરબલ હાજરજવાબી માટે સુપ્રસિદ્ધ હતો.

વૈનયિકી બુદ્ધિ : આ બુદ્ધિ વિનયથી વધે છે. વિનયમાં અર્પણતા હોય છે તેથી બુદ્ધિ તીવ્ર બને છે. સ્મૃતિ તાજી થાય છે.

એકલવ્ય ભીલ હતો. તે દ્રોણાચાર્ય પાસે ધનુર્વિદ્યા શીખવા આવ્યો. પણ ભીલ જાતિનો હોઈ ગુરુએ તેને શિષ્ય ન બનાવ્યો અને વિદ્યા શીખવવાની ના પાડી. એકલવ્યના મનમાં ગુરુનો વિનય ઉત્કટ હતો. તેણે ગુરુની પ્રતિમા સ્થાપી અને ખતથી અભ્યાસ કરીને ધનુર્વિદ્યામા પારંગતતા મેળવી. ગુરુદક્ષિણામા ગુરુએ જમણા હાથનો અંગૂઠો માગ્યો તો અચકાયા વગર તેણે તે આપ્યો અને ડાબા હાથે બધુ ચલાવી લીધુ. આ વૈનયિકી બુદ્ધિનુ ફળ છે.

રામકૃષ્ણ પરમહંસનો એક પૈસાદાર ગૃહસ્થ શિષ્ય હતો. તેનો દીકરો જડ અને નકામો હતો. શ્રી રામકૃષ્ણે તેને પોતાની પાસે રાખ્યો અને અ-આ શીખવવા માંડયું. પણ, ૭ મહીનાની માથાકુટ બાદ પણ તે અ-આ લખતાં ન શીખી શકયો. તે દરરોજ શ્રદ્ધાથી ગુરુ માટે ફૂલ લાવતો. કહેવાય છે કે રામકૃષ્ણજીના સ્વર્ગવાસ પછી તે છોકરો ઉપનિષદ્ જેવા ગ્રંથો ઉપર પ્રવચન કરવા લાગ્યો અને ઉપદેશ દેવા લાગ્યો. આ તેમના આશીર્વાદ અને વૈનયિકી બુદ્ધિનું ફળ હતુ.

કાર્મિકી બુદ્ધિ : કર્મથી ખીલનારી બુદ્ધિનું નામ કાર્મિકી છે. સુથારનો દીકરો સુથારકામ તરત શીખી શકે, તેમ જુદા જુદા કર્મવાળાં માણસોનાં સંતાનોને તે તે કામની બુદ્ધિ સહેજે આવે તે કાર્મિકી બુદ્ધિ છે.

પારિણામિકી : કાર્યકારણભાવથી કે પ્રયોગ વડે જેનુ પરિણામ આવે તે જોઈને જે બુદ્ધિ ખીલે તેને પારિણામિકી બુદ્ધિ કહેવામાં આવે છે. એક સત્યાર્થી સાધક જેમકે ગાંધીજી જેવા સત્યના પ્રયોગો

પાકગ કુદરત આપણી છે અને તેમને જે બુદ્ધિ પ્રાપ્ત થાય તે આવી બુદ્ધિ હોય છે. એવી જ રીતે વૈજ્ઞાનિકોને પ્રયોગો વડે આવી બુદ્ધિ મળે છે. આ બુદ્ધિ પુસ્તકો કે શાસ્ત્રોમાંથી મળતી નથી પણ પ્રયોગો વડે અનુભવો દ્વારા મળે છે. સત્ય, અહિંસાના પ્રયોગો કરતાં ગાંધીજીને અનુભવ થયો હતો તેથી તેઓ આખા હિંદને એ રસ્તે વાળી શક્યા હતા.

ઉપર ચારેય પ્રકારની બુદ્ધિનો સદુપયોગ કરતાં તેની કાર્યક્ષમતા વધે છે પણ દુરૂપયોગ કરવાથી ઘટે છે. ગીતામાં સદુપયોગ કરનારી બુદ્ધિને વ્યવસાયાત્મિકા બુદ્ધિ કહી છે :—

" व्यवसायात्मिका बुद्धि रेकेह कुरुनंदन ! "

સર્વ હિતકારી સત્ય માર્ગે ઉપયોગ કરવાથી પણ બુદ્ધિ કાર્યક્ષમ બને છે અને ઝડપથી તે શુદ્ધ નિર્ણય લઈ શકે છે. બુદ્ધિ શુદ્ધ અને નિર્મળ ત્યારે થાય છે જ્યારે લોભ, મોહ, માયા, ક્રોધ, ફળની આસક્તિ વગેરે દોષોથી તે ઘેરાયેલી ન હોય. શુદ્ધ અને પવિત્ર બુદ્ધિ થતાં માણસ સ્થિતપ્રજ્ઞ બને છે. આવી બુદ્ધિ તારક બને છે.

જ્યારે બુદ્ધિનો દુરુપયોગ થાય છે કે કરવા દેવામાં આવે છે ત્યારે તે બુદ્ધિમારક બને છે. આજે વિશ્વના રાજકારણના પુરૂષોની તેમ જ વૈજ્ઞાનિકોની બુદ્ધિ ખૂબજ પ્રખર છે, પણ તેના ઉપર અંકુશ ન હોવાથી કે ખોટા સ્થાપિત હિતોવાળાના અંકુશ તળે હોવાથી, તે સ્વચ્છંદ બુદ્ધિ ઉલ્ટે રસ્તે સંહારને માર્ગે વપરાય છે. તેમજ તે સ્વ–પર–મારક બને છે.

આઈસ્ટાઈનની બુદ્ધિ કેટલી પ્રખર હતી ? પરમાણુસ્ફોટની દિશા તેણે શોધી પણ અમેરિકાના હાથે તે શોધ વેચાઈ જવાથી આઇન્સ્ટાઇન પોતાની બુદ્ધિનો સદ્ઉપયોગ ન કરી શક્યો અને અંતે તેને પ્રશ્ચાતાપ થયો. જ્યારે અમેરિકાને પોતાના રાજકારણ તેમજ વિશ્વયુદ્ધ બંધ કરાવવા માટે હિરોશીમા અને નાગાસાકી ઉપર તે બોંબ ફેંકી ક્રુરતા આચરવી પડી.

મારક બુદ્ધિ પોતાને થતાં સ્મૃતિ વિકાસમાં ઘાતક બને છે.

નરકમાં, નારકીઓમાં મતિ, શ્રુત અને અવધિ ત્રણ જ્ઞાન અસે ઉલટાં હોય. તે હોય છે તેથી તેમની સ્મૃતિ ખુબજ તીવ્ર હોય છે, પણ તે તીવ્ર સ્મરણ શક્તિ તેમને પૂર્વના વેરોનું સ્મરણ કરાવી પરસ્પરમાં બાઝવા લડવા માટે વપરાતી હોય છે.

પણ, તેના બદલે બુદ્ધિ વડે થતી તીવ્ર સ્મૃતિ જો સ્વ-પર કલ્યાણના કાર્યમાં ઉપયોગમાં આવે તો વિશ્વમા અનાયાસે સુખ શાંતિ થાય!

બુદ્ધિની કાર્યક્ષમતા વધારવા માટે નીચેના આઠ ગુણોને પણ વધારવા જરૂરી છે.

> શુશ્રુષા, શ્રવણં ચૈવ ગ્રહણં, ધારણં તથા,
> ઊહાઽપોહોઽર્થવિજ્ઞાનં તત્ત્વજ્ઞાનં ચ ધીગુણા"

(૧) સાંભળવાની ઇચ્છા, (૨) સાંભળવું (૩) વિષયને ગ્રહણ કરવો (૪) વિષય ન ભૂલાય તે રીતે મગજમાં સ્થિર ધારણ કરવો, (૫) જાણેલા વિષયના આધારે બીજા વિષયોને વ્યાપ્તિ દ્વારા યુક્તિથી ચિંતવવા (૬) શાસ્ત્રની ઉક્તિ અને યુક્તિ વડે વિરુદ્ધ વિષયને હટાવવો. (૭) ઉહાપોહ દ્વારા સંશય વિપર્યય અને અધ્યવસાય દૂર કરીને અર્થને ગ્રહણ કરવો, તેમજ (૮) ઉહાપોહ દ્વારા નિર્ભ્રાન્ત અર્થજ્ઞાન વિષે નિશ્ચય થવો. આ આઠે ગુણો બુદ્ધિના છે તેને કેળવવાથી બુદ્ધિ તીક્ષ્ણ અને શક્તિશાળી બનશે.

ચિત્ત અને તેની કાર્યક્ષમતા

તીક્ષ્ણ બુદ્ધિ હોવાથી સ્મૃતિની ત્રીજી ભૂમિકાએ પહોંચ્યા બાદ ચોથી ભૂમિકા આવે છે ધારણા. તેના માટેનું સાધન ચિત્ત છે. બુદ્ધિને મગજ સાથે સંબંધ હોય છે ત્યારે ચિત્તનો સંબંધ હૃદય સાથે હોય છે. કેટલાક લોકો ચિત્તને હૃદય પણ કહે છે. બુદ્ધિ જ્યારે વધે છે અને હૃદય પાછળ રહી જાય છે ત્યારે તર્ક વધે છે અને શ્રદ્ધા ઘટે છે. માણસ એકલા તર્કના કારણે ઉલટા રસ્તે વહેલો ચઢી જાય છે. આ અસમતુલાને દૂર કરવા માટે બુદ્ધિ અને હૃદયની સમતુલા જાળવવી જોઈએ. અતિશ્રદ્ધાના કારણે વહેમ, અંધવિશ્વાસ કે પામરતામાં ન પડવું, અતિતર્ક

એનું વિચારવાનું એ છે કે મન એટલું બધું ચંચળ છે કે પવનને પકડવો સહેલો છે; પણ મનને પકડવું મુશ્કેલ છે. તેને એકાગ્ર કરી શકાય ખરું? મન પ્રતિક્ષણ કોઈ ને કોઈ વિચારમાં દોડતું જ હોય છે. આ મનના વેગને એક જ વિચારધારા કે ભાવધારામાં વાળવાની જરૂર છે. તે એકાગ્રતાની પ્રથમ ભૂમિકા છે. ત્યારબાદ તે વિચારધારામાંથી જે વિચાર જોઈતો હોય તે તરફ એકાગ્ર થઈ શકાય. આવી એકાગ્રતા સ્મરણશક્તિમાં મદદરૂપ થઈ શકે છે.

પાતંજલ યોગદર્શનમાં મનના નિરોધ માટે અભ્યાસ અને વૈરાગ્ય એ ઉપાયો બતાવ્યા છે. તે ઉપરાંત મનની એકાગ્રતા માટે, યમ, નિયમ, આશન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એમ આઠ અંગો બતાવ્યા છે. ગીતામાં કહ્યું છે.

अनन्य चेताः सततं योमां स्मरति नित्यशः

એવો માર્ગ લઈએ કે જેથી ચિત્ત એકાગ્ર થઈ શકે અને આત્મસ્મૃતિ કે પ્રભુસ્મૃતિ ટકી શકે. પણ, એ માર્ગ બહુ કઠણ અને કષ્ટસાધ્ય છે. એટલે અન્ય સરળ માર્ગો અભ્યાસ માટે નીચે મુજબના છે તે અપનાવવા જોઈએ.

(૧) **ત્રાટક :** કોઈ પણ રુચિકર અથવા પ્રિય વસ્તુ સામે બન્ને આંખો હલાવ્યાં વગર, સ્થિર કરવી તે ત્રાટક છે. એ માટે ધીમે ધીમે ટેવ પાડવી જોઈએ. પહેલાં તો તમારૂં મન તેમાં એકાગ્ર થશે નહીં. આમતેમ ભાગશે પણ અભ્યાસ થઈ જતાં તે સાધ્ય થશે. ત્રાટક માટે પહેલાં લીલા રંગના છોડ સામે ત્રાટક શરૂ કરવાથી વધારે લાભદાયી થશે.

(૨) **પંજાથી બીડેલાં નયન** (પામીંગ) બન્ને આંખોને બંધ કરવી, તેને બન્ને હાથોના પંજા (પામ)થી ઢાંકી દેવી અને મનને કોઈ પણ છબિમાં એકાગ્ર કરવું એ પામિંગ કહેવાય છે. આંખો બંધ કરીને પણ કોઈ એક વસ્તુની મનમાં ધારણા કરવી અને તેમાં જ મનને એકાગ્ર કરવું તે પણ એક રીત છે.

(૩) અંગુલી પર્વગણના : ખુલ્લી હવામાં, શાંત વાતાવરણમાં બેસીને દૃષ્ટિને દરેક આંગળીના વેઢા ઉપર ફેરવો, કોઇ બીજા સંકેત વગર માળા લીધા વગર ૧૦૦૮ સુધીની ગણત્રી વેઢા વડે આંખો ત્યાં ફેરવીને કરવાનો અભ્યાસ કરો, અથવા કોઈ ૭૫ આંગળીના વેઢા વડે કરો અને તેને ૧૦૮ સુધી વધારો. શરૂઆતમાં મુશ્કેલી જણાશે-કંટાળો આવશે; પણ અને અભ્યાસથી એકાગ્રતા વધતા પ્રસન્નતા વધશે.

(૪) પૃષ્ઠ શબ્દ ગણના : ચોપડીનું કોઈ એક પાનું ઉઘાડો અને તેની દરેક લીટીના અક્ષરોને ગણીને નોટ કરો. પાનાની બધી લીટીના અક્ષરો ગણી તેનો સરવાળો કરો. ફરી બીજીવાર, ત્રીજીવાર એમ કરો. વખતની ગણતરીમાં કેટલો ફરક છે તે તપાસો! જો ફરક આવતો હોય તો જાણવું કે અભ્યાસ અધૂરો છે. તેને પૂરો કરવાની જરૂર છે. એનાથી એકાગ્રતા વધશે.

(૫) સંકેત શબ્દ સંયોજન : એક પાના ઉપર ચાર કોઠા બનાવો. તે દરેકમાં એક એક અક્ષરનો સંકેત (Symbol) બનાવીને મૂકો. અક્ષરો સામે ન રાખો પણ તે સંકેતોના આધારે બને તેટલી ઝડપથી ઉચ્ચારણ કરો. આમ બેવાર ત્રણવાર કરો. પહેલી બીજી અને ત્રીજી વખતના ઉચ્ચારણમાં સમય અને શુદ્ધિનો કેટલો ફેર પડે છે તે નોંધો તેમાં એકાગ્રતા આવે તેવો પ્રયત્ન કરો.

(૬) મીંચેલા નયને સ્મૃતિ પટ : આંખો બંધ કરીને પોતાના જીવનમાં બનેલા ભૂતકાળના બનાવોને યાદ કરો. એક પછી એક યાદ કરતાં જણાશે કે ઘણા ભુલાઈ ગયેલા જેવા બનાવો કે સૂક્ષ્મ વાતો પણ સ્મૃતિપટ ઉપર ઉપસી આવ્યાં છે. આ અભ્યાસ વડે ભૂતકાળના બનાવોની સંકલના કરવામાં સ્મૃતિ-પાવરધી થઈ શકશે.

(૭) કમળ શબ્દ સંયોજન : એક કાર્ડ ઉપર કમળનું ચિત્ર દોરીને તેની દરેક પાંખડી ઉપર વર્ણમાળાનો એક એક વ્યંજન અક્ષર

લખો. પછી દૃષ્ટિ સ્થિર કરી દરેક વ્યંજન ઉપર એક એક એવા શબ્દો કલ્પના કરો, કે જેની શરૂઆતનો પહેલું તેજ વ્યંજન હોય. દા. ત. 'ક' વ્યંજનથી શરૂઆત કરો તો કમળ, કપિ, કવિ, કપોલ, કડી, કુદરત, કળશ, કલા વગેરે. એમ ખ–ગ–વગેરે દરેક વ્યંજનની શરૂઆત કરી શબ્દો બોલતો જવા. ચોકઠાંના આકારમાંથી જે દૃષ્ટિ પહેલાં આમ-તેમ ફરતી હતી, ચંચળ હતી તે ધીમે ધીમે સ્થિર થતી જણાશે; દૃષ્ટિ સ્થિર થવાથી મન સ્થિર થશે અને તેની સાથે કલ્પનાશક્તિ પણ વધશે.

(૮) વ્યસન વડે એકાગ્રતા કોઈ નિષેધ : આ રીતે એકાગ્રતાના અનેક સાધનો છે. તેના વડે મનને સ્થિર ઉપર ગતિશીલ રાખી શકાય છે. એટલા લોકોએ પ્રયત્ન વડે સ્મૃતિનો વિકાસ કર્યો છે તેનું મૂળ આ છે. ઘણી વ્યક્તિઓ વ્યસનોથી મનને એકાગ્ર કરે છે. જેમકે ઘણા બીડી–સિગરેટ પીને મનને એકાગ્ર કરે છે. ઘણાં જોગી–બાવાઓ ગાંજો, ભાંગ, ચરસ, ચીલમ, અફીણ વગેરે પીને મનને એકાગ્ર કરે છે. વ્યસનો કરતાં એકાગ્રતા માટે સાત્વિક ઉપાયો સારા. વ્યસનો નાનાં હોય કે મોટાં પણ અશુદ્ધ સાધનો છે. તેમનાથી શુદ્ધ સાધ્ય પામી શકાતું નથી; એટલું જ નહીં કુટેવોની પરેશાની પણ વધતી જાય છે.

(૯) યમ–નિયમ વડે એકાગ્રતા : ભારતના મહાન્ દાર્શનિક વાચસ્પતિમિશ્ર લગ્ન કરીને આવ્ય. તે દિવસથી બ્રહ્મસૂત્ર ઉપર ટીકા લખવા લાગ્યા. પોતાના આ કાર્યમાં એટલા બધા એકાગ્ર થઈ ગયા કે તેમનાં પત્ની સાંજે દીવો પેટાવા આવતાં પોતાને ભોજન પીરસતાં તોય તેમનું ધ્યાન તે બાજુ જતું નહોતું. બાર–બાર વરસના વહાણાં વહી ગયાં. એક દિવસ દીવો ઓલવાઈ ગયો હતો તે ફરીથી પેટાવવા જ્યારે તેમનાં પત્ની આવ્યાં ત્યારે તેમનું ધ્યાન તેના ચેહરા તરફ ગયું. અને કહ્યું તમે કોણ....! 'હું તમારી પત્ની છું.!' "તે આટલા વરસ થયા તોય તમે કોઇ દિવસ વાત ન કરી !" "હું જાણીતી હતી કે તેમ કેટલું

હત્વપૂર્ણ કાર્ય કરી રહ્યા છો !" વાચસ્પતિમિશ્રે એને ધન્યવાદ આપ્યા અને કહ્યું—તમે જો વિષયવાસનામાં પડી ગયા હોત તો આટલો સુંદર ગ્રન્થ મારાથી ન લખી શકાત. તમારા સહયોગને લીધે જ હું આ ગ્રંથ પૂરો કરી શક્યો છું. અને હવે તમારા નામ ઉપરથી જ એ ટીકાનું નામ 'ભામતી' રાખું છું."

આ હતી સ્મૃતિને જાગૃત અને તીવ્ર રાખવા માટે એકાગ્રતાની સાધના. એની એકાગ્રતા યમનિયમથી જ થઈ શકે છે.

પણ, મન એકાગ્ર ત્યારે જ થઈ શકે જ્યારે તેનો દુરુપયોગ ન થતો હોય. અસ્વસ્થ વિચારોમાં, આળસમાં કે પ્રમાદમાં મનને પરોવી દઈએ તો એકાગ્રતા ન આવે. મનને ગમે ત્યાં રખડતું ન મૂકવું જોઈએ. તો જ તે એકાગ્ર બને અને એકાગ્ર થતાં સ્મરણ શક્તિ વધે.

કલ્પના શક્તિનો વિકાસ :

વર્તમાન યુગમાં ગોખીને યાદ રાખવાની પદ્ધતિ કરતાં કલ્પના ચિત્રો વડે યાદ રાખવાની પદ્ધતિ શિક્ષણમાં ચાલુ છે તેથી યાદ રાખવાનું સહેલું થઈ પડે છે. આજના યુગમાં માનવજગત વૈજ્ઞાનિક સાધનોથી અને ગતિવાન વાહન વહેવારોથી બહુ નજીક આવી ગયું છે. તેના એકમેકના પ્રશ્નો સાથે જોડાયેલા હોય છે. માનવની કલ્પનાશક્તિ બચપણથી જ બહુ ખીલે છે. આંખે જોયેલું જેમ યાદ રાખવામાં સરળ થાય છે તેમ કલ્પના થી યાદ રાખી શકાય. પણ તેનો સંબંધ જોવામાં આવે તો તે તરત યાદ રહી જાય છે.

એટલે સ્મૃતિવિકાસ માટે કલ્પનાશક્તિ વધારવાની જરૂર છે. કલ્પનાનો એકાગ્રતા સાથે સંબંધ છે ખરો, પણ કલ્પનાશક્તિ વધારવાનો વિષય એકાગ્રતા પછીનો છે. એકાગ્રતા થાય પણ કલ્પના ના ચાલે કે ન વધે તો સ્મૃતિ ચિરસ્થાયી અને વિકસિત ન થાય. કલ્પના એવી પાંખ છે કે જેના વડે સ્મૃતિ-વિકાસ સુધી પહોંચી શકાય છે.

કલ્પનાનો અર્થ છે મન વડે જોવું. કોઈપણ વસ્તુ કે વિષય અંગે મગજમાં તેને લગતું ચિત્ર ઉપસાવવું તેનું નામ કલ્પના છે. માણસને બધા પ્રાણીઓ કરતાં ઉત્કૃષ્ટ કલ્પનાશકિત મળેલી છે. કલ્પના વડે જ તે ચંદ્રલોક. રોકેટ, અવકાશયાત્રા વગેરે સુધી પહોંચી શકયો છે. જળ, સ્થળ, નભ બધાને તેણે પોતાની કલ્પનાશકિત વડે કાબૂમાં કરી લીધાં છે. અંધકારયુગનો માનવ કલ્પનાશકિતના વિમાનમાં બેસીને જ આજે પ્રકાશ-યુગ સુધી પહોંચી શકયો છે. કલ્પનાશકિતનું મહત્ત્વ વ્યકિત અને સમષ્ટિ બંને માટે છે. તેથી દરેકે તેનો યથાશકય પ્રયત્નપૂર્વક વિકાસ સાધવો જોઈએ.

કોઈ વિષયને યાદ રાખવો છે તો તેની સાથે કોઈ રસિક કલ્પના કે ભાવચિત્રને જોડી દેવું જોઈએ. તેથી જો ઘડીભર માટે મૂળ વિષય ભૂલાય જાય તો કલ્પનાના આધારે તે વિષયને પાછો પકડી શકાશે.

કોઈ વિષયને યાદ કરવા માટે તેમાં રસ જાગવો જોઈએ; જે શ્રદ્ધાથી જાગે છે. આ રસ જગાડવા માટે કલ્પનાચિત્રનો સહારો લેવો સારો છે. કલ્પનામાં આંખ, કાન અને મન ત્રણે વસ્તુ મુખ્યત્ત્વે કામ કરે છે. આંખ વિષયને જોઈને ઊર્મિનો પડઘો પાડે છે, કાન તેને સાંભળીને મનમાં કલ્પનાના ઘોડા દોડાવે છે. જોયેલું યાદ રહે તેમ સાંભળેલું પણ યાદ રહી જાય છે; કેવળ તેની સાથે તે વસ્તુની આકૃતિ મનમાં સ્પષ્ટ થવી જોઈએ. જંગલનું ધ્યાન ધરતાં તેનું આખું ચિત્ર મનમાં દોરાઈ જવું જોઈએ. દા. ત. તેમાં વહેતી નદી, લીલાંછમ ઝાડો, પહાડો, ઉછળતાં વાંદરા, કલરવ કરતાં પંખી, ચીસો પાડતા હાથી, ગરજતા સિંહ વગેરે.

હવે પ્રશ્ન એ છે કે જે વસ્તુની કોઈ આકૃતિ નક્કી નથી, તેની સાથે કલ્પનાચિત્ર કે કલ્પનાને શી રીતે જોડાય ? તે માટે કલ્પનાને બે ભાગમાં વહેંચવી પડશે. :—(૧) ભાવાત્મક કલ્પના, (૨) રૂપાત્મક કલ્પના. ભાવાત્મક કલ્પનાને પ્રતીકકલ્પના કે પ્રતિનિધિકલ્પના પણ કહી

શકાય. રૂપાત્મક કલ્પનામાં તે વસ્તુનું વાસ્તવિક ચિત્ર મગજમાં અંકિત થઈ જવું જોઈએ. જેમ આંબાને યાદ રાખવા માટે તેની સાથે તેના રંગ, રૂપ, ગુણ, સ્વાદ તેમજ સ્વાનુભવનું સંયોજન કરીને આંબાના અનેક રૂપોને સ્થિર કરી લેવા જોઈએ. તે કેરી-કેરી-આંબો-આંબો ગોખવા કરતા વધારે સરળતાથી, ઝડપથી સ્થિર થઈ શકશે.

ભાવાત્મક કલ્પનામાં આ વસ્તુ હોતી નથી. તે કલ્પના જરા અઘરી પણ છે. વસ્તુ-ચિત્ર કરતાં ભાવને યાદ રાખવાનું કાર્ય કઠણ છે. એટલે ભાવને યાદ રાખવા માટે તેના પ્રતિનિધિને કે પ્રતીકને યાદ કરી કલ્પના કરવી જોઈએ. દા. ત. અહિંસા=ભગવાન મહાવીર, કરૂણા=ભગવાન બુદ્ધ, સત્ય=હરિશ્ચન્દ્ર, સત્યાગ્રહ=ગાંધીજી, બુદ્ધિ=અભયકુમાર, ઋદ્ધિ= શાલિભદ્ર વગેરે. એવી જ રીતે વસ્તુના સ્વાદ માટે પણ તેના પ્રતીકો યાદ કરી લેવાં જોઈએ. ખારૂ=મીઠું, મીઠું=મધ, ખાટુ=લીંબુ વગેરે.

આમ રૂપાત્મક અને ભાવાત્મક બને કલ્પનાચિત્રો વડે કલ્પનાશક્તિ વધારવાનો અભ્યાસ કરવો જોઈએ. જે સ્મૃતિવિકાસનો અમોઘ ઉપાય છે. અવધાન માટે કલ્પનાચિત્ર બહુ જ ઉપયોગી નીવડે છે.

સાહચર્ય :

ઘણીવાર રૂપાત્મક કે ભાવાત્મક ચિત્ર મગજમાં ગોઠવી લેવા છતાં તેનો સાહચર્ય સબંધ ન જોડાય, ત્યાં સુધી તે વસ્તુ કે નામ યાદ રહેતાં નથી. દરેક સ્મૃતિ, બીજી કોઈ સ્મૃતિ સાથે જોડાયેલ છે. તેને બહાર લાવવા માટે સાહચર્યનો સિદ્ધાન્ત ઉપયોગી થાય છે.

બે વિદ્યાર્થી શિક્ષક પાસે સાથે - સાથે જાય છે. એકનું નામ છે હનુમાન અને બીજાનું નામ છે ભોળાનાથ. બન્નેનાં નામો વારંવાર પૂછવા છતાં શિક્ષકને યાદ રહેતાં નથી. હવે જો હનુમાન સાથે તેમની આકૃતિનું શબ્દચિત્ર જોડી દેવાય અને ભોળાનાથ સાથે શંકર તેમની જટા, ભોળપણ જોડી દેવાય તો બન્નેને જોતાંજ તેમનાં નામો

શિક્ષકને યાદ આવી જશે; ગાંધીજીને યાદ કરતાં તેમની પોતડી યાદ આવશે. સાથે જ તેઓ કેવી રીતે બોલતા તે પણ યાદ આવી જશે.

સાહચર્ય એક એવો આધાર છે કે જેને લીધે એક વસ્તુને જોતાં તેની સાથે વિચારેલ કે જોડાએલ બીજી વસ્તુ યાદ આવી જાય છે. તે અંગેની વાર્તા પણ યાદ આવી જાય છે. રામ ચાખડીમાં નહોતા પણ ભરતજીને ચાખડી જોતાં રામ યાદ આવી જતા.

એક સાથે બધી વસ્તુઓ જોઈ શકાતી નથી. પણ એક વ્યક્તિને યાદ કરતાં, તેના માથે શું હતું, પગમાં શું હતું, એ બધું તેમ જ તેના સગાસંબધીઓ બધા યાદ આવી જાય છે. તે માટે સર્વપ્રથમ આંખો બંધ કરવી જોઈએ અને પછી યાદ કરવાની આદત કેળવવી જોઈએ. હવે જ્યારે કોઈ પહેલાં મળેલો માણસ મળશે તો પ્રથમ તેનો ચહેરો યાદ આવશે અને એમ થશે કે, "આને મેં ક્યાંક જોયલો છે!" પછી વિગતો યાદ આવશે અને ધીમે ધીમે તમે યાદ કરીને કહેશો : "અરે તમે...! તમને મેં ફલાણા સ્થળે, ફલાણા વેશમાં જોયા હતા; ખરું ને! તમે ફલાણાના મિત્ર થાઓ." એમ કરતા કરતા તમે તેની ઘણી વાતો કહી જશો.

આ અભ્યાસ સરળ છે. પ્રણાલિ પણ સહેલી છે. સાહચર્યને સુદૃઢ બનાવવા માટે 'ઓળખાણ' પદ્ધતિનો ઉપયોગ કરી શકાય. કોઈ વિષય, વસ્તુ કે નામના પ્રથમ પરિચયમાં જ એક બારીક સર્વેક્ષણ વડે તેની ભિન્નતાને પકડી લેવી જોઈએ. જે તેને બીજી વસ્તુથી અલગ કરતી હોય. બે સરખી વસ્તુ એક સાથે જોતાં કેટલીક વાર તેમાં ભેદ પાડવો મુશ્કેલ થઈ જાય છે. તે વખતે તેને કદ પ્રમાણે ક્રમમાં રાખીને યાદ કરવાથી તેમનો ભેદ પાડી શકાશે. દા. ત. બે ચોપડીઓ એક-સરખી લાગે છે. પણ એકના પૂઠાંનું બાઇન્ડિંગ ખરબચડું છે. બીજાનું સારું છે. આ ઓળખાણ એટલે કે પ્રત્યભિજ્ઞાન વડે બે ચોપડીઓને જુદી જુદી તારવી શકાશે.

સંકલન પદ્ધતિ :

શબ્દોને એકબીજા સાથે જોડવા એને સંકલન કહેવામાં આવે છે. એક શબ્દને બીજા શબ્દ સાથે કલ્પનાના દોરાથી એવી રીતે જોડવો કે જેથી તે સ્મૃતિની માળામાં સરળતાથી પરોવાઈ રહે.

પ્રયોગરૂપ ધારો કે આ દશ શબ્દો યાદ રાખવાના છે :—ખેડૂત, માળા, ફૂલ, સ્વર્ગ, ગાંધી, અમેરિકા, અન્યાય, પરમાત્મા, મુસલમાન અને બાઈબલ. તેને ગોખવા જતા મગજ ઉપર વધારે બોજો પડશે, સમય પણ વધારે લાગશે પણ કલ્પનાને સતેજ કરીને એ બધાનુ પરસ્પર સંકલન કરીને યાદ કરશો તો યાદ રહી જશે. જુઓ તેને આમ સંકલન કરો તો —

૧ ખેડૂત = ખેડૂતના હાથમા માળા છે.
૨ માળા = માળામાં ૧૦૮ ફૂલ છે.
૩ ફૂલ = ફૂલ તો સ્વર્ગમાં પણ હોય છે.
૪ સ્વર્ગ = સ્વર્ગમા ગાંધીજી ગયા.
૫ ગાંધીજી = ગાંધીજીનુ નામ અમેરિકામા પણ પ્રસિદ્ધ છે.
૬ અમેરિકા = અમેરિકામા પણ અન્યાય થાય છે.
૭ અન્યાય = અન્યાયને પરમાત્મા સાખી શકતો નથી.
૮ પરમાત્મા = પરમાત્માને મુસલમાન પણ માને છે.
૯ મુસલમાન = મુસલમાન બાઈબલને માનતા નથી.
૧૦ બાઈબલ = બાઈબલ ખ્રિસ્તી લોકોનો ધર્મગ્રંથ છે.

આ રીતે અભ્યાસ કરવાથી ઘણા વાક્યો સરળતા અને ઝડપથી યાદ રહી શકે છે અને તે જલદી ભૂલાશે પણ નહીં. આ પદ્ધતિ એક રીતે રસિક પણ છે. આના નિરંતર અભ્યાસથી ૫૦૦ શબ્દો સુધી, ભલે તે ગમે તેવા અસંબદ્ધ હોય તોયે યાદ રહી શકે છે.

સંકેત શૈલી :

ઘણીવાર ભાષણ વાર્તાલાપ કે વાદવિવાદ કરતી વખતે મગજમાં

એટલું બધું યાદ રહી શકતું નથી. તે અંગે મુદ્દાઓ કે નોંધ ટાંકવામાં આવે છે. તેને એવી રીતે સંક્ષેપ કે એક સૂત્રમાં સાર રૂપે નોંધ કરવામાં આવે છે કે કે જ્યારે જરૂર પડે ત્યારે તેના આધારે આખી વાત યાદ થઈ જાય છે.

સંક્ષેપીકરણ કે સૂત્ર-શૈલી ભારતમાં બહુ પ્રાચીનકાળથી ચાલુ છે. દર્શન શાસ્ત્રો, વ્યાકરણ, ધર્મગ્રંથો વગેરે માટે ઋષિઓએ સૂત્રશૈલી અપનાવી હતી. સંકેત શૈલીના નીચે મુજબ પ્રયોગો થઈ શકે :—

(૧) **ચિહ્નાંકન** : જે લીટીને મહત્વપૂર્ણ માનીએ તેની નીચે લીટી દોરતાં આપણું ધ્યાન તેના ઉપર કેંદ્રિત થઈ શકે.

(૨) **ભાવગ્રહણ** : જે પદ્ય વગેરેને યાદ રાખવું હોય તો તેના ભાવનું એક આખું ચિત્ર આપણા મગજમાં આવી જવું જોઈએ. જેથી તે ભાવ ચિત્ર પ્રમાણે આખું પદ્ય યાદ આવી જાય.

(૩) **સૂત્ર-શૈલી** : કોઈ લાંબા વિષયને એક વાક્ય કે એક સૂત્રમાં સમાવી લેવામાં આવે અગર તો સારાંશને અનુપ્રાસમાં જોડી દેવાય. જેમકે "એ જુ સન-ત્રીશ દિશ" એટલે કે એ = એપ્રિલ, જૂ = જૂન, સ = સપ્ટેંબર, ન = નવેંબર આ ચાર માસના દિવસ ત્રીશ હોય છે; બાકીના ૩૧ હોય છે. ફેબ્રુઆરીના તો લીપ-ઈયિર મૂકીને ૨૮ દિવસ જ હોય છે. આમાં ચાર માસનો પહેલો અક્ષર લઇને કવિતામાં જોડી દેતાં તે સરળતાથી યાદ રહી શકશે.

ધ્વનિગ્રહણ :

જગતની બધી ભાષા કોઈ જાણતું નથી. તેથી જે ભાષાઓ આપણે જાણતા નથી તેના શબ્દો યાદ રાખવા હોય તો શ્રવણેન્દ્રિયની ક્ષમતા વધારવી પડશે અને તે ભાષાના અવાજને તેજ રૂપમાં ગ્રહણ કરવાનો અભ્યાસ કરવો પડશે. આમ અભ્યાસ થવાથી અજાણી ભાષાને ગ્રહણ કરવામાં સરળતા રહેશે. તે ઉપરાંત એ અજાણી ભાષાને પરિચિત ભાષા સાથે કલ્પનાથી જોડવી પડશે. તેથી તેને અજાણી ભાષાનું સ્મરણ થઈ શકે.

જેમકે કોઈએ અંગ્રેજીનું એક વાક્ય કહ્યું : "માઈ ડિયર એકર" જો સાંભળનાર અંગ્રેજી ન જાણતો હોય પણ હિંદી જાણતો હોય તો તે, તે ભાષાને પોતાની હિંદી સાથે આ રીતે જોડશે — માઈ (માતા), ડીયર (દિયર) એકર (એ કર (હાથ) વાળો છે) એટલે મા, દિયર એ હાથવાળો છે. આ કલ્પના સાથે તેને અંગ્રેજીના શબ્દો "માઈ ડિયર એકર" યાદ રહી જશે જો કે આ પદ્ધતિ વધારે શુદ્ધ કે વૈજ્ઞાનિક તો ન જ કહી શકાય.

સ્પર્શ – પ્રયોગ :

બીજી ઇન્દ્રિયો જેમ સ્પર્શેન્દ્રિય વડે સ્મરણ રાખવાનો અભ્યાસ થઈ શકે છે. અવધાન પ્રયોગ કરતી વખતે પહેલાં જોયા વગર આંખો બંધ કરીને તરત બતાવવાનો પ્રયોગ કરવાથી લોકો આશ્ચર્યમાં પડી જશે; અને તે વાતનું સ્મરણ પણ સહેલાઈથી રહી શકશે.

અવધાન પ્રક્રિયા :

સ્મૃતિના વિકાસ માટે અને ચિરસ્થાયી બનાવવા માટે અવધાન પ્રક્રિયા સૌથી વધારે ઉપયોગી છે. એમા આંકડા સાથે શબ્દોને એવી રીતે ગોઠવી દેવામા આવે છે કે જેથી તરત યાદ આવી જાય. તે જાતે જ એક સંગઠિત અને સુયોજિત વ્યવસ્થિત સ્મૃતિ છે. અવધાન ક્રિયાના પ્રયોગો ઘણાએ જોયા હશે. તે મુખ્ય અવધાન ક્રિયા, ચિત્તને એકાગ્ર કરીને વિષયોને મસ્તિષ્કમાં ધારણ કરવાની એક પદ્ધતિ છે.

તેના અંગે અલગ પ્રકરણમાં હવે પછી છણાવટ કરશું.



[૯]

અવધાન–પ્રક્રિયા શું અને શા રીતે?

અવધાન પ્રક્રિયા સ્મૃતિ વિકાસનું એક વિશિષ્ટ અંગ છે. સ્મરણ-શક્તિ અને અવધાન એક હોવા છતાં, ખરું જોતાં બે છે. એક ઉપેય છે અને બીજો ઉપાય છે. એક સૂર્ય છે તો બીજું તેનાં કિરણો રૂપે છે. અવધાન પ્રક્રિયા એક સુસંગઠિત અને સુયોજિત વ્યવસ્થિત સ્મૃતિ છે. તેના વડે ચિત્તને એકાગ્ર કરીને વિષયોને ધારણ કરી શકાય છે. સ્મૃતિના વિકાસ માટે અને ચિરસ્થાયી બનાવવા માટે અવધાન પ્રક્રિયા સૌથી વધારે ઉપયોગી છે. તેમાં આંકડા સાથે શબ્દોને એવી રીતે ગોઠવી દેવામાં આવે છે જેથી તરત યાદ આવી શકે.

અવ ઉપસર્ગ પૂર્વક 'ધા' ધાતુ ઉપરથી અવધાન શબ્દ નીપજ્યો છે. એટલે સંસ્કૃત ભાષા પ્રમાણે એનો અર્થ થાય છે અવ+ધા, અવ એટલે એકાગ્રતાથી સમ્યક્ પ્રકારે મસ્તિષ્કમાં વિષયને ધારણ કરીને રાખવો તે. એનો અર્થ એ થયો કે બધી ઇન્દ્રિયોને તે તે વિષયમાં એકાગ્ર કરીને મુખ્યત્વે આંખ અને કાન બે ઇન્દ્રિયોને વિષયમાં તલ્લીન કરીને, અથવા વિષયની નજીક જઈને એકાગ્રતાપૂર્વક ધારણ કરીને રાખવો. આંખથી જે જોવાય તે પદાર્થ તરત યાદ રહી જશે. તેવી જ રીતે કેટલાક માણસોને અગાઉ જણાવ્યું તે પ્રમાણે સાંભળેલું વધારે યાદ રહે છે. પણ મોટા ભાગે વક્તાને આંખથી જોયા સિવાય સાંભળવાથી તેના કથનનો બહુ ખ્યાલ નહીં આવે, ઘણી વાર યાદ પણ નહીંવત્ જ રહેશે.

અવધાનમાં એક વખત વસ્તુને મગજમાં ધારણ કર્યા પછી આંખ બંધ કરીને તેને પાછી યાદ કરવાની હોય છે. તેથી તે વસ્તુ ચિરસ્થાયી રહી શકશે અને પુનઃસ્મરણ વખતે ભુલાશે નહીં.

અવધાન પ્રક્રિયામાં આંકડા યાદ રાખવા માટે કેટલાક સંકેતો ગોઠવેલા હોય છે. દુનિયામાં આંકડા અને અક્ષરો તો ચોક્કસ છે. ભાષા

ભલે જુદી હોય પણ અક્ષરોનુ ઉચ્ચારણ સમાન જ હોય છે. દશ આંકડામાં દુનિયાના બધા આંકડા આવી જાય છે. તેવી જ રીતે સ્વરો ૧૨ અને વ્યંજન ૩૩ કુલ્લે ૪૫ અક્ષરોમાં આખી દુનિયાની બધી ભાષાઓનો સમાવેશ થઈ જાય છે.

અવસ્તાનમા દરેક અક્ષરના આકાર, ઉચ્ચાર અને સંયોગનો વિચાર કરીને આંકડા સાથે શબ્દો ગોઠવવામા આવે છે. એની સાથે વ્યજનોને જોડી દેવામાં આવે છે. સ્વરોને છુટા રાખવામાં આવે છે. જેથી તેમને ગમે ત્યાં ગોઠવી શકાય. બધાયે વર્ણો એવી રીતે ગોઠવવામાં આવે છે કે તેની આકૃતિ અને ઉચ્ચારણ કે ધ્વનિનો મેળ બેસી શકે.

કેટલાક ધ્વનિપ્રધાન અને કેટલાક આકૃતિ પ્રધાન અંક ચિત્રો નીચે પ્રમાણે ગોઠવવામા આવ્યા છે —

ધ્વનિપ્રધાન	=	અંકસમાન
ઊંટ	=	૮
સચો	=	૪
શિવ	=	૫

હવે સખ્યા સાથે અક્ષરોને કઈ રીતે મેળવવા તે વિચારીએ. જેમકે '૨' (બગરો)ની આકૃતિ ૨ જેવી છે. તેને ગ પણ મળતો આવે છે એટલે અંક ૨ (બે)ની સાથે ૨ અને ગ શબ્દો ગોઠવ્યા. ૧ નો આકાર ન જેવો છે, ન માથી ણ અને મ થાય છે એટલે ૧ થી ન, મ, ણ, એ ત્રણે લીધા. શૂન્ય માટે ઉચ્ચાર લીધો અને તેની સાથે શ, ષ, સ લીધા. આમ નીચે પ્રમાણે ગોઠવણ કરવામાં આવી :—

સંખ્યા	અક્ષર	પ્રતિનિધિ શબ્દ
૧	ન, મ, ણ	મા
૨	ગ, ૨,	ગા
૩	ધ, ધ, દ	દી

૪	ચ, છ, ઝ	ચા
૫	પ, ફ, વ	પાડું
૬	ક, ક, ક, ખ	કંઈ
૭	ત, થ	સીતા
૮	ટ, ઠ, ડ, ઢ	મોટી
૯	લ, ળ, હ, મ, ભ,	સાલ
૦	શ, ષ, સ,	—
૧૦	...	નસ

તો ઉપર મુજબ એક અંકથી દશ અંક સુધી માટેના અક્ષરો અને પ્રતિનિધિ શબ્દો કે સંકેતો પાકાં કરી લેવાં જોઈએ. હવે તેની સાથે એટલે કે આંકડા સાથે શબ્દો એવી રીતે ગોઠવો કે તરત યાદ આવી જાય.

દા. ત. નવના આંક સાથે 'સુખ' શબ્દને યાદ રાખવો. નવ આંકડાનો સંકેત શબ્દ 'સાલ' છે. તેની સાથે સુખને જોડશો તો વાક્ય બનશે "સાલ ઓઢવાથી સુખ થાય છે. તેની સાથે એનું ચિત્ર પણ ભેજામાં ગોઠવી લેવું જેમકે સાલ ઓઢેલો માણસ સુખ ભોગવે છે. આમ જે આંકડા સાથે જે શબ્દને ગોઠવવાનો હોય તેને ગોઠવી લઈ, ભેજાના ખાનામાં મૂકી દો જેથી પછી જ્યારે પૂછે ત્યારે તેને અવધાન પ્રક્રિયા વડે બતાવી શકાય.

પ્રયોગ માટે નીચેના શબ્દો આપવામાં આવ્યા છે તેને કઈ રીતે આંકડા સાથે જોડતાં તે યાદ રહે તે બતાવવામાં આવ્યું છે:—

ક્રમ	યાદ રાખવાનો શબ્દ	જોડવાનો = અંક =	સંકેત +	યાદ રાખવાનું વાક્ય
૧	સવિતા	૪	ચા =	સવિતા ચા પીએ છે.
૨	ચંદન	૨	ગા =	ગાને માથે ચંદન લગાડયું છે.

૩	રામ	૭	સીતા = રામ સીતા વનમાં જાય છે.
૪	ફળ	૫	પાઉ = પાઉં સાથે ફળ ખવાય છે.
૫	સદા	૮	સોટી = સોટી સદા સ્મરણ કરાવે છે.
૬	અતિથિ	૧૦	નસ = નમ વાંકી રાખનાર અતિથિ આવ્યો.
૭	પ્રેમ	૩	ઘી = ઘી પ્રેમથી ખવાય છે.
૮	કપૂર	૧	મા = માના હાથમાં કપૂર છે.
૯	આનંદ	૬	ફઈ = ફઈ આનંદમાં છે.
૧૦	ઉનાળો	૯	સાલ = સાલ ઉનાળામાં ફાવતી નથી.

આમ યાદ રાખવાના શબ્દોનું જોડાણ સંકેતો સાથે કરવાથી તે તરત યાદ થઈ જાય છે અને તરત તેને પુનઃસ્મરણ પણ કરી શકાય છે.

આંકડા યાદ રાખવા માટે અવધાન-વિજ્ઞોએ બે રીતો બતાવી છે :—(૧) અંક કથા પદ્ધતિ, (૨) અંક ચિત્ર પદ્ધતિ.

અંક કથા એટલે તે અંક સાથે આંકડાના શબ્દો ગોઠવીને જે વાક્ય જેવું આવે તેને કોઈ એક વાર્તાના મથાળા રૂપે ગોઠવી લો તો તે સંખ્યા યાદ રહી જશે. દા. ત. કોઈએ ૧૮ ૧૦ ૯૦ની સંખ્યા યાદ કરવા માટે આપી તેને એમને એમ યાદ રાખવા માટે બહુ જ તીવ્ર સ્મૃતિ જોઈએ એ પણ બધાને નહીં ફાવે. અવધાન પ્રક્રિયા પ્રમાણે આ બધા અંકોના અક્ષર સંકેતો ગોઠવવા પડશે. જેમકે ૧ નો સંકેત 'ન' છે, ૮ નો 'ટ', ૧ નો 'ન', ૦ નો 'સ', ૯ નો 'હ' અને ૦ નો 'સ'. એટલે અંક કથા આમ થશે :— 'નટ ન સહસ'. તેને 'નટનું સાહસ' રૂપે મગજમાં ગોઠવી શકાશે. હવે તે પ્રકારે આખી વાર્તા ગોઠવી મગજમાં યાદ રાખો. 'નટનું

સાહસ'. યાદ રહેશે. આમ આંકડાના પ્રતિનિધિ અક્ષરો વડે અંક કથા યાદ કરી લેવી જોઈએ.

કેટલીક વખત અંક કથાને બદલે અંક–ચિત્ર ગોઠવવું સરળ પડે છે. દા. ત. કોઇકે ૨૪૨૫૪૩ નો આંકડો આપ્યો. તેની અંક કથા તૈયાર કરવા જતાં મોડું થઇ શકે એટલે તાબડતોબ અંક–ચિત્ર તૈયાર કરી મગજમાં ગોઠવવું પડશે. ૨ નો સંકેત અક્ષર 'ર', ૪ નો 'જ', ૨ નો 'ર', ૫ નો 'પ', ૪ નો 'ચ', ૩ નો 'દ'. એટલે શબ્દો થયા – રાજા રૂપચંદ – તેને યાદ કરી શકાય. બન્ને પદ્ધતિનાં એક–એક અંકના સંકેત અક્ષરો એક કરતાં વધારે હોય છે ત્યાં અર્થવાળું વાકય બને તે રીતે શબ્દો લેવા અને સંપૂર્ણ અર્થ પ્રગટ કરે તે રીતે અનુસ્વારો ઉમેરવા જોઈએ.

અભ્યાસ માટે થોડાક પ્રયોગો લઈએ :—

સંખ્યા	સંકેત અક્ષરો	અંક વાકય
૬૦૧૧૮૯	= છ, શ, ન, મ, ટ, લ	= છાશનું માટલું.
૩૫૯૫૨૨૧૧૬૮	= દ, વ, ળ, પ, ર, ર, ગ, ન, છ, ટ	= દીવાળી પર રંગ ન છાંટો.
૩૯૧૬૯૬	= દ, ળ, મ, ક, ળ, છ	= દાળમાં કાળું છે.
૯૪૨૮૯૬	= ભ, મ, ર, ડ, ળ, છ	= ભમરો ડાળે છે.

અવધાન કરતી વખતે એક બીજી વાત યાદ રાખવાની છે કે કઈ સંખ્યાના અવધાનમાં કયો આંકડો પૂછવામાં આવ્યો છે? તેનો ખ્યાલ રાખવા માટે તે નંબરના શબ્દ સંકેતો પણ તેની સાથે ગોઠવવા પડશે. આપણે અગાઉ એકથી દશ સંખ્યાના પ્રતિનિધિ શબ્દો જોઈ ગયા. તેનો વધારે વિસ્તાર કરી સો સંખ્યા સુધીના પ્રતિનિધિ શબ્દો આ પ્રમાણે ગોઠવી શકાય.

અંક	શબ્દ	અંક	શબ્દ	અંક	શબ્દ	અંક	શબ્દ	અંક	શબ્દ
૧	મા	૨૧	રમુ	૪૧	જમો	૬૧	છાણું	૮૧	ડામ
૨	ગા	૨૨	ગોર	૪૨	ચોર	૬૨	છારા	૮૨	ઢંગ
૩	ઘી	૨૩	રાધા	૪૩	ચાદો	૬૩	કોદા	૮૩	ડાધા
૪	ચા	૨૪	રાજા	૪૪	ચાચ	૬૪	કાચ	૮૪	ટોજો
૫	પાડે	૨૫	રાપ	૪૫	ચાપ	૬૫	છાપુ	૮૫	ટોપી
૬	ફઈ	૨૬	રીઠ	૪૬	ચાકે	૬૬	કાકા	૮૬	ઢાકા
૭	મીતા	૨૭	રથ	૪૭	જાતિ	૬૭	છાની	૮૭	દૂધ
૮	સોટી	૨૮	શોટી	૪૮	જાટા	૬૮	ખાટ	૮૮	ટોટા
૯	સાલ	૨૯	ગાલ	૪૯	જાળ	૬૯	ફળ	૮૯	ઢાલ
૧૦	નસ	૩૦	ધાસ	૫૦	વાસ	૭૦	તાન	૯૦	બેન
૧૧	મનુ	૩૧	ધાણા	૫૧	પાન	૭૧	થાણા	૯૧	બામ
૧૨	નારી	૩૨	ઘર	૫૨	પત્ર	૭૨	તાર	૯૨	બાગ
૧૩	નદી	૩૩	દાદા	૫૩	વાદી	૭૩	ગુદ	૯૩	ભેઘે
૧૪	મોજી	૩૪	ધાન	૫૪	પોચી	૭૪	તાજ	૯૪	ભોજ
૧૫	માવો	૩૫	દવા	૫૫	પાવો	૭૫	નોપ	૯૫	ભાવા
૧૬	માછી	૩૬	ઘોડો	૫૬	પીછું	૭૬	તાકો	૯૬	ભડકા
૧૭	માધુ	૩૭	દાંત	૫૭	પોનુ	૭૭	ઘોયાં	૯૭	ભાની
૧૮	નટ	૩૮	દોડ	૫૮	પાટ	૭૮	થડ	૯૮	ભોરે.
૧૯	નળ	૩૯	દાળ	૫૯	વાળ	૭૯	થાળી	૯૯	ભગ
૨૦	રસ	૪૦	ચામ	૬૦	છાશ	૮૦	ઘાસ	૧૦૦	નિસાસે

આ આખું કોષ્ટક મોંઢે યાદ કરી લેવું જોઈએ. દરેક અંક સાથે તેનો પ્રતિનિધિ શબ્દ યાદ જ રહેવો જોઈએ. જેમ નં. ૪૪ એટલે ચાંચ, નં. ૮૭ એટલે ટ્રથ-વગેરે અવધાન કરતી વખતે ૩૫મું અવધાન ચાલતું હોય અને ૧૭૯૯૧૬ની સંખ્યા યાદ કરવાનું કહેવામાં આવ્યું હોય તો ૩૫ અંકનો પ્રતિનિધિ શબ્દ-દવા છે. સંખ્યાન શબ્દો પ્રમાણે મ, ત, લ, લ, ન, છે- મોતીલાલની છે વાકય બની શકે છે. તે પ્રમાણે ૩૫મા અવધાનનો આંકડો ૧૭૯૯૧૬ને આ પ્રમાણે સરળતાથી યાદ રાખી શકાય. "દવા મોતીલાલની છે." એટલું ખાસ ભૂલવું નહીં કે આ પ્રતિનિધિ શબ્દો જ તમારી કાયમી અવધાન પ્રક્રિયાની મૂડી છે. અવધાન પ્રયોગ કરીને એ યાદ રાખેલું ભૂંસી નાખવું પણ આ તો કબાટના ખાનાંની જેમ યાદ સદા રાખવાં.

આને યાદ રાખવાની એક બીજી પદ્ધતિ પણ છે. તેમાં આંકડાના આંકડા અને યાદ રાખવા માટે શબ્દો ગોઠવવા પડે. દા. ત. કોઈકે ૬૧૧૮ રકમ યાદ કરવા આપી. તેને યાદ કરવા માટે એક કલ્પના ચિત્ર આ પ્રમાણે પણ ગોઠવી શકાય:-૬ જણ પાસે ૧-૧ (એક-એક) સોટી છે. એમાં ૬૧૧ આંકડાનો ઉપયોગ એમને એમ કરવામાં આવ્યો છે. અને ૮ નો પ્રતિનિધિ શબ્દ સોટીનો ઉપયોગ સુંદર રીતે થયો છે. આ પણ એક જાતની અંક કથા થઈ ગઈ.

તે ઉપરાંત અગાઉ બતાવેલ સ્મૃતિ-વિકાસના વૈજ્ઞાનિક ઉપાયો પૈકીના, સાહચર્ય પદ્ધતિ, વર્ગીકરણ, સંકલન, સંકેતશૈલી કે સંક્ષેપ્તકરણ અને ધ્વનિગ્રહણ પ્રણાલિના ઉપાયોનો પણ અવધાન પ્રયોગોમાં ઘણોજ ઉપયોગ છે. તે ખૂબ જ સહાયક બને છે. કલ્પના-વિકાસ તો સહાયક છે જ. તે ઉપરાંત ગણિતના પ્રયોગો, છંદ વિજ્ઞાન અને કાવ્યશાસ્ત્રની કુશળતા પણ અવધાનમાં સહાયક છે.

ટીમોથી નામના તીવ્ર સ્મૃતિવાળા એક ખ્રિસ્તીભાઈની વાત છે. તેમની સ્મૃતિ અગાઉ તો ઘણીજ મંદ હતી. એકવાર તેમની વાર્ષિક

પરીક્ષા આવી રહી હતી. પણ તેમને કશું જ યાદ રહેતું ન હતું. ઇતિહાસ વિષયમાં તો તદ્દન કાચા. સન, પાત્રો કે કઈ યાદ ન રહે. એકવાર નિરાશ થઈ ને બેઠા હતા તેવામાં તેમને એક વિચાર સ્ફુરી આવ્યો કે હું ઇતિહાસનાં પાત્રો અને તેની ઘટના સાથેના વરસ અને તારીખ જો આ વિદ્યાલયમાં ઉગેલા ઝાડોની સાથે ગોઠવીને યાદ રાખું તો કેમ? ઉપરે તેમણે ઝાડોના શબ્દચિત્રો ગોઠવી, અવધાન પ્રક્રિયા પ્રમાણે યાદ રાખવાનો પુરુષાર્થ કર્યો અને તેઓ પોતાની પરીક્ષામાં સારા ગુણોથી પાસ થયા. આગળ જતા તેઓ અસો વાક્યો અને શબ્દો ક્રમશઃ યાદ કરીને ફરી એ જ ક્રમે બોલી જવા સુધીની યાદ-દાસ્ત વધારી શક્યા હતા.

એટલે અવધાન પ્રક્રિયાનો વિધિવત્ સહારો લેવામાં આવે તો સ્મૃતિ સારી પેઠે ખીલી શકે છે અને ત્યારે વ્યક્તિને એમ થશે કે હું મારી યાદદાસ્ત આટલી બધી ખીલી છે. તે જોઈને તેને પોતાને અને બીજાને પણ નવાઈ લાગશે.

ન આપતાં તેને મહત્ત્વ આપવા લાગી જાય છે. એટલે જ મે (સંતબાલજી) નાસિકના અવધાન પ્રયોગ પછી જાહેરમાં પ્રદર્શન કરવું છોડી દીધું છે; કારણ કે મને ત્યારે જણાયું કે મોટા મોટા વિદ્વાનો પણ અવધાન જોયા પછી 'એને ચમત્કારરૂપે જ જોવા લાગ્યા.'

આજે ઘણા લોકો અવધાનનુ પ્રદર્શન કરી લોકોને ઊંધે રસ્તે દોરે છે. અવધાન ખરેખર સ્મૃતિવિકાસ કરીને જીવનમાં ઊંડા ઉતરવા માટે છે ત્યારે આજે તેનો ઉપયોગ ઉંધે રસ્તે થઈ રહ્યો છે. અવધાન, ચમત્કાર માટે નહીં, પણ બુદ્ધિની તેજસ્વીતા વધારવા, મનને મજબૂત કરવા અને અંતરના ઊંડાણથી પોતાની જાતને જોવા માટે છે; ત્યારે આજકાલના અવધાનોમાં એવુ ઊંડાણ ઓછું હોય છે. કેવળ બાહ્ય પ્રદર્શને માટે તેનો ઉપયોગ ઇચ્છનીય કે અનુકરણીય નથી. અવધાન વડે ભૌતિક વાતોને ભૂલીને આધ્યાત્મિક ગુણોને યાદ રાખતાં શીખવું એ જ એનો ચરમ ઉદ્દેશ્ય છે.

હવે શતાવધાન શું છે? તે અંગે વિચારીએ. તેમાં એક સાથે શ્રોતાઓએ અલગ અલગ પ્રકારે પૂછાયેલા સો વિષયોની સ્મૃતિનો સમાવેશ કરવાનો હોય છે. અને શ્રોતા ફરી પૂછે ત્યારે મગજના ખાનામાં ગોઠવેલ તે વસ્તુને બહાર કાઢીને પ્રગટ કરવી એટલે કે કહી દેવાની છે. આટલું સમજી લઈને શતાવધાન કરનારે તે અંગે પૂરી તૈયારી કરવી જોઈએ; નહીંતર એ સાહસ જોખમી બની શકે. શતાવધાન કરનારનું શારીરિક, માનસિક સ્વાસ્થ્ય બરાબર હોવું જોઈએ. માનસિક ચિંતા, વ્યગ્રતા, વ્યાકુળતા, ચંચળતા કે માથાનો દુઃખાવો હોય, તેણે શતાવધાનનો પ્રયોગ ન કરવો જોઈએ.

શતાવધાન કરનારે, કરતાં પહેલાં અવધાન પ્રક્રિયાની વિધિ, આંકડા, શબ્દો કે વાક્યો યાદ રાખવાની રીત બરાબર જાણી લેવી જોઈએ. તે કલ્પના શક્તિમાં નિષ્ણાત હોવો જોઈએ. તેની મેધા–શક્તિ એટલે

કે ધારણાશક્તિ પ્રબળ હોવી જોઈએ. વિષયગ્રહણ શક્તિ; ઇન્દ્રિય શક્તિ-પટુતા, તેમજ તીવ્ર અનુમાન શક્તિ પણ તેનામાં હોવી જોઈએ.

તે ઓછામાં ઓછી ત્રણ ભાષા—હિંદી, માતૃભાષા અથવા ગુજરાતી, બંગાળી, મરાઠી કે કોઈ એક પ્રાંતીય ભાષા અને સંસ્કૃત ભાષા—નો જાણકાર હોવો જોઈએ; કાવ્ય-પિંગળ જાણનાર હોવો જોઈએ જેથી તે શ્લોક રચના કરી શકે. પ્રવચન કરવાની પટુતા તેમાં હોવી જોઈએ અને તેની પ્રવચન શૈલી મનોરંજક તેમજ આકર્ષક હોવી જોઈએ. સંસ્કૃત ભાષામાં ભાષણ આપવાનો અભ્યાસ હોય તો વધુ સારું છે. સંગીતકળા જાણતો હોય તો સોનામાં સુગંધ ભળ્યા જેવું મનાશે.

જાહેરમાં શતાવધાન કરતાં પહેલા ૪૦-૫૦ અવધાન સુધી યાદ રાખવાની પોતાની શક્તિની પરીક્ષા જાતે કરી લેવી જોઈએ. તેમજ નજીકના સાથીજનો પાસે પણ કરાવી લેવી જોઇએ. તેણે અંકોના સંકેત અક્ષરો, તેમજ પ્રતિનિધિ શબ્દો મગજરૂપી કબાટમાં યાદ રાખી ગોઠવી લેવા જોઈએ; નહીતર ખરે ટાણે તેને પોતાની સ્મૃતિ દગો દઈ શકે છે.

જે પ્રશ્નો પુછાતા જાય, તેમનો ક્રમનંબર તરત શબ્દચિત્રની સાથે ગોઠવી દેવો જોઈએ. નહીતર પછી ભૂલી જવાશે અને ગોટાળો થઈ જશે. દા. ત. ૫ નંબરવાળા પ્રશ્નકારે એક સંખ્યા યાદ રાખવા માટે આપી છે—'૧૭૫૫૪૧૬' હવે એને તરત ૫ નંબરના શબ્દચિત્ર "પાડા"ની સાથે જોડીને "પાડો મોતીલાલનો છે" એમ વાક્ય રચના કરી લેવી જોઇએ.

અવધાનોની સંકલના સરળ રીતે કરવી જોઈએ, જેથી યાદ રાખવામાં મુશ્કેલી ન પડે. પ્રશ્નોમાં એક બીજાની સાથે સાંકળ રહેવી જોઇએ. શતાવધાનનો ક્રમ આ પ્રમાણે હોવો જોઈએ:—પ્રારંભમાં

ન આપતાં તેને મહત્ત્વ આપવા લાગી જાય છે. એટલે જ મેં (સંતબાલજી) નાસિકના અવધાન પ્રયોગ પછી જાહેરમાં પ્રદર્શન કરવું છોડી દીધું છે; કારણ કે મને જ્યારે જણાયું કે મોટા મોટા વિદ્વાનો પણ અવધાન જોયા પછી 'એને ચમત્કારરૂપે જ જોવા લાગ્યા.'

આજે ઘણા લોકો અવધાનનું પ્રદર્શન કરી લોકોને ઊંધે રસ્તે દોરે છે. અવધાન ખરેખર સ્મૃતિવિકાસ કરીને જીવનમાં ઊંડા ઉતરવા માટે છે ત્યારે આજે તેનો ઉપયોગ ઉંધે રસ્તે થઈ રહ્યો છે. અવધાન, ચમત્કાર માટે નહીં, પણ બુદ્ધિની તેજસ્વીતા વધારવા, મનને મજબૂત કરવા અને અંતરના ઊંડાણથી પોતાની જાતને જોવા માટે છે; ત્યારે આજકાલના અવધાનોમાં એવું ઊંડાણ ઓછું હોય છે. કેવળ બાહ્ય પ્રદર્શન માટે તેનો ઉપયોગ ઇચ્છનીય કે અનુકરણીય નથી. અવધાન વડે ભૌતિક વાતોને ભૂલીને આધ્યાત્મિક ગુણોને યાદ રાખતાં શીખવું એ જ એનો ચરમ ઉદ્દેશ્ય છે.

હવે શતાવધાન શું છે? તે અંગે વિચારીએ. તેમાં એક સાથે શ્રોતાઓએ અલગ અલગ પ્રકારે પૂછાયેલા સો વિષયોની સ્મૃતિનો સમાવેશ કરવાનો હોય છે. અને શ્રોતા ફરી પૂછે ત્યારે મગજના ખાનામાં ગોઠવેલ તે વસ્તુને બહાર કાઢીને પ્રગટ કરવી એટલે કે કહી દેવાની છે. આટલું સમજી લઈને શતાવધાન કરનારે તે અંગે પૂરી તૈયારી કરવી જોઈએ; નહીંતર એ સાહસ જોખમી બની શકે. શતાવધાન કરનારનું શારીરિક, માનસિક સ્વાસ્થ્ય બરાબર હોવું જોઈએ. માનસિક ચિંતા, વ્યગ્રતા, વ્યાકુળતા, ચંચળતા કે માથાનો દુઃખાવો હોય, તેણે શતાવધાનનો પ્રયોગ ન કરવો જોઈએ.

શતાવધાન કરનારે, કરતાં પહેલાં અવધાન પ્રક્રિયાની વિધિ, આંકડા, શબ્દો કે વાકયો યાદ રાખવાની રીત બરાબર જાણી લેવી જોઈએ. તે કલ્પના શકિતમાં નિષ્ણાત હોવો જોઈએ. તેની મેધા—શક્તિ એટલે

કે ધારણા શક્તિ પ્રબળ હોવી જોઈએ. વિષય ગ્રહણ શક્તિ; ઇન્દ્રિય શક્તિ-પટુતા, તેમજ તીવ્ર અનુમાન શક્તિ પણ તેનામાં હોવી જોઈએ.

તે ઓછામાં ઓછી ત્રણ ભાષા-હિંદી, માતૃભાષા અથવા ગુજરાતી, બંગાળી, મરાઠી કે કોઈ એક પ્રાંતીય ભાષા અને સંસ્કૃત ભાષા-નો જાણકાર હોવો જોઈએ; કાવ્ય-પિંગળ જાણનાર હોવો જોઈએ જેથી તે શ્લોક રચના કરી શકે. પ્રવચન કરવાની પટુતા તેમાં હોવી જોઈએ અને તેની પ્રવચન શૈલી મનોરંજક તેમજ આકર્ષક હોવી જોઈએ. સંસ્કૃત ભાષામાં ભાષણ આપવાનો અભ્યાસ હોય તો વધુ સારૂં છે. સંગીતકળા જાણતો હોય તો સોનામાં સુગંધ ભળ્યા જેવું મનાશે.

જાહેરમાં શતાવધાન કરતાં પહેલા ૪૦-૫૦ અવધાન સુધી યાદ રાખવાની પોતાની શક્તિની પરીક્ષા જાતે કરી લેવી જોઈએ. તેમજ નજીકના સાથી જનો પાસે પણ કરાવી લેવી જોઈએ. તેણે અંકોના સંકેત અક્ષરો, તેમજ પ્રતિનિધિ શબ્દો મગજરૂપી કબાટમાં યાદ રાખી ગોઠવી લેવાં જોઈએ; નહીંતર ખરે ટાણે તેને પોતાની સ્મૃતિ દગો દઈ શકે છે.

જે પ્રશ્નો પૂછાતા જાય તેમનો ક્રમ નંબર તરત શબ્દચિત્રની સાથે જોડવો દેવો જોઈએ. નહીંતર પછી ભૂલી જવાશે અને ગોટાળો થઈ જશે; દા. ત. ૫ નંબરવાળા પ્રશ્નકારે એક સંખ્યા યાદ રાખવા માટે આપી છે-'૧૭૫૯૮૧૬'; હવે એને તરત ૫ નંબરના શબ્દચિત્ર "પાડ"ની સાથે જોડીને "પાડ મોતીલાલનો છે", એમ વાક્ય રચના કરી લેવી જોઈએ.

અવધાનોની સફળતા સરળ રીતે કરવી જોઈએ, જેથી યાદ રાખવામાં મુશ્કેલી ન પડે. પ્રશ્નોમાં એક બીજાની સાથે સાંકળ રહેવી જોઈએ. શતાવધાનનો ક્રમ આ પ્રમાણે હોવો જોઈએ :—પ્રારંભમાં

ગણિતના પ્રયોગો અને સ્મૃતિ-વિકાસ

ગણિત વડે જે માનસિક એકાગ્રતા થાય છે તે પૂર્ણ અને વિશુદ્ધ હોય છે. જૈનાગમોમાં ગણિત-અનુયોગનું વર્ણન ખૂબ વિસ્તારથી કરવામાં આવ્યું છે. ગણિત ઘણાને ચડતું નથી. તે વિષય આમ કંઈક અંશે મૂંઝવણભર્યો લાગે છે. પણ તેમાં રસ જાગે તો તે જ સરળ અને સરસ બની શકે છે. ગણિત માટે એકાગ્રતાની સહુથી વધારે જરૂર છે. તેના માધ્યમથી પ્રાપ્ત સંખ્યા તથા અંકોને યાદ રાખવાનું કામ તો વળી ભારે મુશ્કેલ છે; પણ ઊંડા ઊતરતાં તે ખૂબ રસિક બને છે. જગતમાં ગણિતનું મહત્ત્વ વધારે છે. અવધાન-પ્રક્રિયામાં ગણિતના પ્રયોગો જ્ઞાન-વર્ધનની સાથે સાથે શુદ્ધ મનોરંજનનું કામ પણ કરે છે. એટલે સ્મૃતિ-વિકાસની સાથે ગણિતનો અતિ નિકટનો સંબંધ છે.

કહેવાય છે કે નળરાજા ઝપાટાબંધ ચાલતા રથમાંથી બેઠા બેઠા ઝાડનાં પાદડાં ગણી શકતા હતા. આપણે ત્યાં લીલાવતી ગણિત પ્રસિદ્ધ છે. તત્કાલ-જબાની-ગણિતના 'ગુટ' પણ શીખવવામાં આવે છે. જેથી સ્લેટ કે કાગળ-પેન્સીલ વગર મોંઢેથી તરત દાખલા કરી દેવામાં આવે છે. ૧૫-૨૦ અંકના સરવાળા, બાદબાકી, ગુણાકાર કે ભાગાકાર મોંઢેથી કરવાના ઉપાયો; તેમ જ તે સાચા છે કે ખોટા તે તપાસવાની ચાવી સહેલાઈથી થઈ શકે; એ રીત મોટા મોટા વિદ્વાનોને પણ આશ્ચર્યમાં નાખી દે છે.

ગણિતનો ઉપયોગ સાધુસંતો તેમ જ લોકસેવક માટે પણ છે. કોઈ પણ સંસ્થાકીય ઔદ્યોગિક વિકાસ કે ગ્રામવિકાસની યોજના અંગેની ગણત્રી મોંઢેથી કરી શકે તો તે જનતા કે સરકારને સમજાવી શકે. સંસ્થાકીય કે સહકારી યોજનાઓ કે કાર્યોમાં ક્યાંક અનૈતિકતા

કે ગડબડ થતી હોય તો તેને ગણિતઈ હોય તે તરત જાણી શકે અને બતાવી શકે.

જીવનમાં એવા અનેક પ્રશ્નો આવે છે ત્યારે ગણિત આવડતુ હોય તો તરત તેનો ઉકેલ કાઢી શકાય. એટલે કે પરિણામ માટે જલદી ગણિત કરી તેનો તાળો મેળવી લઈએ તો વાંધો નહીં આવે. ગણિત ન જાણીએ તો ત્યાં ને ત્યાં અટકી પડાય; અગર, તો બીજાનો આધાર લેવો પડે.

[૨] ગણિતના કેટલાક પ્રયોગો

હવે ગણિતના કેટલાક પ્રયોગો લઈએ. ગણિતમાં સર્વપ્રથમ સરવાળો આવે છે. તેથી સરવાળાથી શરૂ કરીએ.

સરવાળો : ૧ થી ૫૫ સુધીનો ક્રમથી એટલે કે ૧+૨+૩+૪+૫ આમ પંચાવન સુધીનો સરવાળો કરવો હોય તો શું કરવું ? એની એક રીત એ છે કે વચલી રકમ લઈ છેલ્લી મોટી રકમને તેની સાથે ગુણવી. દા. ત. ૧ થી ૫૫નાં સરવાળામાં અડધી રકમ એટલે ૨૮ને ૫૫ની સાથે ગુણવી. ૨૮×૫૫=૧૫૪૦ આ ગુણાકાર એ જ એનો જવાબ છે.

સેંમ ફેરફવાળો સરવાળો તપાસવાની રીત : આવો સરવાળો તપાસવા માટે દરેક લાઈનની સંખ્યાનો જુદો જુદો સરવાળો કરવો જોઈએ. પછી બધી લાઈનોનો સરવાળો કરવો. જો યોગફળની સંખ્યાની સાથે ઉપલી લાઈનોનો યોગ મળી જાય તો સમજવું એ સરવાળો સાચો છે.

દા. ત. :- ૧૨૩૪ = ૧૦ = ૧ + ૦ = ૧
૫૬૭૮ = ૨૬ = ૨ + ૬ = ૮
૯૦૧૨ = ૧૨ = ૧ + ૨ = ૩

૧૫૯૨૪ = ૨૧ = ૪+૮ = ૧૨
= ૨ + ૧ = ૩ = ૧+૨

બાદબાકી તપાસવાની રીત :

હવે બાદબાકીનો એક પ્રયોગ લઈએ.

બાદબાકી સાચી છે કે કેમ; તે તપાસવા માટે ઉપરની મોટી સંખ્યા અને નીચેની નાની સંખ્યા બન્નેનાં જુદા-જુદા સરવાળા કરીને તે બેની બાદબાકી કાઢવી. પછી બાદબાકીના જવાબની રકમનો સરવાળો કરવો. પછી તાળો મેળવવો. જો બન્ને રકમ બરાબર હોય તો સમજવું કે બાદબાકી સાચી છે નહીંતર ખોટી છે.

દા. ત. ૨૫૭૪ = ૧૮ = ૧ + ૮ = ૯
૧૪૩૩ = ૧૦ = ૧ + ૦ = ૧

૧૧૪૨ = ૮ ૯ − ૧ = ૮

ગુણાકારનો પ્રયોગ :

હવે ગુણાકારને લઈએ. ગુણાકાર સમ આંકડા અને વિષમ આંકડા બન્નેનો હોઈ શકે. તેમજ એક આંકડાથી માંડીને ૧૦ આંકડા સુધીનો સહેલાઈથી થઈ શકે.

પહેલાં સમસંખ્યાના ગુણાકારની રીત જોઈએ. સમસંખ્યાના ગુણાકાર કરવાની બે રીતો છે. દા. ત. ૫૬×૫૬ નો ગુણાકાર કરવાનો છે. આમાં ગુણાંક ૫૬ માંથી ૬ ઘટાડી તેને ૫૦ કરવા અને ગુણ્ય ૫૬ માં એ ૬ ઉમેરવા—એટલે ૬૨ થશે. હવે ૬૨×૫૦ નો ગુણાકાર કરવો. તે ૩૧૦૦ થશે. જે ૬ નો ફરક કર્યો હતો તેનો વર્ગ કરવો એટલે કે ૬×૬=૩૬. તેને એ સંખ્યામાં ઉમેરવો—એટલે ૩૧૦૦+૩૬= ૩૧૩૬ ગુણાકાર આવ્યો. જો ૬૨×૬૨ નો ગુણાકાર કરવો હોય તો ગુણાંકમાંથી ૧૨ ઓછા કરી તેને ૫૦ કરી; ગુણ્યમાં ૧૨ ઉમેરતાં ૭૪ થયા. તેથી ૭૪×૫૦=૩૭૦૦ આવશે. ૧૨ના ફરકના વર્ગફળ કરતાં ૧૨×૧૨=૧૪૪ થયા તેને ૩૭૦૦ માં ઉમેરતાં, ૩૭૦૦+૧૪૪=૩૮૪૪ ગુણાકાર આવ્યો. **આની બીજી રીત—** દશક સરખા કરીને થઈ શકે.

પહેલો અંક ૨ અને બીજી રકમનો છેલ્લો અંક ૪ = ૨ × ૪; ૮, પછી પહેલી રકમની વચલી રકમનો ગુણાકાર ૩ × ૨ = ૬, અને છેલ્લે પહેલી રકમનો છેલ્લો અને બીજી રકમનો પહેલો અંક ૨ × ૩ = ૬ = આમ ૮ + ૬ + ૬ = ૨૦ થશે તેમાં અગાઉ ૧૬ના વધ્યા ૧ ને ઉમેરતાં ૨૧ થશે તેથી ૬૮ આગળ ૧ મૂકી ૧૬૮ કરી ૨ (બે) વધ્યા કરવો પડશે. હવે પાછા ફરતાં એકમને મૂકી બાકીની રકમને × ક્રોસમાં ગણવાં પડશે. જે આ પ્રમાણે થશે:— ૩ × ૩ = ૯ અને ૨ × ૨ = ૪ બન્નેનો સરવાળો ૯ + ૪ = ૧૩ થશે તેમાં અગાઉના ૨ (બે) વધ્યા ઉમેરતાં ૧૫ થશે તેમાંથી ૫ ને ૧૬૮ની આગળ મૂકતાં ૫૧૬૮ થશે અને એક વધ્યા કરવા પડશે. પછી છેલ્લાં રહેતાં શતકના (ગુણ્ય – ગુણક) આંકડાને ગુણવા. તેથી ૨ × ૩ = ૬ થશે. તેમાં વધ્યા ૧ ને ઉમેરતાં ૭ થશે આને ૫૧૬૮ આગળ મૂકતાં ૭૫૧૬૮ જવાબ આવી ગયો.

જવાબ તપાસવાની રીત:

આ ગુણાકારનો જવાબ સાચો છે કે કેમ તે તપાસવા માટે ગુણાકાર–શોધન–પદ્ધતિ છે. તે પ્રમાણે ગુણ્ય અને ગુણકની રકમનો સીધામાં સરવાળો કરી બન્ને ને ગુણવા અને જે ગુણકાર આવે તેના આંકડાનો સરવાળો જવાબના આંકડાના એકમ સુધીના છેલ્લા સરવાળાને મળતો આવશે. તે પ્રમાણે ૨૩૨ એટલે ૨ + ૩ + ૨ = ૭ અને ૩૨૪ એટલે ૩ + ૨ + ૪ = ૯ થયા હવે ૭ × ૯ = ૬૩ થયા. તેમાં ૬ + ૩ = ૯ થયા. હવે જવાબનો આંકડો ૭ + ૫ + ૧ + ૬ + ૮ = ૨૭ થયો. તે ૨ + ૭ = ૯ થયા. માટે આ જવાબ સાચો છે એમ માનવું.

નવના આંકની આમાં ખૂબી છે. ગણિતમાં તેની મહત્તા છે. આ રીતને ગુણાકાર શોધન કહે છે. એનો નિયમ એ થાય છે કે ગુણ્ય અને ગુણક બન્નેની સંખ્યાનો જુદો જુદો સરવાળો કરીને બન્નેના સરવાળા ને ગુણવા. પછી જે આંકડો આવે તેની સંખ્યાનો સરવાળો કરવો. પછી દાખલાના ગુણાકારની આવેલી રકમનો સરવાળો કરવો.

બન્નેનો સરવાળો બરાબર હોય તો સમજવું કે ગુણાકાર સાચો છે, નહીતર ખોટો છે.

દા. ત. ૪૩ ને ૨૧ સાથે ગુણવા છે. તેનો ગુણાકાર થયો ૯૦૩. તે ૯ + ૦ + ૩ = ૧૨ થયા અને ૧ + ૨ નો સરવાળો ૩ થયો. ગુણ્યના ૪૩ એટલે ૪ + ૩ = ૭ અને ગુણક ૨૧ એટલે ૨ + ૧ = ૩ ને ગુણતાં ૭ × ૩ = ૨૧ થયા. એટલે ૨ + ૧ = ૩ થયા. બન્નેનો તાળો મળી ગયો. એટલે ગુણાકાર સાચો છે.

ભાગાકાર તપાસવાની રીત :

ભાગાકાર તપાસવામાં ભાજકના સરવાળાને ભાગફળના સરવાળા સાથે ગુણવું. પછી તેમાં શેષના સરવાળાને જોડવો. ત્યાર પછી ભાજ્ય સંખ્યાનો સરવાળો કરવો. બન્નેનો સરવાળો મળે તો સમજવું કે ભાગાકાર સાચો છે.

દા. ત. :—૨૫૨૭૨૬ ÷ ૨૧

= ૨૧) ૨૫૨૭૨૬ (૧૨૦૩૪

૨૧
૪૨
૪૨
૦૦૭૨
૬૩
૦૯૬
૮૪
૦૧૨

ભાજક ૨૧ ના આંકડા ૨ + ૧ નો યોગ ૩.

ભાગ ફળ ૧૨૦૩૪ ના આંકડા ૧ + ૨ + ૦ + ૩ + ૪ નો યોગ ૧૦ = ૧ + ૦ = ૧ બન્નેને ગુણતા ૩ × ૧ = ૩ થયા.

એટલે :—ભાજક સંખ્યા ૨૦ નો સરવાળો ૨ + ૦ = ૨ થયો.
ભાજ્યફળ સંખ્યા ૨૬ નો સરવાળો ૨ + ૬ = ૮ થયો.
બન્નેને ગુણવાથી ૨ × ૮ = ૧૬ થયા.
તેમાં શેષ જોડવાથી ૧૬ + ૪ = ૨૦ થયા = ૨ + ૦ = ૨
હવે ભાજ્યનો યોગ ૫ + ૨ + ૪ = ૧૧ = ૧ + ૧ = ૨ થાય.

આમ બન્નેનો તાળો મળે છે. માનો કે ૪ નો આંકડો છુપાવ્યો છે તો ભાજ્યનો યોગ ૫ + ૨ = ૭ થશે. પેલી રકમ જે ૨૦ હતી તેમાંથી ૭ જતાં ૧૩ રહ્યા એટલે ૧ + ૩ = ૪ થાય. તે અંક છુપાવેલો હતો.

આ છુપાવેલો આંકડો શુન્ય સિવાયનો જ હોવો જોઈએ. એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય !

[૨] ગણિતના ચમત્કારો

ગણિતનો એક કોયડો :

કોઈ વ્યક્તિને ૧૧—કોડીઓ—અથવા—તો દાણા લઈ બે મુઠીઓમાં વહેંચવાનું કહો. ડાબી મુઠીમાં જેટલી કોડી રાખી હોય તેને બમણી અને જમણા હાથમાં હોય તેને ત્રણ ગણી કરવાનું કહો. પછી તે બેનો જે સરવાળો આવે તે પૂછી લેવો.

આમ કરવાથી ઓછામાં ઓછો ૨૩ (ત્રેવીશ)નો અને વધુમાં વધુ ૩૨ નો સરવાળો આવશે. માનો કે તે વ્યક્તિએ બન્ને મુઠીમાં રાખેલ કોડીને તમારા કહેવા પ્રમાણે બમણી કે ત્રણ ગણી કરી બન્નેનો સરવાળો ૨૩ કહ્યો. હવે તમારે જમણી મુઠીની કોડીની સંખ્યા જાણવા માટે ૨૨ ના આંકડાથી ૩૧ સુધી ગણત્રી કરવી અને જે સંખ્યા આવે તેને જમણી મુઠીમાં કહેવી. જેમકે તેણે ૨૩ કહ્યા, તો ૨૨ પછી ૨૩ ૧ (એક) આંકડે છે તો જમણી મુઠીમાં ૧ કોડી છે. કુલ કોડી અગીઆર હોય છે તેથી ૧૧ માંથી જમણા હાથની કોડી જતાં ડાબા હાથમાં ૧૦ રહેશે.

૧૫૨૨૦૭		૧૫૨૨૦૭
× ૫૧૧	અને	× ૭૩
૭૭૭૭૭૭૭૭		૧૧૧૧૧૧૧૧

(૪) એવી જ રીતે ગુણ્ય સંખ્યા ૩૭૦ ૩૭૦ ૩૭ ને પણ ૩ ની ધ્રુવ સંખ્યા રાખી જે સંખ્યા જોઈતી હોય તેની સાથે ગુણાકાર કરીને, ગુણાકાર સાથે ગુણવાથી તે રકમ એકસરખી ૯ આંકડામાં આવશે. દા. ત. ૨ ના ૯ અંક જોઈએ તો ૩ × ૨ = ૬ અને ૫ ના ૯ જોઈએ તો ૩ × ૫ = ૧૫ થી ૩૭૦ ૩૭૦ ૩૭ ને ગુણાકાર કરવાથી તે રકમ નવ અંકમાં આવશે. જુઓ :—

૩૭૦૩૭૦૩૭		૩૭૦ ૩૭૦ ૩૭
× ૬	અને	× ૧૫
૨૨૨,૨૨૨,૨૨૨		૫૫૫, ૫૫૫, ૫૫૫

એવી જ રીતે ૬ ના સમાન આંકડા માટે ૩૭૦૭૩ થી ઉપરની રીતે ગુણાકાર કરતા તે રકમ આવશે. આમ તરત મોટી મોટી સમાન સંખ્યા જોઈને ઘણાને જાદુ જેવું લાગશે પણ ખરેખર તે ગણિતના આંકડાઓનો જ જાદુ છે.

ભાગાકારના કોયડાઓ :

ઉપર ગુણાકારના ૯ આંકડાના અને ૮ આંકડાના જે પ્રયોગો આપ્યા છે તેનો પ્રયોગ ભાગાકારના કોયડા રૂપે કરી શકાય છે. તેમાં કોઈ પણ ભાજ્ય સંખ્યા એક સરખી ૯ અંક સુધી મૂકી તેના ભાગફળ (ભાગાકાર) રૂપે ૧૨૩૪૫૬૭૯ ને મૂકી દો ! આમાં ભાજક સંખ્યા ગોઠવવાની છે. તે માટે જે અંદરનો અંક સમાન રૂપે હોય તેને ૯ થી ગુણાકાર કરતાં તે ભાજક સંખ્યા આવશે. જુઓ :—

(૧) ૭ × ૯ = ૬૩) ૭૭૭,૭૭૭,૭૭૭ (૧૨૩૪૫૬૭૯

૬૩
૧૪૭

૧૨૬
૨૧૭

૧૮૯
૨૮૭

૨૫૨
૩૫૭

૩૧૫
૪૨૭

૩૭૮
૪૯૭

૪૪૧
૫૬૭

૫૬૭
૦૦૦

(૨) જો નવ એકડા માંગે તો તે સંખ્યાને ૯ × ૧ = ૯થી ભાગવી

જો કોઈને વધારે પ્રભાવિત કરવો હોય તો, ભાગવાની સંખ્યા અમણી કરી ભાગફળને તેનાથી અર્ધો એટલે કે ૬૧૭૨૮૩૯ૺ આવશે એમ જણાવવું. આ સંખ્યા મોટે રાખવી જોઈએ. ઉપરના સમસંખ્યાના ગુણાકારોને ભાગાકારના પ્રયોગો રૂપે પણ આજ રીતે ફેરવી શકાય છે.

[૩] યચો કે કોઠા બનાવવાના પ્રયોગો

નવ ખાનાનો યંત્ર બનાવવાની રીત :

નવ ખાનાનો યંત્ર બનાવા માટે ૩થી ભાગી શકાય તેવી એકીમાં ઓછી ૧૫ના આંકડાની તો તે રકમ હોવીજ જોઈએ. હવે સામા

ગમે તેટલા આંકડાનો યંત્ર બનાવવા આપ્યો હોય તેને પહેલાં ૩ થી ભાગી જે ભાગફળ આવે તેને વચમાંના ખાનામાં વચ્ચેજ મૂકવી. પછી ત્રીજા, છઠ્ઠા, પહેલા અને આઠમા ખાનામાં વચમાં મૂકેલ સંખ્યાથી એક એક સંખ્યા ક્રમશઃ વધારે મૂકવી, તેમજ સાતમા, ચોથા, નવમા અને બીજા ખાનામાં વચમાં મૂકેલ સંખ્યાથી એક એક ઓછી સંખ્યા મૂકવી. એટલે નવ ખાનાનો કોઠો તૈયાર થઈ જશે. દા. ત. કોઈએ ૪૫ નો યંત્ર બનાવવા માટે કહ્યું તો ત્રણે ભાગતાં ૧૫ આવશે. તે વચમાંની સંખ્યા થશે. એવી જ રીતે ૮૧ નો યંત્ર હોય તો વચમાંની સંખ્યા ૨૭ થશે. તેમનાં યંત્રો આ પ્રમાણે થશે.

૧૮	૧૧	૧૬
૧૩	૧૫	૧૭
૧૪	૧૯	૧૨

૩૦	૨૩	૨૮
૨૫	૨૭	૨૯
૨૬	૩૧	૨૪

ગમે તેમ ગણતાં સરવાળો = ૪૫ થશે અને આનો સરવાળો = ૮૧ થશે.

સોળ ખાનાનો યંત્ર બનાવવાની રીત :

૧૬ ખાનાનો યંત્ર બનાવવા માટે બે થી ભાગી શકાય તેવી અને ઓછામાં ઓછી ૩૬ ની રકમ હોવી જોઈએ. સૌથી પહેલાં એ યંત્રના ૧૬ ખાનાં બનાવીને તેમાં ૯ નો સરવાળો આવે તે પ્રમાણે બબ્બેનાં જોડકાં આ પ્રમાણે સાથેના આઠ ખાનામાં ગોઠવવા :—ત્રીજા અને ચોથા ખાનામાં ૨ અને ૭ = ૯, પાંચમાં અને છઠ્ઠા ખાનામાં ૬ અને ૩ = ૯, અગીઆર અને બારમા ખાનામાં ૮ અને ૧ = ૯ અને ૧૩ મા ૧૪ મા ખાનામાં ૪ અને ૫ = ૯ ગોઠવી દેવા. હવે જે રકમ ધારી હોય તેને બે થી ભાગીને જે ભાગફળ હવે તેમાંથી એક ઓછું કરીને

છંદ – વિજ્ઞાન અને સ્મૃતિ

સ્મૃતિ – વિકાસમાં અને ખાસ કરીને છંદ વિજ્ઞાનનું પોતાનું પણ મહત્ત્વ છે. સામાન્ય છંદનું જ્ઞાન હોય તો કોઈ પણ વિષય કે પ્રસંગને યોગ્ય લાગે તે છંદમાં ગૂંથી શકાય છે. મોટી મોટી દર્શનની વાતો નાનાં નાનાં સૂત્રોમાં જોવા મળે છે. છંદના સામાન્ય જ્ઞાન સાથે જો તીવ્ર સ્મૃતિનો મેળ હોય તો કોઈ પણ કાવ્ય કે શ્લોક રચતાં વાર ન લાગે. પરંતુ તેની સાથે સ્મૃતિ–વિકાસના ક્રમ અને ઉપાયોને ધ્યાનમાં રાખીને અભ્યાસ કરવામાં આવે તોજ આમાં ધારી સફળતા મળી શકે.

છંદમાં નવ રસ પૈકી કયો રસ લાવવો, કયો અલંકાર લાવવો એ વળી જુદો વિષય છે. અહીં તેની ચર્ચા– વિચારણા કરવાની નથી.

અવધાન પ્રયોગમાં જેમ ગણિતના જુદા જુદા પ્રયોગો કરવામાં આવે છે તેમ છંદના પ્રયોગો પણ કરવામાં આવે છે. કોઈ કહેશે કે છંદ કે કાવ્યની સાથે અવધાનને શો સંબંધ છે? અવધાનનો સંબંધ તો સ્મૃતિ સાથે છે। તેનો જવાબ એ છે કે માણસની રુચિ કાવ્ય તરફ સહેજે જાય છે અને કાવ્ય વડે અનાયાસે જ્ઞાનોપાર્જન અને એકાગ્રતા મેળવી શકાય છે. જે પરંપરાએ સ્મૃતિ – વિકાસમાં સહાયક છે.

શ્રીમદ્ રાજચંદ્રજીએ ૧૦ વર્ષની નાની ઉંમરમાં મોક્ષમાળા લખી હતી. તેમજ નાનપણથી કાવ્ય બનાવવામાં તેઓ નિષ્ણાત થઈ ગયા હતા. તેથી તેમણે સુંદર કાવ્યો, કથાઓ અને ગ્રંથ રચી કાઢયાં. કવિ કાલિદાસ ગમે તેવા કઠણ શ્લોકની પાદપૂર્તિ કે સમસ્યાપૂર્તિ કરી શકતા હતા. ઘણા લોકો આશુકવિ હોય છે. તેનું કારણ સ્મૃતિ – વિકાસજ હોય છે. પ્રાચીનકાળમાં, વિદ્યાર્થીકાળથી બાળકોને સંસ્કૃતના નીતિ શ્લોકો મોંઢે કરાવવામાં આવતા હતા. તેથી સ્મરણશક્તિ વધારવામાં મદદ

ભાનસ નસલ તારાજ તારાજ ગંગં" એટલે કે ૧ મગણ, ૧ ભગણ, ૧ નગણ, ૨ તગણ અને ૨ ગુરુ હોય છે.

તેનો દાખલો :—

હા, પસ્તાવો! વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે
પાપી તેમાં ડુબકી દઈને પુણ્યશાળી બને છે.

લલિત :

આમાં ૧૧ અક્ષરો હોય છે. તેનું લક્ષણ "નસલ, રાજભા રાજભા લગં" એટલે કે ૧ નગણ, ૨ રગણ, ૧ લઘુ અને એક ગુરુ હોય છે.

તેનો દાખલો :—

સમજુ બાળકી જાય સાસરે,
વચન માડિનું ધ્યાનમાં ધરે.

શાર્દૂલ વિક્રીડિત :

આમાં ૧૯ અક્ષરો હોય છે. તેનું લક્ષણ છે—"માતારા સલગં જભાન સલગં તારાજ તારાજગં" એટલે મગણ, સગણ, જગણ સગણ ૨ તગણ અને એક ગુરુ હોય; તેને શાર્દૂલ વિક્રીડિત છંદ કહેવાય છે.

તેનો દાખલો :—

જ્ઞાને આપ ત્રિલોક વ્યાપક છતાં સ્વાધીન સંસારથી,
ને, તેથી પ્રભુ આપના અવનિથી મંદિર ઊંચે રહ્યાં.

શિખરિણી :

આમાં ૧૭ અક્ષરો છે. તેનું લક્ષણ છે—"યમાતા, માતારા, નસલ, સલગં, ભાનસ લગં" એટલે કે યગણ, મગણ, નગણ, સગણ, ભગણ ૧ લઘુ અને ૧ ગુરુ.

તેનો દાખલો :—

અસત્યોમાંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા ।
ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા ॥

સગ્ધરા :

આમાં ૨૧ અક્ષરો છે તેનું લક્ષણ છે—"માતારા, ભાનભા, યાનસ, નસલ, યમાતા, યમાતા, યમાતા." એટલે કે મગણ, રગણ, ભગણ, નગણ અને ૩ યગણ.

તેનો દાખલો :—

ના રોગા નૈવ શોકા, ન કલહકલના નારિમારી પ્રચારો

તોટક :

આમાં ૧૨ અક્ષરો હોય છે. તેમાં ૪ સગણ હોય છે.

તેનો દાખલો :—

અપકૃત્ય તણા પથથી વજવું.

શાલિની :

આમાં ૧૧ અક્ષરો હોય છે. તેનું લક્ષણ—"માતારા, તારાજ, તારાજ, ગંગં એટલે કે મગણ, ૨ તગણ અને ૨ ગુરુ હોય છે.

તેનો દાખલો :—

માતા તારી સુજ્ઞતા એક પુત્રી,
કાળે કાળે દેહના દંડ દે છે.

ભુજંગી (ભુજંગપ્રયાત) :

આમાં ૧૨ અક્ષરો છે. તેમાં ૪ યગણ હોય છે.

તેનો દાખલો :—

તદુક્તં કવીન્દ્રૈઃ ભુજંગ પ્રયાતં

વંશસ્થ :

આમાં ૧૨ અક્ષરો હોય છે. તેનું લક્ષણ—"તારાજ, તારાજ, જભાન, રાજભા" છે. એટલે બે તગણ, એક જગણ અને એક રગણ હોય છે.

તેનો દાખલો :

નારાજ ના થા યજમાન રાજ હા!
એપી ન મેં તારમુદાર આપશે !!

છે. તેની પાદ-કડી-પૂર્તિ આમ કરી શકાય :—

(૧) લસેન્ન શલ્યં જનલક્ષિ યત્નો,
સંકિર્ણં દૃષ્ટિ જૈન સેવકેષુ ।
પ્રમાદ ગુન સાધુગણો યથાઽયં,
સિન્દૂર બિન્દુ વિધવા લલાટે ॥

(૨) પાંચાલ પુત્ર્યાઃ સતિ પંચપત્યો;
વૈધવ્યયુક્તં સુભગં સતીત્વં ।
આસક્ત્ય ભાવાત્ શુશુભે હિ તસ્મિન
સિન્દૂર બિન્દુ વિધવા લલાટે ॥

[૨] કોઈકે પાદપૂર્તિ માટે એક બીજું ચરણ આપ્યું :— "તર્કં શકસ્ય દુર્લભમ્" એનો શ્લોક અનુષ્ટુપમાં છે. તેની પાદપૂર્તિ આ પ્રમાણે કરી શકાય :—

ગોમયે ભારતે રાષ્ટ્રે તક્રાદિ સુલભંભુવિ ।
દિવિ ધેનોર ભાવા હિ, તર્કં શક્રસ્ય દુર્લભમ॥

[૪] શ્લોક રચના :

અવધાન કરનારમાં કોઈ વિષય ઉપર તરત શ્લોક રચવાની કળા પણ હોવી જોઈએ. દાખલા તરીકે કોઈએ "ક્રિકેટની રમત શું સૂચવે છે?" એ વિષય ઉપર શ્લોક બનાવી આપવા કહ્યું. તે આ પ્રમાણે બનાવી શકાય :—

પ્રક્ષિપ્તં તુ કરદ્વયેન કલયા યત્કન્દુકં તત્ર વૈ,
કિન્ત્વન્યૈઃ પ્રતિતાડનં કૃતમયો હ્યુચ્છાલ્ય દૂરીકૃતં ।
ગૃહ્ણન્તોઽન્યજનાઃ પ્રધાવ્ય વિજયં પ્રાપ્યાઽપિ તૈર્હારિતમ
ત્તત્ક્રીડેવભવે પરાજય જયૌ સ્પાતાં સદાઽઽન્દદૌ ॥

ઉપરનો શ્લોક શાર્દૂલ વિક્રીડિતમ્ માં છે.

[૧૩]

આંતરિક અવધાન-પ્રયોગ

અવધાન-પ્રયોગ વડે સ્મૃતિની વૃદ્ધિ અને વિકાસ અંગે અગાઉ સંક્ષેપમાં વિચાર્યું છે. જો અવધાન-પ્રયોગની ક્રિયા બાહ્ય વસ્તુ પ્રત્યે થાય છે તો ભૌતિક વસ્તુઓ અંગેની સ્મરણ-શક્તિ જ વધારે વિકસી શકે. પણ, જો અવધાન-પ્રયોગની ક્રિયા આંતરિક હોય તો તેની પોતાના આત્મા કે વિશ્વ-આત્માઓ પ્રત્યેની સ્મૃતિ વિકસી શકશે. તે માટે અવ્યક્ત-જગત પ્રત્યે એકાગ્ર થઈને આંતરિક અવધાન-પ્રયોગ કરવાનું સૂચવવામાં આવે છે.

સ્મૃતિના પ્રવાહો બે તરફ વહે છે—આંતરિક અને બાહ્ય. બાહ્ય પ્રવાહથી ભૌતિક વિકાસ વધારે થઇ શકે છે; પણ જ્યારે સ્મૃતિનો પ્રવાહ આંતરિક બને છે ત્યારે આધ્યાત્મિક વિકાસ થાય છે. જેટલા મહાપુરૂષો થયા છે તેમણે પોતાની સ્મૃતિનો પ્રવાહ અંતરના ઊંડાણમાં વહેવડાવ્યો છે. અંતરના ઊંડાણમાં જતાં પોતાના આત્મા અને વિશ્વ-આત્મામાં કંઇ પણ ફરક દેખાતો નથી. વિશ્વમાં જે પ્રકાશ દેખાય છે તે મારો જ પ્રકાશ છે; તેમજ વિશ્વમાં જે દોષો દેખાય છે તેમાં પણ હું જવાબદાર છું, એમ સમજી વિશ્વાત્મા સાથે ઐક્ય સાધના માટે તે ઉદાર બને છે; ઉંચે ચઢે છે.

આંતરિક અવધાન-પ્રયોગની ક્રિયા શરૂ થાય છે ત્યારે અવ્યક્ત દેખાતા વિશ્વ ઉપર પોતાના આંદોલનોનો પ્રભાવ પડે છે અને તેમાં એકાગ્રતા બહોળો ભાગ ભજવે છે. એવાં આંતરિક અવધાનમાં જગતના દોષો અથવા ભૌતિક વાતોને ભૂલતા શિખાય છે અને જગતના ગુણો અથવા આધ્યાત્મિક વાતોને યાદ રાખતાં શિખાય છે. જગતની સાથે એ રીતે આત્મીયતા સધાય છે.

આ અંગે એક બે દાખલાઓ લઈએ.

સ્વામી રામતીર્થની સ્મૃતિ બહુંજ તીવ્ર હતી. પણ તેમણે પોતાની

શરીર ગૌણ અને તેમજ ચેતન મુખ્ય થાય. ચેતન મુખ્ય થાય ત્યારે આખા વિશ્વ ઉપર તેનો પ્રભાવ પડે. રાણી રાણકદેવીમાં ચેતનાનું સત એટલું વધી ગયું કે તેનો આદેશ ગિરનાર પર્વતને પણ માનવો પડ્યો.

કહેવાય છે કે રાણકદેવી, રા'ખેંગારના દેહ પડ્યા પછી ગિરનારને કહે છે :—

"ઉંચો ગઢ ગિરનાર, વાદળથી વાતું કરે.
પડતાં રા'ખેંગાર તું ખરડીને ખાંગો કેમ નવ થયો.

મતલબ કે તે કહે છે કે "રા' પડ્યો અને તું હજુ ઉભો છે! તને શરમ આવતી નથી?" આમ કહેતાંની સાથે ગિરનાર પર્વતની શિલાઓ ધડધડ કરતી પડવા માંડે છે. પણ રાણકદેવીને તરત વિચાર આવે છે કે એનો શું દોષ? અહીંના રહેવાસીઓનો શો વાંક? તેમને આતા પડવાથી ઘણું નુકશાન થશે. એટલે તે ફરી કહે છે :—

મા પડ મા પડ મારા વીર......!
નોંધારાનો આધાર, ચોસલાં કોણ ચડાવશે!"

છેવટે તો તે નારી છે. તેનામાં માતાનું હૃદય રહેલું છે. એટલે દયા આવી જાય છે; ખરી રીતે તો તેને વાત્સલ્યરસ ભરવા માટે વિશ્વ-પાત્ર નાનકડું બની જવું જોઈએ. જેમ એક માતા ગમે તેટલાં અને ગમે તેવાં પોતાનાં ગંદા, કાણાં, ખોડાં અને અજ્ઞાન બાળકોને સાચવે છે; વાત્સલ્ય છોડતી નથી. તેમ તેણે વિશ્વની માતા બનીને આખા જગત પ્રતિ પ્રેમ પાથરવો જોઈએ.

રાણકદેવી રા'ખેંગારને પોતે યાદ કરે છે. નારીને પોતાનાં શીલ અને સત્યમાં એકાગ્ર થવા માટે પતિનું સ્મરણ કરવાનું કહ્યું છે. છેલ્લી ઘડી સુધી પતિને પ્રભુ માનીને તેની સ્મૃતિ રાખવી એ પતિવ્રત-ધર્મ કહેવાય છે. પણ પતિમાં પ્રભુતા ન હોય તો માત્ર તેના શરીરની જ સ્મૃતિ રાખવી, એ બરાબર નથી. ખરી રીતે પતિના ચેતનને વિશ્વ-નમાં એટલે કે પ્રભુમાં મળવા માટેના પ્રયત્નોની સ્મૃતિ રહેવી જોઈએ

દિવસ આમતેમ નગરમાં ભમ્યા કર્યા હતા. હજુ સુધી તેમનો કોઈક મેળ ન હતો. કૌશાંબીમાં જ આશરે પાંચ મહિના વીતી ગયા, અભિગ્રહ હજુ પૂરો થયો ન હતો.

કેટલાક લોકો એમ કહે છે કે ભગવાન મહાવીરને તો બધું જ જ્ઞાત હતું; એટલે જ તેમને ધારેલું મળેલું. પણ જો એમ હોય તો તેમણે સાડા પાંચ માસ સુધી ઉપવાસ કરવાની શી જરૂર હતી! અભિગ્રહ ધારણ કરતાં પહેલાં જે દિવસે ચંદનબાળા બાકળા ખાવાની હતી તેથી એક દિવસ પહેલાં તેઓ અભિગ્રહ ધારણ કરી શકત! પણ ખરી વાત તો એ હતી કે તેમને કેવળ જ્ઞાન તો આ પછી જ થયું. તેમણે અભિગ્રહ લીધો ત્યારે એટલો જ વિચાર કર્યો હશે કે "ભલે, મારું શરીર પડી જાય પણ હું જે ઇચ્છું છું તે અવ્યક્ત જગતની સાથે તાલ મળી જાય!"

આ એક પ્રયોગ હતો. તેમાં ભારે રહસ્ય છુપાયેલું છે. મહા પુરૂષોનો સંકલ્પ ઇષ્ટોનું સર્જન કરવા માટે જ હોય છે. તે જમાનામાં નારીને ઘેટાંબકરાંની જેમ બજારમાં વેચવામાં આવતી. તે દાસી તરીકે ખરીદનારના ઘરે રહેતી અને તેની આજ્ઞા પ્રમાણે કામ કરતી. એટલે સુધી કે તે ખરીદનારનો તેના ઉપર સંપૂર્ણ કબ્જો રહેતો. ધારે તો ઉપ-પત્ની તરીકે પણ તેનો ઉપયોગ-ઉપભોગ કરી શકતો. એટલે કે નારી-ગુલામીની પ્રથાનું કલંક ભારત જેવા સુસંસ્કૃત દેશોમાં હતું.

ચંદનબાળા પણ એવી જ એક ખરીદાયેલી દાસી હતી. તે રાજકુમારી હતી પણ પકડાઇ જતાં તેને એક સામાન્ય ગુલામ તરીકે વેચવામાં આવી. ધના શેઠે તેને ખરીદી હતી. તેને દીકરી તરીકે રાખતા હતા. દાસીને દીકરી જેમ રાખવી એ તેમની પત્ની મૂળા શેઠાણીને ગમતું નહતું. એક દાસીને આટલી હદ સુધી ચડાવવી ન જોઇએ તે તેના મનને સાલતું હતું. અધુરામાં પૂરૂં એકવાર તેણે બન્નેને સંપ્રકરણમાં જોયા. એક દિવસ શેઠ બહારથી થાકેલા આવ્યા હતા, એટલે પગ ધોવા માટે ઊનું પાણી ચંદના પાસે મંગાવ્યું. ચંદના પાણી લાવીને શેઠને

પોતાના બાપુજી માની પોતે તેમના પગ ધોવા મંડી. પગ ધોતી વખતે તેના વાળ વારે ઘડીએ પાણીમાં પડી જતા હતા એટલે હાથથી તેના વાળ ઉંચા કર્યા બસ, બનાવમાં થી [illegible]

એટલે એક દિવસ જ્યારે [illegible] મગલ [illegible] જોઈને શેઠાણીએ ચંદનબાળાના [illegible] પગે બેડીએ નાખીને [illegible] મસ્તકનું મુંડન કરાવીને ભોંયરામાં [illegible] પાછા ફર્યા અને તેમણે ચંદનબાળાને ખુબ પડી [illegible] મળ્યો.

શેઠે મકાનની [illegible] શેઠાણીના [illegible] તેઓ ફરેક ખડના [illegible] ચંદના-ચંદના ખુબ [illegible] અને ભોંયરા પાસેથી ધીમો અવાજ [illegible] શેઠ [illegible] ત્રણ દિવસની ભૂખી ચંદનબાળા છે એમ જાણી [illegible] તો અડદના બાકળા [illegible] લુહારને બેડી-હાથકડી તોડવા માટે બોલાવવા [illegible]

ભૂખી ચંદનબાળા, અડદના બાકળા [illegible] સાધુ [illegible] બિરાનો અભિગ્રહ ધારણ કરેલ ભગવાન મહાવીર [illegible] જોઈને તે બહુ જ હર્ષિત થાય છે ભગવાનના બધા [illegible] પણ એક નથી થતી આંખમાં આંસુ મહાવીર [illegible] ચંદનબાળા પોતાને અભાગણ સમજીને આંસુ [illegible] ભિક્ષા [illegible] પ્રભુ પાછા વળી [illegible] તેમના અભિગ્રહ [illegible] થાય છે અને ચંદનબાળાના હાથેથી અડદના બાકળા વહોરે છે [illegible] મહાવીરને ૫ માસ અને ૨૫ મે દિન [illegible] થાય છે અને ચંદનબાળા [illegible] દિવસના ઉપવાસનું પારણું થાય છે [illegible]

અહીં ૫ માસ ૨૫ દિવસના ભગવાન મહાવીરના [illegible] સાધનોની [illegible] રીતે એ અસર થાય છે [illegible] હમે કામી [illegible] અનિષ્ટ પ્રત્યે [illegible] અને [illegible]

નાબૂદ કરવા તૈયાર થઈ ગયો. આમાં ભગવાન મહાવીરની વિશ્વાત્મા પ્રત્યે એટલી તીવ્ર શ્રદ્ધા હતી; એટલે જ આ કામ પૂરું થયું. આમ વ્યક્ત અને અવ્યક્ત જગતનો મેળ પડી ગયો. ચેતનાની એકાગ્રતાથી જ એટલે કે આંતરિક અવધાનથી ! અભિગ્રહ તો એમનો બાહ્ય પ્રયોગ હતો.

એટલે અહીં અવધાનનો અર્થ થાય છે અવ્યક્ત જગતની સ્મૃતિમાં જે ચીજ પડેલી છે તેને એકાગ્રના વડે બહાર લાવવી. અથવા આજુબાજુના જગતની સ્મૃતિને ધારણ કરવી; કેંદ્રિત કરવી. જે કાંઈ પોતાને મળ્યું, પોતે ધારણ કરી રાખ્યું છે તે જ્ઞાનને આખા જગતને આપવું; બહાર લાવવું-પ્રગટ કરવું, તેને પણ આંતરિક અવધાન કહી શકાય. આમ બાહ્ય-અવધાનની શક્તિને અંતરાભિમુખ કહી, જ્ઞાન, તપ, સંયમને ઉન્નત કરવાં એ જ આંતરિક અવધાનનું રહસ્ય છે.



સ્મૃતિ-વિકાસનું ફળ : પૂર્વજન્મ સ્મૃતિ

સ્મૃતિ-વિકાસ અંગે આટલું [illegible] પાછળ મુખ્ય હેતુ [illegible] કોઈ પણ વસ્તુ તેના [illegible] પ્રયત્ન કરવામાં [illegible] નથી [illegible] સિદ્ધ કરવામાં, તે અંગે છે તે પૂર્વજન્મ [illegible] તાત્ત્વિક [illegible] પરમાત્માનું [illegible] પૂર્ણ [illegible] એટલે [illegible]

આ મન [illegible] અને વિકાસનો [illegible] નથી [illegible] મનના [illegible] જ્યારે નિમિત્ત મળે [illegible] આ Sub Conscious Mind ([illegible] મન) કહે છે આપણે તેને [illegible] આંતર્મન [illegible] લાગણું [illegible] તાત્ત્વિક [illegible] પૂર્વજન્મની સ્મૃતિ [illegible] એમાંની મોટી [illegible] આવો [illegible] કેવું [illegible] નથી [illegible] રીતે [illegible] આ [illegible] કહે છે. [illegible] જન્મની સ્મૃતિ હોય છે પણ [illegible] સાથે [illegible] પૂર્વ [illegible] ([illegible])

આજના મનોવૈજ્ઞાનિકો પૂર્વજન્મ અંગે કંઈ કહેતા નથી [illegible] એમ માનતા નથી, પણ [illegible] સંસ્કારો [illegible] તેનો કોઈ [illegible] કરતા નથી [illegible] રીતે માણસને પણ [illegible] સંસ્કારો મળે છે.— [illegible]

જન્મના અને પૂર્વજન્મના. એટલે જ એક જ મા-બાપના બે છોકરાઓમાં ઘણો તફાવત નજરે પડે છે. માણસોની પોતાની ભિન્નતા એટલી બધી હોય છે કે "પાંચે આંગળીઓ બરાબર નથી" "મુંડે મુંડે મતિ ભિન્ના" જેવાં સૂત્રોનું પ્રચલન થયું છે. આનું મુખ્ય કારણ તો અજ્ઞાત એવા પૂર્વજન્મના સંસ્કારો છે. આ સંસ્કારોને પોતાના પુરૂષાર્થના સંસ્કારો, મા-બાપના સંસ્કારોને લોહીના સંસ્કારો; અને સામાજિક સંસ્કારોને વાતાવરણના સંસ્કારો ગણી શકાય.

એક જવાર આપણને પૂર્વજન્મની સ્મૃતિ થાય તો? એ સહુથી સુખદ ઘટના ગણી શકાશે। પણ તે થઈ શકે છે અને તે સ્મૃતિ-વિકાસની નિરંતર ઉચ્ચતર પ્રક્રિયાથી. જૈન દર્શન કહે છે કે સ્મૃતિ ઉપર પડેલ મોહ, લોભ, કામ, ક્રોધ, મદ વગેરેનાં આવરણો દૂર થવાથી એટલે કે મતિજ્ઞાનાવરણીય (જ્ઞાનને ઢાંકી દેતા) કર્મના ક્ષય કે ક્ષયોપશમના કારણે સ્મૃતિ નિર્મળ થઈ જવાથી કેટલીક વ્યક્તિઓને પૂર્વજન્મનું સ્મરણ થાય છે તેને જાતિસ્મરણ જ્ઞાન કહેવાય છે. અલબત જાતિ-સ્મરણજ્ઞાન મોહ, લોભ વગેરે હોય તોયે થઈ શકે છે. પણ તેથી ઊંચે જવાતું નથી. જાતિસ્મરણ જ્ઞાનની વધુમાં વધુ સીમા બતાવતાં જૈન સૂત્રો કહે છે કે વધુમાં વધુ એક સાથે નવસો જન્મોની સ્મૃતિ થઈ શકે છે. એક સાથે ત્રણ જન્મની સ્મૃતિ-જાણકારીની વાત છાપામાં આવે જ છે. જન્મ-જન્માંતરની વાતો જાણે તેને ચમત્કાર ગણી શકાય પણ તેનો ચારિત્ર્ય સાથે અવિનાભાવ સંબંધ હોતો નથી. પણ તેવી સ્મૃતિ થઈને જો ચારિત્ર્યના સંપૂર્ણ વિકાસ તરફ જીવન વળે તો તેને જરૂર ચારિત્ર્યનો ચમત્કાર માનશું અને તેને મહત્વ આપશું.

પૂર્વજન્મસ્મરણનું જ્ઞાન દરેકને થતું નથી. એનું કારણ એ છે કે દરેકની સ્મૃતિનો તેટલી હદે વિકાસ થતો નથી. દરેકની બુદ્ધિ અને સ્મૃતિ નિર્મળ થતી નથી. તે સિવાય યાદ રાખવા જેવી વસ્તુઓ યાદ રાખવી અને ભૂલવા જેવી વસ્તુઓ ભૂલી જવી એ ટેવ ન પડવાના કારણે ઘણો નકામો કચરો જામે છે તે હટતો નથી.

ક્તિથી માણસ સંતાનવૃદ્ધિમાં પડે છે ત્યારે સ્મૃતિ, વિકૃત થાય છે, એટલે મોટા થયા બાદ જેને જાતિસ્મરણ જ્ઞાન થાય છે તેનું કારણ અંતઃકરણની વધારે નિર્મળતા, પવિત્રતા અને અનાસક્તિ છે; તેમજ જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ પણ કારણભૂત હોય છે. સ્મૃતિવિકાસ જ્યારે તીવ્ર બને છે ત્યારે પૂર્વભવોનું વ્યક્તિગત અને પારસ્પરિક સ્મરણ થાય છે.

યોગદર્શનમાં પૂર્વજન્મ સ્મૃતિનું કારણ બતાવ્યું છે :—

अपरिग्रहस्थैर्ये जन्मकथन्ता संबोधः ॥

એટલે કે પરિગ્રહવૃત્તિ–આસક્તિ–મમતાવૃત્તિ દૂર થવાથી અપ્રમત્ત ભાવ સ્થાયી થવાથી પૂર્વજન્મોની વાતોનું સ્મરણ થાય છે. જૈનધર્મ-ગ્રંથોમાં પૂર્વ જન્મસ્મૃતિનાં ઘણા દાખલાઓ મળે છે. તેમાંથી બે એક પ્રસંગો જોઈએ.

એક સ્ત્રી અને એક પુરુષ આઠ જન્મોથી સાથે હતા. નવમે જન્મે અરિષ્ટનેમિ અને રાજામતી તરીકે તેઓ જન્મે છે. પછી લગ્નગ્રંથીથી પતિ-પત્ની તરીકે જોડાવાની તૈયારી કરે છે. પણ પ્રસંગ એવો બને છે કે અરિષ્ટનેમિ રથમાં બેસીને પોતાની જાન સાથે પરણવા જઈ રહ્યા હોય છે ત્યાં રસ્તામાં વાડામાં પુરાયેલા પશુઓનો કરૂણ અવાજ સાંભળી તેમનું હૃદય દ્રવી ઊઠે છે. સારથિને પૂછતાં તેમને જાણવા મળે છે કે તેમની સાથે આવેલા જાનૈયા માટે, ભોજન નિમિત્તે આ બધાનો વધ કરવાનો હોય છે. તે જાણી તેમણે સારથિને વાડો ઉઘાડી દેવાનું કહ્યું. પશુઓ મુક્ત થાય છે અને તેઓ પોતાનો રથ પાછો વળાવી લે છે. તેથી જાનમાં ખળભળાટ થાય છે. અરિષ્ટનેમિ તેમને પશુદયા અને સંયમનો સચોટ ઉપદેશ આપે છે. તેઓ પોતે સાધુ દીક્ષા લઈ લે છે.

આ બધું જાણીને રાજામતીને ઘણી ચિંતા થાય છે. તેની સખીઓ તેને દિલાસો આપે છે અને બીજા પુરુષને વરવાનું કહે છે, પણ, રાજામતીનું ચિત્ત તો અરિષ્ટનેમિમાં પરોવાઈ ગયું હતું. તેઓ ચિંતન કરે છે અને તેમ કરતાં કરતાં તેમને પૂર્વના આઠ ભવોના સંબંધનું સ્મરણ થઈ આવે છે.

પૂર્વજન્મની સ્મૃતિથી જે ઊંચે ચઢે છે તેની તે સ્મૃતિ ચિરસ્થાયી રહે છે; નહિતર થોડાક કાળ પછી ભુંસાઈ જાય છે. અહીં સવાલ એ થશે કે બધાને જન્મ-જન્માંતરની વાત કેમ યાદ રહેતી નથી? તેનું કારણ એ છે કે આપણે અસહજ જીવન જીવીએ છીએ. જીવનમાં સહજતા, અનાસક્તિ વગેરે હોય તો પૂર્વજન્મની વાતો પણ યાદ આવે; નહિતર ભૂલી જવાય.

પૂર્વજન્મ સ્મૃતિનો બીજો પ્રસંગ છે—ચિત્ત અને સંભૂતિનો. તે બને ભાઈઓ હતા. પાંચ પાંચ જન્મથી તેઓ એક જ ઘરે જન્મ્યા હતા. સાથે રહ્યા હતા. પણ છઠ્ઠે ભવે અલગ-અલગ ઘરે તેમણે જન્મ લીધો. કારણ કે એકમાં આસક્તિ હતી, બીજામાં અનાસક્તિ હતી.

છઠ્ઠા ભવમાં ચિત્ત એક નગર શેઠને ત્યાં પુત્ર રૂપે જન્મ્યો. ત્યાં તેનું પાલણ-પોષણ સારી રીતે થયું. તેને જ્ઞાન-ધ્યાનમાં વિકાસ કરવાના સાધનો મળ્યાં અને તેણે વિકાસ સાધ્યો. એક વાર ચિત્ત એક મુનિનું પ્રવચન સાંભળવા ગયો. ત્યાં તેને પૂર્વજન્મની સ્મૃતિ થઈ આવી. તેથી તેને વૈરાગ્ય થયો અને તેણે મુનિદીક્ષા લીધી. સાથે જ તેને પોતાનો ભાઈ સંભૂતિ મળે તો તેને પણ વૈરાગ્ય પમાડવાની ઇચ્છા પ્રબળ થઈ.

સંભૂતિ બ્રહ્મદત્ત ચક્રવર્તી રાજા રૂપે જન્મ્યો. તેને બધા પ્રકારની સાહ્યબી મળી. તે એમાં જ મગ્ન રહેતો. એક વાર તે એક બગીચામાં બેઠો બેઠો આનંદ માણતો હતો કે તેણે એક ફૂલનો ગુચ્છ જોયો. તે જોઈને તેનું ચિત્ત વિચારના ચકડોળે ચડ્યું. તેણે જો કે એ ગુચ્છો પહેલીવાર જોયો નહોતો તે છતાં તેને થયું કે "આવું મેં ક્યાંય પહેલાં જોયું છે!"

આંતરિક આંદોલન જાગતાં જાગતાં અનેક નવીન સંસ્મરણો તાજાં થવા લાગ્યાં. તેમાંથી તેને પોતાના પૂર્વભવોની સ્મૃતિ થઈ. પાંચ-પાંચ જન્મ લગી બંને ભાઈ તરીકે રહ્યા—હવે તે ભાઈ ક્યાં હશે? તેને મળવાની તાલાવેલી એના હૃદયમાં લાગી. એટલે તેને શોધી કાઢવા

માટે એક શ્લોક તેણે પાંદડા ઉપર લખ્યો :—

"आसी दासा मिया हंसा चंडाला अमरा तहा"

—તેણે એ શ્લોક રચી પોતાના સેવક વડે ઢંઢેરો પીટાવ્યો કે 'જે મારા અડધા શ્લોકની પૂર્તિ કરશે તેને હું અડધું રાજ્ય આપીશ।" ઘણા લોકો તેની જાત જાતની પૂર્તિ કરીને આવવા લાગ્યા પણ બ્રહ્મદત્તને તે ન રુચી.

યોગાનુયોગે ચિત્ર મુનિ ગામે ગામ વિચરતા આ ગામમાં આવ્યા. ગામમાં માળીએ તેમને ઉતારો આપ્યો. માળીને પણ અડધા રાજ્યની લાલચ હતી એટલે તે પણ પેલો અડધો શ્લોક ગોખ્યા કરતો. ચિત્રમુનિએ તેને ધ્યાનથી સાંભળ્યો. તેમણે માળીને પૂછ્યું કે "આ શું છે?"

માળીએ તેમને બધી વાત કરી. ચિત્રમુનિને તે ભાઈને પ્રતિબોધવાનો અવસર હતો. એટલે તેમણે તે શ્લોકની પાદપૂર્તિ આ પ્રમાણે કરીને માળીને આપી :— "इमाणो छट्ठिया जाइ, अन्नमन्नेण जा विणा"

પેલા માળીએ તે અડધો શ્લોક યાદ કરીને બ્રહ્મદત્ત ચક્રવર્તીને સંભળાવ્યો. બ્રહ્મદત્ત તે સાંભળતાં "મારો ભાઈ" એમ કહી મૂર્છિત થઈ ગયા છે. સૈનિકોએ પેલા માળીને કેદ કર્યો અને ધમકાવ્યો ત્યારે તેણે કહી દીધું કે "આ શ્લોક તો ગામમાં વિચરતા મુનિએ બનાવ્યો છે." સૈનિકો મુનિને વિનંતિ કરી ચક્રવર્તી પાસે લઈ ગયા. બ્રહ્મદત્ત ચક્રવર્તીએ હોશમાં આવીને ચિત્ર મુનિને નિહાળ્યા. મુનિને જોતાં સ્પર્શ ત્યાગી આવે ને બોલી શક્યા. "મારો ભાઈ ..."

મુનિએ કહ્યું : "આ આપણો છઠ્ઠો જન્મ છે!"

મુનિએ ત્યાર બાદ વિગત ભવોની વાતો આ પ્રમાણે કહી સંભળાવી. આપણે પહેલાં દાસ રૂપે હતા. બીજા જન્મે કાલિંજર નામના પર્વત ઉપર મૃગલા થયા. ત્રીજે જન્મે હંસ થયા. પછી કાશીમાં ચાંડાલને ત્યાં

જન્મ્યા. તે વખતે નમુચિ નામનો પ્રધાન હતો. તે લંપટ અને વ્યભિચારી હતો. તેથી રાજાએ તેને મૃત્યુદંડની સજા આપી. તેને ફાંસીએ ચઢાવવા આપણા પિતા ચંડાલને દયા આવી અને તેને બચાવી લીધો અને પોતાને ઘેરે ગુપ્ત રાખ્યો. તે ગુપ્ત રીતે આપણને સંગીત શીખવાડતો રહ્યો. પણ ફરી કુટિલતાના કારણે તે ત્યાંથી હસ્તિનાપુર ગયો. ત્યાં ચાલાકીથી પ્રધાન થયો.

"આ તરફ આપણે (ચિત્ત અને સંભૂતિ) સંગીતમાં પાવરધા થઈને આખી પ્રજાને આકર્ષવા લાગ્યા. તેથી દ્વેષીલા સંગીતશાસ્ત્રીઓએ આપણને હલકાં વરણના અયોગ્ય ઠરાવી રાજા પાસે ફરમાન લઈ ત્યાંથી હાંકી કાઢયા. જિંદગીથી કંટાળીને આપણે પહાડ ઉપર ગયા અને પડતું મૂકવાની તૈયારી કરતા હતા; ત્યાં એક પવિત્ર સાધુનો ભેટો થયો. તેણે આપણને બચાવ્યા અને સાધુ-દીક્ષા આપી, જ્ઞાન-ધ્યાન શીખવ્યાં.

"આપણે ઉગ્ર તપસ્યાઓ કરવા લાગ્યા. તેના પ્રભાવે આપણને લબ્ધિઓ મળી. વિચરતા-વિચરતા આપણે હસ્તિનાપુર ગયા. ત્યાં ભિક્ષા લેવા જતાં પેલા નમુચિ મંત્રીએ જોયા અને કદાચ તેને ઉઘાડો પાડશું એવી બીક અને શંકાના કારણે તેણે આપણને નગરી બહાર કઢાવ્યા.

આવાં અસહ્ય અપમાનથી આપણે સળગી ઊઠયા. આપણે આપણી લબ્ધિનો ઉપયોગ કર્યો. નગરીમાં આગનો ભડકો ઉઠવા લાગ્યો આખી નગરી ગભરાણી લોકો રાજા પાસે પોકાર પાડવા ગયા. કોઈકે રાજાને કહ્યું: "આપણી નગરીમાં બે મુનિઓનું અપમાન થયું છે તેના કારણે આમ થયું છે!"

તેથી રાજા પોતાની ચતુરંગિણી સેના, રાણી-દાસીઓ સાથે આવ્યો. તેણે આપણને ખુબ જ વિનતિ કરી. રાજાની વિનવણીથી આપણે લબ્ધિઓ પાછી સંકેલી લીધી. અને નગરીમાં શાંતિ થઇ ગઇ.

આટલું કહી ચિત્ત મુનિએ કહ્યું: "પણ, બંધુ! તમને તે વખતે રાજાની સાહેબી વગેરેનું આકર્ષણ એટલું બધું થાય છે કે તમે મારી

પછી ના છના ચક્રવર્તીની ઋદ્ધિને નિવારે [illegible]
રહ્યું છું. પણ ત્યારથી આપણાં [illegible]
પામી શ્રેષ્ઠીપુત્રરૂપે [illegible] અને વૈ[illegible]
નિયાણા પ્રમાણે બ્રહ્મદત્ત ચક્રવર્તી થયા [illegible]
જ્ઞાન થયું હતું એટલે તમે પણ [illegible]
અંતરની અભિલાષ [illegible]
રહીને ન હોય [illegible]
સાધુ ન બની શકો તો ગૃહસ્થ [illegible]
નીતિ ન્યાયથી ચાલો.

બ્રહ્મદત્ત ચક્રવર્તી [illegible]
તમારા દર્શન કરી [illegible]
ઉત્પન્ન થઈ શકે તેમ નથી [illegible]
ભોગાસક્તિ નિવૃત્તિ થઈ શકે તેમ નથી [illegible]

મુનિ તેમને પણ [illegible]
ચિત્રમુનિ ત્યાંથી વિહાર કરી [illegible]
ઉત્તમ પદે પહોંચી [illegible]
સંભૂતિ-મુનિ [illegible]

તાત્પર્ય એ છે કે પૂર્વ[illegible]
બહાર થઈ પણ [illegible]
કોઈ [illegible] પણ પૂર્વ[illegible]
થઈ હતી તે ધ્યાન [illegible]

*[illegible] કરીને [illegible] કરી હતી.

સ્મૃતિ વિકાસ ચરમ ઉદ્દેશ્ય—આત્મસ્મૃતિ

એ તો સ્પષ્ટ થઈ ગયું છે કે સ્મરણ શક્તિ એ આત્માની અનંત શક્તિઓ પૈકીની એક શક્તિ છે. તેનો વ્યવસ્થિત રીતે વિકાસ થાય તો એ ખીલી શકે છે. આ સ્મૃતિ વિકાસની અલગ અલગ ભૂમિકાઓમાંથી જીવ કઇ રીતે પસાર થાય છે અને અંતે આત્મ વિકાસની ભૂમિકામાં આનંદમગ્ન સ્થિતિમાં કઈ રીતે પહોંચે છે તે અંગે અત્રે વિચાર કરવાનો છે.

વૈદિક દૃષ્ટિએ સ્મૃતિની જે અલગ અલગ ભૂમિકા છે; તે ક્રમશઃ નીચે પ્રમાણે છે.

(૧) અન્નમય કોષની ભૂમિકા

(૨) પ્રાણમય કોષની ભૂમિકા

(૩) મનોમય કોષની ભૂમિકા

(૪) વિજ્ઞાનમય કોષની ભૂમિકા

(૫) આનંદમય કોષની ભૂમિકા

આમાં સ્મૃતિનો વિકાસ કેવી રીતે વધે છે, તે વધારે વિવેચન પૂર્વક જોઈએ.

અન્નમય કોષની ભૂમિકા : આ સ્મૃતિની પહેલી ભૂમિકા છે. તેમાં શરીર તેમજ તેને ટકાવવા માટેનાં આહાર વિહારની જ સ્મૃતિ હોય છે. સામાન્ય રીતે જીવન–વિકાસને પહેલે પગથિયે ઊભા રહેનાર દરેક જીવાત્માને શરીરનો વિચાર પહેલાં આવે છે. શરીરની સ્મૃતિ થાય એટલે કાંઇક ખૂટતું લાગે છે; એમ થાય છે. એટલે કે તેને ભૂખ લાગે છે. તે માટે શું કરવું ? એનો વિચાર થતાં ખોરાક જોઈએ. તે ગમે તે રીતે ખોરાક મેળવે છે. પછી તેને એ ખ્યાલ નહીં આવે કે આ ખોરાક સારો છે કે નહીં ?

તે ખોરાક કઈ રીતે મેળવેલો છે? પ્રમાણિક સાધનોથી કે અપ્રમાણિક સાધનોથી? કારણકે જીવ એ વખતે અન્નમય કોષની ભૂમિકામાં હોય છે. ને કેવળ સ્થૂળ ઉપર ઉહાપોહ–વિચાર કરતો હોય છે. અન્નમય કોષની ભૂમિકામાં માણસ ટેવને આધીન હોય છે. તેને યાદ રાખવું છે, એમ નહીં લાગે કદાચ યાદી આવે તો પણ ફિકર નહીં.

આવી સ્મૃતિ મનુષ્યો સિવાય પશુઓ અને સામાન્ય જીવોને પણ હોય છે. એકેંદ્રિય જીવો વનસ્પતિ પણ આજ ભૂમિકામાં વિકાસ કરતા હોય છે. અહીં કેવળ શરીર છે તેને પોષવા માટે આહાર જોઈએ. તે ગમે તેમ મેળવવો એટલી સ્મૃતિ રહે છે અને તે પ્રમાણે જીવો આહાર મેળવે છે તે અંગે તે હિંસક પણ બની શકે છે. જેમકે હિંસક પશુઓ વનસ્પતિઓ સુદ્ધાં—અન્ય જીવોનું ભક્ષણ કરે છે. માણસ પણ હિંસક–અહિંસક સાધનો વાપરે છે એટલે અન્નમયકોષની ભૂમિકામાં સ્મૃતિ શરીર સંબંધી યાદી રૂપે રહે છે. આ ભૂમિકામાં રહેલ જીવને કહેવું પડતું નથી કે ભૂખ લાગી છે, માટે ખાવા આવો તેથી જ કહેવત પડી છે કે "બીજું બધું ભૂલી જાઓ છો, પણ ખાવાનું કેમ ભૂલતા નથી?"

પ્રાણમય કોષની ભૂમિકા : શરીર પછી શરીરથી સંબંધિત આજુબાજુની વસ્તુઓ અને વસતિની યાદી આ ભૂમિકામાં આવે છે તેથી તેમાં જાતીય ભાવના જાગે છે ને વિચારે છે કે મારું કંઈ ન હોય તો શું? આ ભૂમિકાવાળો માણસ પુત્રૈષણા, વિત્તૈષણા અને લોકૈષણામાં રાચતો હોય છે. તે પુત્ર, પૈસો અને પ્રતિષ્ઠામાં રાચે છે.

સામાન્ય રીતે જાતીય આવેગોની સ્મૃતિ એવી રહે છે તેના કારણે તે પ્રસંગે તે વિકાર વાસનાને વશ બને છે અને જાતીય સંબંધો બાંધવા પ્રેરાય છે, વ્યભિચાર કરવા પણ પ્રેરાય છે અને તેને અંગે બળાત્કાર વગેરે પણ કરી નાખે છે. કામ જીવન પણ આ ભૂમિકામાં આવે છે. તેથી કરીને પોતે જાતીય જીવનની સાથે તેને એ સ્મૃતિ રૂપ

છે—બાળકોનું શું? પત્નીનું શું! આવી સ્મૃતિ પશુઓમાં પણ હોય છે. મનુષ્યમાં વિશેષ વિકસિત હોય છે. આ ભૂમિકામાં જીવ પોતાનાથી આગળ વધી વંશ-કુટુંબ સુધીનું વિચારે છે.

મનોમય કોષની ભૂમિકા : કુટુંબ પછી ગામની, જ્ઞાતિની કે સમાજની સ્મૃતિ આવે છે. હું જે ગામમાં રહું છું. જે જ્ઞાતિમાં રહું છું તેનું મારે કંઈ કરવું જોઈએ અથવા મારે સમાજના કાયદામાં રહીને ચાલવું જોઈએ; એવી ભાવના મનોમય કોષમાં હોય છે. આમાં પ્રાંત, સમાજ, રાષ્ટ્ર વગેરેના હિતની ભાવનાનો પણ સમાવેશ થઈ જાય છે.

આ ભૂમિકામાં પહોંચેલ વ્યક્તિ જો સાધક હોય તો તે આજીવિકા માટે અનર્થ કરતો નથી, વધારે પરિગ્રહ રાખતો નથી, ગૃહસ્થ હોઈને પણ અનાયાસે બ્રહ્મચર્યનું જતન કરી શકે છે. મનોમય કોષની ભૂમિકામાં સ્મૃતિનો વળાંક સ્વ ઉપરથી વિશ્વ ભણી વળે છે.

વિજ્ઞાનમય કોષની ભૂમિકા : આ ભૂમિકામાં સાધકની સ્મૃતિ પરિપક્વ થઈ જાય છે. એટલે તે સાચો અને તાત્કાલિક નિર્ણય કરી શકે છે. 'મારાથી આ થાય, આ ન થાય", 'આ મારું કર્તવ્ય છે, આ મારું કર્તવ્ય નથી', આમ તેની સ્મૃતિનો ઘણો વિકાસ થાય છે. આમાં માણસો એવી વાતો યાદ રાખી શકે છે કે "હું ઊંચે જવા સર્જાયો છું એટલે મારે એવી વાતો યાદ રાખવાની છે કે જેથી, હું વૃત્તિ કે આવેગોને આધીન થયા વગર અંતરાત્મામાં ઊંડો ઊતરી શકું।" વૃત્તિને આધીન સ્મૃતિ એટલે કે કોઈએ ઠપકો આપ્યો કે મેણાં ટોણાં માર્યા તે યાદ રાખવાની વૃત્તિ. આ છીછરી સ્મૃતિ છે અને ભૂલવા જેવી છે. બીજા મુશ્કેલીમાં ન મુકાય, તેવી રીતે વર્તવું કે બીજાની મુશ્કેલીઓ દૂર કરવી એવી સ્મૃતિ અન્તઃ-સ્મૃતિ છે. આવી સ્મૃતિ વિજ્ઞાનમય કોષમાં સહજ રીતે થાય છે.

આનંદમય કોષની ભૂમિકા :

વિજ્ઞાનમય કોષથી માણસ આગળ વધે છે એટલે આનંદમય કોષની ભૂમિકા આવે છે. ત્યાં તેને બાહ્ય દોષો સ્પર્શતા નથી; રાગદ્વેષ સ્પર્શતા

નથી. ને કેવળ આનંદ ને આનંદ અનુભવે છે એ ભૂમિકામાં મિત્ર કે શત્રુ બન્ને જોના તેનામાં વાત્સલ્ય જ પ્રગટે છે. જગત સમસ્ત ઉપર મેઘસરખું સતત વાત્સલ્ય વરસાવતા રહેવાની જેની ટેવ બને છે અને તેની સ્મૃતિ-ધારી એટલી હદે નિર્મળ બને છે તેને આનંદમય કોષની ભૂમિકા કહી શકાય છે.

વિજ્ઞાનમય કોષની ભૂમિકામાં કેટલીક વાર માણસ ઊંડે ઊતરીને વિચાર તો કરી શકે છે કે, કર્તવ્ય શું છે? અકર્તવ્ય શું છે? છતાં કામ-દ્વેષ કષાય-વિકારના હુમલાઓ તેને પજવી શકે છે. તેથી તે બધે પહોંચી જતો નથી; પણ તે વિચારે છે તે પ્રમાણે આચરી શકતો નથી. એ કે તે અનિષ્ટ-આચરણ કરવા ઇચ્છતો નથી પણ પૂર્વ સંસ્કારના યોગે અનિષ્ટમાં પ્રવર્તતો હોય છે એટલે જ ગીતામાં કહ્યું છે—

'सदृशं चेष्टते स्वस्याः प्रकृते र्ज्ञानवानपि ।
प्रकृतिं यान्ति भूतानि, निग्रहः किं करिष्यति ॥

જ્ઞાની પુરુષો પણ પોતાની પ્રકૃતિ પ્રમાણે પ્રયત્ન કરે છે. પ્રાણીઓ પોતાની પ્રકૃતિને અનુસરે છે એટલે ત્યાં નિગ્રહ શું કરશે?

આ પ્રકૃતિના પ્રભાવ અંગે ગીતામાં કહ્યું છે કે —

प्रकृतिं स्वामवष्टभ्य विसृजामि पुनः पुनः ।
भूतग्राममिमं कृत्स्नमवशं प्रकृतेर्वशात् ॥

આ આખો પ્રાણી સમૂહ પ્રકૃતિને વશ છે. પ્રકૃતિજન્ય ગુણો ત્રણ પ્રકાર છે. સત્વગુણ, રજોગુણ અને તમોગુણ. એ ત્રણેથી આ જગત ઘેરાયેલું છે.

જૈન તત્ત્વજ્ઞાનમાં આ અંગે એક સુંદર વાત કહેવામાં આવી છે કે આત્મા ઉપર આઠ કુંભ પ્રકૃતિ હોય છે. બે નાંખે અને તેને. અધિકાર બતાવો હોય તો તે કુંભ પ્રકૃતિમાં શાને આવીને કબજ કરે છે, એટલે કે તે બાધ ઉપર કહે છે. કર્મ તેમાં ૫૯૦; ૫૯૦ જૂથ

હોય તો પણ એમાં કંઈક આવરણ પડેલાં હોય છે—ચેતનાનું તત્ત્વ રહેલું હોય છે. તે તરફ રુચિ થાય તો તે અંધારાને જોઈ શકે અને પોતાનું ભાન કરી શકે. આત્મ-જ્ઞાનનો પ્રકાશ થવાથી અંધારું સાવ દૂર થઈ શકે છે. પણ આ ભૂમિકા વિજ્ઞાનમય કોષની હોય છે.

ત્યારે, આનંદમય કોષમાં તો તેને ચેતનાની સતત સ્મૃતિ કાયમ રહે છે. તેને આત્મજ્ઞાનની, આત્મગુણોની અને આત્મસ્વરૂપની અખંડ સ્મૃતિ રહે છે. તેથી આ ચેતનરૂપ આત્મા આનંદ-ઉલ્લાસ અને આત્મ-મસ્તીમાં રહે છે. તે પરભાવથી દબાતો નથી, પરભાવ એને પરતંત્ર પણ કરી શકતો નથી. પ્રકૃતિ તેને ઘેરી શકતી નથી. તે સ્વતંત્ર નિજાનંદમાં મસ્ત રહે તેવી સ્થિતિ આનંદમય કોષની હોય છે.

"હું કોણ છું?"ની ઝાંખી અને સ્પષ્ટદર્શન :

એવી દશામાં તેને ભાન થાય છે હું કોણ છું? અને તેનું દર્શન સ્પષ્ટ બનતાં તે કહી ઊઠે છે "સોઽહમ્" તેથી જ જગદ્‌ગુરુ શંકરાચાર્ય કહે છે તેમ :—

> कोऽहम् कथमिदं जातं, को वै कर्ताऽस्य विद्यते ।
> उपादानं किमस्तीह विचारः सोऽपमिहशः ॥

એટલે કે હું કોણ છું? ક્યાંથી આ શરીર થયું? એ શરીરનો કર્તા કોણ? અહીં તેનું ઉપાદાન શું? એવો આત્મસ્મૃતિને પોષક વિચાર જ માણસને થતો હોય છે.

શ્રીમદ્‌રાજચંદ્રજીએ સ્મૃતિનો વિકાસ શતાવધાની રૂપે કરીને આવો જ વિચાર કર્યો હતો. તેમણે કહ્યું :—

> **હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?**
> **કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરિહરું?**

સૌથી પહેલાં એ વિચાર આવે છે કે હું કોણ છું? પ્રાર્થના ભૂમિકાવાળો કેવળ શરીર સુધી વિચાર કરતો હોઈને તે હું આ નામનો

હું એવો જ વિચાર કરીને રહી જાય છે. પછી તેને થાય છે કે આ શરીર તો નશ્વર છે તો હું કોણ છું ? ત્યારે એ વિચારે છે અને બધી ભૂમિકા વટાવીને છેવટે તેને ખ્યાલ આવે છે કે હું અનંત શક્તિવાળો ચેતન છું.

પછી તે પ્રશ્ન પૂછે છે કે હું ક્યાંથી થયો ? ક્યાંથી આવ્યો ? મારું ખરું સ્વરૂપ શું છે ? આ બધા સંબંધો અને વળગાડો સ્વાર્થી કે પરમાર્થી ! એ સંબંધો જાળવવા કે છોડવા ? અથવા નિર્લેપતા જ જાળવવી. આ બધા વિચારો આનંદમય કોષની ભૂમિકાવાળી વ્યક્તિને આવે છે.

ત્યાં તેને આત્માનાં દર્શન થાય છે—સાક્ષાત્કાર થાય છે. કેટલાક દૃશ્ય સાધકોને અવ્યક્તબળ ઉપર શ્રદ્ધા પૂર્વક ટકી રહેવાની અંતઃસ્ફુરણા થાય છે. તેથી તેને આત્માના સ્વરૂપનું દૃઢ ભાન થઈ જાય છે. આત્મ સાક્ષાત્કાર એટલે કોઈ સ્થૂળ વસ્તુના દર્શન થતાં નથી પણ તેને અંતરમાં પોતાના આત્માનાં દર્શન થાય છે. ત્યારપછી તે બહારની વસ્તુઓ સાથે સંબંધ રાખવા છતાં અંતરની સ્મૃતિને ભૂલતો નથી. તેનું આત્મનિરીક્ષણ શરૂ થાય છે. આત્માના શુદ્ધ સ્વરૂપ આગળ આ બધી આળનો-દોષો વગેરે ક્યાંથી હોઈ શકે ! બીજાના દોષો એ મારા દોષો છે તેને દૂર કરવા જોઈએ. આમ તે પોતાની શુદ્ધિ કરતો જાય છે. તે સતત આત્મસ્મૃતિમાં હંમેશા જ રહે છે. અહીં દોષો અન્યને તેના સ્પર્શથી શુદ્ધ થઈ જાય છે.

આત્માની એ મસ્ત દશા :

આવી અંતઃસ્ફુરણાથી આત્મસાક્ષાત્કાર જેને થયો છે તેની મસ્ત-દશા કેવી હોય છે તેનો એક દૃષ્ટાંત પ્રમાણ જોઈએ

આજરોજ એક [illegible] વિશ્વના પ્રવચનમાં [illegible] નગરીમાં [illegible] નામના એક યુવકને ઉપદેશ આપતાં અંતઃસ્ફુરણાની વાત કરી હતી. અને તેઓ સંયમ માર્ગે ગયા ત્યારે [illegible] મુનિના નામે પ્રસિદ્ધ થયા.

એકવાર વિહાર કરતા તેઓ મંડીકુક્ષિત નામના ચૈત્ય ઉદ્યાનમાં શાંતભાવે બેઠા હતા. ત્યાં મગધ સમ્રાટ શ્રેણિક (બિંબીસાર) આવ્યા. આ મુનિનો દીપ્યમાન અને ચુંબકની જેમ આકર્ષી લેતો ચહેરો જોઈને સમ્રાટ તેમની નજીક જાય છે—વંદન કરે છે.

સમ્રાટ શ્રેણિકને બહુ આશ્ચર્ય થાય છે કે આવો તેજસ્વી યુવક અને ભવ્ય ચહેરાવાળો પુરુષ જુવાનીમાં શા માટે સાધુ બની ગયો હશે! એને શું દુઃખ હશે? એનાં શરીરને પૂરાં કપડાંયે નથી! બીજા કોઈ સુખસગવડનાં સાધનો પણ નથી! એ કંટાળીને તો ઘેરથી નહીં નીકળ્યો હોયને! રાજા તરીકે મારી ફરજ છે કે મારા રાજ્યમાં જો કોઈ દુઃખીયો હોય તો તેની સંભાળ લેવી.

તેથી શ્રેણિક રાજા તે મુનીને પૂછે છે! "તમને જોઈને તમારા પ્રતિ મને બહુ માન ઉપજે છે! તમારાં રૂપ, યૌવન અને કાંતિ જોતાં તમે શા માટે આ કષ્ટકારી માર્ગ લીધો છે તેની સમજણ પડતી નથી. તમને કંઈક દુઃખ છે! જો તમે મને કહેશો તો તે હું દૂર કરી શકીશ. ચાલો મારી સાથે બધી સુખસગવડો ભોગવો!"

અનાથી મુનિ તે સાંભળી રહે છે. તેમને આત્મસાક્ષાત્કાર થઈ ચૂકયો હોય છે એટલે તેઓ શ્રેણિકને પોતાની તરફ આકર્ષી શકયા. પણ તેઓ એની ભૌતિક સંપત્તિની લાલચો તરફ જરાયે લલચાતા નથી. તેઓ મૌન રહે છે.

શ્રેણિક રાજા ફરી પૂછે છે: "હું રાજા છું—મને કહો તમે શેની શોધમાં છો? હું તમને તે અપાવી દઈશ!"

અનાથી મુનિએ કહ્યું: "રાજન્! હું તો અનાથ છું—નાથની શોધમાં છું એટલે મારું નામ પણ મેં અનાથી રાખ્યું છે!"

રાજાને થયું કે આના કોઈ નહીં હોય! બસ, એટલી જ વાત હતી તો તેને તો દૂર કરી શકાય. તેણે કહ્યું: "ચાલો! હું તમારો નાથ બનીશ,

અનાથનું આધાર સ્થાન બનીશ, બસ! તમને ખાવા પીવા રહેવાની બધી સગવડ કરી આપીશ!"

અનાથી મુનિનો ટકોરો પડે છે, "રાજન! તું પોતે જ પોતાનો નાથ નથી, પછી મારો નાથ ક્યાંથી બનીશ!"

શ્રેણિકને થાય છે કે આ મુનિને મારો પરિચય ક્યાંથી હોય! તેથી કહે છે: "મુનિવર! હું મગધ સમ્રાટ શ્રેણિક છું. મગધ પ્રજાનો નાથ છું. તમે મારા હોવા છતાં અનાથ શા માટે રહો! મને તમારા પ્રતિ આકર્ષણ થયું છે. મારી સાથે તમે ચાલો. તમને એક પણ એમ નહીં લાગે કે તમો અનાથ છો! બધાં સુખ-ભોગ, વૈભવ-વિલાસ તમારાં ચરણ ચૂમતાં આવશે!"

મુનિ કહે છે: "એમ નહીં! હું જે નાથની શોધમાં છું તે બીજો જ છે! મારે તો પણ આ બધી વાતની કમી ન હતી. પણ આ બાહ્ય વસ્તુઓનું શરણું શું કામનું! હું પણ મા-બાપ વડીલ સૌને મારા શરણદાતા-નાથ માનતો હતો પણ એક રાતે જાગીને જોયું તો બધાં નાથ અનાથ જેવા લાગ્યા!"

એમ કહી મુનિએ પોતાની આપવીતી સંભળાવી. તેમણે કહ્યું. હું તો આત્માના નાથને શોધવા નીકળી પડ્યો છું. બૌદ્ધગ્રંથોમાં કહ્યું છે—

अत्ताहि अत्तनो नाथो, कोहि नाथो परोसिया

—આત્મા એ જ આત્માનો નાથ છે! કોણ બીજો નાથ બની શકે!

—જે દુઃખ થાય છે તે મન, શરીર, કુટુંબ વગેરેને નાથ સ્વરૂપ માનવા જઈએ ત્યારે જ થાય છે. એ બધા ઉપર વિજય મેળવો ત્યારે જ આત્માનો ખરો નાથ બની શકો. આત્મા મને એ કે અહંકાર સાથે યુદ્ધ કરી, વિજય મેળવી તે મંદિર બને છે—નાથ બને

છે પણ આ શરીર–ઈન્દ્રિય અને મન સાથે યુદ્ધ કરતો નથી. તેથી ઘણા આગમો પણ જૈનસૂત્રો કહે છે:—

अप्पाणमेव जुज्झाहि किं ते जुज्झेण बज्झओ

—તું પોતાના આત્માનાં ઈન્દ્રિય–મન વગેરે સાથે યુદ્ધ કર! આત્મતત્ત્વને પ્રકાશમાન રાખ! બહારનાની સાથે યુદ્ધ કરવાથી શું ફાયદો!" અંતે હું ખૂબ ઊંડો ઊતરતો ગયો અને મને થયું કે જેને હું બહાર શોધું છું તે મારી અંદર પડ્યું છે. મને શાંતિ મળી ગઈ, હું તૃપ્ત થઈ ગયો. મને બહારની વસ્તુ જોઈતી નથી.

આવી આત્મસ્મૃતિની મસ્તવાણી સાંભળીને રાજા શ્રેણિકને સત્ય સમજાઈ ગયું. તેને સંતોષ થયો. તેણે મુનિને વંદના કરી તેમજ તકલીફ આપ્યા બદલ ક્ષમા માંગી તે પોતાના સ્થાને ગયો.

અહીં એક વિશેષ વાત એ પણ સમજી લેવી જોઈએ કે કેટલા સ્વાર્થી લોકો એવો અર્થ તારવે છે કે માતા–પિતા, સગાં–વહાલાં સૌ સ્વાર્થી છે, મતલબી છે. એમને છોડવાથી જ શાંતિ મળે છે–પણ એ અર્થ બરાબર નથી. જ્યારે એમને મને બાહ્ય–વસ્તુઓને આધાર માની

---

* અનાથી મુનિની કથાનો સારાંશ એ છે કે તેમને દારુણ વેદના જાગે છે. મા–બાપ, પત્ની–પુત્ર, ભાઈ–બહેન બધાં સંવેદના પ્રગટ કરે છે પણ દર્દ ઘટતું નથી. વૈદક અને અન્ય પ્રકારના ઈલાજે પણ વેદનાને ઘટાડી શકતા નથી. તેનું દર્દ અસહ્ય થઈ જાય છે. બધાં દુઃખમાં હમદર્દી ભરીને રહી જાય છે. તેમને પણ થાય છે કે હવે કંઈ બચવાનો નથી. તેથી એક પાછલી રાતે જાગીને સંકલ્પ કરે છે કે જો હું સાજો થઈશ તો બધાનો ત્યાગ કરીને સત્ય શોધવા નીકળી પડીશ. યોગાનુયોગ તેમને સારું થાય છે અને ઘરવાળાની બધી પ્રાર્થના આજીજી બાજુએ રાખી તેઓ સાધુ બનીને ચાલી નીકળે છે. ત્યાં તેમને શ્રેણિકરાજ મળે છે અને નાથ–અનાથ અંગે સારી એવી પ્રશ્નોત્તરી થાય છે. તેનું વર્ણન જૈનસૂત્ર ઉત્તરાધ્યયનમાં મળે છે. —સંપાદક

સેવામાં આવે છે અને એમની પાસેથી અમુક અપેક્ષા રાખવામાં આવે છે, અને એ અપેક્ષા પૂરી થતી નથી ત્યારે દુઃખ થાય છે. પણ જો નિષ્કામભાવે—અનાસક્ત થઈને રહો અને અપેક્ષા ન રાખો તો આપમેળે એમનામાં પણ કર્તવ્યભાવના જાગૃત થશે. ટૂંકમાં, સગાંવહાલાંમાં પણ આત્મસ્વરૂપ જોવું જોઈએ. તેમનું અસલી સ્વરૂપ જોઈએ, ત્યારે એ બધાં વળગાડરૂપે નહીં લાગે.

ઉપનિષદમાં આ અંગે એક સુંદર રૂપકકથા આવે : —

નચિકેતા નામનો એક સત્યાર્થી જિજ્ઞાસુ નાનો બાળક હતો. એક'દી તેણે જોયું કે તેના પિતા, પોતાના ગુરુને નબળી ને ઘરડી ગાયો દાનમાં આપતા હતા ત્યારે તણે વિરોધ કર્યો. "બાપ ! આમ કેમ કરો છો ? નબળી ગાયો શા માટે દાનમાં આપો છો ! મને કોને આપશો ?"

ત્યારે તેના બાપાએ ગુસ્સે થઈને કહ્યું "તને પણ યમને દાનમાં આપ્યો !"

છોકરો ત્યાંથી રવાના થઈને યમ પાસે ગયો. યમરાજ ત્રણ દિવસ માટે બહારગામ ગયા હતા એટલે છોકરો [illegible] ત્રણ રાત [illegible] ન ભૂખ્યો તરસ્યો ત્રણ દિવસ સુધી યમમહાલની બહાર બેઠો રહ્યો.

યમરાજ આવ્યા. તમણે પૂછ્યું "બાળ ! તું કોણ છે ? અહીં શા માટે બેઠો છે ?"

ત્યારે નચિકેતાએ કહ્યું "મને મારા બાપાએ તમને સોંપ્યો છે. મારે આવ્યો છું. હવે તમે કહો તે પ્રમાણે મારે કરવાનું છે !"

યમરાજને તેની તપસ્યા અને પ્રસન્ન મુખાકૃતિ જોઈને હર્ષ થયો. તેમણે કહ્યું, "વત્સ ! તને જોઈને હું હર્ષ પામ્યો છું. એટલે તે માગી લે ! તને ત્રણ વરદાન આપું છું !"

તેમાંથી સારી વસ્તુઓની સ્મૃતિ રાખવી અને ખરાબની છોડી દેવી; એ પ્રક્રિયા ચાલુ જ રહેવી જોઈએ. આ શિબિરમાં ઘણી વાતો થઈ છે.* તેમાંથી સારી વાતો યાદ રાખવાની છે–તેનો સાર લઈને આત્મવિકાસ સાધવાનો છે. જુના જમાનામાં ગુરુકુળમાંથી સ્નાતકને વિદાય આપતી વખતે ગુરુદીક્ષાના પ્રસંગે એમ જ કહેતા—

"यान्यस्माकं सुचरितानि तान्येव त्वयोपास्यानि नेतराणि."

જે અમારા શ્રેષ્ઠ આચરણો છે તે જ તારે માટે ઉપાસનીય છે, બીજા–જે અમારા દોષો કે ખામીઓ છે, તે તારે માટે ઉપાસનીય નથી.

એવી રીતે શિબિરમાં જે સારી વાતો થઈ છે, તે જ તમારે યાદ રાખવાની છે, બાકીની નકારી વસ્તુ ભૂલી જવાની છે. શિબિરમાં ચર્ચાયેલ વિચારો ઉપર સ્મૃતિનો સહારો લઈને તેનો ઉકેલ શોધવો પડશે.

અંતે આત્મસ્મૃતિ કાયમ રાખવા માટે સ્મરણીય વસ્તુઓને યાદ રાખવી અને વિસ્મરણીયને ભુલાવી દેવી જોઈએ, જેથી નકામો કચરો મન ઉપર જામતો હોય તેને કાઢવાનું ધ્યાન રાખવું જોઈશે. માટે એ સ્પષ્ટ જણાવી દેવું જોઈએ કે તો જ આપણે ક્રમશઃ અન્નમય, પ્રાણમય, મનોમય કોષની ભૂમિકામાંથી ઊંચે ચડી વિજ્ઞાનમય કોષમાં જઈ, આનંદમય કોષમાં સ્થિર થઈશું અને સ્વપર કલ્યાણનો પુરુષાર્થ કરી અખંડ આત્મસ્મૃતિનો લહાવો લઈ શકશું.

સ્મૃતિ–વિકાસની એ જ ચરમ સિદ્ધિ છે.

---

* જે માટુંગા ખાતેની સાધુ–સાધ્વી શિબિરમાં પ્રવચનો રૂપે રજૂ થયેલ છે. —સંપાદક.

☆

ધર્માનુબંધી વિશ્વદર્શન

ભાગ ૧૦ ચ





સાધુ સાધ્વી-શિબિર

કાર્યવાહી અને મૂલ્યાંકન



[માટુંગા ખાતે ભરાયેલ આ શિબિરની કાર્યવાહીની સંક્ષિપ્ત રૂપરેખા, પ્રસંગો અને તેના પ્રત્યાઘાતોનું મૂલ્યાંકન]

સક્રિય સાધુસમાજ શું કરી શકે ?

"ત્રેવીશ ચોવીસ વરસના અંગત અને સામુદાયિક સાધનાના અનેક અનુભવો પછી સાધુ–સાધ્વી શિબિર અનિવાર્ય લાગ્યો કારણ કે ભારત પાસે જગતમાં અજોડ કહી શકાય એવી કોઇ પણ દોલત હોય તો એ તેની સમાજ રચના છે. જેનો કોઈ પણ મુખ્ય સ્તંભ હોય તો ભારતની સાધુ–સંસ્થા છે."

ભાલનળકાંઠા પ્રયોગ અન્વયે શહેરમાં વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘના પ્રેરક મુનિશ્રી સંતબાલજીએ સાધુ–સાધ્વી–શિબિરની અનિવાર્યતા ઘણા કારણોસર અનુભવી અને તેમણે ૧૯૬૧ માં માટુંગા ખાતે તેમની જે કલ્પના હતી તે પ્રમાણે એક સાધુ–શિબિરનું આયોજન કર્યું. અહીં એ અંગે, તે સંબંધી જે કાર્યવાહી થઈ, તે કઈ રીતે ચાલ્યો; તેમજ તેની સફળતા, નિષ્ફળતા કે ત્યારબાદનાં પરિણામોની ટૂંકી નોંધ સાથે તેનું મૂલ્યાંકન આંકવાનું છે. આ સાધુ–સાધ્વી–શિબિરનું એક બીજું મહત્ત્વ તેનું દસ્તાવેજી મૂલ્ય છે; જે થઈ ગયું; તેમાં શું શું કમી હતી, શું શું વિશેષતા હતી અને ભવિષ્યમાં એવું કોઇ આયોજન વિચારવામાં આવે તો તેમાં શું થવું જોઇએ ? તેનો ખ્યાલ આપતું કોઈ પુસ્તક હોય તો તે વધારે ઉપયોગી થઇ શકશે એ દ્રષ્ટિએ હવે પછીનાં પૃષ્ઠો ઉપર શિબિર અંગે પ્રારંભથી અંત સુધીની ઉપયોગી માહિતી આપવામાં આવશે.

વિચારના પ્રેરક તરીકે મુનિશ્રી સંતબાલજીને હંમેશાં આવો વિચાર ખૂબ બને તેવી હાર્દિક ઇચ્છા રહેલી છે. એવો જ પ્રયોગ કોઈ અન્ય કરે તો તેમાં તેમના આશિષ સાથે સક્રિય શક્ય સહયોગ કે માર્ગદર્શન પણ તેઓ આપી શકે ! તેમજ તેમણે જાતે શું અનુભવ્યું અને શિબિરનું પૃથક્ આયોજન કેમ કરી શકાય તે અંગેનો લગભગ સંપૂર્ણ ખ્યાલ આમાં આપવાનો પ્રયાસ થયો છે.

આ માટે જરૂરી હતો એવો કાર્યક્રમ જેમાં બધા પ્રકારના સાધુઓ ભળી શકે અને નિશ્ચિત કાર્યક્રમ ઘડી શકે. તે અંગે વિચાર વિમર્શ કરે. વિચાર જ જીવન ઘડતરનો પાયો હોઈને ત્યાંથી નિશ્ચિ વિચારો લઈને સહુ પોતપોતાના ક્ષેત્રે કાર્ય કરે તો ઘણું સુંદર કાર્ય થાય

આવી ઉત્કટ વિચારસરણીએ સાધુ-સાધ્વી-શિબિરની કલ્પનાને પ્રેરણા મુનિશ્રી સંતબાલજીને થઈ. ભાલ-નળકાંઠાના પ્રયોગો સુદૃઢ થયા પછી તેમનો વિહાર મુંબઈ તરફ થયો અને અનુભવને અંતે તેમને લાગ્યું કે આ ભગીરથ કાર્યના પ્રથમ ચરણરૂપે આવું કંઈક કરી શકાય તેમ છે. તેમના કાર્યના સાથી ક્રાંતિપ્રિય નેમિમુનિ તેમજ અન્ય કાર્યકરો હતા જ. જે કાર્યકરોએ ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘ અને વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ વડે સક્રિય કાર્ય કર્યું હતું અને સહુએ ઉપર્યુક્ત વિચારને સમયસરનો ગણીને તે અંગે આગળ પ્રયાણ કર્યું. જેમાં છોટુભાઈ અગ્રેસર હતા.

સર્વ પ્રથમ તેની ઉપયોગિતા દર્શાવતી પત્રિકા-બધાને-સાધુઓને મોકલવાનું નક્કી થયું. તેના શું પ્રત્યાઘાતો પડે છે તે જાણવા તેમજ વિહાર દરમ્યાન મળતા સાધુસંતો સાથે વિચારણા કરવા આગળ વધવાનું પ્રથમ તબક્કે નક્કી થયું.



અથવા પૂર્ણસંયમી વાનપ્રસ્થાશ્રમી વર્ગ, અગર તો ઋષિ-મુનિવર્ગ, (૨) ઘરબાર અને કુટુંબ-કબીલો છોડી વ્યાપક સમાજના પ્રશ્નોને મૂળમાંથી ઉકેલવા માર્ગદર્શન આપનારો સાધુસંન્યાસીવર્ગ. એ બધા વાલ્મીકિ, વિશ્વામિત્ર, વ્યાસ, મનુ અને વશિષ્ઠ. એ બધા ઋષિમુનિઓ તથા વિદુર, વિકર્ણ, દ્રોણાચાર્ય, કૃપાચાર્ય વગેરે બ્રાહ્મણોનો સમાવેશ પ્રથમ ભાગમાં થઈ શકે. ભગવાન મહાવીર; ભ. બુદ્ધ અને જગદ્‌ગુરુ શંકરાચાર્ય વગેરે એ બધાનો સમાવેશ બીજા ભાગમાં થઈ શકે. છેલ્લા યુગમાં મહર્ષિ દયાનંદ સરસ્વતી, રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, રમણ મહર્ષિ, સ્વામી રામતીર્થ, સ્વામી સહજાનંદ, યોગી આનંદઘનજી, શ્રીમદ્ રાજચન્દ્ર વ.નો ફાળો હોઈને જ મહાત્મા ગાંધીજી જગતભરમાં ભારતીય સંસ્કૃતિને મોખરે લાવી શકયા અને દરેક ક્ષેત્રમાં પ્રેરણા આપીને ભારતીય સમાજરચનાને વ્યવસ્થિત કરવાનું સાધુસંન્યાસીઓનું કાર્ય કરી શકયા. સાધુસંસ્થાના સભ્ય નહિ હોવા છતાં પણ ગાંધીજીએ વાનપ્રસ્થાશ્રમી રહીને સંન્યાસીપણું સિદ્ધ કર્યું છે. આજે પણ ગાંધીજીને પગલે એમના શિષ્યોમાં સંત વિનોબાજી, રવિશંકર મહારાજ, કાકા કાલેલકર, કેદારનાથજી વગેરે સંતસમા પુરુષો છે; ભલે તેમણે વિધિસર સંન્યાસ ન લીધો હોય. ખુદ ગાંધીજી જેવી વિશ્વવંદ્ય વિભૂતિ સાધુ-સંન્યાસી પુરુષ કે સ્ત્રીને જોઈ નમી જતા હતા. એ નમનની પાછળ ભારતના એ મહાન પ્રતિનિધિને દુનિયાના ભાવિને ઉજ્વળ બનાવનારી આશા એકમાત્ર સાધુસંન્યાસી વર્ગ પરત્વે હતી.

ભૂતકાળનાં ગૌરવમય કાર્યો

ભૂતકાળમાં ઋષિમુનિ વર્ગે અને ત્યાર પછી સાધુસંન્યાસી વર્ગે આત્મસાધના સાથે સમાજકલ્યાણમાં પણ રસ લીધો છે; એના અનેક દાખલાઓ દરેક ધર્મના ઇતિહાસમાં મળી આવે છે. થોડાક દાખલાઓ લઈએ—

સીતાજીને ગર્ભવતી સ્થિતિમાં જ્યારે વનવાસ આપવામાં આવ્યો, ત્યારે વનમાં તેમને કોઇ આશ્રય આપનાર નહતું. તેવે વખતે વાલ્મીકિ ઋષિનો

એરો થઇ જાય છે. સીતાએ તેઓ આશ્રમ આપીને પોતાના આશ્રમમાં [illegible] જાય છે અને દીકરી તરીકે પોષે છે, એટલું જ નહિ, સીતાના બે [illegible] લવ અને કુશને વિદ્યાઓ અને કળાઓનું શિક્ષણ તેમજ [illegible] આપીને પોતાનું કર્તવ્ય બજાવે છે.

વિશ્વામિત્ર ઋષિએ રામ અને લક્ષ્મણને શિક્ષણ [illegible] તથા રામ અને સીતાનો અદ્ભુત [illegible] અને વશિષ્ઠ [illegible] તો આખા રામાયણ કાળમાં માર્ગદર્શન આપ્યું હતું.

કણ્વઋષિ અમદાવ [illegible] પોતાના આશ્રમમાં લાવી ઉછેરે છે. શિક્ષણ સંસ્કાર આપે છે. શકુન્તલા અને દુષ્યન્તના ગાંધર્વ લગ્ન થઇ પડ્યાં, દુષ્યન્ત [illegible] નથી. ઋષિ એનો ઘરસંસાર વ્યવસ્થિત કરી આપે છે. એટલું જ નહિ [illegible] શકુન્તલાના પુત્ર ભરતને પણ [illegible] સંસ્કાર [illegible]

ભ. મહાવીરે ધર્મસંઘ (તીર્થ) [illegible] સાધ્વીઓને માર્ગદર્શન આપ્યું હતું. [illegible] તરીકે વેચાયેલી, ક્ષત્રિય કન્યા ચંદનબાળા [illegible] હજાર સાધ્વીઓને દોરનારી મહાસતી [illegible] નારીઓને તો કોઇ નવજીવન આપ્યું.

ભ. મહાવીરના સમયમાં [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

આસદાય અવસ્થામાં સમતાગે અને ધર્મપ્રેરણા આપનાર શીલગુણસૂરિ અને તેમના સાધ્વી હતાં. સોલંકી રાજાને કુમારપાલ રાજા દ્વારા ધર્મનો પુટ આપવામાં આચાર્ય હેમચંદ્રસૂરિએ અદ્‌ભુત પુરુષાર્થ કર્યો છે.

ભ. બુદ્ધે પણ સુંદર નવાં મૂલ્યો રજૂ કર્યાં, જેથી અશોક જેવા લોહીથી ખરડાયેલા હાથવાળા રાજા સર્વધર્મપ્રેમી અને કરુણામૂર્તિ બની શક્યા.

એટલા માટે જ સાધુ–સંન્યાસીઓને વિશ્વના સમસ્ત પ્રાણીઓના મા–બાપ, રક્ષક, વિશ્વકુટુંબી તથા વિશ્વબંધુ કહેવામાં આવ્યા છે.

સાધુસંસ્થા વર્તમાન કાળમાં :

પરંતુ આજે તો મોટા ભાગના સાધુ–સંન્યાસીઓ પોતાના ઉપરના વિરુદ્ધ પાલનમાં બિનજવાબદાર, કર્તવ્યવિહીન, સેવાહીન, સાંપ્રદાયિકતાગ્રસ્ત, અંધવિશ્વાસપરાયણ, પોતપોતાની પૂજાપ્રતિષ્ઠા માટે આડંબરપરાયણ અને અનીતિમાન પૈસાદારોને પ્રત્યક્ષપરોક્ષ રીતે પ્રતિષ્ઠા આપનાર થઈ ગયા જણાય છે. જેઓ પરિગ્રહ, પ્રાણ અને પ્રતિષ્ઠાની ખાક કરીને પણ સાચી અને વ્યાપક ધાર્મિકતાની જ્યોત જળહળતી રાખતા હતા, તેઓ ખાનમાન અને માનપાનના ગુલામો બન્યા છે. જેને લીધે તેમનું પોતાનું તેજ સાવ ઝાંખું પડી ગયું છે. આજે તો એજ સાધુ–સંસ્થામાં નાના નાના સંપ્રદાયો, પંથો અને ગચ્છોના અનેક ભેદો ઊભા થયા છે. પરસ્પરના ખંડનમાં, એક બીજા સંપ્રદાય કે વ્યક્તિને હલકા ચીતરવામાં, અને ખોટા વહેમોનો વધારો કરવામાં સાધુ–સંન્યાસી વર્ગની શક્તિ વપરાય છે. અલબત્ત 'ભાંગ્યું તોય ભરૂચ' એ કહેવત પ્રમાણે એ સંસ્થામાં હજુ કેટલાંક તેજસ્વી રત્નો છે, જે પોતાની જવાબદારીને સમજે છે, અને તે મુજબ આચરવાનો પુરુષાર્થ કરે છે. પરંતુ તેમને ટેકો આપનાર સમાજ ઊભો થવો જોઈએ. તે વગર વર્તમાન સાધુસંસ્થા ઉદાસીન અને અકર્મણ્ય થઈને માત્ર પોતાના સંપ્રદાયની ચાર દીવાલોમાં બંધ થઈ પુરાઈ જશે. આમેય મોટાભાગનો સાધુવર્ગ ઘોરનિદ્રામાં પડ્યો છે, જેને લીધે જગત

વિનાશોન્મુખ, પતનોન્મુખ થઇ રહ્યું છે. [illegible] થઈ રહી છે, સમાજરચના ધર્મપ્રધાનને બદલે અર્થ-કામપ્રધાન થઇ રહી છે. ચારે બાજુ [illegible], [illegible], [illegible], [illegible] જામી રહ્યું છે અને [illegible] શ્રદ્ધા ડગી રહી છે [illegible] વિચારણીય વસ્તુ બની ગઇ છે.

સાધુસાધ્વીઓની જરૂર

[illegible]

પણ, આજે સ્વરાજ્ય મળવા છતાં ઉપલા અને ભોળા લોકોનું રાજ્યમાં જેટલું ચાલે છે, તેટલું મધ્યમવર્ગનું, મહિલાઓનું અને ગામડાંનું સંભળાતું નથી. લાંચરુશવતનો સડો વધી ગયો છે. વેપારમાં બેઈમાની; શોષણ, ભેળસેળ અને કાળાં બજાર ફેલાયાં છે. સમાજમાં નીતિભ્રષ્ટતા અને ચારિત્ર્યહીનતા વધી ગઈ છે. દેશમાં કોમવાદ, પ્રાંતવાદ અને સંકીર્ણતા ઊભી થઈ છે. ધર્મને નામે દંભ, પાખંડ, વહેમ અને અનાચાર વધ્યા છે. ચારિત્ર્યને બદલે ચમત્કાર અને છેતરામણની બોલબાલા છે. જાતમહેનત, સ્નેહ અને સેવાને બદલે ધન અને સત્તાની પ્રતિષ્ઠા ચોમેર જામી છે. આ બધાં દૂષણોને અટકાવવાની જવાબદારી ધર્મગુરુઓની છે. જેને માટે તેમણે પૂર્વોક્ત ઉપાય વડે વ્યવસ્થિત પ્રયત્ન કરવાના છે.

(૪) લોકશાહીનું માળખું ખૂબ વધતું જઈ રહ્યું છે. ગામડે ગામડે પંચાયતો, સહકારી મંડળીઓ તેમ જ બીજાં કામો સરકારી તંત્ર વડે ચલાવવામાં આવે છે. પણ એથી ગામડાંનું જીવન ઊલટું વધારે છિન્નભિન્ન, દ્વેષપૂર્ણ અને મોટે ભાગે રાહતવૃત્તિનું થઈ રહ્યું છે. કારણ કે આ પ્રવૃત્તિઓમાં યોગ્ય ઈમાનદાર અને પ્રભાવશાળી વ્યક્તિઓ બહુ જ ઓછી છે. મોટા ભાગના ગાયાભારે, દાંડતત્ત્વો અને તક સાધુ લોકો જ પેસી ગયા છે. એટલે સાધુ વર્ગે પોતાની યોગ્ય પ્રેરણાશક્તિના પ્રભાવે આ અનિષ્ટોને દૂર કરાવવાં જોઈએ, તેમ જ ઠેર ઠેર આ બધી પ્રવૃત્તિઓની સંસ્થાઓમાં ગ્રામસંગઠનના યોગ્ય પ્રતિનિધિ નીમાવીને આ બદીઓને અટકાવવી જોઈએ.

(૫) જ્યાં જ્યાં અન્યાય, અત્યાચાર, શોષણ, અનીતિ વગેરેના પ્રશ્નો આવે ત્યાં ત્યાં સાધુ વર્ગે લવાદ અગર તો સામુદાયિક શુદ્ધિપ્રયોગ દ્વારા તેમને ઉકેલાવાં જોઈએ.

(૬) સમાજ, જાતિ–કોમ, તેમજ ધર્મસંપ્રદાયોમાં પ્રચલિત શ્વાસ, વહેમ, કુરૂઢિઓ કે કુરીવાજોને દૂર કરવા પ્રયત્ન કરવો જોઈએ.

(૭) લોકશાહી શાસનપ્રણાલી આવી છે, પણ લોકોમાં તેને પચાવવાની શક્તિ અને તે પ્રમાણે વિવેક જનતામાં પેદા કરવો છે. એ માટે રાજ્ય સંસ્થા પ્રત્યે પૂર્ણ શ્રદ્ધા રાખવા છતાં બીજી બાજુ તેના વડે લોકહિત વિરુદ્ધ તેમજ સિદ્ધાન્ત વિરુદ્ધ કાંઈ થતા હોય, તે વખતે તેના પર નૈતિક સામાજિક દબાણ લાવી શકે, તેને પ્રેરણા આપી શકે, તેમજ તેણે આજે જે જીવનના બધાં ક્ષેત્રોમાં અડ્ડો જમાવ્યો છે, તે તેની પાસેથી લઈ લેવાથી હળવી અને નિશ્ચિંત બનેલી તે રાજકીય તેમજ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે લોકનીતિ વિકાસ કરવા તૈયાર થઈ શકે તે માટે લોકસંગઠન તેમજ લોકસેવક સંગઠન તૈયાર કરવાં જોઈએ.

(૮) દેશ અને દુનિયાની સાંસ્કૃતિક સમસ્યાને ઉકેલવા [illegible] દુનિયામાં એક માનવતાનું નિર્માણ કરવું જરૂરી છે.

(૯) શિક્ષણક્ષેત્ર નિર્જીવ અને નિરંકુશ થઈ ગયું છે કે: કોને પ્રચાર સાથે નિસ્બત છે, વિદ્યાર્થીઓને પરીક્ષા પાસ કરવાની [illegible], સદાચાર, વિનય વગેરેના સંસ્કારો નાબૂદ થઈ રહ્યા છે. આજે [illegible] શિક્ષણને સજીવ કરવાની જરૂર છે, તે કરવું જોઈએ.

(૧૦) પછાત વર્ગો, તેમજ શોષિત, પીડિત, પદદલિત માનવની સર્વાંગી ઉન્નતિ માટે પુરુષાર્થ કરવો છે, તેમને આપવાની [illegible] તેમનામાં નીતિ-ધર્મના સંસ્કારો રેડવાની જરૂર છે, તે કરવું જોઈએ.

(૧૧) નારી જાતિને કુરૂઢિઓ, [illegible] વિકારી અને અન્યાયો તેમજ સમાજમાં ચાલતા અનાચારો [illegible] પ્રતિકાર કરી શકે, [illegible] તેવી શક્તિશાળી બનાવવા માટે ઠેર-ઠેર [illegible] કરવા જોઈએ.

(૧૨) અજ્ઞાન, [illegible], [illegible], [illegible], [illegible] તેમજ કુપ્રથાઓને [illegible]

અનુબંધ વિચારધારાપૂર્વક વિચારવાની તીક્ષ્ણ દૃષ્ટિ કે ગોઠવવાની કાર્યક્ષમતા અને કર્તવ્યકુશળતા નથી.

જો કે કેટલાંક સાધુ સાધ્વીઓ જુદા જુદા ક્ષેત્રોમાં સેવાભાવની દૃષ્ટિએ માર્ગદર્શન કે પ્રેરણાનું કામ કરે છે, પણ કાં તો તેમની દૃષ્ટિ એકાંગી છે-સાંપ્રદાયિકતાની અગર તો એક જ કોમ, જ્ઞાતિની દૃષ્ટિ છે. જેને લીધે તેઓ ધર્માંતર કે સંપ્રદાયાન્તર કરાવીને પછાતવર્ગો, પદદલિત કે તિરસ્કૃત જાતિઓમાં અહિંસાની ભાવના જગાડે છે; અગર તો તેમની દૃષ્ટિ જ્યાં અનેકાંગી હોય ત્યાં તેઓ માત્ર ધાર્મિક ક્ષેત્રે સર્વધર્મ સમન્વયનો જ પ્રયાસ કરે છે, અગર તો પોતે કોઈ એક વસ્તુની શોધની પાછળ પડ્યા છે; અથવા પ્રાયઃ શહેરી લોકોમાં નૈતિક, ધાર્મિક વ્રતોની પ્રતિજ્ઞા આપવાનું કે પ્રચાર કરવાનું જ કામ કરે છે. ભારતીય સંસ્કૃતિના અગ્રદૂત, નીતિ-ધર્મના અગ્રપાત્ર ગામડાંઓમાં તેમના તરફથી કોઈ નક્કર કામ થતું નથી. અથવા કેટલાક સાધુ-સંન્યાસી રાહતનાં કામો—(દા. ત. દવાખાનાં ચલાવવાં, શિક્ષણ સંસ્થાઓ ચલાવવી, છાત્રવૃત્તિઓ આપવી વ.) કરવાની વૃત્તિવાળાં છે, તેઓ જુનાં ખોટાં મૂલ્યોને ઉખેડીને નવાં મૂલ્યો સ્થાપવાના ધર્મક્રાંતિનાં કામોમાં રસ લેતાં નથી. તેથી ગામોમાં નૈતિક સંગઠનના કાર્યક્રમથી માંડીને વિશ્વ સુધીનાં માનવ જીવનનાં સર્વક્ષેત્રોમાં અનુબંધ ચતુષ્ટયની દૃષ્ટિએ સર્વાંગી ધર્મક્રાંતીનું કામ થતું નથી. આપણે કબુલ કરવું જોઈએ કે એને લીધે ગાંધીજી જે કરી શક્યા, તે ભારતના સાધુ કે સાધ્વી નહોતાં કરી શક્યા.

(૨) સારાં-સારાં સાધુસાધ્વીઓમાં આજની સમસ્યાઓને, વિશ્વના ઘટનાચક્રોને સારી પેઠે સમજવા, વિચારવા અને ધર્મદૃષ્ટિએ ઉકેલવાનું જ્ઞાન નથી. કાં તો તેમનું શિક્ષણ બહુ જ સામાન્ય છે, અથવા જે કાંઈ છે, તે માત્ર પોતાના સંપ્રદાયના જુના ધર્મગ્રંથોનું. જ્યાં સુધી આજના સમાજ તથા યુગને માટે ઉપયોગી ઇતિહાસ, ભૂગોળ, રાજનીતિ, અર્થનીતિ, સમાજશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર અને વિજ્ઞાન

કરીને સાધુસાધ્વીનું જ્ઞાન ખુશામતીમનોવૃત્તિ વાળું તેજોહીન, પ્રભાવહીન
થઈ જાય છે. સાધુસાધ્વીઓની હિતચિંતા એક ચિકિત્સક જેવી હોવી
જોઈએ, ભાટ, વકીલ કે એજન્ટ જેવી નહીં. વર્તમાન સાધુવર્ગ પ્રાયઃ
આ વાતને વિસારી બેઠો છે. તે સત્તાધારી કે પૈસાદારોના દાબમાં વેચાઈ
જાય છે. પોતાને લાગતા સત્યને પ્રગટ કરી શકતો નથી. એટલા માટે જ
વ્યક્તિ, સમાજ અને સમષ્ટિની સાથે તેનો વ્યાપક અનુબંધ રહ્યો નથી.
આજે તેનો માનવજાતિના માત્ર એક વર્ગની સાથે મોહસંબંધ રહી
ગયો છે.

(૫) સાધુનો અર્થ છે જે સ્વ-પર-કલ્યાણ સાધે તે. એટલે કે
તે સમાજ, રાષ્ટ્ર કે વિશ્વની સરતામાં સસ્તી, (જગત પાસેથી ઓછામાં
ઓછું લઈ વધારેમાં વધારે આપીને) સારામાં સારી ઉપયોગી સેવા
કરે; ઇમાનદારીપૂર્વક અનુબંધ સાધી કે સુધારીને તાદાત્મ્યની સાથે
તટસ્થાપૂર્વક વિશ્વાત્મસાધના કરે. પણ આજનો સાધુવર્ગ પ્રાયઃ આ
વાતને ભૂલી ગયો છે; અગર તો તેના મતે બિનજવાબદાર બનીને
સંસારના બનાવ-બગાડ પ્રતિ આંખો મીંચીને, અકર્મણ્ય થઈને બેસ
રહેવું, એ જ સાધુત્વ કે આત્મોદ્ધાર છે। પણ એ વાત તેઓ ભૂ
જાય છે કે જે નિઃસ્વાર્થ દૃષ્ટિએ જનસેવા કે પ્રાણીકલ્યાણ કરે છે, તેનો
આત્મોદ્ધાર કે આત્મવિકાસ સાચી અને સર્વાંગ દૃષ્ટિએ થાય છે, સાધુ
સાર્થક થાય છે. ખાઈ-પીને નફકરા થઈને પડયા-પાથર્યા રહેવામાં,
ત્યાં ફરતા રહેવામાં, ભગવાનનું કેવળ નામ જપી લેવામાં, શરી
વ્યર્થ કષ્ટ આપવામાં કે યુગબાહ્ય નિરુપયોગી ભાષણબાજી કરવા
આત્મોદ્ધાર કે સાધુત્વ નથી જ. તેઓ એ ભૂલી જાય છે કે
તીર્થંકર, અવતાર કે પેગંબરનું તે નામ જપે છે, તેમનું નામ જ
લાયક ત્યારે જ થયું હતું, જ્યારે તેમણે નિઃસ્વાર્થભાવે, પોતે કષ્ટ વે
જનતાની પાયાની સેવા કરી હતી. સાધુસાધ્વીને જો ખરેખર ભગવા
સેવાભક્તિ કરવી હોય તો ભગવાન કે તીર્થંકર દ્વારા સ્થાપિત આ
સેવ્ય જગત કે સમાજની સેવા કે ભક્તિ કરવી જોઈએ. સતત અપ્ર

ન થવાથી જ સર્વાંગગામીના જાહેર કાર્યક્રમોને એક વ્યાસપીઠેથી સ
શકાતા નથી અને વિશ્વકુટુંબિતા સિદ્ધ થતી નથી.

(૮) સાધુસંન્યાસી–સાધ્વીઓ દીક્ષા લેતી વખતે પોતાનાં ઘરબાર કે સગાંવહાલાંને છોડી દે છે, પણ ત્યાર પછી મોટાભાગના સાધુવર્ગને સામ્પ્રદાય, ધર્મસ્થાન, ઉપાશ્રય, મઠ–મંદિર, ક્ષેત્ર, પદ, ખોટી પ્રતિષ્ઠા વગેરેનો મોહ એટલો બધો વળગી જાય છે કે તેઓ સિદ્ધાંતભંગને જાણતાં હોવા છતાં એ મોહને છોડવામાં અચકાય છે. એવી જ રીતે ધર્મ–સંપ્રદાયના અમુક દંભવર્ધક, વિકાસઘાતક, યુગબાહ્ય અને સિદ્ધાંતબાધક રૂઢ નિયમોપનિયમો કે પરંપરાઓમાં સુધારો વધારો કરવામાં તેમને એવી બીક લાગતી હોય છે કે અમુક નિયમોપનિયમોમાં ક્રાંતિ કરવાથી મારો સંપ્રદાય કે પંથ મને છોડી દેશે તો મારા શા હાલ થશે? ક્યાં મને ભિક્ષા મળશે? ક્યાં રહેવાને સ્થાન મળશે? આવી બધી ચિંતા શરીરમોહ કે સંપ્રદાયમોહને લીધે થાય છે. જ્યારે સાધુ વિશ્વકુટુંબી બની ગયો છે, ત્યારે તેના ભરણ-પોષણની ચિંતા સમાજને થવી જોઈએ, તેને પોતાને શા માટે થવી જોઈએ? પરિગ્રહ, પ્રતિષ્ઠા અને પ્રાણની મમતા છોડનાર સાધુ વર્ગ જ્યારે ક્યાંય અન્યાય–અત્યાચાર થઇ રહ્યા હોય, મારા મારી કે હુલ્લડ થતાં હોય ત્યાં નિર્ભયતાપૂર્વક હસતે મોંઢે પ્રાણોની બાજી લગાડીને પણ સત્ય–પ્રેમ–ન્યાયની પ્રતિષ્ઠા વધારવા અને શાંતિનો પ્રચાર કરવાના મહાન કાર્યથી અચકાતો હોય, ધર્મક્રાંતિ કરવામાં ભયભીત થતો હોય, પ્રતિષ્ઠાની ચિંતા કરતો હોય, સાધનોની ચિંતા કરતો હોય, ત્યારે સમજવું કે તેની સાધુતા જોખમમાં છે. આવી ભયવૃત્તિને લીધે જ મોટા મોટા ધર્મગુરુઓ વ્યાપક દૃષ્ટિથી કાર્ય કરવામાં અસફળ રહે છે.

(૯) એક સાધુ એક વાત કરે, બીજા સાધુ પેલાથી તદ્દન વિરુદ્ધ વાત કરે. આમ જુદી જુદી અને પરસ્પર વિરોધી પ્રરૂપણા (નિરૂપણ)ને લીધે સમાજની કશી નોંધપાત્ર પ્રગતિ થવા પામતી નથી.

(૧૨) સાધુ જીવનમાં જનસેવાના વિશાળ ક્ષેત્રમાં કામ કરતી વખતે કેટલાંક બાધા કષ્ટો, સાંપ્રદાયિક લોકો તરફથી નિંદા, આક્ષેપ વગેરે પરિષહો આવે છે, તેમજ પોતાનો બોજો કોઈ એક વ્યક્તિ ઉપર ન પડે, તે માટે તેમજ પોતાની કે સમાજની શુદ્ધિ માટે પ્રાયશ્ચિત રૂપે ક્યારેક ઉપવાસ કે અલ્પાહાર (ઊણોદરી) વગેરે તપ સ્વાભાવિક રીતે થાય તો તેમાં કોઈ હરકત નથી. મતલબ કે જે તપસ્યા કે કષ્ટ સહન સમાજશુદ્ધિ, કે આત્મશુદ્ધિ કે સમાજસેવા માટે જરૂરી હોય તે કરવી ઇષ્ટ છે. પરંતુ આજે જે બાહ્ય તપસ્યાઓ માત્ર પ્રદર્શન, પૂજા કે પ્રતિષ્ઠાની દૃષ્ટિએ દેખાદેખીથી કરવામાં આવે છે, તે બરાબર નથી. તેમ કરવાથી સમાજશુદ્ધિ, આત્મશુદ્ધિ કે સમાજ-પ્રચલિત અન્યાય-અત્યાચાર વગેરે અનિષ્ટોના અહિંસક પ્રતીકાર માટે સાધુ-સાધ્વીઓ પાસે જે સંચિત શક્તિ જોઈએ, તે રહેશે નહિ અને તેઓ તેમાં નિષ્ફળ થશે.

આ અને એવાં કેટલાંક બાધક કારણો છે, જેને લીધે સાધુ, સંન્યાસી અને સાધ્વીઓ પોતાનું સાધુ જીવન સાર્થક કે સફળ કરી શકતાં નથી, નિરવદ્ય સમાજ સેવા માટે પણ અસફળ નીવડે છે. એટલા માટેજ દેશમાં આટલાં બધાં સાધુસાધ્વીઓ હોવા છતાં દેશ, સમાજ, કે વિશ્વનું ધર્મદૃષ્ટિએ ઉત્થાનકાર્ય તેમના દ્વારા પ્રાયઃ થવા પામતું નથી, અને તેઓ બોજારૂપ થઈ રહ્યાં છે. હવે જમાનો એવો આવતો જાય છે કે તેઓ આ બોજને સાંખી શકશે નહિ. એટલે સાધુસાધ્વીઓએ વહેલી તકે ચેતીને પોતાની ઉપયોગિતા અને અનિવાર્યતા સિદ્ધ કરવી જોઈએ.

સાધુ સાધ્વી શિબિરની જરૂર

આજે સાધુસાધ્વીઓને હૈયે જ્યાં સુધી આ વાત નહિ પહોંચે ત્યાં સુધી તેઓ પોતાની અનિવાર્યતા અને ઉપયોગિતા શી રીતે સિદ્ધ કરી શકશે? ઉપર સાધુ, સંન્યાસી સાધ્વીઓની જવાબદારીનાં જે-જે કાર્યો બતાવવામાં આવ્યાં છે, તે કાર્યોમાં ખૂંપી જવા માટેની તેમજ અસફળતાનાં જે કારણો બતાવ્યાં છે, તેના નિવારણ માટેની તૈયારી

આ બન્નેમાં એક વ્યાપકતાની દિશા છે, જ્યારે બીજી સંકુચિતતાને ટકાવવાની દિશા છે. સત્ય અહિંસાની જરૂરિયાત વિશે તો જૈન અને વૈદિક બન્ને સંપ્રદાયનાં સાધુસંન્યાસી–સાધ્વીઓ એક મત છે. તો પછી સત્ય, અહિંસા અને નીતિ વ્યક્તિગત અને સમાજગત જીવનમાં આ શી રીતે આવી શકે, તેના પ્રશિક્ષણની જરૂર સાધુસંન્યાસીઓને પહેલી તકે નથી તો કોને છે? એટલે શિબિર માત્ર સાંભળવા, શીખવા જ નહિ, બલ્કે માનવજાતની શ્રદ્ધાપાત્ર વ્યક્તિઓ–સાધુસાધ્વીઓ દ્વારા નિઃસ્પૃહી રીતે બધાં ક્ષેત્રોમાં શુદ્ધ ધર્મતત્ત્વોનો પ્રવેશ કરાવીને, આચરાવવાની ઘડી આવી લાગી છે. એટલે આવી ક્રાંતિની મશાલ ધરનારા ધર્મસંસ્થાના અગ્રણીઓને તૈયાર કરવા માટે સાધુસાધ્વી શિબિર અનિવાર્ય છે. સદ્ભાગે આ દેશમાં ગાંધીજીએ આપેલા પ્રકાશ પછી આ બન્ને દિશાના લોકો સંખ્યામાં વધી ગયા છે. તપત્યાગથી ઘડાતો અને આર્થિક, સામાજિક, રાજકીય અને સાંપ્રદાયિક ક્ષેત્રનાં અનિષ્ટો સામે અખંડ રીતે ઝઝૂમતો નાનકડો પણ સમાજ ભાલનળકાંઠા પ્રયોગને લીધે ગુજરાત અને મુંબઈમાં ઊભો થયો છે; એના પ્રયોગકારને લીધે તેજસ્વી સાધુસાધ્વીઓનું પણ એ ક્રાંતિમાર્ગમાં આકર્ષણ થયું છે. એટલા માટે જ એક સ્થા. જૈનસાધુએ આ ઉદ્ગારો કાઢ્યા હતા કે "ગાંધીજી આગળ નીકળી ગયા, આપણે પાછળ રહી ગયા. ગાંધીજીએ જે કર્યું તે આપણે કરવું જોઈતું હતું." એટલા માટે જ કોઈ પણ યુગ કરતાં આ યુગે શિબિરની અત્યન્ત જરૂર છે; સમય પણ એને માટે વિશેષ અનુકૂળ છે; એમ લાગ્યું અને સમયના એંધાણ પારખીને જ એક જનસેવકે શિબિરથી બે–એક વર્ષ પહેલાં મુનિશ્રી સંતબાલજી મહારાજ આગળ એ વિચાર મૂક્યો કે "હવે સાધુસાધ્વી શિબિર યોજવાનો સમય પાકી ગયો છે; આમ આની ઉપર ગંભીરતાથી વિચારો." આ પછી અનેક સાધુસાધ્વીઓના અભિપ્રાયો ઉપરથી, અનેક વિચારક સદ્ગૃહસ્થ ભાઈબહેનોના સુઝાવ–પરામર્શ ઉપરથી એમ લાગ્યું કે સાધુ–સાધ્વીઓ માટે શિબિરનું આયોજન આવતે વરસે એટલે કે સન ૧૯૬૧ ના ચાતુર્માસમાં કરવાની જરૂર છે.

સાધક-સાધિકાઓ છે. જો એમને સાંકળવામાં નહિ આવે તો એકલા સાધુ વર્ગથી સર્વાંગપૂર્ણ સમાજરચનાનું કામ નહિ થઈ શકે.

એટલે વિચાર વિનિમયને અંતે શિબિરનું બંધારણ નીચે મુજબ તૈયાર કરવામાં આવ્યું અને નક્કી થયું કે આ શિબિરમાં કુલ્લે ૧૫ સાધુ સંન્યાસી-સાધ્વીઓ તથા ૧૫ સાધક સાધિકાઓ લેવાનાં છે.

શિબિરનું બંધારણ

(क) **નામ**—આનું નામ 'સાધુસાધ્વી શિબિર' રહેશે.

(ख) **પ્રેરક**—શિબિરના પ્રેરક મુનિશ્રી સંતબાલજી રહેશે.

(ग) **ઉદ્દેશ્ય**—સાધુસાધ્વીઓ વિશ્વવાત્સલ્યનો સક્રિય પ્રયોગ કરી શકે; તેમની શક્તિઓનો સદુપયોગ થાય, તેઓ વિશ્વનાં બધાં ક્ષેત્રોને ધર્મદષ્ટિએ અનુબંધિત કરી શકે અને વિશ્વ વિશાળ અનુબંધ પ્રયોગને માટે યોગ્ય બની શકે; આ જાતની દષ્ટિ, કાર્યક્ષમતા અને શક્તિ સાધુ સાધ્વીઓમાં પેદા કરવી. તેમને યોગ્ય અનુભવ, માર્ગદર્શન, સુઝાવ અને સહયોગ આપવો; તેઓ પોતાની સાધુતાને સાર્થક કરી શકે. તેમ જ આત્મકલ્યાણની સાથે વિશ્વ કલ્યાણની સાધના કરી શકે, તે યોગ્ય બનાવવાં.

(घ) **વ્યવસ્થા**—શિબિરમાં પધારનાર સાધુસાધ્વીઓને ઉતરવાની તથા બીજી જરૂરી બધી વ્યવસ્થા કરવા માટે સદ્‌ગૃહસ્થોની એક અસ્થાયી 'સાધુસાધ્વી શિબિર વ્યવસ્થાપક સમિતિ' નીમાશે જે વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ હેઠળ ચાલશે અને બધી જાતની સમુચિત વ્યવસ્થાઓ માટે પ્રયત્ન કરશે. સાધુસાધ્વીઓ ભિક્ષાજીવી હોઈ તેઓ આહારપાણી પોતાના નિયમ મુજબ ભિક્ષારૂપે મેળવી જ લેશે.

સાધુઓ અને સાધ્વીઓને તેમ જ સાધક સાધિકાઓને રહેવાની વ્યવસ્થા જુદી જુદી અને એ રીતની રહેશે, જેથી તેઓ શિબિરનો

એક મુદ્દા પર બપોરે વાગે મુનિ નેમિચંદજી પ્રવચન કરશે. સવારે જે જે મુદ્દાઓ ઉપર પ્રવચન થાય તેજ મુદ્દાઓ ઉપર બપોરે બધાં શિબિરાર્થીઓ ચર્ચા કરશે. સવારે અને બપોરે થયેલ પ્રવચનો અને ચર્ચા-વિચારણાનો ટૂંકો સાર પાટિયાં ઉપર લખાશે.

(ઝ) નીતિ-નિયમો

(૧) આ શિબિરમાં સર્વ ધર્મસંપ્રદાયોના સાધુસાધ્વી સંન્યાસીઓ ભાગ લઇ શકશે. એને માટે એમને પોતાનો ધર્મ-સંપ્રદાય, વેશ કે ક્રિયાકાંડ છોડવાની જરૂર નથી.

(૨) શિબિરમાં દાખલ થનાર સાધુસંન્યાસી-સાધ્વીઓ યુગદ્રષ્ટા, ક્રાંતિપ્રિય અને વિચારક હોવા જોઇએ. મતલબ એક સાધુવર્ગના મૂળ ધ્યેય પ્રમાણે કાર્યક્ષેત્રને વ્યાપક બનાવવા અને પોતાની મર્યાદામાં રહીને યુગાનુસાર જનહિતકર કાર્યનાં સમર્થક હોવાં જોઇએ.

(૪) શિબિરમાં દાખલ થનાર સાધુસાધ્વીઓમાં નાતજાતનો કોઇ ભેદ માનવામાં આવશે નહિ. તેમજ લિંગભેદ (સ્ત્રી-પુરુષ જાતિના સાધકભેદ)ને લીધે આદરસત્કારમાં કોઈ ભેદ રાખવામાં આવશે નહિ.

(૫) શિબિરમાં જે સાધુ સાધ્વીઓ આવશે. તેઓ પોતાની વ્યકિતગત હેસિયતથી આવશે. પોતાના સંપ્રદાયના પ્રતિનિધિ તરીકે નહિ. હા, એમ સંભવ છે કે કદાચ કેટલાંક યુગદષ્ટા સાધુસાધ્વીઓ જે પોતે શિબિરમાં કારણવશ નહિ પધારી શકે, તેઓ પોતાના તરફથી કોઇ સાધુ કે સાધ્વીને પ્રતિનિધિ તરીકે મોકલે. પણ એ પ્રતિનિધિત્વ વ્યકિતગત રહેશે, સંપ્રદાયગત નહીં.

(૬) શિબિરમાં પધારનાર સાધુસાધ્વીઓ ઉદાર નીતિનાં હશે, તે છતાં કોઇ સાધુસાધ્વી પોતાના સંપ્રદાયની સાથે સંબંધ રાખે, સાંપ્રદાયિક વેષ રાખે, ક્રિયાઓનું પાલન કરે, ભોજન વગેરેના પોતાના નિયમો પાળે, બીજા સંપ્રદાયનાં સાધુસાધ્વીઓ સાથે વંદન ભોજનાદિ વહેવાર રાખે તો શિબિરને એમાં કોઇ પણ જાતનો વાંધો નથી. સાધક સાધિકાઓ પણ પોત-પોતાના ધર્મના નિયમો પાળી શકશે.

વર્ગોનો લાભ દૂર રહીને લઈ શકશે પણ તેઓ પ્રાયઃ ચર્ચામાં ભાગ લઈ શકશે નહિ.

(૧૪) શિબિર પછી શિબિરાર્થીઓએ પોતપોતાના સંપ્રદાય, પંથ, ગચ્છ, મંડળ કે સંઘમાં રહીને જ પોતે પચાવેલા વિચારોનું યથાશક્તિ આચરણ કરવાનું રહેશે.

(૧૫) ધ્યેય કે ધ્યેયાનુકૂળ કાર્યોની પૂર્તિ માટે જે કાંઈ કે વ્યવસ્થા જરૂરની જણાય, તે માટે શિબિરાર્થી સાધુ-સાધ્વી, સાધક-સાધિકાઓ સાથે વિચાર વિનિમય કરી યોગ્ય સહયોગ આપવામાં આવશે.

(૧૬) શિબિરાર્થીઓ દ્વારા પ્રચાર માટે પુસ્તક, પત્ર વગેરે સાહિત્ય પ્રકાશન અને ભ્રમણની યોજનાઓ પણ ગોઠવવામાં આવશે.

(૧૭) શિબિરમાં દાખલ થનાર સાધુસાધ્વીઓ, સંન્યાસીઓ, સાધક–સાધિકાઓ માટે શિબિરના પ્રારંભથી બે માસ પહેલાં નીચે મુજબ 'સ્વીકૃતિ પત્ર' ભરીને પ્રેરકને મોકલવાનું રહેશે—

સ્વીકૃતિપત્ર

શ્રીમાન્ મંત્રીજી,

સાધુસાધ્વી શિબિર વ્યવસ્થાપક સમિતિ,

મેં 'સાધુસાધ્વી શિબિર સંયોજનના'માં લખેલ શિબિરના ઉદ્દેશ્ય, બંધારણ અને નીતિનિયમોને વાંચી લીધા છે, અને હું તેમાં પૂર્ણ સહમત છું. અને ૧૪–૭–૬૧થી શરૂ થનાર શિબિરમાં દાખલ થવા માગું છું.

આશા છે, આપ પ્રેરક મુનિવરશ્રીની સેવામાં એને મોકલીને મારી સ્વીકૃતિ મંજૂર કરાવશો.

આપનો

તા. – –૧૯૬૧

સરનામું ....

ચર્ચાઓનો લાભ દૂર રહીને લઈ શકશે પણ તેઓ પ્રાયઃ ચર્ચામાં ભાગ લઈ શકશે નહિ.

(૧૪) શિબિર પછી શિબિરાર્થીઓએ પોતપોતાના સંપ્રદાય, પંથ, ગચ્છ, મંડળ કે વર્ગમાં રહીને જ પોતે પચાવેલા વિચારોનું યથાશક્તિ આચરણ કરવાનું રહેશે.

(૧૫) ધ્યેય કે ધ્યેયાનુકૂળ કાર્યોની પૂર્તિ માટે જે કાંઈ કે વ્યવસ્થા જરૂરની જણાય, તે માટે શિબિરાર્થી સાધુ-સાધ્વી, સાધક-સાધિકાઓ સાથે વિચાર વિનિમય કરી યોગ્ય સહયોગ આપવામાં આવશે.

(૧૬) શિબિરાર્થીઓ દ્વારા પ્રચાર માટે પુસ્તક, પત્ર વગેરે સાહિત્ય પ્રકાશન અને ભ્રમણની યોજનાઓ પણ ગોઠવવામાં આવશે.

(૧૭) શિબિરમાં દાખલ થનાર સાધુસાધ્વીઓ, સંન્યાસીઓ, સાધક-સાધિકાઓ માટે શિબિરના પ્રારંભથી બે માસ પહેલાં નીચે મુજબ 'સ્વીકૃતિ પત્ર' ભરીને પ્રેરકને મોકલવાનું રહેશે—

સ્વીકૃતિપત્ર

શ્રીમાન્ મંત્રીજી,

સાધુસાધ્વી શિબિર વ્યવસ્થાપક સમિતિ,

મેં 'સાધુસાધ્વી શિબિર સંયોજનના' માં લખેલ શિબિરના ઉદ્દેશ્ય, બંધારણ અને નીતિનિયમોને વાંચી લીધા છે, અને હું તેમાં પૂર્ણ સહમત છું. અને ૧૪-૭-૬૧થી શરૂ થનાર શિબિરમાં દાખલ થવા માગું છું.

આશા છે, આપ પ્રેરક મુનિવરશ્રીની સેવામાં એને મોકલીને મારી સ્વીકૃતિ મંજૂર કરાવશો.

આપનો

તા. – –૧૯૬૧

સરનામું ....

બતાવી હતી; આ વાત તેમણે નિખાલસપણે કબૂલી હતી. અમદાવાદમાં આ અંગે જાહેર-સભાઓ પણ રાખવામાં આવી હતી. એક પત્રિકા "સાધુ-સાધ્વીઓનાં પ્રશ્નો વિચારો" એ મથાળાંવાળી બહાર પાડવામાં આવી હતી. તે ઉપરાંત સાધુ-સાધ્વીને અનુરોધ કરીને શિબિરમાં ભાગ લેવા માટે એક વિનંતિભર્યો પરિપત્ર, હિંદી તેમજ ગુજરાતીમાં છપાવીને મોકલવામાં આવ્યો હતો.

બીજી તરફ ભચાઉ (કચ્છ)વાળા શ્રી. દેવજીભાઈ શાહે પણ સાધુ-સાધ્વીઓની મુલાકાત લઈને તેમને તે વિચાર ગળે ઊતરાવવાનો પ્રયત્ન કર્યો હતો.

આ તરફ મુનિ શ્રી. નેમિચંદ્રજીએ અમદાવાદથી મુંબઈ તરફ વિહાર શરૂ કર્યો. તે અગાઉ તેમને એક સંન્યાસી પૂ. દંડીસ્વામી મળ્યા. તેઓ સમન્વયી વિચારધારામાં માનતા હોઈને, તેમણે શિબિરમાં આવવા માટેની તૈયારી બતાવી તેથી ઉત્સાહ વધ્યો.

વિહાર દરમ્યાન મુનિશ્રી નેમિચંદ્રજીએ રસ્તામાં જે જે સાધુ-સાધ્વીઓ મળ્યાં, સંન્યાસીઓ મળ્યા તે બધાનો સંપર્ક સાધવાનું ચાલુ રાખ્યું. મોટા ભાગે દરેકને શિબિરની વાત ગમી પણ સંપ્રદાયવાદની પોતાની સાધુ મર્યાદામાં રહીને કોઈને પણ ભાગ લેવાની નૈતિક હિંમત ન દેખાણી. એ ખેદની વાત છે કે મોટા ભાગનાં જૈન સાધુ-સાધ્વીઓને ક્રાંતિની વાત ગમે છે; સમય આવ્યે કોઈ ક્રાંતિકાર હોય તેની પ્રશંસા પણ કરે છે: પણ ક્રાંતિમાં સક્રિય ભાગ લેવા માટે સાંપ્રદાયિકતા તેમને ઘેરીને ઊભી રહે છે. જેને તોડવાની તેમનામાં નૈતિક હિંમત દેખાતી નથી.

તે છતાં, શિબિર અંગેની વાતો વહેતી થઈ ગયેલી. વાતાવરણમાં તેની ચર્ચાઓ ચાલતી હતી. આ શિબિરનો ઉદ્દેશ્ય સુંદર હોવા છતાં તેમાં ક્રાંતિનાં બી પડેલાં હોઈને ઘણી જૂજ વ્યક્તિઓનો સહકાર મળશે એ અપ્રત્યાશિત ન હતું. તે છતાં ત્રણેક જૈન સાધુઓએ પોતાના સાથી સાધુઓ સાથે આવવાની તૈયારી બતાવી તેમનાં સ્વીકૃતિ-સૂચક પત્રો

પણ આવી ગયા હતા. પણ શિબિરના શુભારંભ સમયે જ તેઓ ખસી ગયા અને શિબિરમાં આવવાની નેમણે અશક્યતા દર્શાવતા પત્રો મોકલાવ્યા.

આમ થવું શક્ય હતું કારણ કે પૂ. મુનિશ્રી સંતબાલજીએ જે વિચારધારા વહેતી કરી છે તે જૈનધર્મ ઉપર આધારિત હોવા છતાં, પ્રચલિત રૂઢિથી અલગ હોઈને ઘણા જૈનો તેમના વિચારોને ન સમજી શકવાના કારણે તેનો વિરોધ કરવા સાથે તેમનો પણ વ્યક્તિગત વિરોધ કરે છે. એ તો ઠીક પણ જે બે સાધ્વીજીઓ પૂ. મુનિશ્રીની વિચારધારા અને સત્કાર્યો કરવા માટે તત્પર થયેલા તેમના ઉપર પણ પોતાના મનમાંથી અને સમાજરૂપ બહારથી એટલું બધું દબાણ આવ્યું કે તેઓ પણ શિબિરમાં આવવા માટે જુદા જુદા બહાના કરીને અટકી ગયા. પણ આયોજન આ કારણે સ્થગિત કરી શકાય તેમ ન હતું. જો કે આ બધાં સાધુ-સાધ્વીઓની સ્વીકૃતિ પ્રારંભમાં મળવાથી શિબિર અંગે સારો ઉત્સાહ જણાતો હતો.

પૂ. નેમિમુનિ વિહાર કરીને મુંબઈ પહોંચ્યા. ત્યાર પછી શિબિરની પૂર્વ તૈયારી માટે મુંબઈમાં ૬ થી ૧૦ જૂન સુધીનો એક ચિંતન-શિબિર યોજવામાં આવ્યો હતો. તેમાં ચાતુર્માસિક-શિબિરમાં ચર્ચવામાં આવનાર મુદ્દાઓનું સંક્ષેપમાં સ્વરૂપ રજૂ કરવામાં આવ્યું હતું. નીચેના દશ મુદ્દાઓ ઉપર સવારે અલગ અલગ મુદ્દા ઉપર પ્રવચનો પૂ. મુનિશ્રી સંતબાલજી તેમજ પૂ. નેમિમુનિજી કરતા અને બપોરે ચિંતન-શિબિરમાં જોડાયેલા લોકો ઊંડાણથી ચર્ચા કરતા :—

(૧) ધર્મમય સમાજરચના શું?
(૨) પ્રાચીનકાળથી આજસુધીની સમાજરચનાનું ચિત્ર!
(૩) ધર્મમય સમાજરચના માટે કયો અનુબંધ જરૂરી?
(૪) તેમાં આજનાં આવરણો કયા?
(૫) આવરણોને દૂર કરવાનો અહિંસક ઉપાય શું?
(૬) શુદ્ધિપ્રયોગનું મૂળ તત્ત્વજ્ઞાન.

(૭) દુનિયાની રાજ્યસંસ્થાઓ, વાદો અને રાષ્ટ્રીય મહાસભા.

(૮) એની સાથેનો (સુસંસ્થાઓનો) અનુબંધ.

(૯) ગામડાં અને શહેરોમાં નાની સંસ્થાઓ કઈ-કઈ ઊભી કરવી ?

(૧૦) વ્યક્તિ, સમાજ, સંસ્થા અને સમષ્ટિનું રહસ્ય.

આ શિબિરમાં કેટલાંક ભાઈ બહેનો (બહારનાં અને સ્થાનીક) સારીપેઠે તૈયાર થઈ ગયાં. આ શિબિરમાં ઊંડો રસ લેનારને ખાતરી થઈ ગઈ કે આની વિસ્તૃત વાતો છણાવા માટે ચાર માસ ઓછા પડવાના છે.

ત્યાર પછી મુનિશ્રી નેમિચંદ્રજી મુંબઈમાં દેરાવાસી, સ્થાનકવાસી, તેરાપથી સાધુ-સાધ્વીઓ અને સંન્યાસીઓ જ્યાં-જ્યાં વિરાજમાન હતાં, ત્યાં-ત્યાં શિબિરની માહિતી આપવા અને તેમના અભિપ્રાયો જાણવા ગયા.

એવી જ રીતે આ કાળ દરમ્યાન જુદાં-જુદાં સાધુ-સાધ્વીઓ અને સાધક-સાધિકાઓ સાથે પત્ર વ્યવહાર પણ શિબિર અંગે ચાલતો જ હતો.

તે ઉપરાંત શિબિરનો વિચાર મુંબઈ અને પરાંઓમાં વસતી પ્રજાને સારી પેઠે ગળે ઊતરી શકે તે માટે એક નાની પુસ્તિકા " સાધુ-સાધ્વી શિબિર અને થોડા-અભિપ્રાયો " વાળી બહાર પાડવામાં આવી હતી. તેમજ જાહેર વ્યાખ્યાનો પણ મુંબઈમાં આ અંગે ગોઠવાયાં હતાં. તે સિવાય રામબાગ (સી. પી. ટેંક) માં એક પત્રકાર પરિષદ પણ બોલાવવામાં આવી હતી. જેમાં પૂ. મુનિશ્રી સંતબાલજીએ શિબિર અંગે પોતાનું પ્રેસજોગું વક્તવ્ય પણ આપ્યું હતું. પત્રકારો પૈકી 'મુંબઈ સમાચાર', 'જન્મભૂમિ', 'જામેજમશેદ' અને ફ્રી પ્રેસ જર્નલના પ્રતિનિધિ આવ્યા હતા. તેમણે તે વખતે પોતપોતાના પત્રોમાં શિબિર અંગે સારી નોંધ લખી હતી. મુંબઈ સમાચારે તો એક પ્રેરણાપ્રદ અગ્રલેખ પણ લખ્યો હતો.

તે સિવાય મુંબઈનાં પરાંઓમાં ઠેર ઠેર પૂ. મહારાજશ્રીનાં

વ્યાખ્યાનો શિબિરને લગતાં રાખવામાં આવ્યાં હતાં. આટલો બધો અથાગ પરિશ્રમ અને પુરુષાર્થ પછી પ્રારંભમાં દરેક સાધુ-સાધ્વી સંન્યાસી અને પચ્ચીસેક ભાઈઓ ભાગ લેશે એમ લાગેલું. પણ શિબિરનો પ્રારંભ થયો ત્યારે સાધુ-સાધ્વીઓમાં ઘણા ખસી જતાં કુલ સાધુ-સંન્યાસી ૪ અને સાધક ભાઈ-બહેનો ૧૧ જ આવી શક્યા. સાધક ભાઈ-બહેનોમાં અમુકે પાછળથી દાખલ થવા માટે કહ્યું પણ આયોજનમાંના નિયમ અંગે ચોકસાઈના પાલનનું પોતાનું મહત્વ હોઈને તેમને ન લીધેલા.

ઘણા ઓછા સાધુ-સાધ્વીઓએ ભાગ લીધો તેનાં કારણોમાં તેમને અશાંતિનાં પરિણામો ભોગવવા પડશે તેનો ડર હતો. તેમાંથી કેટલાકે તો નિમ્ન પ્રકારે તે ભયને વ્યક્ત પણ કરેલો :—

(૧) પાંચ વર્ષ અમને બાલનળકાંઠાપ્રયોગના ભાઈ-બહેનો ચાતુર્માસ કરવામાં સહાયક બને !

(૨) આવા ક્રાંતિપ્રિય સાધુ-સાધ્વીઓ માટે ઉતરવાના સ્થાનની કે અન્ય સગવડોની વ્યવસ્થા ઊભી કરવામાં આવે.

(૩) શિબિરમાં ભાગ લીધા પછી પ્રતિષ્ઠા અને સમાજની સદ્‌ભાવના ગુમાવવી પડે પછી શું ?

(૪) ગુરુ મહારાજ પાસેથી રજા લઈ દો...!

—આમ તેમની દીલગીરી સ્પષ્ટ જણાતી હતી. જ્યારે શિબિર તો ક્રાંતિકારી પગલું હોઈને તેમાં પ્રાણ-પ્રતિષ્ઠા અને પરિગ્રહની ફકીરીની તૈયારી જોઈતી હતી અને તે માટે પ્રબળ આત્મવિશ્વાસ જરૂર હતો. તેના વગર એ ટકી ન શકે એમ લાગતાં જેઓ ખસી જાય તેના ફરતાં ભાગ ન લે, એ યોગ્ય ગણવામાં આવ્યું.

તે છતાં જે સાધુ-સંન્યાસી અને સાધક-સાધિકાએ મરજીથી ચાર ચાર માસ રહીને લાભ લેવાનું નક્કી કર્યું—તે ખરેખર તેમના આત્મબળનો પરિચય આપનારું હતું.

આવા શિબિરાર્થીઓનો પરિચય હવે પછી આપેલ યોગ્ય સ્થાને જ મળશે.

✠

શિબિરમાં દાખલ થયેલ સભ્યોનો સંક્ષિપ્ત પરિચય

સાધુસાધ્વી શિબિર માટે લગભગ ૧ વરસથી પ્રચાર અને સંપર્ક કર્યા પછી શિબિરમાં નીચે મુજબ ૧૫ સભ્ય-સભ્યાઓ દાખલ થયાં—

૧. પૂ. મુનિશ્રી સંતબાલજી મહારાજ
૨. પૂ. મુનિશ્રી નેમિચન્દ્રજી
૩. પૂ. દંડી સંન્યાસી શ્રી ગોપાલાશ્રમ સ્વામી
૪. ગોસ્વામી જીવણગરજી હીરાગરજી
૫. શ્રી. દુલેરામ માટલિયા
૬. શ્રી. પૂંજાભાઈ કવિ
૭. શ્રી. બળવંતભાઈ મહેતા
૮. શ્રી. દેવજીભાઈ શાહ
૯. શ્રી. ડૉ. મણિલાલ ચુન્નીલાલ શાહ
૧૦. શ્રી. વાસુદેવ બ્રહ્મચારી
૧૧. શ્રી. અમૃતલાલભાઈ દડિયા
૧૨. શ્રીમતી સવિતાબહેન પારેખ
૧૩. શ્રી. ચંચળબહેન ભટ્ટ
૧૪. શ્રીમતી હારમણિબ્હેન માટલિયા
૧૫. શ્રી. સુંદરલાલભાઈ શ્રોફ

એ બધાનો સંક્ષેપમાં પરિચય આ પ્રમાણે છે—

પૂ. મુનિશ્રી સંતબાલજી મહારાજ

મુનિ શ્રી સંતબાલજી મહારાજ સ્થાનકવાસી જૈન સંપ્રદાયમાં

પૂ. કવિવર્ય નાનચંદજી મહારાજ પાસે દીક્ષિત ક્રાંતિકારી સાધુ છે. તેઓ વિશ્વવાત્સલ્યના આરાધક, ધર્મમય સમાજરચનાના પ્રયોગકાર, સર્વધર્મ ઉપાસનાના સાધક, સામુદાયિક અહિંસા પ્રયોગકર્તા, આધ્યાત્મિક ચિંતક, વિદ્વાન સાહિત્યકાર, પ્રખર સાધનાશીલ જાગ્રત, યુગદૃષ્ટા અને સર્વાંગી વ્યાપક દૃષ્ટિવાળા 'અનુબંધકાર' છે તેમની પ્રેરણાથી ગુજરાતમાં ભાલનળકાંઠા પ્રદેશ, શેત્રુંજી કાંઠા કચ્છ અને બનાસકાંઠામાં તેમજ મુંબઈ, અમદાવાદ, કલકત્તા અને દિલ્હીમાં ધર્મદૃષ્ટિએ સમાજ-રચનાની દિશામાં જુદાં-જુદાં સંગઠનો દ્વારા પ્રયોગ ચાલે છે. તેઓ આ સાધુસાધ્વી શિબિરના પ્રેરક છે. તેમનો જન્મ સૌરાષ્ટ્રવર્તી ટોળ ગામે થયો. એમણે સન ૧૯૨૯મા ૨૪ વરસની ઉંમરે સાધુદીક્ષા લીધેલ અને પોતાનું સાધનામય જીવન ગાળે છે.

૨. પૂ. મુનિશ્રી નેમિચન્દજી

સ્થાનકવાસી જૈન સંપ્રદાયમા જૈનાચાર્ય પૂ. શ્રી જવાહરલાલજી મહારાજના પટધર પૂ. ગણેશીલાલજી મહારાજ (શ્રમણ સંઘના ભૂતપૂર્વ ઉપાચાર્ય)ની પાસે સન ૧૯૪૨મા દીક્ષા લીધેલી. દીક્ષા પછી સંસ્કૃત-પ્રાકૃત, દર્શનશાસ્ત્રો તેમજ જૈનાગમોનો અભ્યાસ કર્યો. ગાંધીવિચાર ધારા અને અનેક આધુનિક વિચારકોનુ સાહિત્ય વાચ્યું. તેથી સાધુજીવનમાં ધર્મક્રાંતિ કરવાની ઉત્કંઠાથી સન ૧૯૪૯મા પૂ. મુનિશ્રી સંતબાલજી મ. સાથે પત્રવ્યવહાર કર્યો. ત્યારપછી સન ૧૯૫૬માં પોતાના મોટા ગુરૂ ભ્રાતા મુનિશ્રી ડુંગરસિંહજી મહારાજ સાથે ભાલનળકાંઠા પ્રયોગ જોવા-જાણવા પૂ. મહારાજશ્રીને મળ્યા. બહુ વિચારવિનિમયને અંતે નિર્ણય કરી શ્રમણ સંઘના પદાધિકારીઓની આગળ 'નમ્ર નિવેદન' અને 'પુચ્છા પત્ર' મૂક્યાં, તેથી એ વિચારો સહન નહીં કરતાં સન ૧૯૫૭માં એમને શ્રમણ સંઘ બાહ્ય ઘોષિત કરવામા આવ્યા. ત્યાર પછી અનેક વિરોધો વચ્ચે મક્કમ રહીને બન્ને મુનીઓ વિચરણ કરતા ગયા. સન ૧૯૬૦ માં મોટા ગુરુભાઈના સ્વર્ગવાસ થયા પછી સાધુદમાં ચાલતા શુદ્ધિપ્રયોગ માટે આહ્વાન થતાં સાણંદ આવ્યા. પછી તો સાધુસાધ્વી-

શિબિર માટેના કામમાં તનમનથી ખૂંપી ગયા. પૂ. મુનિશ્રી સંતબાલજી મહારાજની વિચારધારા અને પ્રયોગમાં સાથી તરીકે લાગી ગયા છે.

૩. પૂ. દંડી સંન્યાસી શ્રી ગોપાલ સ્વામી

મૂળ ધ્રાંગધ્રાના વતની ઔદિચ્ય બ્રાહ્મણ, ગૃહસ્થાશ્રમમાં અમદાવાદમાં મ્યુનિ. સ્કૂલમાં હેડમાસ્તર તરીકે નોકરી કરતા હતા. સન ૧૯૪૭માં કાશીમાં (મણિકર્ણિકાઘાટ ગોગડ) જગદ્‌ગુરુશંકરાચાર્યની પરંપરામાં દંડી-સંન્યાસ લીધો. ઉમર ૭૪ વરસની છે, છતાં શરીર સ્વસ્થતા સારી છે. જૈન, બૌદ્ધ અને વૈદિક વ. બધા ધર્મોના સિદ્ધાંતના સમન્વયમાં માને છે. સમભાવી અને શાન્ત પ્રકૃતિના છે. જોકે પગપાળા પ્રવાસ અને ભિક્ષાચરીની શંકરાચાર્ય પરંપરાને સાચવી શકયા નથી; છતાં જિજ્ઞાસુ અને ગુણગ્રાહી છે.

પૂરુ સરનામું :— દંડીસંન્યાસીશ્રી ગોપાલસ્વામી C/o. બચુભાઈ
નંદલાલ દવે કારારરોડ, શક્તિનિવાસ આંબાવાડી,
ઠે. પો. બોરીવલ્લી પૂર્વ (મુંબઈ-૬૬)

૪. ગોસ્વામી જીવણગરજી હીરાગરજી

સૌરાષ્ટ્રમાં સાયલા તાલુકાના નોલીગામની હદમાં ઢુંડેશ્વરમહાદેવના દેવસ્થાનમાં રહે છે. દશનામી સંન્યાસી છે. માથે જટા-દાઢી રાખે છે. દરેક વાહનમાં બેસે છે. જોકે બીજા ગોસ્વામીઓ (મહંતો)ની જેમ એમને ત્યાં રાજસી ઠાઠમાઠ નથી. છતાં ધૂમ્રપાન વગેરે વ્યસન ખરાં. જોકે શિબિરમાં દાખલ થતાં તેમણે એ વ્યસન છોડી દીધેલ. પણ પાછળથી એ વ્યસને તેમનો પીછો પકડી લીધો હતો. એમને માટે અહિંસક પ્રયોગો પણ થયેલા.

પૂરું સરનામું :—ગોસ્વામી જીવણગરજી હીરાગરજી, મુ. ઢુંડેશ્વરમહાદેવ
પો. નોલી, વાયા રાણપુર (સૌરાષ્ટ્ર)

સામાજિક પ્રવૃત્તિઓનો અભ્યાસ કરેલ. અમદાવાદથી મુંબઈ વિહારમાં મુનિનેમિચન્દ્રજી સાથે જોડાયેલ અને પછી વિશેષ તાલીમ લેવાની ઈચ્છાથી સાધુસાધ્વી શિબિરમાં દાખલ થયા.

સરનામું :—બળવંતરાય ન. મહેતા, મુ. વળાવડ, પો. શિહોર
જીલ્લા ભાવનગર (સૌરાષ્ટ્ર).

૮. શ્રી. દેવજીભાઈ શાહ

મૂળ ભચાઉ (કચ્છ)ના વતની. સ્થાનકવાસી જૈન પરંપરાને લીધે પૂ. મુનિશ્રી સંતબાલજી મ. જ્યારે સન ૧૯૫૩માં કચ્છ પધાર્યા ત્યારે એમની વિચારધારા તરફ આકર્ષણ થયેલ. સારી પેઠે પૂ. મહારાજશ્રીની વિચારધારાનો અભ્યાસ કર્યો. હાલમાં ત્યાં પોતાના કાપડના ધંધા અને થોડી ખેતી છે; તથા ભચાઉ તાલુકા ખેડૂતમંડળ ચલાવે છે. ગામડાંનાં પ્રશ્નો લઈને નૈતિક દષ્ટિએ ઉકેલવા મથે છે. ખૂબ જ ઉત્સાહી અને ખંતીલા જુવાન છે. આ વિચારધારા અને સર્વાંગી વ્યાપક દષ્ટિનો ઊંડાણથી અભ્યાસ કરવા માટે અને ભવિષ્યમાં કચ્છ પ્રદેશમાં પધારતાં સાધુસાધ્વીઓને આ વસ્તુ ગળે ઊતરાવવા સાધુસાધ્વી શિબિરમાં જોડાયા.

સરનામું :—શ્રી. દેવજી રવજી શાહ, કાપડના વેપારી, બજારમાં
મુ. પો. ભચાઉ (કચ્છ).

૯. ડો. મણિલાલ ચુનીલાલ શાહ

મૂળે કંકુવાસણ પો. નસવાડી (જી. વડોદરા)ના વતની. ધર્મે વૈષ્ણવ. પણ સર્વધર્મ સમન્વયમાં માનનાર; પોતાના ગામમાં થોડીક ખેતી અને વૈદકનો ધંધો કરીને પોતાની આજીવિકા ચલાવે છે. પણ પૂ. મુનિશ્રી સંતબાલજી મ. ની વિચારાધાંનો પરિચય થયો, ત્યાર પછી આ દિશામાં વિશેષ તાલીમ લેવા અને રચનાત્મક કાર્ય કરવાની ઈચ્છા થતાં ભાલનળકાંઠામાં થયેલાં ટૂંકા વર્ગોમાં પણ એકાદ બે વખત જોડાયા.

હતા. વિશેષ ઊંડાણુ જાણવા ઇચ્છતા. તેથી સાધુસાધ્વી શિબિરમાં જોડાયા. પોતે સાત્ત્વિક પ્રકૃતિના, સંતોષી માણસ છે. સંયમની દિશામાં પોતાનું જીવન આગળ ધપાવવા પુરુષાર્થ કરે છે.

સરનામું :—ડા. મણિલાલ ચુનીલાલ શાહ, C/o. આરોગ્ય પ્રચાર કેન્દ્ર, મુ. કકુવાસણ, પો. નસવાડી વાયા ડભોઈ, જિ. વડોદરા, (W. I. Rly.)

૧૦. વાસુદેવ બ્રહ્મચારી

જન્મવતન કાશી જિલ્લાન્તર્ગત મુ. બિનાથીપુર અને થાના છે. સ્વામી શ્રી. અખંડાનંદજી સરસ્વતી પાસે વારાણસીમાં બ્રહ્મચર્યદીક્ષા લીધેલ અને જ્યાં-ત્યાં ભ્રમણ કરીને રામાયણ, ગીતા, પુરાણ વગેરેનું વાંચન-પ્રચાર કરે છે. સાધુસાધ્વી શિબિર અંગે પત્રોમાં લેખ વાંચીને આકર્ષણ થયું અને આવ્યા.

સરનામું :—શ્રી. વાસુદેવ બ્રહ્મચારી મુ. બિનાથીપુર, પો. અને થાના ચોબેપુર સ્ટેશન કાદીપુર, જી. કાશી (યુ. પી.)

૧૧. અમૃતલાલભાઇ દડિયા

મૂળ જામનગરના, વર્ષોથી સહકુટુંબ ઘાટકોપર (મુંબઇ) રહે છે. પૂ. મહારાજશ્રીનું ચોમાસું જ્યારે ઘાટકોપર થયું, ત્યારથી દડિયાજી વિશેષ સંપર્કમાં આવતા ગયા; અને આ વિચારધારાને સારી પેઠે પચાવી છે. પોતે કાપડનો વેપાર કરતા હતા, હવે દીકરાઓને કામ સોંપી પોતે નિવૃત્તજીવન ગાળે છે. સાધુસાધ્વીઓનો સમાગમ કરીને આ વિચારધારા તેમને સમજાવવાનો પ્રયત્ન કરે છે ઘાટકોપરમાં જ્યારથી માતૃસમાજ સ્થપાયો, ત્યારથી એમનાં પત્ની બ્હેન શ્રી. છબલબ્હેને લલિતાબ્હેનની સાથે જ પોતાનું જીવન માતૃસમાજ દ્વારા બ્હેનોની સેવાના કાર્યમાં લગાડી દીધું છે. દડિયાજી આ વિચારધારાની વિશેષ તાલીમ લેવાના હેતુથી શિબિરમાં જોડાયા. શાંત પ્રકૃતિના વચોવૃદ્ધ અને સમજદાર છે.

સરનામું :—અમૃતલાલ મોતીચંદ દડિયા, C/o. અમૃતનિવાસ, કામાગલી, ઘાટકોપર (મુંબઈ—૭૭)

૧૨. શ્રીમતી સવિતાબહેન પારેખ

સૌરાષ્ટ્રના સ્થા. જૈન પરંપરામાં ઉછરેલાં, રચનાત્મક કાર્યપ્રેમી તેજસ્વી બહેન છે. એમના પતિશ્રી નંદલાલભાઈએ વર્ષો પહેલાં પૂ. મહારાજશ્રીના ભાલનળકાંઠાની પ્રવૃતિમાં સ્વૈચ્છિક અનાજ ભાવનિયમન વખતે જબ્બર કામ કરેલું. હાલમાં તેઓ ગાંધી સ્મારક નિધિમાં છે અને સવિતાબહેન દિલ્હીમાં સ્થપાયેલ માતૃસમાજમાં રસ લે છે. પાંચેક વર્ષ પહેલાં પતિપત્નીએ આજીવનબ્રહ્મચર્ય–પ્રતિજ્ઞા લીધેલ. ધર્મની સાથે વ્યવહારનો સક્રિય રીતે મેળ પાડવા, તેમજ ધર્મ આજના સમાજ-જીવનમાં વ્યાપ્ત કેમ બને, એ જિજ્ઞાસા અને તાલીમ લેવાની દૃષ્ટિએ સાધુસાધ્વી શિબિરમાં જોડાયેલાં. શિબિરમાં રસોડાનાં ગૃહમાતા તરીકે મીરાંબહેનની સાથોસાથ સેવાનું કામ ઉપાડ્યું અને સારી પેઠે બજાવ્યું.

સરનામું :—C/o નંદલાલ અમુલખરાય પારેખ, ગાંધીસ્મારક નિધિ કાર્યાલય, રાજઘાટ, નઈ દિલ્હી–૧.

૧૩. શ્રી. ચંચળબહેન ભટ્ટ

બાવળાના વતની, બ્રાહ્મણ કુળે જન્મેલાં ભક્તિપરાયણ, તેજસ્વી વયોવૃદ્ધ બહેન છે. વર્ષો સુધી અમદાવાદમાં, શિક્ષણ સંસ્થામાં હેડમિસ્ટ્રેસ તરીકે કામ કરેલું. હવે નિવૃત્ત થયાં છે. પૂ. મહારાજશ્રીની વિચારધારા પ્રત્યે આકર્ષણ હોઇ શિબિરમાં જોડાયેલાં.

સરનામું :—ચંચળબહેન મોહનલાલ ભટ્ટ, ઠે. પોસ્ટ ઓફિસ પાસે, મુ. પો. બાવળા, તાલુકા ધોળકા, જી. અમદાવાદ (ગુજરાત રાજ્ય).

૧૪. શ્રી. હારમણિબહેન

શ્રી. દુલેરાય માટલિયાનાં પત્ની છે. ગામડામાં બાલમંદિર ચલાવે છે. પૂ. મહારાજશ્રીની પ્રવૃત્તિમાં રસ હોઈ શિબિરમાં દાખલ થયેલાં.

૧૫. સુંદરલાલ શ્રોફ

મૂળ પેટલાદના વતની. પેટલાદમાં યશવંત વોચ કંપની તરીકે વૉચ રિપેરિંગનું કામ કરતા હતા. વચ્ચે હરિજન આશ્રમમાં અને અમદાવાદના સરંજામ કાર્યાલયમાં અંબર ચરખામનું કામ કરતા હતા. ધર્મે દિગંબર જૈન છે. સંત વિનોબાજીના વિચારોમાં માને છે. પૂ. મુનિશ્રી ડુંગરસિંહજી મહારાજ સાથે હરિજન આશ્રમ સાબરમતીમાં પહેલવહેલો પરિચય થયેલો. એટલે પૂ મુનિશ્રી સંતબાલજી મની વિચારધારાને વધારે જાણવા અને અભ્યાસ કરવા શિબિરમાં જોડાયેલા. ઉંમર લગભગ ૫૦ની હશે.

સરનામું :—શ્રી. સુંદરલાલ ત્રિભોવનદાસ શ્રોફ C/o યશવંત
વૉચ કંપની, સ્ટેશન રોડ, પેટલાદ (ગુજરાત).

ઉપરોક્ત પરિચય ઉપરથી એ તો સ્પષ્ટ જણાઈ આવશે કે તેમાના મોટા ભાગના સભ્યો રચનાત્મક કાર્યકર્તા હતા. ઘણા ઓછા હોવા છતાં પણ સક્રિય કાર્યકરોના સંયોગથી શિબિરની કાર્યવાહી ઉજળી બનશે એવી સંભાવના વધી હતી. કેટલાક સાધુ-સાધ્વીઓને એ પણ ડર હતો કે આ શિબિરમાં ભાગ લેવાથી તેમને હમેશ માટે તેમના સમાજ કે સંપ્રદાયનો ત્યાગ કરવો પડશે. પણ શિબિરના બંધારણમાં અને અગાઉની પત્રિકાઓમાં સ્પષ્ટ જણાવ્યું હતું કે સહુને પોતપોતાના ગચ્છ, સંપ્રદાયમાં જ રહેવાનું છે, અને કાર્ય કરવાનું છે. તે ઉપરાંત એક બીજું કારણ એ પણ હોઈ શકે કે ઘણાને શિબિરનો સમય બહુ લાંબો લાગ્યો હોવો જોઈએ. પણ આયોજકો અને તેમાં ભાગ લેનારાઓ સારી પેઠે સમજી શકતા હતા કે શિબિરની કાર્યવાહી માટે કેવળ એ સમય ઓછો પડવાનો હતો; એટલું જ નહિ; શિબિરની સક્રિય સફળતા માટે આવા અનેક પ્રયોગો પણ કરવાના હતા. એટલું ચોક્કસ કે એ દિશામાં આ પહેલું પગલું હતું.

•

શિબિર અંગે અભિપ્રાયો અને સંદેશાઓ

સાધુ સાધ્વી શિબિર અંગે સુપ્રસિદ્ધ જૈન મુનિઓ, સાધ્વીઓ, વૈદિક સાધુ સંન્યાસીઓ, જૈન સમાજના કાર્યકર્તાઓ તેમ જ દેશના નેતાઓ, વિચારકો વગેરેએ થોકડાબંધ સંદેશાઓ અને અભિપ્રાયો મોકલ્યા હતા. તેમાંથી કેટલાક મહત્વના તારવીને અહીં રજૂ કરવામાં આવે છે; જેના ઉપરથી આ આયોજનનું મૂલ્યાંકન સમજી શકાશે.

વિદ્વાન જૈન આચાર્યો, સંતો અને સાધ્વીજીના અભિમતો

—સાધુસાધ્વી શિબિરનો લેખ વિશ્વવાત્સલ્યમાં મેં વાંચ્યો છે. વાત બહુ જ ઊંચી છે...સારી અને નિર્દોષ પ્રવૃત્તિ માટે તો અમારો રાજીપો જ છે. **—કવિવર્ય પં. મુનિશ્રી નાનચંદ્રજી મહારાજ (સંતબાલજીના ગુરુ)**

—મુંબઈમાં અનેક આચાર્યો અને મુનિવરો છે. તેમને કાર્ય સમજાવો અને સહકાર મેળવો...શ્રમણ સમુદાય...આમાં ખૂબ સહકાર આપશે.

—આચાર્ય શ્રી ગુણસાગર સૂરિજી મહારાજ—અચલગચ્છ

—શિબિરની રૂપરેખા...બહુ ધ્યાન અને ભાવથી વાંચી છે. આપનો આ પ્રયત્ન સુંદર પરિણામ લાવશે એવો વિશ્વાસ છે...પ્રગતિથી નિયમિત અવગત કરાવતા રહેજો.

—આચાર્ય શ્રી તુલસીજી મહારાજ તેરા પંથ વ અણુવ્રત આંદોલન પ્રવર્તક

—આ યુગમાં ગુણની પૂજા છે... ગુણોનું આશ્રય શરીર છે... રત્નત્રયયુક્ત વેશ જોઈને લોકો સામ્યભાવને પ્રાપ્ત થાય તેમ જ

પરમ્પરમાં સાધુ-સાધ્વી નિસ્પૃહ, નિ[illegible] અને વિનયભાવે રહે.. આપનું સદ્ધાર્મિક સંત આયોજન સફળ થાય એ જ શુભ કામના છે.

—શ્રી ગણેશપ્રસાદજી વર્ણી (દિગંબર ક્ષુલ્લક)

—શિબિર યોજનાનું [illegible] ઘણું જ [illegible] છે [illegible] તેની સફળતા ઇચ્છું છું [illegible] [illegible] અને [illegible] અભાવમાં સંકીર્ણતાનું સામ્રાજ્ય [illegible] [illegible] આત્મિક [illegible] પરસ્પર નિકટતાની થવું જરૂરી છે [illegible] દૂર કરવા માટે

—વિદુષી સાધ્વીશ્રી વિચક્ષણાશ્રીજી

—આપ શક્તિનું [illegible] અને [illegible] અર્ચના કરો. આપનો શુભ પ્રયત્ન [illegible] [illegible] શિબિરમાં સમ્મલિત કરવાનો પ્રયત્ન [illegible] થાય

—ન્યાયવિશારદ ન્યાયતીર્થ મુનિ શ્રી ન્યાયવિજયજી મહારાજ

—સાધુ-સાધ્વીઓ [illegible] અત્યન્ત જરૂરી છે [illegible] સાધુ-સ [illegible] [illegible] [illegible]

—વિશ્વધર્મ સંમેલન અને અહિંસા શાન્તિપીઠના પ્રેરક મુનિશ્રી સુશીલકુમારજી

અમને પણ શિ[illegible] [illegible] થાય છે પણ [illegible] પીડી પ્રતિકૂળતા છે [illegible] [illegible]

—લેખ. સાધ્વી શ્રી ઉજ્જ્વળબાઈ સ્વામી

—સાધુ-શિબિરનો વિચાર [illegible] [illegible] સ્વાસ્થ્ય [illegible] નથી કે આટલો લાંબો વિહાર કરી શકું [illegible] [illegible] મુનિઓનો વિચાર હોય તેમાં મન કાંઈ વાંધો નથી.

—કવિરત્ન ઉપાધ્યાય શ્રી અમરચંદજી મહારાજ

—આપનો વિશ્વવ્યાપક ઉદ્દેશ તથા જૈનધર્મના પુનરુદ્ધારની વિચારધારાઓ તેમ જ આપના સ્વભાવની મધુરતા બહુ યાદ આવે છે. આપની યોજના અનુપમ છે. શાસનદેવ આપના પરિશ્રમને સફળ કરે એ જ શુભેચ્છા...પ્રસંગે પહોંચવાનો પ્રયત્ન કરીશ.

—આચાર્ય જિનેંદ્રસૂરિજી મહારાજ

—મારી આત્મશક્તિ ઘટી નથી. દેહશક્તિ ઘટી છે...અહીં રહીને આપના....વિચારોને સમાજમાં વહેતી કરતી આવી છું અને કરતી રહીશ... પ્રયત્નોમાં સફળતા મળે એ જ શુભેચ્છા.

—વિદુષીસાધ્વી શ્રી ખંતીશ્રીજી (પાયચંદગચ્છ)

—જે શુભ નિષ્ઠાએ આપ આ જ્ઞાનશિબિર શરૂ કરી રહ્યા છો તેમાં આપને સફળતા મળે અને તેની સુવાસ સંસારમાં પ્રસરે એ જ શુભ કામના. —આચાર્ય વિજયસમુદ્ર સૂરિજી મહારાજ

—જનજીવનમાં ધાર્મિક ચેતનાનો વિકાસ કરવામાં સંલગ્ન આપના કાર્યોનું અમે અનુમોદન કરીએ છીએ. આપની (આ કાર્યમાં) સફળતા ઇચ્છીએ છીએ. —મુનિ કાંતિસાગરજી અને દર્શનસાગરજી

—મુંબઈ કેંદ્ર ક્ષેત્ર ન હોઈને દૂર દૂરના સાધુ સમય ઉપર ન આવી શકે તો કોઈ આશ્ચર્ય નહીં?........આમ તો જનતાને ઉપયોગી કાર્ય બીજા (મુનિ) પણ કરી રહ્યા છે. આમાં કોઈ નવું અને નક્કર પગલું લેવું વ્યાજબી થશે. એમાં મરજીવા જ કામ આવી શકશે. માનના ભૂખ્યા નહીં. નવીન જાગરણથી જાગનારા ત્યાગી....સમજી વિચારીને સાધુ-મર્યાદાને કાયમ રાખી આત્મ ગવેષણાનું કાર્ય કરે.

—શ્રમણ સંઘના પ્રચાર મંત્રી શ્રી ફૂલચંદ્રજીમહારાજ
(પુષ્ફ ભિકખુ)

—પ્રશ્ન સારો છે. પ્રયત્નમાં સફળતા મળે એ જ શુભેચ્છા....!

—સાધ્વી શ્રી વસંતપ્રભાશ્રીજી

—વર્તમાન યુગમાં આવા શિબિરોની અત્યંત આવશ્યકતા છે. તેનાથી અભિનવ વિચારના સંતોના માનસમાં કંઈક પરિવર્તન જરૂર થશે. હું અંતે હૃદયપૂર્વક ઇચ્છું છું કે આવા શિબિરોમાં ભાગ લઉં, પણ અધ્યયનના કારણે એટલો બધો વિવશ છું કે ઇચ્છા છતાં ત્યાં આવી શકતો નથી.

—મુનિ શ્રી સમદર્શીજી

—શિબિરના આમંત્રણ માટે આભાર....! પણ, આટલે દૂર અને તે આટલા (ચાર) માસ માટે, ત્યાં પહોંચવાની અનુકૂળતા ન હોઈને વિવશતા છે. આયોજનને સફળતા મળે.

—મુનિશ્રી સગીરમુનિજી "સુધાકર"

—શિબિર યોજનાની પુસ્તિકા મળી. મારા ગુરુદેવનું સ્વાસ્થ્ય આપ જોઈ ચૂક્યા છો. નહીંતર, આપના સ્નેહભર્યા આગ્રહને કદાપિ ટાળત નહીં.

—પં. મુનિશ્રી કન્હૈયાલાલજી "કમલ"

—શિબિર ક્યાં થશે?—તે જણાવશો. આપની વાત્સલ્યભાવનાનું સ્મરણ થઈ જાય છે.

—પં. મુનિશ્રી પ્રતાપમલજી મહારાજ

—આપશ્રી સાધુસમાજના વિકાસ માટે (શિબિર વડે) તીવ્ર અભિલાષા રાખો છો તે અતિ પ્રશંસનીય કાર્ય છે.

—પં. મુનિશ્રી લાભચંદ્રજી મહારાજ

—ખેદની વાત છે કે આવા (શિબિર-આયોજનનો) સુંદર સમયમાં લાભ લેવા માટે અમે અસમર્થ છીએ. મોટાં મહારાજ (ગુરાણીજી)નું સ્વાસ્થ્ય ઠીક હોત તો બીજી કોઈ મુશ્કેલી નહોતી.

—સાધ્વીશ્રી માનકુમારીજી

શિબિરમાં આવવું કઠણ છે કારણ કે મુંબઈથી હમણાં જ આ તરફ આવ્યો છું. હમણાં તો મધ્યપ્રદેશમાં વિચરવાનો વિચાર છે.... આપ સાહિત્ય વડે જૈન ધર્મને વિશ્વધર્મ બનાવવાનો પ્રચાર જૈનધર્મના મનનીય તત્ત્વો વડે જરૂર કરશો.

—સ્થા. મુનિશ્રી ધનચંદ્રજી

—આપનું નિમંત્રણ મુંબઈ માટે મળ્યું તેને સાભાર સ્વીકારવું જ જોઈએ. પણ રાજસ્થાનથી નીકળવું અસંભવ લાગી રહ્યું છે.

—દેવેન્દ્ર મુનિજી (સ્થા.)

—શિબિરમાં જે વિચારોનો વિસ્તાર આપનો સંઘ ઇચ્છે છે તેની સાથે મારે સંઘર્ષ નથી અને તેમાંથી મારા માટે જે સ્વીકાર્ય છે તેને સ્થાન દેવા માટે પ્રાયઃ હું પ્રયત્નશીલ રહું છું. પોતાની પાસે જ કેવળ મોક્ષનો પાસપોર્ટ બતાવનારા, મૂઢચેતનાવાળા કટ્ટર સંપ્રદાયવાદી લોકોને; ઓછામાં ઓછું જોવા માટે પણ આવા શિબિરોમાં નિમંત્રણ આપવું જોઈએ.

—મુનિશ્રી જયંતિલાલજી

આપે જિનશાસનની ઉન્નતિ માટે સુંદર યોજના ઘડી છે: તેને કાર્યમાં પરિણિત કરવાથી જ લાભ થઈ શકશે.

—સ્વામી શ્રીધનીરામજી

—આપ સાધુ–સાધ્વી શિબિર યોજનાનું ક્રાંતિકારક કામ કરવા તૈયાર થયા છો. આપની મહાન યોજનાને કોટિ કોટિ વાર ધન્યવાદ! સફળ રીતે પાર પડે એવા મારા અંતઃકરણના આશીર્વાદ છે. શિબિરમાં આવવાની તીવ્ર ઇચ્છા છે પણ શરીર પાસે લાચાર છું. જે ભાગ્યશાળી હશે તે સાધુ–સાધ્વી લાભ લેશે. વિકાસ રૂંધનાર, રૂઢિનાં બંધનો તોડી, નીડર હશે તે જ ક્રાંતિનું પગલું ભરશે. આપે જે ક્રાંતિની મશાલ હાથ ધરી છે તે જરૂર સમાજમાં પડેલા અંધકારમાં પ્રકાશ ફેંકશે.

-વિચારક સાધ્વીશ્રી ધનકુંવરબાઈ સ્વામી

—શાસનદેવની શુભપ્રેરણાથી અનેક પરિશ્રમો વેઠીને જે સાધુ-સાધ્વીનો શિબિર ભરાઈ રહ્યો છે અને એ દ્વારા પ્રત્યક્ષ કાર્ય કરવા માટેનું જે ક્ષેત્ર સ્વીકાર્યું છે તેમાં શાસનદેવ પ્રેરણાત્મક સહાયતા કરે. આ અતિ મહત્વનું કાર્ય છે. કેમ કે બહુ સાધુ-સાધ્વીઓ...સંકુચિત વૃત્તિએ સંપ્રદાયમાં અટવાયેલાં છે. જ્યારે આ શિબિરનું ધ્યેય તેમને સમજાશે ત્યારે નિખાલસવૃત્તિએ...તે આત્મા...આમાં વળશે. એટલે આ શિબિરનું કામ અતિ ઉચ્ચ કક્ષાએ દીપી નીકળશે. ખરેખર ભગવાનના શાસનને સાધુસમાજે છિન્નભિન્ન કરી નાખ્યું છે....સાધુ સમાજનું કર્તવ્ય ચુકાઈ ગયું છે એટલે જ આવી શિબિરોની ખાસ ઠેક ઠેકાણે જરુર છે. શુભભાવના પૂર્વક અભ્યર્થના સાથે શાસનદેવ તમારા કાર્યને સંપૂર્ણ સહાય કરે.

—મુનિશ્રી દિવ્યાનંદજી.

—પરોપકાર બુદ્ધિથી પ્રેરાઈને આપ જે પ્રયત્ન કરી રહ્યા છો; તે પ્રશંસનીય છે. આપના (સાધુ-સાધ્વી શિબિર) પવિત્ર પ્રયત્નોમાં પ્રત્યેક પ્રકારે સફળતા મળે તેવી શાસનદેવ પ્રત્યે પ્રેમપૂર્વક પ્રાર્થના છે.

—મુનિશ્રી રામચંદ્રજી (પાયચંદ ગચ્છ)

—આ કાર્ય ઘણું જ શ્રેયકારી છે. એમાં અમારો સહકાર છે. પણ, ત્યાં આવી શકાય તેમ નથી.

—મુનિશ્રી વૃદ્ધિચંદ્રજી (પાયચંદ ગચ્છ)

—સાધુ-સાધ્વી શિબિર પ્રગતિના પંથે પ્રતિદિન આગળ વધો એમ ઇચ્છું છું. એ શિબિરની પ્રગતિમાં મારા હાર્દિક શુભભાવો ઓતપ્રોત બનો એજ.

—પ્ર. સાધ્વીશ્રી ખંતિશ્રીજી (કચ્છ)

—વિનંતિ પત્ર, સ્વીકૃતિ પત્ર તેમજ શિબિર સંયોજના પુસ્તક-મળ્યાં. આપની ભાવના મહા વિશાળ છે...આપ આ મંગળ કાર્ય કરી રહ્યા છો...હું પણ આ શિબિરમાં સામેલ છું પણ પૂરું અધ્યયન આ અંગે થઈ ગયા બાદ સમય આવવા દો—મને તમારી આજ્ઞા બહાર ન સમજતા.

—મુનિશ્રી સુમતિ મુનિજી (દેરા)

—સાધુ-સાધ્વી શિબિર, સાધુ-સાધ્વીમાં આત્મસુધારણા અને સંગઠન સાથે, ધર્મનીતિનો આગ્રહ શીખે તેથી શું? સમાજનો સાંસારિક સ્વાંગ બદલી શકવા આજના બંધારણીય યુગમાં તે (સાધુ-સાધ્વી) અશક્ત જ રહેશે. એટલે તે શક્તિ તેઓમાં શિબિર વડે ભરી શકાય તો ઘણું ઉત્તમ કાર્ય થાય.

—સ્વામી શ્રીભદ્રજી, 'પ્રાર્થનાસંઘ' સૂરત

જેવો યુગ આવી રહ્યો છે તે પ્રમાણે સાધુસંસ્થા સંકટમાં છે...!

...આ સમાજ, દેશ અને દુનિયા માટે ઘણું મોટું દુર્ભાગ્ય છે, એટલે જરૂર છે સુધારો કરવાની. આ દિશામાં શિબિર કંઈક ને કંઈક ઉપયોગી થશે, એવી પૂરી આશા છે. આ શિબિર વધારેમાં વધારે વ્યાપક બને એમ ઇચ્છું છું.

—સ્વામી સત્યભક્તજી, સંસ્થાપક: -સત્યસમાજ વર્ધા

આ સાધુ-સાધ્વી શિબિરની યોજના એક સારો વિચાર છે. હું આશા કરું છું કે જનસેવકો અને સાધુ-સંન્યાસીઓ વચ્ચે તે એક પુલનું કામ કરશે.

—સંત વિનોબાજી, ભૂદાન આંદોલન પ્રવર્તક

—રામાનંદ સંદેશ વડે સાધુ-સાધ્વી શિબિરનું આયોજન વાંચી આનંદ થયો. આ યુગમાં આવાં શિબિરોની દેશને જરૂર છે.

—સ્વામી રામકુમારદાસજી મહારાજ- સૈજપુર બોઘા, (અમદાવાદ)

જૈન સમાજ તરફથી મળેલા સંદેશાઓ

—પ્રસન્નતા થઈ કે એક ચાતુર્માસિક સાધુ-સાધ્વી શિબિરનું

—સાધુ-સાધ્વી શિબિર, સાધુ-સાધ્વીમાં આત્મસુધારણા અને સંગઠન સાથે, ધર્મનીતિનો આગ્રહ સેવે તોયે શું ? સમાજનો સાંસારિક સ્વાંગ બદલી શકવા આજના અંધારણીય યુગમાં તે (સાધુ-સાધ્વી) અશક્ત જ રહેશે. એટલે તે શક્તિ તેઓમાં શિબિર વડે ભરી શકાય તો ઘણું ઉત્તમ કાર્ય થાય.

—સ્વામી શ્રીભદ્રજી, 'પ્રાર્થનાસંઘ' સૂરત

જેવો યુગ આવી રહ્યો છે તે પ્રમાણે સાધુસંસ્થા સંકટમાં છે...!

...આ સમાજ, દેશ અને દુનિયા માટે ઘણું મોટું દુર્ભાગ્ય છે, એટલે જરૂર છે સુધારો કરવાની. આ દિશામાં શિબિર કંઈક ને કંઈક ઉપયોગી થશે, એવી પૂરી આશા છે. આ શિબિર વધારેમાં વધારે વ્યાપક બને એમ ઇચ્છું છું.

—સ્વામી સત્યભક્તજી, સંસ્થાપક : -સત્યસમાજ વર્ધા

આ સાધુ-સાધ્વી શિબિરની યોજના એક સારો વિચાર છે. હું આશા કરું છું કે જનસેવકો અને સાધુ-સંન્યાસીઓ વચ્ચે તે એક પુલનું કામ કરશે.

—સંત વિનોબાજી, ભૂદાન આંદોલન પ્રવર્તક

—રામાનંદ સંદેશ વડે સાધુ-સાધ્વી શિબિરનું આયોજન વાંચી આનંદ થયો. આ યુગમાં આવાં શિબિરોની દેશને જરૂર છે.

—સ્વામી રામકુમારદાસજી મહારાજ- સૈજપુર બોઘા, (અમદાવાદ)

જૈન સમાજ તરફથી મળેલા સંદેશાઓ

—પ્રસન્નતા થઈ કે એક ચાતુર્માસિક સાધુ-સાધ્વી શિબિરનું

—એ ખુશીની વાત છે કે મોડેથી પણ (મારા વિચારોની શિબિર યોજના) એના ઉપર અમલ થઈ રહ્યો છે. ને પણ વધુ પરિસ્કૃત રૂપે. એ વિશેષ સંતોષની વાત છે. હું ઇચ્છીશ કે આ શિબિરની પૂર્વ તૈયારી બહુ જ જોરદાર થાય. કારણ કે આ એક મોટા સાહસનું આયોજન છે. આ આયોજનથી ભારતના સમાજ જીવનમાં એક નવા ઇતિહાસનો ઉદય થશે-ઉદય થવો જોઇએ. નહીંતર વર્ષો સુધી કોઈ નૈતિક ઉત્થાનની વાત કરવાનું સાહસ નહીં કરી શકે-અને કરશે તો કોઇ સાંભળશે નહીં.

—લક્ષ્મીચંદ જૈન (ભૂ. પૂ. સર્વોદય કાર્યકર્તા), ઇંદોર.

—શિબિર યોજનાનું ધ્યેય બહુ સારૂં છે. આ શિબિર માટે ત્યાં પધારવાવાળા પૂજ્ય સાધુ તથા સાધ્વીઓ (પ્રથમ તો) માનવધર્મ શીખીને જનહિતનું આત્મકલ્યાણ કરીને નવજાગૃતિ લાવશે.

—નાનચંદ —અમીચંદ ગાંધી પંઢરપુર.

—સાધુ-સાધ્વી શિબિર વહેલો મોડો આવવો જોઇએ—આવશે. અને તે આદર્શ સમાજ વ્યાપ્ત થવો જોઇએ. અત્યારે દેશને સુખ-શાંતિ, આનંદ કે જેને માટે આપ ભગીરથ પ્રયત્ન કરી રહ્યા છો તે સાંપડશે.

—મણીલાલ ઉજમશી, અમદાવાદ.

—આ પ્રકારનો શિબિર ભારતમાં પહેલવહેલો જ હોય એમ માનુ છું. કારણ કે શિબિરો તો ઘણાં પ્રકારની થાય છે. પ્રાચીન કાળમાં પણ થતી હતી. પરંતુ સર્વધર્મ સમભાવ અને આજના યુગને અનુલક્ષીને ક્રાંતિના આ વિચારને રચનાત્મક કાર્યમાં વાળવા માટેનો આ પ્રયોગ વાસ્તવિકતા પર મંડાએલો છે. આથી ચોતરફ ફેલાતી જતી બદીઓમાં આપે ક્રાંતિની મશાલ ધરી છે. તે પકડવા માટે હવે લોકોએ જ બહાર પડવું પડશે.

—વાડીલાલ બી. સોમાણી નંદરબાર.

શિબિરમાં ભાગ લેનાં સભ્યોની શિબિર દરમ્યાન થનાર ચર્ચા વિચારણા તેમને દેશની વિકાસની જાતી પ્રવૃત્તિઓના રચનાત્મક રીતે પોતાનો યથાશક્તિ ફાળો આપવા પ્રોત્સાહક નીવડશે. શિબિરને અમારી શુભેચ્છાઓ છે.

—ડૉ. જીવરાજ મહેતા (ભૂ પૂ. મુખ્યપ્રધાન ગુજરાત રાજ્ય)

—જે વિચાર વિનિમય તેમજ અન્ય કાર્ય શિબિરમાં થઈ રહ્યું છે તે માટે મારી શુભકામના અર્પિત છે.

—પુરૂષોત્તમદાસ ટંડન (ભૂ.પૂ. કોંગ્રેસ પ્રમુખ)

—હું આપના આ શિબિરની સફળતાની કામના કરૂં છું.

—શ્રીમન્નારાયણ અગ્રવાલ યોજના કમીશન નવી દિલ્હી

—સાધુ સંન્યાસીઓનો પ્રભાવ જેમ આધ્યાત્મિક દૃષ્ટિએ પડે છે તેમજ સામાજિક જીવનમાં પડે એ ખ્યાલથી શિબિર અત્યંત ઉપયોગી થઈ પડશે. વિશેષ કરીને આપનાં માર્ગદર્શન નીચે ચાલશે તે કારણસર.

—વૈકુંઠભાઈ લલ્લુભાઈ મહેતા–મુંબઈ (ભૂ.પૂ. પ્રધાન મુંબઈ રાજ્ય)

—શિબિરના આયોજનની વાત તો અતિ ઉત્તમ છે. કેટલાક સદ્‌વિચારક ગૃહસ્થોને પણ આવાં શિબિરમાં સામેલ કરવા જોઈએ જેથી ગૃહસ્થ કહી શકે કે તે સાધુ સમાજ અંગે વર્તમાન કાળે શું વિચારે છે.

—ફુલચંદ બાફના (ભૂ.પૂ. રાજસ્થાન પ્રાંતના મંત્રી, સાદડી)

—જે શિબિરનો પ્રારંભ મુનિશ્રી સંતબાલજી કરી રહ્યા છે તે પોતાનો ઉદ્દેશ સાધી શકશે કારણ કે તેની પાછળનો વિચાર પ્રાણવાન છે. પરમાત્માને એજ પ્રાર્થના છે કે બધું કામ સફળ થાય.

—ગોકુળભાઈ ભટ્ટ જયપુર રાજસ્થાનના સુપ્રસિદ્ધ કાર્યકર્તા

...ભારતનો વિદ્યા અને વિજ્ઞાનનો મહાન વારસો જળવાઈ રહે તે દિશામાં આપની યોજના મદદગાર થાય એટલે તેને હું મારી સર્વ શુભેચ્છા મોકલાવું છું.

—મનુ સુબેદાર : પ્રમુખ સસ્તું સાહિત્ય
મુદ્રણાલય ટ્રસ્ટ.

—સાધુ-સાધ્વી શિબિર પ્રસંગે શુભેચ્છાઓ મોકલું છું.

—પરીક્ષિતલાલ મજુમદાર, પ્રમુખ ગુજરાત
હરિજન સેવક સંઘ, અમદાવાદ

—આપ સર્વેની નવી પ્રવૃત્તિ વિષે જાણી મને આનંદ થયો છે. સાધુ-સાધ્વીઓ પ્રત્યક્ષ સેવા ક્ષેત્રે તેઓનો પ્રભાવ પાડશે તો સમાજને ખરેખર પ્રેરણાદાયક થશે.

—સરલાદેવી સારાભાઈ, અમદાવાદ

—સાચા સાધુ સંન્યાસીઓએ નિર્માણ કરેલી, ઉછરેલી જે સંસ્કૃતિ છે તે જ ભારતીય સંસ્કૃતિ છે. તપત્યાગમાં મૂડીવાદી થશો તો જ પંડનું અને જગતનું કલ્યાણ થશે. એ પડકાર, એ સંસ્કૃતિ એના સાધુ સંન્યાસીઓ (સાચા) મારફત કરતી આવી છે. વિશ્વ વિનાશને આરે આવીને ઊભું છે. માનવતા મરી રહી છે. ત્યારે જગતની એક માત્ર આશા સાચા સાધુ-સંન્યાસીઓ છે. આ શિબિર એમની સાધનામાં સહાયક બનો...

—છગનભાઈ ઈ. દેસાઈ — વિદ્યાવિહાર, અમદાવાદ

—સમગ્ર વિશ્વના પ્રશ્નો સમજી વિશ્વની જનતાને નજરમાં રાખી સમાનતા અને શાન્તિના બળોને ગતિમાન કરવાનું કામ આજે કરવાનું છે. એ કામ નિર્ભય, ત્યાગી તથા કરુણા-પ્રેમને વરેલા સૌને સમાનદૃષ્ટિથી જોનારા સાચા સાધુઓ જ કરી શકે. આજના ગૂંચવાતા પ્રશ્નોને ઉકેલવાનો (શિબિર). એ જ એક માત્ર ઉપાય છે.

—બ્રહ્મચારી મલૂકચંદ ર. કામદાર, સાબરમતી.

—સાધુ-સાધ્વી શિબિર સંયોજનની પુસ્તિકા મળી. તેનાથી અમને ઘણી જ પ્રસન્નતા થઈ છે.

—શંકરલાલ, સંપાદક-"કરસણી"

—આપે લગાતાર સાધુ-વર્ગને જમાનાની સૂઝ આપવાની અને કર્તવ્ય પંથે દોરવાની જે નિતિદિશા બતાવી છે; તેનું મૂલ્ય અગણિત છે. હું મારાં વંદન અને અનુમોદન મોકલું છું.

—કેશવલાલ ન. શાહ, તંત્રી "ભેટી"

"મુનિ શ્રી સંતબાલજી અને મુનિ નેમિચંદ્રજી બન્ને મહાત્માઓ ઉદાર વિચારના અને વિશ્વ વાત્સલ્યના પ્રચારક છે. એમની દૃષ્ટિ સર્વ ધર્મ સમન્વયની છે. એમણે જે સાધુ-સાધ્વી શિબિરનું ભગીરથ કાર્ય ઉપાડયું છે, તે સ્તુત્ય છે. બધા ધર્મના સાધુસંતોએ એમાં ભાગ લેવો જોઈએ, અને શિબિરને સફળ કરવો જોઈએ."

—વૈદ્યરાજ સ્વામી શ્રી ત્રિભુવનદાસજી શાસ્ત્રી,
સંપાદક-"રામાનંદ સંદેશ"

[આ ઉપરાંત ઘણાં ગુજરાતી દૈનિકો તેમ જ જૈન-જૈનેતર સાપ્તાહિકોએ આ અંગે આવકારદાયક લખાણો પ્રગટ કર્યાં હતાં.]



શકે. ગાંધીવાદી એ દૃષ્ટિએ મુંબઈથી બહુ જ છેટે અને વાહનવહેવારથી અલગ પડી જતું હતું.

આમ તો શિબિરમાં કેવળ ૩૦ જ. સભ્યો (૧૫ સાધુ-સાધ્વી અને ૧૫ સાધક-સાધિકા) લેવાનાં હતાં. તેમાં પણ ધીમે ધીમે એ સ્પષ્ટ થતું જતું હતું કે સાધુ-સાધ્વીઓની બહુ ઓછી સંખ્યા થવાની. આ શિબિરનું ધ્યેય, ઉદ્દેશ, આવેલ સંદેશાઓ અને ત્યાર પછીની કાર્યવાહીથી જાણી શકાશે. તેમ અત્યંત ઉપયોગી હોવા છતાં, જડતા, સાંપ્રદાયિકતા તેમ જ રૂઢિવાદીમાનસને તે ન રૂચતું હોઈને તેનો વિરોધ થવા લાગ્યો; અને ધીમે ધીમે જે સાધુ-સાધ્વીઓએ આવવાનું વચન આપેલું અને જે આને સફળ બનાવી શકતા હતા તેમને પોતાના "મોટાઓ" અને સમાજના દબાણ આગળ દબાઈ જવું પડયું. હવે જો સભ્યો ઓછા જ આવે તો મુંબઈની મધ્યસ્થમાં શિબિરનું સ્થાન રહે, તે જ યોગ્ય જણાયું.

એ માટે માટુંગા બરાબર હતું. તે માટે માટુંગામાં આવેલ ગુર્જરવાડીનું સ્થાન ઉપયુક્ત હતું. તે માટે પ્રયાસો ચાલુ થયા. શિબિર માટે જ મકાન જોઇએ છે તો વ્યાજબી ભાડે તે મળી શકે તે માટે તેના એક ટ્રસ્ટી શ્રી. મણિલાલ લક્ષ્મીચંદ વોરાએ પ્રયત્ન કરવાની તૈયારી બતાવી. શિબિરના વ્યવસ્થાપકો શ્રી. છોટુભાઇ મહેતા, શ્રી. મણિભાઈ પટેલ વગેરે કાર્યકરોને તે મકાન પસંદ પડયું અને તેમાં શિબિર ભરવાનું નકકી કરવામાં આવતાં તે મકાન ભાડેથી લેવામાં આવ્યું.

શિબિર અંગેના ઘણાં સંદેશાઓમાં એક આગેવાન જૈન ભાઇના સંદેશામાં હતું તેમ "જૈન સંત ભાવના કરી શકે છે પણ વહેવારમાં તેમને ધર્મ આડો આવે છે" એ વાત સ્પષ્ટ થતી જતી હતી. અને ઠીક અણીના સમયે ઘણાં સાધુ-સંતો અટકી પડયા. કેટલાક ઉપર દબાણ લાવવામાં આવ્યું. પરિણામે કેટલાંક બીજા ભાઈઓને અસ્વીકૃતિ પવી પડી હતી તેઓ પણ દાખલ ન થઈ શકયા અને સ્વીકૃતિ

રાર્થીઓની મુક્ત દિલે ચર્ચા-વિચારણા ચાલતી. ત્યારબાદ તેનો સાર પાટિયાં ઉપર ઉતારવાનો અને શિબિરાર્થીઓએ નોટ કરવાનો. પછી સાંજનું ભોજન અને વાંચન-પઠન-મનન કે અન્ય કાર્યક્રમ. રાતના ૮ થી ૮ાા સુધી પ્રાર્થના અને અલગ અલગ વિષયો ઉપર શિબિરાર્થીનાં વક્તાઓનાં ટુંકા પ્રવચનો.

બુધવાર અને રવિવાર બે દિવસની રજા; તેમાં શિબિરાર્થી ચિંતન મનન કરે અગર તો જરૂરી કામ અંગે કોઈ સ્નેહી સ્વજનને મળવા શહેરમાં જાય, જેમની ઇચ્છા હોય તે અન્યત્ર વિરાજતાં સાધુ-સાધ્વીઓનાં દર્શને જાય. અને તેમને શિબિરની કાર્યવાહીનો પરિચય આપે. તે ઉપરાંત દર્શનીય સ્થળે પર્યટને જવાની પણ છૂટ હતી.

શિબિરની આંતરિક વ્યવસ્થા :

શિબિરની આંતરિક વ્યવસ્થાના કાર્યની વહેંચણી શિબિરાર્થી સાધુ-સંન્યાસી, સાધક તેમજ સાધિકાઓ વચ્ચે આ પ્રમાણે કરવામાં આવી :—

પદ	વ્યક્તિ	કાર્ય
શિબિર અધિપતિ :	પૂ. મુનિશ્રી સંતબાલજી :	શિબિરનું સંચાલન કરવું અને ગૂંચવાયેલા પ્રશ્નોના ઉકેલ અને નિકાલ કરવો. તેમનો નિર્ણય અંતિમ અને માન્ય ગણવો.
સાધક-અધીક્ષક :	શ્રી. દુલેરાય માટલિયા :	સાધકોની વ્યવસ્થા, પ્રશ્ન ઉકેલ વગેરે.
સાધિકા-અધીક્ષિકા :	શ્રીમતી સવિતાબહેન :	સાધિકાઓની વ્યવસ્થા પ્રશ્ન ઉકેલ વગેરે.
રસોડાનાં ગૃહમાતા :	શ્રીમતી સવિતાબહેન :	રસોઈ વગેરેનો પ્રબંધ.
કાર્યવાહી આલેખન :	પૂ. મુનિ. શ્રી. નેમિચંદ્રજી	પાટિયાં ઉપર દરરોજના

સાધુ-સાધ્વી શિબિરનો શુભારંભ

જૂના વખતમાં વૈદિક ધર્મના ઋષિમુનિઓનાં સંમેલનો ભર્યાં હતાં. બૌદ્ધ ધર્મની સંગતિઓ થઈ હતી. જૈન ધર્મના શ્વેતાંબર સંપ્રદાયની પાટલીપુત્ર, મથુરા અને વલ્લભીપુરમાં આગેવાન સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓની પરિષદો મળી હતી. છેલ્લા સૈકામાં સ્થાનકવાસી જૈનસંપ્રદાયોનાં બૃહત્ સાધુ સંમેલનો અજમેર, સાદડી અને ભીનાસાર મુકામે ભરાઈ ગયાં. તે ઉપર ભારત જૈન મહામંડળ જેવી સંસ્થાએ જૈનોનાં બધા ફિરકા–શ્વેતાંબર, દિગંબર, તેરાપંથ, બધાની પરિષદો યોજી હતી. આજના સંગઠનના યુગમાં આ બધાનું પોતાનું મહત્ત્વ હોવા છતાં તેમનું ક્ષેત્ર કેવળ પોતપોતાના ધર્મ, ફિરકા કે સંપ્રદાય પૂરતું હતું.

ત્યારે આ શિબિરમાં ભારતભરના બધા વ્યાપક દૃષ્ટિવાળા સર્વ ધર્મ સંપ્રદાયનાં સાધુ; સાધ્વી, સંન્યાસીઓને એક ચાતુર્માસ જેટલા સમય સુધી એકત્રિત થઈને રહેવાનો, ચર્ચા–વિચારણા કરવાનો તેમજ યુગાનુરૂપ વિચાર–મંડળ તૈયાર કરાનો અધિકાર આપવામાં આવ્યો હતો. તેની સાથે જ તેમને પોતપોતાના નિયમોપનિયમોમાં સ્વતંત્ર રીતે રહેવાની ઉદારતા બતાવવામાં આવી હતી. તે ઉપરાંત શિબિરમાં સાધુ–સંન્યાસીની સાથે સાધક–સાધિકાઓ એટલે કે બ્રહ્મચારી, વાનપ્રસ્થાશ્રમ લોક–સેવકો (નવા યુગના બ્રાહ્મણો) ને પણ લેવામાં આવ્યા હતા.

આ કંઈ નવું ન હતું. સર્વ ધર્મ સંમેલનો, પરિષદો યોજાય છે. અલગ અલગ સ્થળે વિચરતા સંતો–સંન્યાસીઓ ભેગા મળીને પ્રવચનો કરે જ છે. તેમ જ સંતો અને કાર્યકરોનાં પણ સંયુક્ત પ્રવચનો થાય છે. અહીં તેને વધુ વ્યાપક બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. તેથી સાધુ વર્ગ અને સાધક વર્ગનો સુંદર સમન્વય સાધવાની અને

સેવકસેવક–રચનાત્મક કાર્યકર [illegible] આવું [illegible]
રૂપી શ્રવણની કાવડ બાંધવાની [illegible]
શિબિર અને ત્યાર પછી એક [illegible]
અનેક મરજીવા [illegible]
રેકડાર્ડ જેવી મહાન [illegible]
બનાવી શકશે એમ લાગ્યું [illegible]

એટલે શિબિરમાં પ્રવેશ [illegible]
તૈયાર થયા હતા પણ [illegible]
એમાં ઘણી મોડી [illegible]
જેઓ માટે તે પુનઃ [illegible]

તા. ૧૪–૭–૬૬ ના [illegible]
લોકો એટલી [illegible]
પધારેલ કહી શકાય [illegible]

શિબિરનો પ્રારંભ ૮–૩ [illegible]
ભગવત્તા શરૂ થય [illegible]
હતી. આજના મુખ્ય મહેમાન [illegible]
હસ્તે શિબિરનું ઉદ્ઘાટન [illegible]
મહ પ્રમુખ સ્વામીજી [illegible]
હતા. નગેનારાયણ [illegible]
(જેમને નન્ચામીની જેવી શકાય પણ [illegible]
શિબિર અંગે પૃચ્છક [illegible]

૮–૩૦ વાગે શિબિરને [illegible]

સર્વ પ્રથમ ગાં. મીરાબહેને " આવા આવો શ્રીરામ પધારો "
એ પ્રેરક ભજન ગાયું. [illegible]
કવિએ " ઊર્મિશાના વિવિધ સ્વર " [illegible]
પોતાના સુમધુર કંઠે ગાઈ સંભળાવ્યું.

શ્રી. ઉત્તમચંદ હીરચંદ ગોસલિયા; મંત્રી વાત્સલ્ય પ્રાયોગિક સંઘે પાછળથી આવેલા કેટલાક અગત્યના સંદેશાઓ વાંચી સંભળાવ્યા (જે અન્યત્ર આપવામાં આવેલ છે.)

ત્યારબાદ વિશ્વવાત્સલ્ય પ્રા. સંઘના પ્રમુખ શ્રી. રતિલાલભાઈ બેચરદાસ શાહે સહુનું સ્વાગત કરતાં પોતાનું ભાષણ આ પ્રમાણે કર્યું—

પૂજ્ય સાધુ-સાધ્વીઓ તથા સમાનધર્મી સાધકસાધિકાઓ,

વિશ્વવાત્સલ્ય-પ્રાયોગિક સંઘની વિનંતિને માન આપી આપ સહુ આ શિબિરમાં પધાર્યા છો તેથી સંઘવતી આપ સહુનો આભાર માનું છું.

આ શિબિરનું ઉદ્‌ઘાટન **પૂજ્ય રવિશંકર મહારાજના** શુભ હસ્તે થાય તે ઉચિત છે. સહુવતી તેમનું હું માનપૂર્વક પણ ભાવભીનું સ્વાગત કરું છું. **પૂજ્ય રવિશંકર મહારાજના** શુભ હસ્તે ગુજરાત રાજ્યનું ખાતમુહૂર્ત થયું ગુજરાતને તેમના આશીર્વાદ મળ્યા અને પ્રેમાળ પ્રકૃતિ માતાએ પણ ખોબો ભરી સ્નેહ (= તેલ) વરસાવ્યો. **પૂજ્ય રવિશંકર મહારાજ** તો આપણને જનકવિદેહીની યાદ આપે છે. તેઓ લેબાસે સંન્યાસી નથી, પણ કર્મે તો જીવ-મુક્ત છે. જીવનની આંધિમાંથી મુક્ત હોવા છતાં, તેઓ કર્મ-સુકર્મ-સેવાથી અલિપ્ત કે મુક્ત નથી. આવા જનકવિદેહીનું માર્ગદર્શન અમારા સંઘને સદાય મળતું રહે-તેવી અમારી વિનંતી છે. ઉચ્ચ વિચાર અને સાદું જીવન તેમનામાં મૂર્ત થયાં છે. આવા **પૂજ્ય રવિશંકરજી** તેમના કર્તવ્ય-પરાયણ ઊચ્ચ કર્મશીલ જીવનમાંથી થોડો સમય આપણને આપે-તે આપણા સુભાગ્ય છે. તેમનો આભાર માનીએ એટલો થોડો.

સ્વાગત અને આભાર દર્શન સાથે આ શિબિરના પ્રેરક પૂજ્ય **મુનીશ્રી સંતબાલજીને** કેમ વિસરી શકું ? પૂજ્ય સંતબાલજી અમારા સંઘના પ્રેરક આત્મા છે. આત્મીય સ્વજન છે. પણ તે હકીકત છે કે સંતબાલજીના દૃષ્ટી, દર્શન, હિંમત, ત્યાગ, અપમાનો પણ ગળી જવાની સાધુપુરુષોની ઉચિત વૃત્તિ-આ બધી વૃત્તિઓનો અમોને લાભ મળ્યો છે.

ટેવ સાથે જ્ઞાન મળતું નથી. એટલે તે ટેવો ધીમે ધીમે સુટેવો હોય તો પણ બદલાતી જાય છે.

એક વખતે હું વાંસના જંગલોમાંથી પસાર થઈ રહ્યો હતો. તે વખતે જંગલમાં કેટલાંક ઝૂંપડાં બાંધેલા જોયાં. વાંસ ૮૦ ફુટ ઊંચા હતા છતાં ત્યાં તેમની પાસે મેં આંબા જોયા.

મને આશ્ચર્ય થયું અને ત્યાંના લોકોને પૂછ્યું : "આ આંબા કોના છે ? સરકારી કે તમારા ? એ આંબાને સાચવશે કોણ ?"

તેઓ મારી ભાષા પૂરી રીતે સમજ્યા નહીં હોય. એટલે તેમણે કહ્યું, "કેરી સચવાય નહીં એને તો ખવાય ? ખાધા પછી ફરીથી કેરી આવે છે !"

એ લોકો એમ માનતા હતા કે આંબાને સાચવનાર અમે કોણ ? તે તો ભગવાન છે. આપણે તેમને સત્યવાદી કે અપરિગ્રહી કહીશું ? નહીં, કેમકે એમને એવી ટેવ છે ખરી; પણ તેઓ જ્ઞાની નથી. એટલે સુટેવોનું વિવેકસર આરોપણ તેમનામાં થતું નથી. એટલે આ શિબિરમાં સમાજની સુટેવોને મજબૂત કરવા કરાવવા માટે વિચાર–વિનિમય થશે. ઉપનિષદની ભાષામાં કહું તો "જ્ઞાતું દ્રષ્ટું પ્રવૃતઃ" એટલે કે જ્ઞાન, દર્શન, ચારિત્ર વડે સુટેવો પાડવાનો ક્રમ નક્કી થશે.

સંત વિનોબાજીએ એક વખત એક સુંદર વાત કરી કે દુનિયામાં સાચું સુખ શેમાં છે ? શાંતિમાં. શાંતિમાંથી જ સાચું અને ચિરંજીવ સુખ મળી શકે છે. હવે એ શાંતિનો વધારો શી રીતે થાય ? તો એમણે કહ્યું, "જ્ઞાન અને કર્મની જોડીથી આપણી પાસે કઈ વસ્તુ છે તે શોધવું તે જ્ઞાન છે, પછી એનો સારામાં સારો ઉપયોગ એનું નામ કર્મ છે."

આપણી પાસે મોટામાં મોટી વસ્તુ શરીર છે, તેને નહીં પણ તેના માલિક આત્માને શાંતિ જોઈએ છે. પણ શરીરનો માલિક તે શરીરને રીતે ઘડે નહીં તો શાંતિ ક્યાંથી આવી શકે ? સૌથી પહેલાં શરીરને

तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया

—એટલે કે વિજ્ઞાન મેળવવા માટે પ્રણિપાત, પરિપ્રશ્ન અને સેવા દ્વારા શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ પાસે જવું જોઈએ. આજે તો ઘણામાં પ્રશ્ન મૂકવાની આવડત નથી. ઘણા તો એમ માને છે કે પ્રશ્ન પૂછવા જઈશ તો લોકો કહેશે તારી પાસે ઓછું જ્ઞાન છે! પણ, ખરેખર પોતાના કોઠામાંથી ખોળી કાઢેલા પ્રશ્નો પૂછી જે જ્ઞાન મેળવાય તે જ ખરૂં જ્ઞાન મેળવી શકાય છે. કોઠાજ્ઞાન વગર જ્ઞાન અંદર ઊતરતું નથી. જગ્યા નહીં હોવાથી એ જ્ઞાન તો ભરેલો જાય છે પણ તે દાખલ થતું નથી. તેનાથી કર્મ સિદ્ધ થતું નથી અને તે આચરણમાં મુકાતું નથી. પરિણામે તે લોકો માટે સ્વીકાર્ય અને યોગ્ય બનતું નથી. દરેક વસ્તુના અનેક પ્રશ્નો હોય છે. દા. ખ. ખાવું શા માટે? પીવું શા માટે? પહેરવું શા માટે? એવા પ્રશ્નો વિવેક વડે ઉકેલી શકાય!

એક છોકરો મને મળ્યો હતો. તે સિનેમા જોવા જતો હતો. મેં પૂછ્યું: "અલ્યા! સિનેમા શું કરવા જોવા જાય છે!"

તેણે કહ્યુ: "સિનેમા જોવા ન જાઉં તો જ્ઞાન ક્યાંથી મેળવું?" સમાજમાં સિનેમા સિવાય અન્ય સ્થળે સાચું અને ઉમદા જ્ઞાન નહિ મળતું હોય તો બાળકો એ રસ્તે જાય. એમાં જવાબદાર કોણ? ગુરુઓની જ, સાધુ–સંતોની જ એ જવાબદારી ગણાય. જ્ઞાન સાથે તેવું કાર્ય ન હોય તો સાધુ–સંન્યાસીઓની અસર શી રીતે થઈ શકે?

ગીતામાં કર્મની વ્યાખ્યા કરતાં કહ્યુ છે કે "ભૂતો–જીવોની અંદર જે ભાવો છે તેનો ઉદ્દભવ કરી વિસર્ગ કરો તેનું જ નામ કર્મ છે. સમાજમાં જે સાચા ભાવો પડ્યા છે એને પ્રગટ કરવાનું કર્મ સાધુ–સંતોનું છે. આ બધાની ચોકી કરવાનું કામ પણ એમનું જ છે. તે માટે આપણે ખૂબ જ જોખમ ખેડવું પડશે. બીજો ભૂલ કરે તો નુકશાન થોડું છે. પણ સાધુસંતો ભૂલ કરે તો તે ભૂલ કેટલા ગણી

આપણે આશા કરીએ છીએ અને શુભ કામના સાથે વિનમ્રતા પ્રગટ કરીએ છીએ કે આ આયોજન સફળ થાય અને આદર્શ પવિત્ર અને ચારિત્ર્યવાન સાધુ-સાધ્વી પોતાના દાખલાની સાથે બીજાને પણ પવિત્ર જીવન ગાળવાની પ્રેરણા આપે.”

વિદુષી બ્રહ્મચારિણી બહેન શ્રી પાર્વતી બહેનનું પ્રવચન

નરનારાયણ મંદિરવાળા બ્રહ્મચારિણી વિદુષી બહેન શ્રી પાર્વતીબહેન અહીં પધાર્યાં હતા. તેમણે પોતાના ભાવ ઉદ્ગાર કાઢ્યા :—

“સાધુ-સાધ્વી શિબિરના ઉદ્ઘાટન પ્રસંગે પૂ. શ્રી. સંતબાલજીએ મને આમંત્રણ આપી ઉપકૃત કરી છે. આજે મારે જે કહેવું જોઈએ તે પૂ. રવિશંકર મહારાજ કહી ગયા છે.

આપણા સદ્ભાગ્યે આજે એક પરબનું અહીં ઉદ્ઘાટન થઈ રહ્યું છે. ઉનાળામાં ઠંડુ પાણી પીવા માટે લોકો પરબ બંધાવે છે તેવીજ આ જ્ઞાન પરબ છે. એમાંથી ભાગ્યશાળીઓ જ્ઞાનામૃત પીશે અને લાભ લેશે. વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘે આ શિબિર રૂપી જ્ઞાન-પરબ ગોઠવીને મુંબઇ નગરીની ઉપર એક મોટો ઉપકાર કર્યો છે. સાધુસંતો પાસે જે કંઇ મૂડી છે અથવા આ શિબિરથી ભેગી થશે તે સમાજકલ્યાણમાં વાપરવા માટે છે. કહ્યું છે કે:—

पिबन्ति नद्यः स्वयमेव नाम्भः ।
स्वयं न खादंति फलानि वृक्षः ॥
नाऽदंति सस्यं खलु वाहिवाहा :
परोपकाराय सतां विभूतिय : ”

—સંતોની પાસે જે વિભૂતિ, જ્ઞાન કે સંપત્તિ છે તે જગતના કલ્યાણ માટે છે. ઉત્તમ જ્ઞાન જે સંતોએ સંઘરી રાખ્યું છે તે તેમણે સમાજને આપવું જોઈએ.

ઉપનિષદમાં સમાજરૂપી જે વિરાટ પુરૂષની કલ્પના કરવામાં આ

શિબિરના સંયોજક પૂ. મુનિશ્રી સંતબાલજીનું પ્રવચન

બધાના મન ઉપર આ પ્રવચનોની સુંદર છાપ પડી હોય તેમ જણાતું હતું. ત્યારબાદ પૂ. મુનિશ્રી સંતબાલજીએ પોતાની મધુર વાણીમાં કહ્યું :—

"હું થોડીક વાતો આપની આગળ મૂકું તે પહેલાં એક અગત્ય વસ્તુની યાદ દેવડાવી દઉં ! આ એ જ સ્થળ છે જ્યાં ચોવીશ વર્ષ પહેલાં મેં અહીંથી વ્યક્તિગત ક્રાંતિ માટે મારું નિવેદન બહાર પાડ્યું હતું. તે વખતે જૈનભાઈ અને બહેનોને એમ લાગતું હતું કે સંતબાલજી આપણા મટી ગયા. આજે ફરીથી સામાજિક ક્રાંતિના સંદર્ભમાં આ સ્થળે સાધુ-સાધ્વી શિબિરનો મંગળારંભ થયો છે અને તેમાં ઘણાં જૈન ભાઈઓ છે અને તેમને લાગે છે કે સંતબાલજી તેમના જ છે. એ તેમની ક્રાંતિ પ્રત્યેની ચાહના બતાવે છે જે સ્તુત્ય અને અનુકરણીય છે.

આ શિબિરનો મંગળારંભ ગુજરાતના ઋષિ સમા મહાસેવક શ્રી. રવિશંકર મહારાજના મંગળ પ્રવચનથી થયો છે. રવિશંકર મહારાજ વર્ષો સુધી ભાલ નળકાંઠા પ્રાયોગિક સંઘના પ્રમુખ રહીને આ સામાજિક ક્રાંતિના સાથી રહ્યા છે; અને આજે બહાર રહીને પણ વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ તરફથી યોજાયેલ આ પવિત્ર કાર્યમાં પોતાનો હિસ્સો તેનું ઉદ્‌ઘાટન કરીને આપી રહ્યા છે તે જાણીને મને ખૂબ આનંદ થાય છે.

આમ તો આ શિબિર સાધુ-સાધ્વીઓનો રખાયો છે. એટલે તમારી દૃષ્ટિ કેટલાક સાધુ-સંન્યાસીઓ શિબિરમાં જોડાયા એની ઉપર હશે. પણ, મારી દૃષ્ટિ માત્ર સંખ્યા ઉપર કે એકલા સાધુ-સાધ્વીઓ ઉપર નથી પણ આખા સમાજ ઉપર છે—સમાજ સેવકો ઉપર છે.

મીરાંબહેને હમણાં ભજન ગાયું હતું :—

આવો...આવો...ઊડીએ...

—એકલા ઊડવાથી કામ ચાલવાનું નથી. સમાજના દરેક અંગે

તેના સમાજની આજની પરિસ્થિતિ અને સાધુ-સાધ્વીઓનું વર્તન જોતાં તેમને સંતોષ નથી. પણ એવા સાધુ-સાધ્વીઓ શિબિરમાં કેમ આવ્યા નથી? તે અંગે કંઈક તો કારણ હશે. તેમની શુભેચ્છાથી અને બહાર રહીને પણ વિશ્વવાત્સલ્યના ઉપદેશથી આપણને બળ મળશે એમ માનવું રહ્યું. તેમના ભાગ ન લેવાના કારણોમાં અત્યારે ઊંડા નહીં ઊતરીએ.

વિશ્વવાત્સલ્યમાં મેં એ વિષે એથી વધુ વખાન લખ્યું છે. મોટા ભાગે સાધુ-સાધ્વીઓનાં શિબિરમાં નહીં આવવાના કારણોમાં અમુક સંપ્રદાયની પરિસ્થિતિજ છે. જેની સામે સાધુ-સાધ્વીઓ હૃદયનો નાદ ન કાઢી શકતાં હોય. પણ આવા સાધુઓએ પોતાના સમાજની મર્યાદામાં રહીને ઘણું કામ કરવું જોઈએ. આ અંગે વિશ્વવાત્સલ્ય પ્રા. સંઘના પ્રમુખશ્રીએ જે ટકોર કરી છે; એ કામ કરવા સાધુ-સાધ્વીઓ ભાગ્યેજ જવાબદારી પાર પાડે છે!

એવું નથી કે તેમનામાં તરવરાટ નથી; તે તો છે. પરંતુ શું કરવું? કેમ કરવું? સમાજના રૂઢિચિલાની સામે કઈ રીતે થવું? એ અંગે તેમને માર્ગદર્શન મળતું નથી કે એ માર્ગે ખેડવાનું પ્રોત્સાહન મળતું નથી. તેથી માત્ર બોલવાનું થાય છે પણ આચરવાનું થતું નથી.

મને લાગે છે કે આત્મ કલ્યાણ સાધવું હોય તો પરકલ્યાણમાં રસ લેવો જોઈશે. જૈન સૂત્ર ઠાણાંગમાં કહેલું છે:—

आतंतपे से परंतपे

—ત્યાં કહેવામાં આવ્યું છે કે જો તું તપીશ તોજ બીજાને તપાવી શકશે. આજે સમાજમાં ફેલાયેલ અનિષ્ટો માટે જો સાધુ સાધ્વીઓ જવાબદાર હોય તો તેમણે પોને પહેલાં તપસ્યા કરવી પડશે.

હમણાં હમણાં સમાજમાં ધન અને સત્તાની જેટલી પ્રતિષ્ઠા છે તેટલી ત્યાગ અને સેવાની નથી. એટલે લોકોની દોટ ધન અને સત્તા

નગ્ન વધારે હોય એ સ્વાભાવિક છે. જો એ દોટને ટાળવો હોય તો નવું સંન્યાસીઓએ ત્યાગ અને સેવા કરનારાઓને આગળ લાવવા પડશે. આપણા સદ્ભાગ્યે એક સેવા મૂર્તિના મંગળપ્રવચનથી શિબિરનો શુભારંભ થાય છે.

હું હમેશા કહ્યા કરું છું કે હવે ૧-૨-૩-૪એ ચારેય આંકડાને ભેગા રાખવા પડશે પણ તેમનો ક્રમ ૪-૩-૨-૧એ રીતે રાખવો જોઈશે. સૌથી પહેલા ચોગડો એટલે પાયાના આધ્યાત્મિક શક્તિ વાળાઓની; તગડો એટલે નૈતિક શક્તિ લોકસેવકોના, બગડો એટલે જન-શક્તિ તે લોકોની અને એકડો એટલે નંબરનો દંડશક્તિ તે રાજ્યની. આ રીતે આધ્યાત્મિક શક્તિના પ્રતીકરૂપ સાધુ-સાધ્વીઓ પાયામાં રહેશે અને સમાજની નૈતિક ચોકી રાખવા મંડશે, તો અનિષ્ટોને પ્રસરતો અટકાવી શકશે જનશક્તિના સહકારથી નૈતિક સામાજિક દબાણ દ્વારા દંડશક્તિને પણ અંકુશમાં રાખી શકશે, અને અનિષ્ટોને પણ રોકી શકશે જો સમાજનું કલ્યાણ કરવું હોય તો રાજ્યસત્તાની દંડશક્તિને છેલ્લો નંબર જ આપવો પડશે અને ત્યાગની શક્તિવાળાને આગળ લાવવા પડશે. સાધુ-સાધ્વી શિબિર દ્વારા, સાધુસંન્યાસી વર્ગને સાધક-સાધિકાઓને અને જનતાને આ ચાર અનુબંધવાળી વાત સમજાવવાની છે.

કેટલાક સાધુ-સાધ્વીઓના મનમાં એમ છે કે આ શિબિર નક્કી થાય તો પછીના શિબિરમાં અમો આવશું. પણ આમ જ્યારે સાધુ-સાધ્વીઓ વિચારે તો સમાજનું કામ અટકી પડે. કોકે તો પહેલ કરવી જ પડશે. આજે સાધુસાધ્વીઓ નમસ્કાર લોકોના નમસ્કાર લે છે. પણ સમાજ માટે કંઈ થવા માટે જ પ્રેમ તૈયાર થતા નથી. એટલા માટે જ મે ૨૪ વર્ષ પહેલાં નમસ્કાર કરવાનો વિરોધ કર્યો હતો. અને સાધુ-સાધ્વીઓ જ્યાં સુધી એને પાત્ર ન બને ત્યાં સુધી નમસ્કાર લઈને સમાજને છેતરવો એ બરાબર નથી. હું ઇચ્છું

[illegible] એ વાતના સાક્ષી છે. પણ, આજે ૨૪ વર્ષ પછી આપણે સદ્‌મિલન કરવા બેઠા છીએ અને તે પણ નમસ્કાર કે બીજા વિનય-વિવેકના આડંબર વગર; તે બહુ જરૂરી છે. ગોળાકારે બેસવાની ગોઠવણી એટલા માટે જ રાખી છે કે આપણે બધા હૃદયથી મળીએ. મિલન તો થાય છે પણ આવા શિબિરોમાં હાર્દિક મિલન થવાં જોઈએ. એટલે કે ખુલ્લા દિલે વિચારોની આપલે થવી જોઈએ.

હું (સંતબાલજી) ગુરુદેવ છું એમ ગગાબેન ભલે માને, પણ ખરેખર તો હું હજુ ઘણું શીખી રહ્યો છું-શિષ્ય છું. મને ઘણું જ્ઞાન ગામડાંમાંથી મળ્યું છે. એક આદિવાસી ખેડૂત મને કહેવા લાગ્યો કે "બધું યે અનાજ હું મારા ઘરમાં શા માટે સંઘરી રાખું? કેમકે વરસાદ તો જગતને માટે વરસે છે. આમાં જોગી, જતિ, સાધુ, સતી, કીડીકુંજર, પશુ-પંખી સૌનો ભાગ છે. હું એકલો એમના બધાંનો ભાગ રાખી જ કેમ શકું?"

મને લાગે છે કે એણે ગીતાને જીવનમાં આચરી હતી. પણ, આજે એના એ જ ખેડૂતો ડોલરનો પાક વાવવા લાગ્યા છે. પૈસા અને સંઘરા તરફ તેમની દૃષ્ટિ ફરી છે. એટલા માટે જ ગામડામાં ખેડૂતોનાં નૈતિક સંગઠનો કાર્યકરો સાથે સાંકળવા પ્રયાસ કર્યો અને રાજકીય ક્ષેત્રમાં રાષ્ટ્રીય મહાસભા સાથે જોડાણ સાધવા પ્રયત્નો કર્યા. તેમાં ભાલનળકાંઠા ક્ષેત્રમાં દૃષ્ટિની બરાબર સફળતા મળી છે એટલે તે દેશવ્યાપી બને એવી મારી સહેજે ઇચ્છા છે. આ કામ સાધુ-સંતો ઉપાડી લે તો ખરેખર અદ્દભુત કાર્ય થાય. ઉપરનાં બધાં ક્ષેત્રોને જોડનાર અને દોરનાર, તેમ જ બધાની નૈતિક ચોકી કરનાર અને નીતિધર્મનાં તત્ત્વને સાચવનાર સાધુ-સાધ્વીઓને આ વાતો સમજાવી શકાય તે માટે આ શિબિરનું આયોજન કર્યું છે.

આ શિબિર કેવળ સંતબાલજીનો નથી. એમાં પ્રિય નેમિમુનિ, બે સાધ્વીશ્રીઓ (જેમણે આ શિબિરમાં આવવા સંકલ્પ કર્યો છતાં

આ શિબિરના મંગળમય શુભારંભ પ્રસંગે તમે બધાં જે ભાઈઓ બહેનો દૂરદૂરથી આવ્યાં છો તેમને મારી વિનંતિ છે કે તમે આ શિબિરને માત્ર જિજ્ઞાસાભાવથી જ નહીં પણ ટીકાની દૃષ્ટિથી પણ જોજો. તમે પ્રશંસાકારને બદલે ટીકાકાર બનજો. શિબિરમાં જે કાંઈ ઊણપ દેખાય; તેમાં મારો, નેમિમુનિજી આ બધાનો દોષ ગણજો. તેના દોષના ભાગીદાર અમને બધાને કરજો.

આમ તો આ શિબિરમાં ભારત સાધુ-સમાજના પ્રમુખશ્રીનો સંદેશો છે કે "હમ આપકે સાથ હૈં" પણ સક્રિય ભાગીદારી કેટલી નોંધાવે છે એ વિચારવા જેવું છે. છેવટે પરમકૃપાળુ વીતરાગ ભગવાનને હું પ્રાર્થના કરું છું કે આપણા આ શિબિરને સફળ બનાવવા માટે બળ મળો.. !"

મુનિશ્રી સંતબાલજીના પ્રવચન પછી શિબિરાર્થીઓનો પરિચય કરાવવામાં આવ્યો. આવેલ આગંતુકોના આભાર સાથે શિબિરનો ઉદ્‌ઘાટન સમારોહ પૂરો થયો. જે ભાઈઓ આ અંગે જાણવા માગતા હતા તેમને શિબિરનો પ્રબંધ દેખાડવામાં આવ્યો;

✯

(૫) **ભારતીય સંસ્કૃતિ** : વિશ્વની એક માત્ર ટકી રહેલી ઉત્તમ સંસ્કૃતિની વિશેષતા, અન્ય સંસ્કૃતિઓની તુલના તેનાં અંગોપાંગોનાં વિવેચન કરતાં પ્રવચનો.

(૬) **સામુદાયિક અહિંસાના પ્રયોગો** : વિશ્વને જો કોઇ ટકાવી રાખનારું બળ હોય તો તે અહિંસા છે–તેનો સામુદાયિક પ્રયોગ માણસની નૈતિક હિંમત છે. તે વિશ્વમાં વધતા જતા સંઘર્ષો, કલહો, અન્યાયો, અનિષ્ટોને, તપ, ત્યાગ બલિદાનના અહિંસક પ્રતીકાર વડે નિવારી શકે છે, તે અંગે ઉપાયો રજૂ કરતાં પ્રવચનો.

(૭) **ક્રાંતિકારોનાં જીવનો** : માનવજીવનનાં વિવિધ ક્ષેત્રોમાં ક્રાંતિ કરનારાં પ્રેરકબળોના જીવન પ્રસંગો તેમજ ખરી ક્રાંતિ અંગે સમજણ પાડતાં પ્રવચનો.

(૮) **દર્શન વિશુદ્ધિ** : ધર્મ, દેવ, ગુરુ, શાસ્ત્ર, લોકાચાર, અલૌકિક વાતોના નામે ચાલતી મૂઢતાઓનું વિશ્લેષણ, ઇશ્વર–અનીશ્વર, યોગસાધના, વ્યક્તિવાદ, વગેરે બાબતો અંગે દૃષ્ટિની સ્પષ્ટતા કરતાં પ્રવચનો.

(૯) **વિશ્વદર્શનનાં વિવિધ પાસાંઓ** : વર્તમાન યુગમાં ધર્મદૃષ્ટિએ વિશ્વનાં દર્શન કરવા માટે સામાન્ય ઉપયોગી વિષયો– ઇતિહાસ, ભૂગોળ, અર્થનીતિ, રાજનીતિ, વિજ્ઞાન વગેરે માનવજીવનનાં અંગોનું દિગ્દર્શન કરતાં પ્રવચનો.

(૧૦) **સ્મૃતિ વિકાસના માર્ગો** : અધ્યાત્મ સાધના માટે દરેક સાધુ, સાધ્વી, સાધક અને સાધિકા માટે સ્મૃતિ વિકાસ કરવો જરુરી હોઈ, તેના જુદા જુદા ઉપાયો જુદા જુદા પાસાંઓ અને પ્રયોગોનાં વિવેચનો.

કાર્યક્રમ પ્રમાણે સવારે થયેલાં પ્રવચનો અંગે ચર્ચા ચાલુ કરવાની હતી. ચર્ચા કઇ રીતે કરી શકાય તે અંગે ખ્યાલ આપવા માટે

એ જ ગામમાં આઠ જૈન સાધુ-સાધ્વી વિરાજમાન હતાં. બાહ્ય તપસ્યાઓ ચાલતી હતી પણ, સમાજના આ અનિષ્ટ સામે કોઈએ પ્રતીકારરૂપે કંઈપણ ન કર્યું. માંડમાંડ એક મુંબઈવાસી એને અદાલત સુધી લઈ ગયો પણ ત્યાં સાક્ષી પુરવા-દેવા કોઈ ન આવતાં એ ગૂંડો નિર્દોષ છૂટી ગયો.

એટલે આજના યુગે જાતે ઉપદેશ આપીને કે પવિત્ર બનવા કરતાં પણ સંતોએ ઊંચા ઊઠીને કાર્ય કરવાનું છે. તેમણે નૈતિક સંગઠનો અને બળોને કેળવવાની જરૂર છે. એવું બળ નહીં હોય તો પવિત્ર આચરણ કે ઉપદેશની પણ કંઈ અસર નહીં થાય."

ડૉ. મણિભાઈએ દેવજીભાઈની વાતને ટેકો આપતાં કહ્યું: "તેમની વાત સાચી છે. સંખેડા તાલુકાના એક ગામમાં એક ભાણેજ સામે એક મામાની કુદૃષ્ટિ થઈ. તે બાઈ સામે થઈ તો તેનું કરપીણ ખૂન કર્યું. જે બાઈએ આ દૃશ્ય જોયું હતું તેનું મોં દાબી દેવામાં આવ્યું. પેલાએ બાઈને કૂવામાં નાખી મડદું બહાર કાઢી—આપઘાતથી મરી છે એમ જાહેર કર્યું. તેમાં ગામના વગદાર લોકોએ તેને ટેકો આપ્યો.

પાછળથી વાત ઉપર ગઈ. સરકારે કેસ ચલાવ્યો પણ પૂરાવો આપનાર કોઈજ ન હોવાથી તે છૂટી ગયો. એ તો ઠીક પણ બીજા ભાઈએ તેને કન્યા આપી અને સમાજમાં તે પ્રતિષ્ઠિત થઈને ફરે છે.

આની સામે સંગઠિત નૈતિક બળ હોય તો અનિષ્ટો ફાલેફૂલે નહીં એ ચોક્કસ છે."

શ્રી. પૂંજાભાઈએ કહ્યું કે પાલણપુરના કિસ્સામાં મુનિશ્રી સંતબાલજીએ સમાજ શું કરી શકે? આવા પ્રસંગે શું થઈ શકે? તે અંગે સંદેશો આપ્યો છે. ગૂંડાઓ જન્મતા નથી પણ થાય છે, માટે સમાજને જગાડવો જોઈએ. ઘણીવાર પોતાના સ્વાર્થ માટે શ્રીમંતો આવા ગૂંડાઓને પોષતા હોય છે. પણ અનિષ્ટ હંમેશાં અનિષ્ટ હોય છે અને તેનાથી સમાજમાં નૈતિક મૂલ્યો સ્થપાતાં નથી એ ચોક્કસ છે. આપણે તે સામે

[illegible] ધર્મને [illegible] નૈતિક [illegible] શકે."

ગોસ્વામી [illegible] નૈતિક [illegible]

[illegible]

શ્રી [illegible]

[illegible]

ખરેખર લાગે છે તો આપણે આ ચારેય બાબતોનો વિચાર કરવો પડશે. તો જ સર્વાંગી કાર્યક્રમ થશે.

આ રીતે ઉપદેશ એક નાનો સરખો ભાગ બની શકે. પણ આ ચાર બાબતો એની સાથે જોડાય તો જ તે ભાગનું અસરકારકપણું રહે. નહીં તો અસરકારકપણું મટી જાય. આજે ઉપદેશકોનો ઉપદેશ અસરકારક ન દેખાતો હોય તેનું મુખ્ય કારણ આ છે.

ઘણીવાર નાખી નજર ન પહોંચે તેવું હોય એટલે કે આખો સમાજ મૂર્છિત હોય ત્યાં બલિદાન સિવાય કોઇ માર્ગ નથી હોતો. ત્યાં બલિદાન સિવાય કોઇ માર્ગ રહેતો નથી.

એક શેઠની દીકરીની એક ઠાકોરે બહુ માંગણી કરી. છોકરીએ કહી દીધું : "હું મરવું પસંદ કરીશ પણ મારું શિયળ ખંડિત થવા નહીં દઉં !"

છોકરીના બાપુએ આમરણાંત અનશન શરૂ કર્યું અને થોડા દિવસો બાદ મૂર્છિત સમાજ જાગી ઊઠયો. થોડા નવલોહીયાઓએ તે ઠાકોરને ઠાર કરી નાંખ્યો. એ જમાનામાં સામુદાયિક અહિંસાનું ખેડાણ ઓછું હતું એટલે તેમણે આ સાધનો લીધાં. પણ, બલિદાને સમાજ જાગૃત તો કર્યો જ."

આ અંગે વધુ ચર્ચા–વિચારણા અને પ્રશ્નોત્તર થયા અને તેનો સાર એ આવ્યો કે "એકલો ઉપદેશ નહીં, પણ ઉપદેશને અનુરૂપ સામાજિક પરિસ્થિતિ પણ શું છે તે પણ જાણવી જોઇએ. -તે ઉપરાંત ઉપદેશ પણ આચારની સાથે અને પરિસ્થિતિ સાથે બંધબેસતો આવવો જોઇએ. નહીંતર વાણીનો કંઇ પણ અર્થ સરતો નથી.

આજનો વિષય "સામુદાયિક અહિંસા" નો હતો અને તેથી અન્યાયના પ્રતિકારની છણાવટ પણ કાર્યક્રમ પ્રમાણે જ થઇ હતી. શ્રી: માટલિયાજીએ અનુબંધ વિચાર ધારાના મુદ્દા અંગે પણ સહેજ થોડી પ્રાથમિક બાબતો રજૂ કરી હતી.

મને આમ વાત કરતો જોઈને એક જણે કહ્યું : "જેને તેને કહીને આવી વાત કરતા નહીં–નહીં તો તમારી ખેર નહીં રહે !"

શહેરોની આ દશા છે. ગામડાંમાં જુદી દશા છે. એટલે શહેરોના અનિષ્ટો કેવી રીતે કાઢી શકાય? તે સવાલ છે!"

શ્રી. દેવજીભાઈએ કહ્યું : "માતૃસમાજે જરૂર આ કામ ઉપાડી શકે. બહેનોમાં સંસ્કારો રેડવાથી તે સમાજને સુંદર બનાવી શકશે!"

માતૃસમાજની તેમજ ઘાટકોપર ચાતુર્માસની કેટલીક વાતો થઈ. ત્યાર પછી સવારની વાતને લઈને વિચારણા કરતાં એમ સાર નીકળ્યો કે :—

(૧) બન્ને પક્ષે જાગૃતિ રાખવી. એટલે સવારે ખાનવાળા ઘોડાની વ્યવસ્થા ન હતી તે બરાબર રાખવી તથા આવનાર ભાઈ પણ ટિકિટ લીધા વગર જ્યાં ત્યાં બુટ, છત્રી વિગેરે ન મૂકે.

(૨) સામાન્ય રીતે ધર્મસ્થાનકોમાં ઉપલાને મધ્યમ વર્ગના લોકો આવે છે. નીચલા થરના કે ઝૂંપડાવાળાઓ લગભગ આવાં અનિષ્ટોનો જ વ્યવસાય લઈને બેઠા હોય છે. એટલે નીચલા થરોનો સંપર્ક સાધી, એવામાં કામ કરતું થવાય તો જ જડમૂળથી આ રોગ જઈ શકે.

(૩) સ્વયંસેવકોથી આ વ્યવસ્થા ઊભી કરવી જોઈએ !

આમ મુક્ત મને સહુએ ચર્ચા કરીને ઘણું જ જ્ઞાન અને આનંદ મેળવ્યાં. આજની ચર્ચા ઉપરથી ભવિષ્યમાં વિપ્રોની ચર્ચા–પ્રસંગ ચર્ચા વગેરે અંગે સહુને આછો ખ્યાલ આવ્યો હતો.



ખેડવા એ ઘણું કઠણ કાર્ય હતું. પરંતુ આવાં જોખમો ખેડ્યા વિના સર્વધર્મ સમન્વયનો વહેવાર અશક્ય છે.

આ અંગે શિબિરાર્થી સંન્યાસીઓમાં પૂ. શ્રી દંડી સ્વામીજીને ધન્યવાદ આપવા જોઈએ. તેમણે શિબિરમાં ધર્મ-મૂઢતાના અને સાધુ સંસ્થાના અનેક પ્રશ્નોની છણાવટ થયા પછી જૈન સાધુતાને પૂજ્ય અને અસ્પૃશ્યતા સેવતા મંદિરોને બહારથી જ પૂજીને ત્યાગ પોકાર્યો. તે ઉપરાંત પોતે અગાઉ શિક્ષક હોઈને તેમના સંશોધાત્મક અને પરિચયાત્મક જ્ઞાનનો લાભ ચર્ચા-વિચારણા સમયે દરેકને ખૂબ જ મળ્યો. તેમની સૌમ્ય પ્રકૃતિની સહુ ઉપર સુંદર છાપ પડી હતી.

ત્યારે તેમનાથી તદ્દન વિરુદ્ધ પ્રકૃતિના ગોસ્વામી જીવણ ગરજી હતા. તેઓ શિબિરમાં આવ્યા તે પહેલાં તેમનામાં કેટલાંક વ્યસનો હતાં. શિબિરમાં આવતાં તેઓ વ્યસન ત્યાગ થોડોક વખત સંપૂર્ણરીતે જાળવી શક્યા. વ્યસનોમાં ફસાયેલ વ્યક્તિ એકદમ વ્યસનો છોડી શકતી નથી. તેથી તેમનો પ્રારંભનો વ્યસનત્યાગ પ્રશંસનીય ગણી શકાય. પણ, નોરતાંના ઉપવાસો પછી તેમનામાં કંઈક ઢીલાશ પેઠી, તે શિબિરનાં અંત સુધી રહી. આ બધા દિવસોમાં તેમના મનમાં એ નબળાઈ માટે ખૂબ જ રંજ રહેતો અને તેમણે પૂ. મુનિશ્રી સંતબાલજી પ્રત્યે જે શ્રદ્ધા દર્શાવી હતી તેથી એવી આશા રહે ખરી કે જતે દહાડે શ્રદ્ધાના બળે તેઓ વ્યસન વિજેતા બની જશે. તેમણે ધર્મક્રાંતિ અને મૂઢતાનાં પ્રવચનો સાંભળી એક મહાન-ક્રાંતિ કરીને પોતાની જટાદાઢી મૂડાવી-શિબિરાર્થીઓ તેનાથી રાજી થયા. દશનામી સંપ્રદાયમાં ઘણા જટાધારી રાખે છે, ઘણા નથી રાખતા. તેથી પૂ. મહારાજશ્રીએ કોઈ વાંધો લીધો નહીં.

બાકી બધા શિબિરાર્થીઓ સરળ પ્રકૃતિના હતા અને તેમણે શિબિર દરમ્યાન બધા સાથે સુમેળ સાધી રાખ્યો હતો. તેમાં શ્રી. બળવંતભાઈની પ્રકૃતિ જરા ઉગ્ર હતી. તેથી તેમનું ઘર્ષણ શિબિરાર્થીઓ અને શિબિર સહાયકો વચ્ચે થયા કરતું. એવી જ. રીતે શ્રી. સુંદરલાલ ઓઝાનું ઘડતર પણ એ ઢબનું ન થયેલું હોઈ ને તેમને

પણ શિબિર સહાયકો સાથે ઘણું થતું. આ બધા પ્રસંગોમાં પૂ. [illegible] શ્રી સંતબાલજી, પૂ. નેમિમુનિ અને શિબિર સાધક વર્ગના નેતા શ્રી. માટલિયા વગેરેની સ્નેહભરી [illegible] [illegible] ભિન્ન ભિન્ન [illegible] એક [illegible] જેમ [illegible] લાગી [illegible]

આ શિબિરમાં રહેવાની વગેરે વ્યવસ્થા [illegible] બધાયનું હતું તેના [illegible] ઉપરથી મળતો તેઓ [illegible] ધારી અને ચાલતા શિબિર [illegible] રોજના પ્રવચનો થતા ત્યારે [illegible] તેમનું સર્વધર્મની દૃષ્ટિએ [illegible] મહારાજશ્રીએ એ [illegible] શિબિરમાંથી જતા [illegible] તેમને લાગ્યું કે તેમની [illegible] માન્યા અને ત્યાંથી [illegible] [illegible] બધા અને ચાલતી શિબિરમાં [illegible] પોતાની ભૂલ બદલ માફી માગી [illegible]

[illegible] શ્રી. માટલિયાજી પણ એક [illegible] તેમને [illegible] [illegible] તેમને બાકી [illegible] [illegible] તેઓ નિયમિત [illegible] [illegible] નહોતા, ત્યારે [illegible] [illegible] નહીં, તેથી દરરોજ [illegible] [illegible] [illegible] શિબિરના [illegible]

બેચરા એ ઘણું કઠણ કાર્ય હતું. પરંતુ આવાં જોખમો ખેડ્યા વિના સર્વધર્મ સમન્વયનો વહેવાર અશક્ય છે.

આ અંગે શિબિરાર્થી સંન્યાસીઓમાં પૂ. શ્રી દંડી સ્વામીજીને ધન્યવાદ આપવા જોઈએ. તેમણે શિબિરમાં ધર્મ-મૂઢતાના અને સાધુ સંસ્થાના અનેક પ્રશ્નોની છણાવટ થયા પછી જૈન સાધુનાને પૂછી અને અસ્પૃશ્યના સેવતા મંદિરોને બહારથી જ પૂજીને ત્યાગ સ્વીકાર્યો. તે ઉપરાંત પોતે અગાઉ શિક્ષક હોઈ ને તેમના સંશોધનાત્મક અને પરિચયાત્મક જ્ઞાનનો લાભ ચર્ચા-વિચારણા સમયે દરેકને ખૂબ જ મળ્યો. તેમની સૌમ્ય પ્રકૃતિની સહુ ઉપર સુંદર છાપ પડી હતી.

ત્યારે તેમનાથી તદ્દન વિરુદ્ધ પ્રકૃતિના ગોસ્વામી જીવણ ગરજી હતા. તેઓ શિબિરમાં આવ્યા તે પહેલાં તેમનામાં કેટલાંક વ્યસનો હતાં. શિબિરમાં આવતાં તેઓ વ્યસન ત્યાગ થોડોક વખત સંપૂર્ણરીતે જાળવી શક્યા. વ્યસનોમાં ફસાયેલ વ્યક્તિ એકદમ વ્યસનો છોડી શકતી નથી. તેથી તેમનો પ્રારંભનો વ્યસનત્યાગ પ્રશંસનીય ગણી શકાય. પણ, નોરતાંના ઉપવાસો પછી તેમનામાં કંઈક ઢીલાશ પેઠી, તે શિબિરનાં અંત સુધી રહી. આ બધા દિવસોમાં તેમના મનમાં એ નબળાઈ માટે ખૂબ જ રંજ રહેતો અને તેમણે પૂ. મુનિશ્રી સંતબાલજી પ્રત્યે જે શ્રદ્ધા દર્શાવી હતી તેથી એવી આશા રહે ખરી કે જતે દહાડે શ્રદ્ધાના બળે તેઓ વ્યસન વિજેતા બની જશે. તેમણે ધર્મક્રાંતિ અને મૂઢતાનાં પ્રવચનો સાંભળી એક મહાન-ક્રાંતિ કરીને પોતાની જટાદાઢી મૂડાવી-શિબિરાર્થીઓ તેનાથી રાજી થયા. દશનામી સંપ્રદાયમાં ઘણા જટાધારી રાખે છે, ઘણા નથી રાખતા. તેથી પૂ. મહારાજશ્રીએ કોઈ વાંધો લીધો નહીં.

બાકી બધા શિબિરાર્થીઓ સરળ પ્રકૃતિના હતા અને તેમણે શિબિર દરમ્યાન બધા સાથે સુમેળ સાધી રાખ્યો હતો. તેમાં શ્રી. બળવંતભાઈની પ્રકૃતિ જરા ઉગ્ર હતી. તેથી તેમનું ઘર્ષણ શિબિરાર્થીઓ અને શિબિર સહાયકો વચ્ચે થયા કરતું. એવી જ રીતે શ્રી. સુંદરલાલ ઓઝાનું ઘડતર પણ એ ઢબનું ન થયેલું હોઈ ને તેમને

પણ શિબિર સહાયકો સાથે ઘરોબું થતું. આ બધા પ્રસંગોમાં પૂ. મહારાજ શ્રી સંતબાલજી, પૂ. નેમિમુનિ અને શિબિર સાધક વર્ગના નેતા શ્રી. માટલિયા વગેરેની સ્નેહભરી સમજાવટ અને અખૂટ વાત્સલ્યથી બધા સમજી જતા અને ભિન્ન ભિન્ન પ્રકૃતિવાળાઓ ભેગા થઈને એક પરિવારની જેમ હળીમળીને રહેવા લાગી જતા.

આ શિબિરમાં રહેવાની વગેરે વ્યવસ્થા થયા બાદ તેના પ્રતિ કેટલું મમત્વ બંધાયું હતું તેનો એક દાખલો બ્રહ્મચારી વાસુદેવજીના પ્રસંગ ઉપરથી મળશે. તેઓ મૂળ કથાવાચક હતા. નવરાત્રિના દિવસોમાં તેમણે રજા લીધી અને ચાલતા શિબિરે તેઓ કથા વાંચવા ગયા. ત્યારબાદ શિબિરના પ્રવચનો થતાં ત્યારે તેમને બોલવાની બહુ ઉત્કંઠા રહેતી પરંતુ તેમનું સર્વધર્મની દૃષ્ટિએ વિચારોનું ઘડતર ન થયેલું હોઈને પૂ. મહારાજશ્રીએ એ તક ન આપી. તેથી તેઓ નારાજ થઈને એકવાર તો શિબિરમાંથી જતા રહ્યા. તેમને શિબિરાર્થીઓએ બહુ સમજાવ્યા પણ તેમને લાગ્યું કે તેમની સ્વતંત્રતાને બાધ આવે છે અને તેઓ ન માન્યા અને ત્યાંથી ચાલ્યા ગયા. પણ શિબિરમાં જે આનંદ, રસ તેમજ હર્ષ મળેલો તે ક્યાં બીજે મળે? એટલે બે દિવસ બાદ પાછા આવી ગયા અને ચાલતી શિબિરમાં બેસી ગયા. એમને સમજાવ્યા એટલે પોતાની ભૂલ બદલ માફી માગીને ફરી દાખલ થયા.

મુંબઈની આબોહવા કેટલાક શિબિરાર્થી ભાઈઓને અનુકૂળ ન પડી. તેમાં શ્રી. માટલિયાજી પણ એક હતા. તેમની તબિયત બરાબર ન રહેવાથી તેમને બીજે સ્થળે રહેવાની છૂટ આપવામાં આવી. નાદુરસ્ત તબિયતના કારણે તેઓ નિયમિત રીતે શિબિરના કાર્યક્રમમાં ભાગ લઈ શકતા ન હતા. ત્યારે શ્રી. હરિયાજીને શિબિરના રસોડામાં જમવાનું ફાવતું નહીં. તેથી હરરોજ ઘાટકોપર પોતાને ઘેર જતા અને ટ્રેનમાં નિયમિત આવી કાર્યક્રમમાં ભાગ લેતા. એમને એમ પણ હશે કે ઘર હોવા છતાં શિબિરના રસોડાં ઉપર કેમ ભાર મૂકાય...!

પૂ. મહારાજશ્રી અને પૂ. નેમિમુનિજી ગોચરી લેવા જતા તે પણ ઘણા શિબિરાર્થીઓ માટે આશ્ચર્ય અને જિજ્ઞાસાનો વિષય રહેતો. આ અંગે જિજ્ઞાસુ બંધુઓને ગોચરી શું અને શા માટે ? તે અંગે ખુલાસો કરતા, તેનો સાધુજીવન સાથેનો અનન્ય સંબંધ તેમને સમજાતો.

એક વાત ચોક્કસ હતી કે શિબિરાર્થીઓને પોતાને શિબિરમાં દાખલ થવાનો અને વિચાર તથા આચારના ઘડતરનું જે કાર્ય થયું તેનો પૂરો સંતોષ થયો હતો—તે તેમણે વિદાય વખતે વ્યક્ત કરેલ ભાવો ઉપરથી જાણી શકાય તેમ છે. અલબત્ત ભિન્ન ભિન્ન પ્રકૃતિના અને કક્ષાના શિબિરાર્થીઓને કારણે અતિસંતોષ ન થયો હોય :તેમજ ક્યારેક ઘણાની પ્રકૃતિના કારણે કંટાળો, ગૂંચવણો તેમજ સમસ્યાઓ વગેરે ઊભાં થતાં પણ પછી તેનું સમાધાન, નિરાકરણ થઇ જતું અને પાછો સહચિંતનનો આનંદ પ્રવાહ વહેતો થઇ જતો.

ચાર માસના અંતે સહુને એમ તો અવશ્ય લાગ્યું કે વિષયોની વિશદ છણાવટ માટે આટલો સમય બહુ જ ટૂંકો પડ્યો છે.

શિબિર–સહાયકો અને શ્રોતાઓ ઉપર પડેલી છાપ :

શિબિરમાં દાખલ ન થયેલા છતાં શિબિરના કાર્યોમાં સહાયક થતાં કેટલાક ભાઇ–બહેનો શિબિરની કાર્યવાહીમાં ખૂબ રસ લેતા હતા. એમાં શ્રી. મણિભાઇ, છોટુભાઇ, બહેનશ્રી મીરાંબેન, હિંમતભાઇ અજમેરા, શ્રી. મણિભાઇ લોખંડવાળા, ભાલનળકાંઠાના પ્રયોગના કાર્યકરો અને ખેડૂતો, વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘનાં અને માતૃસમાજનાં કાર્યકર ભાઇ–બહેનો વગેરેને ગણાવી શકાય. આ બધા ભાઇ–બહેનોમાં ઘણા નિયમિત કાર્યકરતા, ઘણા પ્રસંગોપાત કાર્યકરતા અને લગભગ બધામાં ખડેપગે કાર્ય કરી છૂટવાની ધગશ દેખાઇ આવતી હતી.

પ્રિય મણિભાઇ શિબિરમાં સવારમાં થતાં પૂ. મહારાજશ્રીનાં પ્રવચનો લખતા, અને એને મઠારીને ડુપ્લીકેટરમાંથી કાઢવાનું કામ

કરેતા, શિબિર વ્યવસ્થા અને ખાસ તો શિબિરનું વહીવટી કામ સંભાળતા.

પ્રિય ઉદુભાઇ પણ શિબિર વ્યવસ્થાનું કામ સંભાળતા, અને શિબિરની સવાર-બપોરની કાર્યવાહીનું ઝીણવટથી શ્રવણ પણ કરતા શિબિર-સવાર-બપોરની કાર્યવાહીની જે સંક્ષિપ્ત નોંધ પાટિયા ઉપર લખાતી, તેની એમના મન પર બહુ સારી છાપ પડેલી. એટલે એમણે પૂ. મહારાજશ્રીને વિનંતિ કરેલી કે "આ જ સંક્ષિપ્ત નોંધ જો પુસ્તકરૂપે બહાર પડે તો શિબિર કાર્યવાહીમાંથી લોકોને ઘણું જાણવાનું મળે!" એ રીતે પાછળથી વિશ્વવાત્સલ્યના ભેટ પુસ્તક તરીકે પૂ. મુનિ નેમિચન્દ્રજીએ સંપાદિત કરેલ "શિબિર પ્રવચનની ઝાંખી" બહાર પડયું હતું.

બહેન શ્રી મીરાંબહેન રસોડાની વ્યવસ્થા સંભાળતા, શિબિરની વખતે કાર્યવાહી સાંભળવા બેસતાં. એક વખત શિબિરની ચર્ચામાં ઇસ્લામ ધર્મીની સાથે હિંદુ ધર્મીના બેટી વહેવારની વાત ચાલી, ત્યારે મીરાંબહેને શિબિરમાં ચર્ચા કરવાની રજા લઇ એ વસ્તુનો પોતાની તેજસ્વી વાણીમાં સખત વિરોધ કરેલો. પણ પૂ. મહારાજશ્રીની વાત્સલ્યમયી ઉદાર દૃષ્ટિની ટકોરને લીધે, એમનો વિરોધ શાંત થઇ ગયો હતો.

ભાલનળકાંઠાના કાર્યકરો અને ખેડૂતો પ્રાયોગિક સંઘની મિટિંગ વખતે આવી ગયા હતા. તે વખતે શ્રી કલ્યાણભાઈ ડાભી, શ્રી અંબુભાઇ મ. શાહ, શ્રી. ગુલામરસુલભાઇ કુરેશી વગેરેએ શિબિરની પ્રવચન-ચર્ચાઓમાં ભાગ લીધેલો, તેની સારી છાપ શિબિરાર્થીઓ ઉપર પડી, અને સારો અનુભવ મળ્યો. તેમને પણ શિબિરની કાર્યવાહી જાણીને સંતોષ થયેલો.

વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘના કાર્યકર બહેનો તો શિબિર વ્યવસ્થાપક સમિતિમાં હતા. એટલે અવારનવાર શિબિરની કાર્યવાહી જોવા અને જાણવા આવતા હતા. તેમને શિબિર કાર્યવાહીની સંક્ષિપ્ત નોંધ જોઈને ખૂબ આનંદ થતો.

શ્રી. હિંમતભાઈ અજમેરા, જે. કે. દીવાન, શ્રી. રતીભાઈ ગાંધી, શ્રી. વીરચંદભાઈ ઘેલાણી, શ્રી. રમણીકભાઈ હેમાણી, શ્રી. ચીમનભાઈ દલાલ, શ્રી. છગનલાલ હીરચંદ ગોસલિયા, શ્રી. રતિલાલ દીપચંદ, રતિભાઈ દફતરી વગેરે ભાઈઓ તો અવારનવાર શિબિરાર્થીઓની સંભાળ અને સેવા માટે આવતા જતા. તેમના મન ઉપર શિબિરકાર્યવાહીની સારી છાપ પડી.

માતૃસમાજનાં બહેનો પણ શિબિરનાં પ્રવચનો સાંભળવા ઘણીવાર આવતાં. તેમને મન આ અનોખો જ્ઞાનયજ્ઞ હતો. આવું સાધુ-સંન્યાસીઓનું અને જુદી જુદી કક્ષા અને પ્રકૃતિનાં સાધક-સાધિકાઓનું મિલન તેમને માટે અપૂર્વ જ હતું.

કેટલાંક ભાઈબહેનો જે શિબિરમાં દાખલ થવા માગતાં હતાં, પણ ચાર માસ માટે સતત રહેવાનું બનતું નહિ હોવાથી અથવા મોડા પડવાથી તેઓ શિબિરસભા-સભ્ય તરીકે નહિ લેવાયાં, પણ શિબિરના મંડળની બહાર શ્રવણાર્થી તરીકે બેસતાં અને શિબિરની કાર્યવાહી સાંભળતાં. બહારથી આવેલાઓમાંથી શ્રી. કન્હૈયાલાલજી ટાંટિયા (ખીચનમારવાડના વતની) શ્રી. ત્રિલોકચંદજી ગોલેછા (ખીચનના વતની) શ્રી. લક્ષ્મીચંદજી જૈન, (ઇંદોર) શ્રી. વલ્લભદાસ વૈદ્ય, શ્રી. મહેન્દ્રભાઈ પૂ. શાહ, બહેન શ્રી. વનિતા બહેન વોરા, શ્રી. ભૂરેલાલ નયા (ઉદયપુર) શ્રી. પુષ્પાબહેન (પાલણપુરવાળાં) વગેરેનાં નામો ઉલ્લેખનીય છે. શ્રી. કનૈયાલલજી તો પોતાનાં પત્ની બાળકો સાથે બેંગલોર 'વિશ્વનીડમ'થી શિબિરમાં દાખલ થવા માટે આવેલા, પણ બહુ મોડા પડ્યા હોવાથી તેમને શિબિરમાં દાખલ ન કર્યા. એમ જ પ્રકાશવિજયજી ભૂદાની, તેમજ વજેશાનંદજી રાવળ (કાર્યકર) તથા મુનિશ્રી કમલવિજયજી તથા સુમતિમુનિએ શિબિર માટે ચોક્કસ દાખલ થવાની સ્વીકૃતિ લખી જણાવેલ, પરંતુ જુદાં જુદાં કારણોસર નહિ આવી શક્યા. બે-એક સંન્યાસીઓ શિબિરમાં દાખલ થવા માગતા હતા, પણ ચાર માસ માટે નહિ; તેથી તેમને ન લેવાયા. શ્રી. કનૈયાલાલજી થોડાક દિવસ શિબિરની કાર્યવાહી જોઈને ખીચન ગયા.

શિબિરાર્થી બહેનોમાં પણ જ્યારે ધર્મને નામે અંધશ્રદ્ધા અને મૂઢતા ઉપર શિબિરની પ્રવચન ચર્ચાઓમાં પ્રહારો થતા, ત્યારે થોડી અકળામણ થતી. અને એક બહેને તો પૂ. મહારાજશ્રીને પૂછયું પણ ખરું કે 'પરલોકે સુખ પામવાં' એમ ભજનમાં બોલાય છે, તો ધર્મ કરણી પરલોકમાં સુખ પ્રાપ્તિ માટે જ છે ને !" મહારાજશ્રીએ તેમનાં મનનું સમાધાન સારી પેઠે કરી દીધું. પછી તો એ બહેનોના મનમાં ધર્મ અને દેવોને નામે વહેમ, પામરતા, અંધશ્રદ્ધા વગેરેની જે શંકાઓ હતી, તે ઊડી ગઈ.

આગંતુકો ઉપર પડેલી શિબિરની છાપ :

એકવાર શિબિરમાં શ્રી. બબલભાઈ (જે ગૂજરાતના પીઢ મહાસેવક છે) આવ્યા હતા. શ્રી. રવિશંકર મહારાજ તો શિબિરના શુભારંભ વખતે ઉદ્ઘાટન ક્રિયામાં હતા જ. પણ શ્રી. બબલભાઈ 'અનુબંધ વિચારધારા'ના મુદ્દા ઉપર પ્રવચન ચાલતું હતું તે દિવસે અનાયાસે આવ્યા. તેમના અનુભવોનો લાભ શિબિરાર્થીઓને મળે, એ દૃષ્ટિએ તેમને થોડુંક કહેવા વિનવ્યું. તેમણે પોતાની શૈલીમાં વિચારોની રજુઆત કરી હતી.

એક દિવસ શ્રી. અન્નપૂર્ણાબહેન (જેઓ જુગતરામભાઈ સાથે આદિવાસીઓમાં કાર્ય કરે છે) આવ્યાં. તેમના અનુભવોનો પણ બપોરની ચર્ચામાં શિબિરાર્થીઓને લાભ મળેલો. તેમણે આદિવાસીઓની પ્રકૃતિ, સંસ્કૃતિ અને ઘડતર વિષે કહ્યું હતું, જેમાં શિબિરાર્થીઓને ખૂબ રસ પડયો.

એક દિવસ 'શ્રી. પુનીત મહારાજ' બહુ જ સાદા વેષમાં શિબિરની કાર્યવાહી જોવા અને પૂ. મહારાજશ્રીને મળવા આવ્યા હતા. શિબિરની કાર્યવાહી જોઇને તેઓ બહુ ખુશ થયા.

એક દિવસ શ્રી. રામનારાયણ પાઠક, જેમણે ગુજરાતીમાં સર્વે ધર્મો ઉપર જુદાં જુદાં પુસ્તકો લખ્યાં છે, પૂ. મહારાજશ્રીને મળવા

આવ્યા હતા. તેમણે મહારાજશ્રીને જૈન ધર્મના સિદ્ધાંતો અને પરંપરા અંગે માર્ગદર્શન આપવા વિનવ્યું. શિબિરની કાર્યવાહી જોઈને આનંદ પ્રગટ કર્યો.

શિબિર દરમ્યાન બનેલી ઘટનાઓથી શિબિરાર્થીઓનું આચારિક ઘડતર

શિબિર દરમ્યાન જેમ સૈદ્ધાંતિક રીતે વિશ્વદર્શનનો વિચાર ચાલતો હતો, તેમજ વહેવારમાં વિશ્વનાં ઘટના ચક્રો ઉપર વિચાર અને તેમાં ધર્મનો રંગ પૂરવાનો યત્કિંચિત આચાર પણ પૂ. મહારાજશ્રીની પ્રેરણાથી થતો હતો. એ માટેના કેટલાક પ્રશ્નો સામે આવ્યા.

પહેલો પ્રશ્ન આવ્યો માસ્તર તારાસિંહે ઉપાડેલ પંજાબી સૂબાનો. તે ભારતના અને કોંગ્રેસના સિદ્ધાંત (કોમવાર પ્રાંતરચના ન થવી જોઈએ)ની વિરુદ્ધ હતો. શિબિર આમ તો આ પ્રશ્નમાં સીધો ન પડે તે દેખીતું છે, પણ વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ તરફથી એ પ્રશ્ન હાથ ધરાયો હતો તેમાં શિબિરાર્થીઓએ પૂરો રસ લીધો હતો. આ પ્રશ્નને ઉકેલવા માટે સામુદાયિક અહિંસાના પ્રયોગોમાં શિબિરને ફાળે બે કામો આવ્યાં.

(૧) એ પ્રશ્નની સાચી સમજ લોકોમાં ફેલાવવાનું અને (૨) પ્રાર્થનામય પ્રતીક ઉપવાસો કરનારાઓનાં નામો નોંધી વિ. વા. પ્રા. સંઘને આપવા અને પોતે પ્રાર્થનામય સત્રો આચરણ કરવાનું કામ. શિબિરસદાયકોએ આ કામ માટે સુન્દર્જીના નાણેતા શીખ આગેવાનને મળીને આ અંગે તેનું નિવેદન લખાવી સહી લીધી. ઉપવાસીઓનાં નામો નોંધ્યાં. તેમજ નીચે મુજબ ૫ સૂત્રો દરરોજ પ્રાર્થના પછી ઉચ્ચારતાં હતાં :—

(૧) વિશ્વશાન્તિ માટે ભારતમાં શુદ્ધ ઐક્ય થાઓ અને ઐક્ય વિરોધી બળો દૂર થાઓ.

(૨) ઉપવાસો શુદ્ધિ માટે યોજાઓ અને અશુદ્ધ હેતુનું સાધન મટે.

(૩) પંજાબભૂમિ કોમીરોગથી મુક્ત થાઓ અને શીખ-હિંદુ એકમત થાઓ.

(૪) ધર્મસ્થળો ભેદભાવનાં સાધન મટો અને માનવઐક્યનાં સ્થાન બનો.

(૫) સંગઠિત લોકજાગૃતિ પ્રગટ થાઓ અને એકતા વિરોધીઓ સુમાર્ગે વળો.

સદ્ભાગ્યે આ પ્રાર્થના અને મંત્રોચ્ચારણની સારી અસર લોકમાનસ ઉપર તો થતી જ. વળી ગમે તે કારણે પણ ત્રીજે કે ચોથે જ દિવસે માસ્તર તારાસિંહે પોતાના હઠથી જે ઉપવાસો આદર્યા હતા તેના પારણાં થયાં. આ રીતે ત્યાંના લાગતાવળગતા રાષ્ટ્ર હિતૈષીઓના પ્રયત્નોથી, અને આ ભાવનાના આંદોલનથી માસ્તર તારાસિંહનો પ્રશ્ન પતી ગયો એમ કહી શકાય.

બીજો પ્રશ્ન અમદાવાદમાં એક જૈન સ્થા. સાધુજીએ કરેલ આમરણાન્ત અનસન (સંથારા) વખતે શિબિરાર્થીઓના મનમાં સ્ફુરેલો; તે એ કે આ અનશન નિમિત્તે જૈનધર્મ કોઈ વ્યાપક રૂપ ધારણ કરે એ હેતુથી નીચે મુજબ શિબિર તરફથી પત્ર છિપાપોળમાં અનશન (સંથારામાં) વિરાજતા સાધુજી મ. ઉપર પાઠવવામાં આવ્યો :—

સાધુસાધ્વી શિબિર
ગુર્જરવાડી, માટુંગા (મું. ૧૯)
તા. ૨૪-૧૦-'૬૧

જૈન ધર્મમાં સંથારા અને અનશન જેવું પવિત્ર તપ માત્ર રૂઢિગત રીતે નહીં, પણ ઉપયોગ અને વિવેકપૂર્વક સર્વજનોના હિતાર્થે વિકસે, તે જરૂરી છે. તપના આ ઉત્કટ સાધન-સંબંધે અન્ય વિચાર રજૂ નહીં કરતાં આપ જ્યારે અનશનને માર્ગે જઈ રહ્યા છો, ત્યારે શિબિરાર્થીઓ આપના આત્માની શાંતિ ઇચ્છે છે અને જે આંતર કર્મ બાળવા માટે આપ પુરુષાર્થ કરી રહ્યા છો, તેમાં આપની સફળતા ઇચ્છે છે. જૈનલિંગે

કે અન્ય લિંગે પણ સિદ્ધત્વને પામી શકાય છે, એ જોતા જૈન અને અન્ય લિંગ (વેશ) પણ મોક્ષસાધનના અંગો છે. આપ જ્યારે મોક્ષસાધના માટેના સંથારા જેવા નિરુપમ તપની આરાધના કરી રહ્યા છો, ત્યારે મુમુક્ષુને સાધના કરવા માટેનાં સ્થાનકો ઉપાશ્રયો જૈન લિંગના સાધુસાધ્વીઓ ઉપરાંત સર્વ લિંગના સુવિહિત સાધુસંન્યાસી રહી શકે, તે રીતે ખુલ્લા મુકાય, તેવી ઉદ્ઘોષણા આપના મુખે થાય, તેવી અમે વિનંતિ કરીએ છીએ. ઘણાંખરાં વૈદિક ધર્મસ્થળો, સંન્યાસાશ્રમો, વૈષ્ણવ મંદિરો કે રામમંદિરો તેમ જ ચોરાઓએ વૈદિક અને હિંદુ સાધુ ઉપરાંત જૈન-સાધુને આશ્રય આપ્યો જ છે, (આપે છે) એટલે આપણે પણ એટલા વિશાળ ને વ્યાપક બની મુમુક્ષુનાં સાધના-સ્થાનકો સર્વમાટે ખુલ્લા કરીએ, તેમાં જૈનધર્મના વ્યાપક સ્વરૂપનો સાક્ષાત્કાર થશે. આપના આ અનશન નિમિત્તે આપના તરફથી આવી ઘોષણા થાય તો આ પ્રસંગની સ્મૃતિ દીર્ઘકાળ સુધી રહેશે અને જનતાને વ્યાપક ધર્મને માર્ગે દોરી જશે.

આપના હિતાકાંક્ષી
—સર્વ શિબિરાર્થી

આ પત્રની કેટલી અસર થઈ, એ તો પ્રભુ જાણે! પણ પરિણામ પ્રતિ જોયા વગર નૈતિક હિંમતથી શિબિરાર્થીઓએ તો પોતાનો ધર્મ બજાવ્યો જ.

શિબિર દરમ્યાન તા. ૧૫-૧૧-૬૧ના મુંબઈ સમાચારમાં એવા સમાચાર આવ્યા, કે રંગુન નજીક એક ગામમાં આશરે ૨૦ બૌદ્ધ સાધુઓની આગેવાની હેઠળ એક મોટા ટોળાએ મુસ્લિમ ધર્મસ્થળને આગ લગાડી, અને કેટલાક મુસ્લિમોને રહેંસી નાખ્યા હતા. સાધુઓ દ્વારા થયેલું આ કૃત્ય સાધુઓની શિબિરને શરમાવી દેનારું લાગ્યું હતું. એટલે શિબિર તરફથી તપાસ અંગે પત્ર લખાવે નહીં (મુંબઈમાં) બૌદ્ધ વિહાર ઉપર લખવામાં આવ્યું કે તેઓ એની સાથે તપાસ પણ

સભા અમારું દુઃખ વ્યક્ત કરે અને આ હિંસાત્મક કાર્યવાહી બંધ કરાવે.

પત્રનો મુસદ્દો આ પ્રમાણે છે :—

साधु-साध्वी शिविर, गुर्जरवाडी
लक्ष्मीनारायण लेन
माटुंगा (बंबई-१९)
ता. १७-११-६१

श्रीमान् मंत्रीजी
बौद्ध विहार, वरली (बंबई)

सादर प्रभु-स्मरण

"बंबई के उपनगर माटुंगा में लगभग ४॥ महीने से एक साधु-साध्वी शिविर चल रहा है। उसमें विश्व की साधुसंस्था और साधक (लोकसेवक) संस्था की उपयोगिता और अनिवार्यता के बारे में अनेक प्रश्नों पर विस्तृत चर्चा की गई है। साधुसंस्था से सबसे बड़ी आशा सामूहिकरूप से अहिंसा एवं सर्वधर्मसमन्वय के विविध प्रयोग करने की रखी गई है। परंतु ता. १५-११-६१ के 'मुंबई समाचार' में इस प्रकार के समाचार आए हैं कि रंगून के नजदीक ओकालाया शहरमें २० बौद्ध साधुओंके नेतृत्व मे एक टोली सशस्त्र निकली, जिसने दो मुस्लिम धर्मस्थानों में आग लगा दी, मारपीट किया, और उन भाईओंको मुस्लिम धर्मस्थान बनाने से रोका। फलतः दोनों धर्मवालों के बीच दंगा फिसाद हुआ। इसमें बौद्ध साधुओं ने सशस्त्र उक्त मुस्लिम धर्म-स्थान में अड्डा जमा लिया। पुलिस तथा सत्तावालों के समझाने पर भी वे नहीं हटे। अतः सरकार को गोलीबार और धरपकड़ का सहारा लेना पड़ा। "इस समाचार से शिबिरार्थी साधु-संन्यासियों और साधक-साधिकाओं को अत्यन्त दुःख हुआ है।"

"जिन बुद्ध भगवान ने 'अवैर से वैर शांत होता है' यह उपदेश

दिए, उन्हीं के अनुयायी, उसमें भी बौद्ध श्रमण या भिक्षु हिंसा का आश्रय लें, या धर्म के मामलों में हिंसा को उत्तेजन देनेवाले झगड़े करें, यह तथागत की भावना के साथ जरा भी संगत नहीं है। इसी तरह अन्य धर्मी लोगों को दुःखी करने एवं धर्म के नाम पर दंगे करने से राष्ट्र, बरमा तथा एशिया के अन्य प्रदेशों में इसका बुरा चेप लगने का भय है। और इस से नवजात लोकतंत्र एवं संस्कृतसमाज की सभ्यता को भी सतत पहुँचेगा। इसकी प्रगति को धक्का पहुँचेगा। अतः हम प्रत्येक बौद्ध धर्मी गृहस्थों और साधुओं से विनम्र प्रार्थना करते हैं कि वे इस दुष्कार्य की कड़ी आलोचना करें और भविष्य में उन्हें ऐसा करने से रोकें। साथ ही जिन मुस्लिमधर्मी लोगोंकी भावनाको आघात पहुँचा है, उनसे क्षमा माँगे।"

"साथ ही, मुस्लिम भाईयों से भी हम यह विनति करते हैं कि वे इस बारे में उदारता का परिचय देकर संघर्ष को आगे बढ़ने से रोकें। इस प्रसंग पर जिन्हें सहन करना पड़ा है, उन्हें हम अपनी हार्दिक सहानुभूति प्रेषित करते हैं।"

"राज्य ने कठोर कदम उठा कर अन्य धर्मियों की रक्षा करने का अपना धर्म बजाया, इस से संतोष है, लेकिन एक धर्म को ही राज्यधर्म बना देनेकी भूल में से बेसमझ धर्म-प्रेमियों में धर्मान्धता फैलने और अन्य धर्मियों पर जुल्म करने का मौका मिल जाता है। इसमें से अनन्त परंपरा खड़ी होती है। अतः राज्यधर्मी बने तभी सर्वधर्मसमभाव को समर्थन मिल सकता है।" •

—'सतवाद'

प्रेषक, साधु-साध्वी शिबिर।

એક દિવસ શિબિરનો કાર્યક્રમ ચાલતો હતો, ત્યાં શિબિરાર્થી ભાઈઓના નિવાસના ઓરડામાં એક ગરિયો પેસી ગયો અને વસુદેવ બ્રહ્મચારીનું ઘડિયાળ અને પેન સાથે આણતો થયો. બ્રહ્મચારીના મનમાં સહેજ શંકા ગઈ, એટલે તરત જ ઓરડામાં ગયા. પોતાનું

ઘડિયાળ સંભાળ્યું તો તે જડ્યું નહિ. તેઓ તરત જ દોડ્યા અને પેલા ગઠિયા જુવાનને પકડ્યો. ઘડિયાળ તેમની પાસેથી મળી આવ્યું. તેની ઝડતી લેતાં પેન પણ તેના ખિસ્સામાં જ મળી આવી. ત્યાર પછી તેને પકડીને બ્રહ્મચારીજી પૂ. મહારાજશ્રી (શિબિરપ્રેરક) પાસે લાવ્યા અને બધી વાત કરી. વાત કરતાં જણાયું કે એ ઉછરતો જુવાન સૌરાષ્ટ્રનો જૈનકુટુંબનો હતો. ઘેરથી રિસાઈને મુંબઈ આવી ગયેલો. અને અહીં ગઠિયો થઇ ગયેલો. એને બધી પૂછપરછ કર્યા પછી એણે પોતાની ભૂલ કબૂલી. ત્યાર પછી એ ક્યાં રહે છે, તેનું સરનામું પૂછી, શિબિરાર્થીઓ પૈકી શ્રી. બ્રહ્મચારીજી અને શ્રી. સુંદરલાલ શેઠ બન્ને તેના સગાને મળી એને પાછો પોતાના વતને પહોંચાડવાની વિનતિ કરવા એને સાથે લઇને ગયા. મુંબઈમાં એ બન્ને શિબિરાર્થીઓને એક એવા રસ્તામાં લઈ ગયો, જ્યાં અપાર ગિર્દી હતી; અને એક શિબિરાર્થી એની આગળ હતા અને એક પાછળ, તેમાં એ ક્યાંક વચ્ચેથી એક ગલ્લીમાં પેસીને છટકી ગયો. બન્ને શિબિરાર્થીઓએ થોડી વાર તો ગોતાગોત કરી પણ એનો પત્તો ન ખાધો. જો કે પૂ. મહારાજશ્રીએ તેને પોતાના દેશ જવા અને કામે લાગવા માટે પ્રેમથી કહેલું પણ એને કાબૂમાં લેવામાં સ્થૂળ રીતે શિબિરાર્થીઓ નિષ્ફળ નીવડ્યા.

આવા ઘણાં પ્રસંગો શિબિર દરમ્યાન થયા. જેનાથી શિબિરાર્થીઓને ઘણું જાણવા મળ્યું.



શિબિર પ્રેરકની જન્મ જયંતિ (૨૬-૮-૬૧)

શિબિર ચાલુ થયા બાદ વિશિષ્ટ કાર્યક્રમોમાં શિબિરપ્રેરક મુનીશ્રી સંતબાલજીની ૫૮મી જન્મ જયંતિ એક હતી. શ્રાવણી પૂર્ણિમાના શુભ દિવસે તેમની ૫૮મી જન્મતિથિ આવતી હતી. આ અંગે બધા શિબિરાર્થીઓમાં અને બહારથી ભાગ લેનાર કાર્યકરોમાં સારો ઉત્સાહ હતો. શ્રાવણી પૂર્ણિમા તારીખ ૨૬-૮-૬૧ના આવતી હતી. મહારાજશ્રી જાતે આવી વ્યક્તિપૂજનમાં માનતા નથી. તે ઉપરાંત જીવંત વ્યક્તિઓની જયંતિ કે તે નિમિત્તના કાર્યક્રમો તેમને પસંદ નથી, કારણ કે તેઓ માને છે કે "વ્યક્તિ જીવનના અંત સુધી એક સરખી રહેશે કે નહીં એ નક્કી થતું નથી. એટલે જીવતા માણસની જયંતિઓમાં જોખમ હોઈ પ્રાયઃ નહીં ઉજવવી જોઈએ!" પણ, જે વિશિષ્ટ વ્યક્તિ હોઈ તથા જેમનાં કાર્યો અને વિચારો લોકોને પ્રેરણા આપે તેવા હોય તેને શુભ દિને યાદ કરવામાં વાંધો નથી. એ રીતે આજનો કાર્યક્રમ યોજાયો હતો.

સૌ પ્રથમ શિબિરની શરૂઆત પ્રાર્થના વડે થઈ. સહુએ એક સ્વરમાં ગાયું :

"સંગે હરિચરણમાં રહીએ તમે અમે
સંગે હરિપ્રભુપમાં રહીએ તમે અમે.

ત્યારબાદ બહેનશ્રી મીરાંબહેને મધુર સ્વરે ભાવગીત ગાયું :

પ્રભો અંતર્યામી જીવન જીવના દીન શરણ...
પિતા, માતા, બંધુ, અનુપમ સખા હિત કરણા... !

ત્યારબાદ શિબિર વ્યવસ્થાપક સમિતિના મંત્રી કાર્યકર શ્રી. ઉત્તમ લાલ હીરચંદ મોસણીયા (બચુભાઈ) એ આજના જન્મદિન નિમિત્તે આવેલા પ્રેરક સંદેશા વાંચી સંભળાવ્યા હતા. કેટલાક સંતસતી આદિઓ

અંજલી રૂપે મહારાજશ્રીને અર્પી હતી. બધાંએ મહારાજશ્રીની "શતાયુ દીર્ઘાયુભવ:" ની શુભ કામના વ્યક્ત કરી હતી.

સંદેશાઓમાં મુખ્યત્વે પૂજ્ય મહારાજશ્રીના વિશ્વવાત્સલ્ય ધ્યેયને લઈને ધર્મદૃષ્ટિએ સમાજ રચનાના પ્રયોગો દ્વારા વિશ્વશાંતિ અને વિશ્વકલ્યાણ થાય; પૂ. મુનિશ્રી એ પ્રયોગ કરવા માટે ચિરંજીવી અને ચિરસ્વસ્થ રહે એવી શુભેચ્છા વ્યક્ત કરવામાં આવી હતી.

પછી, શ્રી બચુભાઈએ જણાવ્યું હતું કે "પૂ. ગુરુદેવની આજે ૫૮મી જન્મ જયંતિ છે. તે પ્રસંગે ૫૮ વાર નહીં પણ અઠાવન હજાર વાર પ્રણિપાત વંદન કરી આપણે તેમને હૃદયપૂર્વક અંજલિ અર્પીએ છીએ. તેઓશ્રીએ ચાર વર્ષથી મુંબઈમાં વિચરીને લોકોમાં સૂતેલાં નૈતિક મૂલ્યો ફરી જગાડ્યાં છે. આ સમય દરમ્યાન તેમણે આપણને ગીતાનો કર્મયોગ, રામાયણનું રસાયણ, જૈન આગમોનું તત્ત્વજ્ઞાન, સર્વ ધર્મનો અભ્યાસ વગેરેનું જ્ઞાનામૃતપાન કરાવ્યું છે. તેમણે અહીં પણ વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘની રચના કરી છે. બહેનોને અત્યંત ઉપયોગી એવા ચાર માતૃસમાજો સ્થાપ્યા છે અને છેલ્લે ધર્મક્રાંતિનાં બીજ વ્યાપક કરવા માટે અને સર્વ ધર્મનાં સાધુસાધ્વીઓ એક વ્યાસપીઠ ઉપર બેસીને ધર્મમય સમાજ રચના કરે તે માટે સાધુસાધ્વી શિબિરનાં મંડાણ કર્યાં છે. ધર્મમય સમાજ રચના માટે તેમની સક્રિય રચનાત્મક કાર્યવાહીનું અનુકરણ જો દેશ અને વિશ્વ કરે તો જગતમાં સુખ, શાંતિ અને આનંદ જરૂર આવ્યા વગર ન રહે. એ માટે એમણે હજુ ઘણું કરવાનું છે. તે માટે જગતને તેમના તરફથી પ્રેરણા સતત મળતી રહે એ માટે આપણે સૌ ઇચ્છીએ કે મહારાજશ્રી દીર્ઘાયુને પ્રાપ્ત થાવ અને તેમની પ્રેરણા આપણને સૌને સતત મળતી રહે."

ત્યારબાદ પૂ. મુનિશ્રી નેમીચંદ્રજીએ પૂ. મુનિ મહારાજશ્રી સંતબાલજીની ૫૮ મી જન્મતિથિ પ્રસંગે ધર્મદષ્ટિએ સમાજ રચનાનો પ્રયોગ–પ્રવાહ અંગે વર્ણવતા કહ્યું :

આજે જે મહાન આત્માની જન્મતિથિ છે, તેની જન્મતિથિ આપણે માટે વધુ ને વધુ ચિંતન કરવા જેવી છે. આપણે માત્ર એમના ભૌતિક દેહને માનીને જ મીટ માંડીશું તો એનાથી કાંઈ [illegible] સમાજજીવન ઊંચું નહીં લાવી શકીશું. [illegible] જન્મ્યા છે અને સમાજરચનાના અનેક પ્રયોગો, [illegible] પણ [illegible] ગાંધીજી પછી આ પ્રયોગ આરંભાયા ને અદ્ભુત [illegible] મુનિશ્રી પૂ. મુનિશ્રીના જીવનમાં ક્યાંથી આવ્યા [illegible] એમ વિશે [illegible] એમના જીવનના આરંભકાળથી વિચારવું પડશે.

શ્રાવણ માસમાં પ્રકૃતિ લીલીછમ થઈ જાય છે. [illegible] હરિયાળી છવાઈ જાય છે. [illegible] પ્રકૃતિ [illegible] એમ લાગે છે. ધર્મક્રિયા માટે પણ આ [illegible] ખેડૂત માટે પણ શ્રાવણ માસનું મહત્ત્વ [illegible] ખેતરની ભૂમિ ઉપરથી [illegible] કાઢી નાખી [illegible] લી લાવે છે, ખેતરમાં કોઈ પાકને નુકશાન ન પહોંચાડે [illegible] રાખે છે, અને અનાજ પાકયા પછી પોતાના [illegible] આપે છે. એટલા માટે જ [illegible] આ થઈ ભૌતિક ખેતી કરનારે ખેડૂતની વાત.

આજ શ્રાવણ માસમાં આધ્યાત્મિક ખેતી [illegible] જન્મ થાય છે. તેઓ શી રીતે સમાજના [illegible] લી લાવી, એ ખેતીને કોઈ નુકશાન ન પહોંચે [illegible] ખોટા મુદ્દાઓ ન પેસી જાય, તેની [illegible] અનાજ કેવી રીતે પકવે છે અને [illegible] રીતે આપે છે, તે ક્રમ ઉપર આપણે વિચારીશું.

ધર્મદૃષ્ટિએ સમાજરચનામાં [illegible] શિવ અને સુંદરમ્ પૂ. મુનિશ્રીનો સંવત ૧૯૬૦ માં [illegible] નામ શિવલાલ રાખવામાં આવે છે [illegible] એટલે "શિવ" એટલું. હવે સત્ય અને સુંદર મેળવવા [illegible]

મુંબઈમાં આવીને એઓ ધંધો કરે છે, એમાં પ્રામાણિકતા, ખંત અને વફાદારી રાખે છે. એ ત્રણે ગુણોથી ખુશ થઈને એમના શેઠ તે વખતે ૨૦૦) રૂ.ના પગાર સુધીનું પ્રલોભન આપે છે અને છેવટે છ આની ભાગ આપવાની ઓફર કરે છે; પણ એમની મૂળે ધર્મ દૃષ્ટિ હોઈ સમાજની અર્થ મૂલક દૃષ્ટિ પ્રત્યે એમને છેવટ વૈરાગ્ય જન્મ્યો. આ બધા ધંધા એમને નાના લાગ્યા.

આ વૈરાગ્યવૃત્તિથી પ્રેરાઈને સંવત ૧૯૮૫માં મોરબી મુકામે કવિવર્ય પૂ. મુનિશ્રી નાનચંદ્રજી મ. પાસે તેઓ મુનિદીક્ષા સ્વીકાર કરે છે. દીક્ષા પછી એમનું નામ સૌભાગ્યચંદ્રજી રાખવામાં આવે છે. સૌભાગ્ય એટલે સુંદર ભાગ્ય. એટલે હવે સુંદર મળ્યું. માત્ર સત્ય બાકી હતું. એને શોધવાના ત્રણ કાળ–એટલે ધર્મમય સમાજ રચના પાછળના સત્યની શોધ માટે ત્રણ કાળ–માંથી પસાર થાય છે–(૧) સ્મૃતિ, (૨) શ્રુતિ અને (૩) પ્રયોગકાળ.

એને માટે સર્વપ્રથમ સત્યની સ્મૃતિ એટલે ચિંતન, અધ્યયન, મનન, સાહિત્ય લેખન વગેરે પૂ. મુનિશ્રી કરે છે. નામ પણ 'સંતબાલ'–એટલે સત્‌ની શોધ કરનારાઓનું બાળ–રાખવામાં આવે છે. આગમો, દર્શનો, સંસ્કૃત-પ્રાકૃત ભાષાનો ઊંડાણથી અભ્યાસ કરે છે. ચિંતન કરે છે; ચિત્તની એકાગ્રતા માટે 'અવધાન' કરે છે. શતાવધાની બને છે. અજમેરમાં ભરાયેલ 'સાધુ સમ્મેલન' વખતે અવધાન પ્રયોગ પછી 'ભારતરત્ન'ની ઉપાધિ મળે છે. "ઉત્તરાધ્યયન", "આચારાંગ" અને "દશ વૈકાલિક" સૂત્રનો ભાવવાહી સરળ સુબોધ ભાષામાં અનુવાદ કરે છે. "સ્મરણ શક્તિ", "આદર્શ ગૃહસ્થાશ્રમ" "યૌવન", "આપણી ભૂલ ક્યાં છે?" "ધાર્મિક દૃષ્ટિ અને સમાજવાદ" "સ્ફુરણાવલી", "સિદ્ધિનાં સોપાન", "જૈન–દૃષ્ટિ એ ગીતા દર્શન" વગેરે સાહિત્ય રચના કરે છે. પણ આ બધું કરવા છતાં સત્યની તાલાવેલી શમતી નથી. એમને સત્ય શોધવાની ઉત્કટ તાલાવેલી સંવત્ ૧૯૯૨ ના મુંબઈ ચાતુર્માસમાં લાગી. પરિણામે ૧૯૯૩ માં રણાપુર

(નર્મદા તટે) માં સમૌન એકાંતવાસ રહ્યા. એ કાળમાં બધા ધર્મોના સંતોનો અભ્યાસ, ચિંતન, વિશ્વવાત્સલ્યનો બીજ મંત્ર 'ૐ મૈયા' દરે મેળવે છે. અવ્યક્ત જગત્ સાથે એકતાનો અનુભવ રસ ચાખે છે.

ત્યાર પછી ૧૯૯૪ માં વાઘજીપુરા ચાતુર્માસ કરે છે. આ વખતે સ્મૃતિકાળ લગભગ પૂરો થાય છે. હવે શ્રુતિકાળ આવે છે શ્રુતિમાં તો તેઓ સમાજના વિવિધ અનુભવોનું શ્રવણ કરીને સઘરે છે. લોકો જુદી-જુદી જાતના સમાજના અનુભવો 'इति श्रूयते' इति श्रयते' આ રીતે સાંભળવામાં આવે છે, એમ કહે છે ત્યાં જ વળી કોઈ એમને કહે છે—નળકાંઠામાં ચાલો, ત્યાં તમને સુંદર કાર્ય મળશે, એટલે એમણે નળકાંઠાનો પ્રવાસ ખેડ્યો. ત્યાંની તળપદા કોળી અને બીજી પછાત જાતિઓમાં તે વખતે ઢોર ચોરી, બીજાની પરણેતર સ્ત્રીને ઉપાડી જવું, માંસ, દારૂ, બહેનોના પૈસા લેવા, ચા-બીડી વગેરે અનેક અનિષ્ટો જોયાં, એ બધાં અનિષ્ટોની પાછળ અર્થ અને કામની દૃષ્ટિ મુખ્ય છે, એ એમને લાગ્યું. ધર્મદૃષ્ટિ બનાવી તેનો પ્રયોગ સમાજમાં કરવો જોઈએ, એમ લાગ્યું. અહીં શ્રુતિકાળ અને સ્મૃતિકાળ પણ ક્રમશઃ પૂરો થાય છે.

હવે આવે છે પ્રયોગ કાળ. એમાં સૌથી પહેલાં નળકાંઠાના તળપદા કોળી પટેલોનું ૧૯૯૫ના પોષ માસમાં સમ્મેલન ભરાય છે. એમાં એ લોકોને સાચી ધર્મદૃષ્ટિ સમજાવે છે અને આવી ધર્મદૃષ્ટિથી જ પ્રજા સુખી થઈ શકે; નહિતર અર્થકામ પાછળ દોટ મૂકવાથી બધાને મોટો ભાગે પરસેવો પાડીને શ્રમ કરવા છતાં સંતોષ અને સુખ નહીં મળે. આ વાત એ લોકો સમજ્યા, સમ્મેલનમાં સામાજિક સુધારણાના ઠરાવ પસાર કર્યા. તે વખતે કોળી પટેલોના નામકરણ સંસ્કાર પૂ. મહારાજશ્રી 'લોકપાલ' રાખીને કરે છે. ત્યાર પછી માંસ, દારૂ, જુગાર, ચોરી, દારૂ અને ચા ઉપર પૂ. મહારાજશ્રીએ પ્રહારો કર્યા. પરિણામે આ વિચાર સાથે સહાયથી સંમત થયા. એ જાતિને ઉત્કર્ષની પ્રેરણા

લીધી. તેમની ધર્મમય સમાજરચના અંગે વાતો વહેવા લાગી અને ઘણા લોકો જિજ્ઞાસુ બન્યા કે એ શું છે? આપણી ધર્મદૃષ્ટિએ સમાજ રચનાનું સ્પષ્ટ ચિત્ર શું છે? એ જિજ્ઞાસાથી પ્રેરાઈ કેટલાંક ભાઈબહેનો એમની પાસે આવ્યાં એટલે પૂ. મહારાજશ્રીએ બકરાણા, ઝાંપ, આરણેજ, સાણંદ અને રાજકોટ આમ જુદા-જુદા ગામોમાં વિશ્વવાત્સલ્ય ચિંતક વર્ગો યોજ્યા.

એમાંથી કેટલાંક સારાં કાર્યકર ભાઈબહેનો મળ્યાં. તેને લઈને તેઓ ભાલમાં ગયા. ત્યાં પાણીનું અત્યંત કષ્ટ, ચાર ગાઉ સુધી પીવાના પાણી માટે જવું પડે. એ સ્થિતિમાં ત્યાં મહારાજશ્રીની પ્રેરણાથી જલસહાયક સમિતિ રચાય છે, તે દ્વારા જલકષ્ટ નિવારણ કરવામાં આવે છે. આરોગ્ય માટે વિશ્વવત્સલ ઔષધાલય સાણંદ અને શિયાળમાં સ્થપાય છે. ભંગી જેવી અત્યંત પછાત ગણાતી જાતિના બાળકોને સંસ્કારી બનાવવા માટે ઋષિ બાળમંદિર રચાય છે. આ રીતે ભાલનળ-કાંઠાપ્રદેશ ધર્મદ્રષ્ટિએ સમાજ રચનાની પ્રયોગ ભૂમિ બને છે. ભાલનળ-કાંઠાના પ્રદેશમાં તેઓ ગામડે-ગામડે ફરે છે. ગાંમડાના હૃદયરૂપ ખેડુતોને નૈતિક સંગઠનની વાત સમજાવે છે. અને આ રીતે ખેડુત મંડળ સ્થપાય છે.

આ રીતે આ આધ્યાત્મિક ખેડૂતનો ભૌતિક ખેડૂતોની સાથે તાળો મળી જાય છે. બંનેનો સમન્વય ધર્મ દ્વારા કરે છે; અને ભૌતિક ખેડૂત (ગામડા)થી માંડીને આધ્યાત્મિક ખેડુત (ક્રાંતિપ્રિય સાધુ સાધ્વી) સુધીનો અનુબંધ જોડવાની વાત કરે છે. તેમની અનુબંધ વિચાર ધારાનું એ પહેલું ચરણ સક્રિય રીતે ત્યાં મંડાય છે. તેમાં આગળ વધાય છે અને ગ્રામ સંગઠનોના બીજાં અંગો રચાય છે—ગોપાલક અને મજુરોના મંડળો એની નીચે સહકારી મંડળી સહકારી જીન પ્રેસો વ. ચલાવવામાં આવે છે. ઝઘડાઓનો ઉકેલ લવાદી પદ્ધતિથી કરવામાં આવે છે. અનિષ્ટોને દૂર કરવા શુદ્ધિપ્રયોગ અને તોફાનો વખતે શાંતિ સ્થાપિત કરાવવા શાંતિસેના પ્રયોગ પૂ. મહારાજશ્રીની પ્રેરણાથી શરૂ થાય છે.

સહયોગ હોય તો જ આ કાર્ય આગળ ધપી શકે. આજે વિશ્વને હૃદયથી નજીક લાવવાનું ભગીરથ કાર્ય મહારાજશ્રી કરવા માંગે છે. એમના ભૌતિક દેહ કરતાં આધ્યાત્મિક દેહને જ આપણે વધારે મહત્ત્વ આપીએ છીએ. વિશ્વવાત્સલ્ય એમનો આત્મા છે, ધર્મદૃષ્ટિએ સમાજ રચના એમનો પ્રાણ છે, માતૃજાતિ હૃદય છે, ગામડાં અને પછાત વર્ગો પગ છે, રચનાત્મક કાર્યકરો (લોકસેવકો) હાથ છે, કોંગ્રેસ એમનું પેટ છે. આજે કોંગ્રેસરૂપી પેટ સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક વગેરે બધાં ક્ષેત્રોને પચાવવા માંગે છે, એટલે પૂ. મહારાજશ્રી પેટને પણ બીજાં અંગોને વહેંચણી કરીને માત્ર રાજકીય અંગ રાખે તેમ ટકોર કર્યા કરે છે. ગામડાં અને લોકસેવકો દ્વારા આ અંકુશ લાવવા માંગે છે. જો બધાંય અંગો મળીને મહારાજશ્રીના કાર્યમાં યથાયોગ્ય સહકાર આપશે તો એમનો આ આધ્યાત્મિકદેહ વિશ્વવાત્સલ્ય સીંચવામાં સમર્થ થશે.

પ્રભુને મારી નમ્ર પ્રાર્થના છે કે પૂ. મહારાજશ્રી શતાયુ થાઓ અને યુગો–યુગો સુધી વિશ્વને વાત્સલ્યરસનું પાન એમના દ્વારા મળો. એમને મારા શતશઃ વંદન."

શ્રી. પુંજાભાઈ કવિએ પ્રયોગનાં પગથિયાં કહેતાં જણાવ્યું: "મહારાજશ્રી જ્યારે ભાલનળકાંઠામાં ગયા ત્યારે આપણે ત્યાં જેમ વાડાબંધી છે તેમ ત્યાંના લોકોએ કહ્યું કે 'આ તો વાણિયાના સાધુ છે.' પણ મહારાજશ્રીનું વાત્સલ્ય, કામ કરવાની કળા, તેમનું ચારિત્ર્ય વગેરે જોઈને લોકો તેમની તરફ ખેંચાયા. પછી તો એટલો સંબંધ બંધાઈ ગયો કે જેમ માતા–પિતા બહાર ગયા હોય અને બાળક રાહ જુએ તેમ મહારાજ શ્રી ચાર વર્ષથી મુંબઈ છે અને ત્યાંની પ્રજા રાહ જોઈને બેઠી છે. આજે ઘણા લોકો મુનિશ્રી સંતબાલજી પ્રત્યે મીંટ માંડે છે તે બરાબર જ છે. તેમણે હજુ ચિરંજીવ બનીને સમાજને દોરવાનો છે."

શ્રી. માટલિયાજીએ કહ્યું: "સંતબાલ જયંતિ જૈન પરંપરાને બંધ બેસતી લાગતી નથી. એટલે તેના બદલે તેમના વિશિષ્ટ કાર્યની–અનુબંધ

વગેરે વાદોને આવ્યો. વિનોબાજીએ ત્યાગ કરીને વિષમતા તોડવાની વાત કરી. જેની પાસે છે, તે જેની પાસે નથી તેને સ્વેચ્છાએ આપે. એમાંથી ભૂદાનની જ્યોતિ પ્રગટી.

વિશ્વમાં સંકુચિત દૃષ્ટિ તોડવા માટે પંડિતજીએ પ્રયત્ન કર્યો. પંડિતજીને કોઈએ કહ્યું તમારી જન્મ જયંતિ ઉજવવા શું કરવું! તો કહે કે વાત્સલ્ય જયંતિ ઉજવો—બાલ જયંતિ ઉજવો!

મહારાજશ્રી આ બધી ગાંધીવાદી વિચારધારાનો—સમાવેશ અને સમન્વય તેઓ અહિંસક—અનુબંધ વિચારધારામાં કરે છે. તેના વિકાસ માટે અખંડ પ્રયત્ન કરે છે. અહિંસા વડે એક એવું ધર્મમય જીવન આવે કે તે સમાજ અહિંસક હોય અને તેમાં યોગ્ય વ્યક્તિને યોગ્ય રીતે સ્થાન મળે એ તેમની અનુબંધ વિચારધારાનો આધાર છે.

એટલે મારું જૈન ઘડતર થયેલું હોઇ ને મેં મહારાજશ્રી પાસે વાત મૂકી કે તમારી જયંતિ કેવી રીતે ઉજવીએ! તો તેમણે કહ્યું કે "અનુબંધ વિચાર જયંતિ" તરીકે ઉજવો!' તે અંગે વધારે સ્પષ્ટીકરણ કરતાં તેમણે કહ્યું કે "આપણે એક એવી સંઘરચના કરવાની છે જેનાથી સત્ય અને અહિંસાનો ક્રમે ક્રમે વિકાસ થાય. એ માટે મારી એક કલ્પના છે. ક્રાંત દૃષ્ટા સંપૂર્ણ ત્યાગી સમગ્ર સમાજને માર્ગદર્શન આપનારા સાધુઓ, બીજા બાર વ્રતધારી શ્રાવકની જેમ લોકસંગઠનોનું સંચાલન કરનારા વ્રતબદ્ધ રચનાત્મક કાર્યકરો, ત્રીજુ નૈતિક લોક—સંગઠનો—ખેડૂત, ગોપાલક, શ્રમિક એ બધા વર્ગનું તેમ જ નારી જાતિ વગેરેનું નૈતિક સંગઠન કરવું; ત્યાર પછી ચોથું રાજ્ય આવે છે. તે બધી જ રાજ્યની પ્રવૃત્તિ કરે; પણ જો તે ધર્મના રસ્તે ન વળે તો કોઇ પ્રવૃત્તિ સારી ન થાય! આજે રાજ્ય પક્ષ વડે ચાલે છે, તો ભલે ચાલે પણ, સત્ય અહિંસા અને ચૈતન્યને ટેકો આપે તે પક્ષને લોકો ભરપૂર ટેકો આપે—તેની સાથે સંબંધ જોડવો જોઈએ. એ રીતના ઘડાયેલ પક્ષમાં કોંગ્રેસ આવે છે. એમાં ઘણી ખામીઓ આવી છે તે છતાં તેને ગોખલે, તિલક, ગાંધીજી, અને નહેરૂ જેવાનો પાસ લાગેલો છે એટલે તેને ટકાવવી અને સુધારવી.

ઘાટકોપર માતૃસમાજનાં મુખ્ય સંચાલિકા અને વ્યવસ્થાપિકા શ્રી. લલિતાબહેને મહારાજશ્રીને સ્ત્રી જાતિના ઉદ્ધારક તથા તેમને પ્રતિષ્ઠા આપી, વાત્સલ્ય વહેવડાવનાર ગણાવી. તેઓશ્રીએ સ્થાપેલ ઘાટકોપર માતૃસમાજની સિદ્ધિઓ વર્ણવી હતી: "આજે ત્યાં પાપડ, વડી, ખાદ્ય સામગ્રી ઉપરાંત ઈલેક્ટ્રીક વાયરિંગ અને મોટરની ગાદીઓનું (પ્રીમિયરની) કામ ચાલે છે. તેથી લગભગ સો ઉપરાંત બહેનોને રોજ કામ મળી રહ્યું છે. મહારાજશ્રીની ઈચ્છા છે કે રોજ બસો બહેનોને કામ આપી શકીએ તો સંતોષ. આવા પરોપકારી સંત દીર્ઘાયુ હજો એવી સંસ્થા પ્રભુ પાસે પ્રાર્થના કરે છે!"

આ બધાનો જવાબ વાળતા પૂ. મુનિશ્રી સંતબાલજીએ જણાવ્યું હતું: "શિબિરના ચાલુ વ્યવસાયમાં આ કાર્યક્રમ આવી ગયો. આપણે મોટામાં મોટી કાળજી વ્યક્તિની પ્રશંસા ન થઈ જાય તે રાખવાની છે. આપણી આંખ સ્થુળને વધારે નજીકથી જુએ છે. એટલે પ્રથમ નજર શ્રધ્ધેય તરફ જાય, પણ દેહ તો નાશવંત છે. એટલે બુદ્ધ, મહાવીર, રામ, કૃષ્ણ, ઇશુ, જરથુસ્ત, મહંમદ કે શીખગુરૂ–એ બધાએ જે વારસો આપ્યો છે તેને યાદ કરીએ છીએ. હું નમસ્કાર કરું છું એ ગુરૂના શરીરને નહીં, પણ તેમના ભાવને નમું છું. છતાંયે મારી સામે સ્થૂળ શરીર તો છે જ એટલે સ્થૂળ દેહને યાદ નો કરીએ પણ વિચારને ભૂલીએ નહીં.

સંતબાલ નામ આવે એટલે હું વિચારમાં પડું છું કે સંતબાલ એટલે કોણ? સત્યની મેં ઉપાસના રાખી છે. અવ્યકત જગતની ઉપાસના મુખ્ય છે. સંતબાલ–પરિવાર એટલે આ સ્થૂળ દેહને નહીં, પણ સંતબાલના વિચારને માનનારા લોકો. બે સાધુઓની નનામી સાથે નિકળી તે પણ સંતબાલ–વિચાર પરિવારના કારણે; નહીં કે સંતબાલના શરીરને પૂજનારા પરિવારને કારણે.

હમણાં સ્થા. જૈન સાધુઓનું સંમેલન થયું. દરેકનું વ્યકિતત્વ સચવાય તે જોવું જોઇએ. આમ પ્રથમ જૈનો એકત્ર થાય. પછી

હિંદુઓ એકત્ર થાય અને પછી ભારત અને અને વિશ્વ એક થ[illegible]
ધર્મમય સમાજ ઘડાય. આમ સમન્વય-વિચાર વ્યાપક થાય તેની [illegible]

હમણાં પૂનમભાઈએ કાવ્યમાં કહ્યું કે 'સમન્વય નગર [illegible]' તો હું પૂછું છું કે તે વ્યક્તિ નગર કે શિબિર નગર? [illegible] પણ સમન્વય વિચારનું પરિણામ છે જયની મનાવની [illegible] મેસાણામાં ન [illegible] જણાય એ વિચારવાનું છે [illegible] વ્યક્તિત્વ મયરાય એની તકેદારી પણ રાખવાની છે [illegible] શિબિર થ[illegible] કેટલાક ને એમ પણ થયું કે "આ પાટલા શા મ[illegible] હું [illegible] સન્યાસીઓ સહેજ ઊંચે શા માટે [illegible] એમના માટે છે કે જે સાધુઓ છે તેમનામાં ગૃહસ્થ [illegible] હંમેશાં રહે—આ આપણી પરંપરા [illegible] ગૃહસ્થ [illegible] બ્રહ્મચર્યાશ્રમ અને વાનપ્રસ્થાશ્રમ કરતાં [illegible] છે જવાબદારી પણ વધુ તો તેમની જ [illegible] મળે, શુભેચ્છાઓ મળે એટલી જ પ્રાર્થના [illegible]

આમ આજનો આ[illegible] [illegible]
મહાગ[illegible]નો અનન્ય [illegible] [illegible]
કે "[illegible] [illegible] [illegible]"

[११]

શિબિર દરમ્યાન પ્રવચનો, ચર્ચાઓ અને પ્રશ્ન વિચારણાઓ... !

શિબિર દરમ્યાન અગાઉ આપવામાં આવેલ કાર્યક્રમ પ્રમાણે સવારનાં નિયમિત બે વિષયો ઉપર પ્રવચનો થતાં. બપોરની ચર્ચાઓ તે વિષયો ઉપર થતી તેમજ ચર્ચા સમય દરમ્યાન વિશ્વ અને દેશના અનેક પ્રકારના પ્રશ્નોની વિચારણાઓ મુક્ત મને થતી. એનાથી શિબિરાર્થીઓના જ્ઞાનમાં અનેરો વધારો થયો, એ તો નિર્વિવાદ છે, પણ શિબિરાર્થીઓને દેશ અને દુનિયાનું સ્પષ્ટ દર્શન થયું. કયો પ્રશ્ન કેવો છે? તેની મર્યાદા શું છે? તેમજ તેના શું સારાં-માઠાં પરિણામો આવી શકે છે? તેનું નિરાકરણ ઘણાંને થઈ ગયું હતું. આમાં સ્પષ્ટતઃ જૈન-સાધુત્વ અંગે બધાને વિશેષ માર્ગદર્શન મળ્યું હતું તેમજ તેની તરફ સહુની સન્માનની દૃષ્ટિ કેળવાઈ હતી. સાધુત્વ તો આવું હોવું જોઈએ અને તેને સમાજના ઘડતરમાં કેવી રીતે ભાગ લેવો જોઈએ? તેની સમજણ દરેકને થઈ હતી.

કાર્યકરોએ કેવી રીતે તૈયાર રહેવું જોઈએ? કેવી રીતે આગળ વધવું જોઈએ? તેનું સ્પષ્ટ માર્ગદર્શન તેમને મળ્યું હતું. તેથી તેઓ ઘડાતા જતા હતા; એટલું જ નહીં આવા કાર્યકરો બીજા અનેક કાર્યકરોને કઈ રીતે ઘડી શકે તેનો અહીં સ્પષ્ટ ખ્યાલ તેમને મળ્યો હતો.

પર્યૂષણ પર્વ દરમ્યાન :

પર્યૂષણ પર્વ દરમ્યાન શિબિર બંધ રહેલો અને શિબિરાર્થીઓને પોતપોતાની ઇચ્છા પ્રમાણે જવાની છૂટ હતી. તે છતાં જેમને પાસે રહીને પર્યૂષણનું મહત્ત્વ જાણવું હતું તેમને ત્યાં રહેવાની પણ અનુમતિ હતી. પર્યૂષણ પર્વ દરમ્યાન "જૈન ધર્મ" અંગે પૂ. મુનિશ્રી સંતબાલજી અને પૂ. નેમિચંદ્રજી મ. નાં સારગર્ભિત પ્રવચનો થયાં હતાં.

સંવત્સરીની આલોચણા અને ક્ષમાપનાનું અનુપમ દૃશ્ય હતું "સર્વે જીવોને ખમાવવાની અને તેમની પાસે વિનમ્ર થઈને ક્ષમા માગવાની આ વૃદ્ધિ સિવાય પોતાનું આગવું મહત્ત્વ છે." તે મહત્ત્વ શિબિરાર્થીઓને સમજાયું હતું. પર્યુષણ પર્વમાં લોકોનો ઉત્સાહ અપૂર્વ હતો. પૂ. મહારાજશ્રીએ જૈન સમાજને ખાસ કરીને અંતર્નિરીક્ષણ કરવાનું, તથા અસંયમના દૂર કરવાનું, અને પર્યુષણ દરમ્યાન સાદાઈ અપનાવવા અંગે ભાર દીધું હતું.

અન્ય વ્યક્તિ વિશેષનાં પ્રવચનો.

શિબિર દરમ્યાન બહારની ઘણી વ્યક્તિઓ આવી હતી. [illegible] પ્રવચનો થયાં હતાં. કાર્યકરોમાં [illegible] શ્રી [illegible] ભાઈ મહેતા, [illegible] [illegible] શાહ [illegible] [illegible] શાંતિભાઈના પ્રવચનો [illegible] [illegible] [illegible] વિરોધના અંગે [illegible] [illegible] અંતરાય [illegible] વગેરે [illegible] [illegible] [illegible] આમંત્રણ [illegible] [illegible] અને શ્રી ગવજીભાઈ પટેલના [illegible] [illegible]

શિબિર દરમ્યાન બહાર થયેલાં પ્રવચનો

શિબિર દરમ્યાન [illegible] પ્રવચન કરવાનું પણ બન્યું હતું. [illegible] [illegible] [illegible] [illegible] પ્રવચનની [illegible] ઉપર [illegible] [illegible] પણ પૂ. સંતબાલજીનું પ્રવચન હતું [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] વિશ્વ' ઉપર પ્રવચન થયું હતું [illegible] [illegible] [illegible]

...પ્રકાશ નિમ્ન કોટિની છે, ત્યાં શું થાય?...શિબિર પ્રવચનની નકલ...
જરૂર મોકલાવશો, શિબિરપ્રવચનો જો પુસ્તક રૂપે પ્રકાશિત કરવાના હોય
તો મારી એવી વિનતિ છે કે તે હિંદીમાં થાય. જેથી બધા પ્રાન્તના
લોકોને ઉપયોગી થાય. નેમિમુનિ હિંદીના સારા લેખક છે જ આપની
પાસે શિબિર પ્રવચનો અને ચર્ચા નામની ખૂબ જ ઉચ્ચ કોટિની અને
મામિક હૃદયમાંથી તથા ક્રાંતિપ્રિય વ્યક્તિઓ માટે અપૂર્વ છે..."

—એક વિદ્વાન મુનિજી

"મૈં તો યહ જાનના ચાહતા હૂં કિ સાધુ (સાધ્વી) શિબિરકા [illegible] જો આપને પ્રબલ પ્રયાસ કિયા પર લોગોને (પૂરા) લાભ નહીં ઉઠાયા. [illegible] ક્યા કારણ સાધુ (સ્વયં) હૃદયસે સેવક બનના નહીં ચાહતે યા [illegible] ઉનમેં હી ક્યા કુછ હૈ? પર આપકા પ્રયાસ યોગ્ય હી થા [illegible] હૈ. આપ જો સમાજ હિતકા પ્રબલ પ્રયત્ન કર રહે હૈં. [illegible] આદર અવશ્ય હૈ... (ઔર) યહ કાર્ય કૈસે પ્રભાવશાલી હો, [illegible] ગતિ કૈસે હો, યહ જાનનેકી જિજ્ઞાસા ઔર હૈ"

જૈન જગતના તંત્રી અને [illegible] જૈન [illegible] ના [illegible] સાધુસાધ્વી શિબિરની બાબત [illegible] [illegible] પણ [illegible] વાંચન આપને ભાવે છે. [illegible]

—મહુસાધ્વીઓ તપસ્યાના [illegible]

... અદ્યાપિ નિર્વિઘ્ન [illegible] [illegible] [illegible] ઉદ્દેશ ઉદાત્ત છે. [illegible] શિબિર અને તેના ઉદ્દેશની [illegible] [illegible] સિવાય [illegible] [illegible] માટે [illegible] [illegible] પોતાની [illegible] [illegible] આપ [illegible] [illegible]

—[illegible] એક વિદ્વાનમુનિ

[illegible]

[૧૨]

સાધુ સાધ્વી શિબિર પુર્ણાહુતિ સમારોહ

ચાર માસના લાંબા ગાળા સુધી સાથે રહેવા છતાં હજુ હમણાં જ મળ્યા છીએ અને શિબિર હમણાં—આટલી જલ્દી પૂરી થઈ ગઈ એવી લાગણી ધગધગ દરેક શિબિરાર્થીના મનમાં શિબિર—સમાપ્તિ ટાણે પાને વધતી ગયો તેમ થવા લાગી. તા. ૨૧-૧૧-૬૧નું છેલ્લું પ્રવચન થઈ ગયું. સાંજના ચર્ચા થઈ. બધાએ પોતપોતાને શિબિરથી શું લાભ થયો હતો તે કહી બતાવ્યું કે [illegible] આપવામાં આવત છે. વિષ છોટુભાઈને બીજે દિવસ મૌન હતું એટલે તેમણે પોતાનું લેખિત વક્તવ્ય તૈયાર કર્યું હતું. સહુના હૃદય ગદગદ થઈ ગયા હતા.

તા. ૨૨-૧૧-૬૧નો દિવસ પણ આવી ગયો. આજે પુર્ણાહુતિનો સમારોહ મનાવવાનો હતો. મુખ્ય અતિથિ શ્રી વૈકુંઠલાલભાઈ મહેતા હતા. એક સત કાર્યકરના હાથે ઉદ્ઘાટન થયું હતું અને સમાપન [illegible] પ્રખર ગાંધીવાદી કાર્યકર શ્રી વૈકુંઠલાલભાઈ [illegible] પૂર્ણાહુતિ થતી હતી તે પણ શુભ સંયોગ હતો.

સવારે ૮-૩૦ વાગે શિબિર પુર્ણાહુતિ સમારોહ [illegible] શ્રી મહારાજશ્રીને મંગળાચરણ કર્યું [illegible]

"[illegible] . . !"

વિશ્વવાત્સલ્ય પ્રા. [illegible] કહ્યું: "આપ સૌ જાણો છો કે [illegible] દિવસ છે. [illegible] કહ્યું કે [illegible] જે [illegible] વિષયે [illegible] કર્યું હતું. તે વિષયેથી [illegible]

શિબિરના કાર્યની ગણના બે રીતે થઈ શકે. એક સ્થૂળ રીતે અને બીજી ક્રાંત મૂલ્યો સ્થાપવાની દૃષ્ટિએ. સ્થૂળ રીતે જોતાં શિબિરની પાછળ એક વર્ષ સુધી સતત અવિરત પ્રયાસ મહારાજશ્રી તથા બીજી સાધુઓ–સાધકોએ કર્યો, સાહિત્ય પ્રચાર પણ થયો, જેહાદ જગાડવા જેવું કામ થયું પણ પરિણામે ચાર જ સાધુઓ શિબિરમાં આવ્યા. ભગીરથ પ્રયાસોને જોતાં પરિણામ અલ્પજ દેખાયું. બીજી બાજુ સાધક–સાધિકાઓ ૧૧ આવ્યાં. તે પણ ભાતભાતનાં અને જુદી જુદી ભૂમિકાના અને કક્ષાનાં.

> " તુલસી ઇસ સંસારમેં ભાંતિ ભાંતિ કે લોગ,
> સબસે મિલકે ચાલિયે નદી–નાવ–સંયોગ. "

—એ કહેવતની જેમ ભિન્ન ભિન્ન પ્રદેશના તથા ભૂમિકાના સાધક સાધિકાઓ આવી શક્યા. શિબિરાર્થીઓમાં ૧૫ સાધુ–સાધ્વી સંન્યાસીઓ અને ૧૫ સાધક–સાધિકાઓ એમ કુલ્લે મળીને ૩૦ ને જ લેવાની મહારાજશ્રીની કલ્પના હતી. એક ટીકાકારની દૃષ્ટિએ એ વસ્તુ કાંઈક હાસ્યજનક બની લેખાય, તો એ બનવાજોગ છે.

શિબિરમાં શું વસ્તુ અપાઈ? શિબિરાર્થીઓની કક્ષા ઊંચી હોત તો વિપુલ સાહિત્યમાંથી બહુ ઉચ્ચકોટિની વસ્તુ પીરસી શકાત. પણ શિબિરાર્થીઓની કક્ષા જોતાં જે વસ્તુ ૨૦–૨૧ દિવસમાં પતી શકત તેના માટે ચાર ચાર માસ જુદા જુદા વિષયો ઉપર લાંબા વિવેચનો દ્વારા, દરેક વસ્તુનો સારી પેઠે ખુલાસો કરીને કહેવાઈ તેને દાખલા–દૃષ્ટાંતો વડે વધારે સ્પષ્ટ કરવામાં આવી. બપોરની ચર્ચામાં વિચાર–વિનિમય માટે જે વસ્તુ ચર્ચાઈ તેના પણ ક્યારેક ચર્ચાઓ વિષય સાથે સંબંધ વગર થતી હોય એવું લાગતું. પણ એક વસ્તુ સ્પષ્ટ હતી કે આ બધી ચર્ચા–વિચારણા વિશ્વવાત્સલ્ય અને અનુબંધ–વિચારધારાની ધરી ઉપર જ ચાલી. જેથી બધાયને એનું મહત્વ સમજાયું.

પૂ. મહારાજશ્રી શિબિરાધિપતિ હોઈ વિશ્વવાત્સલ્ય–સાધકની દૃષ્ટિએ મધ્યસ્થ અને પ્રેરક રહ્યા. એમણે પોતાની ઉદારતા બતાવી અને

વિના અને તેમણે ઔદાર્યને ત્યાગ્યું નહીં તે સર્વધર્મ સમન્વયનો આદર્શ નમૂનો પૂરો પાડે છે.

કેટલાક સાધુ-સન્યાસીઓ અને સાધ્વીઓના શિબિરની પ્રશંસા કરતા જે પત્રો આવ્યા છે તેના ઉપરથી તારવી શકાય છે કે તેઓ શિબિરની વાતો સમજવા મથે છે, કંઈક કરવા પણ વિચારે છે, પણ તેમના મનમાં ભયની ગ્રંથી છે કે સમાજ ફેંકી દેતો! વર્તુળના લોકો ન સ્વીકારે તો!! સમાજથી ઉખડી જઈએ તો! બીજે સ્થાન ન મળે તો!!! આવી ખોટી ભીતિના વિકલ્પો ઉપર શિબિરાર્થીઓએ સારી પેઠે છણાવટ કરીને ભયમુક્ત થવાનો કીમિયો શોધીને મૂક્યો છે. કામ આકરું તો છે. ક્રાંતિકારી સાધુઓને નવો ચીલો પાડવામાં પ્રથમ દુઃખ જ વેઠવું પડે છે. તે સ્વાભાવિક છે. પણ તેમ કર્યા સિવાય નવા મૂલ્યો સ્થાપી શકાશે નહીં. આ શિબિર-કાર્યથી મોટા મોટા જાણીતા સાધુઓને હળવો આંચકો તો જરૂર લાગ્યો હશે, પણ જે ઝડપે જમાનો બદલાઈ રહ્યો છે તે ઝડપે પરિવર્તન લાવવા સિવાય છૂટકો નથી.

આજે જમાનો બદલાયો છે. સામેથી કહેવામાં આવે છે અને આવકારવામાં આવે છે કે સાધુ સંસ્થાઓ સંગઠિત અને સંકલિત બને! જો લોકશાહીને ટકાવી રાખવી હોય, લોકલક્ષી બનાવવી હોય તો તે માટે લોકોનું ઘડતર ધર્મદષ્ટિએ કરવું જોઈએ અને તે માટે પ્રગતિશીલ સાધુઓએ આ બાબતમાં પહેલ કરવી પડશે તેમણે રાજ્યાશ્રીત કે ધનાશ્રીત થવાને બદલે ક્રાંતિપ્રિય બનવું પડશે. નહીંતર રાજ્યસત્તા, ધર્મ સંસ્થા ઉપર ચઢી બેસશે. ધાર્મિક ટ્રસ્ટ બિલની જેમ નવા નવા કાયદા ધર્મ સંસ્થા ઉપર ઠોકી બેસાડશે. ત્યારે રૂઢિચુસ્ત સાધુઓ મહંતો કે સ્થાપિતહિત ધરાવતા સાધુઓ ચોંકશે અને તો ભીતિ એ છે કે રાજ્યની કેટલીક સાચી બાબતો સામે ચડીને જો રૂઢિચુસ્ત સાધુઓ નીવેડો નહીં આણે તો તેમને કાયદાની સામે અથડામણમાં ઉતરવું પડશે અથવા ધાર્મિક કે કોમી રમખાણોને તે ભડકાવશે કારણકે હજુ મોટા ભાગના

મળ્યો છે; તે જોતાં સામાજિક જીવનના વિકાસની દષ્ટિએ શિબિરનું મૂલ્યાંકન સુત્ય છે એમ મને લાગે છે. આ શિબિરમાં જોડાયા છે તેના કરતાં બહારના માણસો સારી પેઠે એનું મૂલ્યાંકન ન કરી શકે. જો કરવા બેસે તો શિબિરને અન્યાય થાય. માટે આ શિબિરની થોડીક વિશેષતાઓ, જે હું માટલિયાજીના મૂલ્યાંકન ઉપરથી સમજ્યો છું તે કહીશ.

આ શિબિર કોઈ એક સંપ્રદાય કે ધર્મ વિશેષના પ્રચાર માટે નથી. યોજાઈ તેમ જ માત્ર ધર્મ સંપ્રદાયોને પુષ્ટિ આપવા ખાતર યોજાયેલ નથી. મને લાગે છે કે ધર્મનો વાણીથી જ પ્રચાર કરવા કરતાં ધર્મના સિદ્ધાંતો વ્યક્તિ કે સમાજના જીવનમાં કેમ ઉતરી શકે એ વિષે પ્રયોગ કરવો, વિચાર કરવો, વિનિમય કરવો અને લોકોને સ્પષ્ટ દિશામાં દોરવા એ જ ધર્મની સાચી સેવા છે. તે આ શિબિર વડે કરવામાં આવી છે. આ દષ્ટિથી જ આ શિબિર યોજના ઘડાઈ હતી અને તે મુજબ જ પ્રવચનોની ગોઠવણ થઈ છે.

શિબિરમાં ચાર સાધુઓ જ કેમ આવ્યા? એ વસ્તુને હું ગૌણ ગણું છું. આ શિબિરની દૂર-દૂર સુધી જે સાધુ-સાધ્વીઓ, ભાઈ-બહેનો ઉપર છાપ પડી છે તેને જ હું મુખ્ય પરિણામ માનું છું. એટલે આવા શિબિરો અવશ્ય ગોઠવાવા જોઈએ. જેમાં સમગ્ર માનવ જીવનના આચાર અને વિચારના ઘડતરની વિચારણા થાય છે. આવા શિબિરો ધર્મમય સમાજ રચનાને વેગ આપવા માટે ધ્યેયને પહોંચવા માટે ઘણા લાભ કારી છે-મદદરૂપ છે.

હું સંપૂર્ણ ગૃહસ્થાશ્રમી છું. એટલે મારા જેવા ગૃહસ્થ માટે કેવળ અધ્યાત્મ કે બ્રહ્મચર્યની ચર્ચા હોય તો તેથી સંતોષ ન થાય. એટલા માટે જ શ્રી. માટલિયાજીએ કહ્યું તેમ આ શિબિરમાં સમગ્ર માનવ-જીવનની દષ્ટિએ આધ્યાત્મિક-ધાર્મિક વિષયોની સાથે સાથે ભૌતિક વિષયોની છણાવટ થઈ છે, તેમ, હું પણ ભૌતિક વિષય પર બોલું તો અજુગતું નહીં ગણાય.

બાંધેલો, (૩) પછી સમાજ સાથે જીવન જોડીને સમાજ જીવનને દોરવું જેથી ધર્મમય સમાજ સ્થાપિત કરી શકીએ. એ ત્રણે દ્વારા સુંદર સમાજ રચી શકીશું. ને ઉપર ખરેખર વિચાર કરીને તેને આચારમાં પરિણિત કરવા જેવુ છે.

વ્યક્તિના જીવનમાં સમાજ ઘડનાના પાયા તરીકે બે વસ્તુ સ્વીકારવાની રહેશે. (૧) લોભ અને લાલસાને પોષણ વધારે મળે તેની ટોકર અપરિગ્રહની પ્રતિજ્ઞા લઈને કરવી. (૨) વ્યક્તિ માત્ર પોતાનોજ વિચાર ન કરે, સમાજનો પણ જરૂર વિચાર કરે. એટલેજ તે કલેશ, કંકાસ અને કતલના માર્ગે જતો અટકે. સમાજ જીવનમા સમતા અને સમરસના નથી આવતી. માટે એ બે વસ્તુ ઉપર સમાજપ્રેરકો અને સમાજના માર્ગદર્શકોએ વધારે ભાર આપીને સમાજને સમતાની દિશામાં એકાગ્ર કરવો જોઈએ.

શિબિરે આ કામ બજાવ્યુ છે આજે અનેક દેશોમા જે સમાજ શિક્ષણ આપવામાં આવે છે તેથી સંઘર્ષ, લોભ, કલેશ, અદેખાઈ, ઘૃણા, ક્રૂરતા અને વૈરવૃત્તિ તેમજ વિલાસિતાને પોષણ મળે છે. કારણકે તે પ્રામ ધર્મલક્ષી અને સત્ય પ્રેમલક્ષી શિક્ષણ હોતુ નથી. એ દૃષ્ટિએ જોતાં શિબિરે ધર્મદૃષ્ટિ રાખી, સત્ય-પ્રેમ-ન્યાયના લક્ષ્યબિંદુથી જે સામાજિક શિક્ષણનુ ભાતુ આપ્યું છે તે નોંધપાત્ર છે.

આજે વિશ્વના પ્રવાહો એટલી ઝડપથી બદલાતા જાય છે કે તે વખતે તે સમાજના માર્ગદર્શક યુગાનુકૂળ નહીં વિચારે, ધર્મની ગોઠવણી યુગના પ્રવાહોની સાથે મેળ બેસાડીને નહીં કરે, તો આજે રડયું ખડયું ભારતનુ સાંસ્કૃતિક જીવન જે ગામડામા નજરે પડે છે તે પણ શહેરોની સાથે હરીફાઈને અનિષ્ટ સંસ્કૃતિ તરફ દોટ મૂકતુ થઈ જશે. માટે તત્ત્વચિંતકો, સાધકો તેમ જ સાધુ સાધ્વીઓએ સમાજનો વડે યુગ-પ્રવાહને ધર્મની દિશામાં વાળવાનુ ભગીરથ કાર્ય કરવુ જોઈશે! એ વાતની ચેતવણી શિબિરે ઉચ્ચારી છે, છેલ્લે સમગ્ર માનવજીવનને સુખી

સમસ્યાઓ હતી, કૃષ્ણ યુગમાં બીજીજ ઊભી થઈ. મહાવીર અને બુદ્ધના યુગમાં વળી ત્રીજીજ સમસ્યાઓ ઊભી થઈ. ગાંધીજીના યુગમાં વળી નવી સમસ્યાઓ ઊભી થઈ. એમણે તેનો ઉકેલ સત્ય અહિંસાની દૃષ્ટિએ શોધ્યો.

આ ઔદ્યોગિક યુગમાં બે વસ્તુઓ વધારે વર્ચસ્વ ધરાવે છે, ધન અને સત્તા. એની પ્રવૃત્તિઓને અર્થકારણ અને રાજકારણ કહેવામાં આવે છે. એ બન્નેની સમતુલા જાળવવા માટે એક બાજુથી સંત વિનોબાજી અર્થકારણની સમતુલા માટે પ્રયત્ન કરી રહ્યા છે, ત્યારે રાજકારણની સમતુલા જાળવવા માટે પંડિતજી (નેહરૂ) પ્રયત્ન કરી રહ્યા છે. તેઓ પંચશીલનો ઝંડો લઈને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં સહઅસ્તિત્વવાદ અને અશાન્તિને દૂર કરવા માટે ભગીરથ પુરૂષાર્થ કરી રહ્યા છે. આ બન્ને સિવાય દેશ પ્રત્યે ત્રીજું મોટું કામ છે તે નૈતિક અંકુશ અર્થ અને સત્તા ઉપર રાખવાનું. આ કાર્ય કરવાનું છે ક્રાંતિપ્રિય સાધુ સાધ્વીઓએ. તેમની જવાબદારી છે કે ધર્મદ્રષ્ટિએ લોકસંગઠનો અને લોકસેવક સંગઠનો રચી તેમના વડે સત્તા અને ધન બન્ને ઉપર અંકુશ લાવે. તે દેખાડવા, બનાવવા, સમજાવવા અને પ્રેરવા માટે સાધુ-સાધ્વી શિબિરે અદ્‌ભુત કામ કર્યું છે.

ભગવાન મહાવીરે ચતુર્વિધ સંઘની સ્થાપના કર્યા બાદ આર્થિક તેમજ સામાજિક પ્રશ્નો લીધા હતા. કેવળજ્ઞાન પછી એમણે આ વિષે સતત પ્રયત્નો કર્યાં હતા. તેમણે જોયું કે જ્યાં સુધી ધર્મ સમગ્ર સમાજ વ્યાપી ન બને, ત્યાં લગી માત્ર એક ક્ષેત્રમાંજ રહેશે અને એકાંગી તથા શુષ્ક બની જશે. એટલે એમણે ગ્રામધર્મ, નગરધર્મ, રાષ્ટ્રધર્મ વગેરેથી માંડીને સૂત્ર-ચારિત્ર ધર્મ સુધી જુદા જુદા ક્ષેત્રે ધર્મનો પ્રવેશ કરાવ્યો.

આ શિબિરનો ઉપયોગ પણ દરેક ક્ષેત્રે ધર્મનો પુટ લગાડવા માટેજ છે. ભલે તેમાં થોડાંક સાધુ-સંન્યાસી તેમજ સાધક-સાધિકાઓ આવ્યાં પણ આ એક નવો ચીલો છે. છતાં જે શિબિરાર્થીઓ આવ્યાં છે.

રજ્યપ્રધાન પણ તેઓ રહ્યા છે. તેમણે પોતાની નમ્રતા દાખવી એ
ઉત્તમ ગુણ છે. નવા મહાજન તરીકે તેમણે મુક્ત સાહસવાળા મૂડીવાદી
અર્થતંત્રને ધર્મની સાથે અનુબંધ કરવાની વાત કરી છે, પણ આપણે
મુક્તના બદલે સંયુક્ત (સહકારી) સાહસ અને ધર્મ તથા પ્રજા
સંગઠનોના અંકુશ નીચે અર્થતંત્રને રાખવા માગીએ છીએ તોજ તે
ધિંમય સમાજને અનુરૂપ બની શકશે. સદ્ભાગ્યે એમણે સહકારી
ઙળી અને ગ્રામપંચાયતમાં ગ્રામસંગઠનોનુ નૈતિક પ્રતિનિધિત્વ સ્વીકારીને
તા વસ્તુને કાર્યાન્વિત કરી આપી છે. શિબિર પાસેથી એમણે જે અપેક્ષા
ખી છે તે માટે હું મારી જવાબદારી કેટલી પાર પાડી શક્યો છું તે
તમે જાણો જ છો. એમાં જેટલી કચાશ રહી તે મારીજ નબળાઈ
મજજો. બાકી તો આ શિબિરની ૫,૭૭ અનેક ભાઈ–બહેનો તથા
સંતુ-સાધ્વીઓની સદ્ભાવના પડી છે તે સમય આવ્યે જરૂર ફળશે
વી આશા છે. ”

શ્રી. પૂંજાભાઈના એક ભાવમય કાવ્ય સાથે પૂર્ણાહુતિ સમારોહ
થયો હતો.



સહેજે દરેકને પોતાના વિચારો વ્યક્ત કરવાની અનાયાસે તક મળી ગઈ હતી.

શ્રી. પૂંજાભાઈએ કહ્યું : "આપણી પાસે મોટામાં મોટું કામ જનસંગઠનોનું છે. સંગઠનો ચોખ્ખાં અને નીતિના પાયાવાળા કાઢવા જોઈએ. સર્વાંગી ક્રાંતિનું કામ આજના યુગે કોઈ એકલ દોકલ સંસ્થા પણ નહીં કરી શકે. સુસંસ્થાઓના અનુબંધે વિરલ વિભૂતિઓ સંકલિત થઈને જરૂર કરી શકશે. અલગ અલગ વ્યક્તિઓ સંકલિત થયા વગર કરશે તો આખું કામ ભાંગી પડશે.

મારો નમ્ર મત બાળકોનો કાર્યક્રમ આ માટે ઘણો ઉપયોગી થઈ પડશે. નવી પેઢી તૈયાર થઈ સર્વાંગી ક્રાંતિમાં ફાળો આપશે; એટલું જ નહીં બલકે સમાજમાં ચોમેર આ વિચાર ફેલાવવામાં પણ બાળકો ઘણાં ઉપયોગી થઈ શકશે. આ કાર્યમાં મને રસ છે અને એ પાયાનું કામ હું કરતો રહીશ."

શ્રી. દેવજીભાઈ : "સર્વાંગી ક્રાંતિ એક સમુદ્ર છે. શિબિરાર્થીઓએ નાની નાની ઝરણીઓ અથવા સરિતા રૂપે એ સમુદ્રમાં ઓગળી જવાનું છે. અનુબંધ વિચારધારા તથા પ્રાયોગિક સંઘની સંસ્થાઓ દ્વારા ગામડાના અને શહેરોના જનસંગઠનો ઉપર એકત્ર રહીએ. જ્યારે-જ્યારે અનિષ્ટો સામે અહિંસક પ્રતિકાર કરવાનો આવે ત્યારે એ કામમાં જોખમો ખેડી, ભય, સ્વાર્થ અને લાલચ જીતી, પ્રાણ-પ્રતિષ્ઠા અને સંપ્રદાયનો પરિગ્રહ છોડી, ઝૂકી પડીએ. સર્વાંગી ક્રાંતિના કામમાં ધ્યેયવાળાને તો ચાલવામાં જ આનંદ લેવો પડશે. આરામ અને સુખને સર્વથા તિલાંજલિ આપવી પડશે. આજે ધર્મો અને સંપ્રદાયોમાં સ્વર્ગ અને મોક્ષની જે વાતો છે તે ભલે રહી, પણ ખરું સ્વર્ગ તો કર્તવ્ય માર્ગ શોધવાની મથામણમાં છે, અને મોક્ષ કર્તવ્ય માર્ગે જવામાં છે. એ વિચારો દૃઢ બનાવીને આગે ઝૂકાવવાનું છે.":

સૌને તો એ સૌએ વધુમાં વધુ લાભ લેવાની કોશીશ કરી હોય એમ તેમના પત્રો ઉપરથી લાગે છે."

શ્રી. સુંદરલાલ : "આપણા જીવનમાં સાચા નિયંત્રણની જરૂર છે. મોટરને સ્થુળ બ્રેક જોઈએ તેમ આપણા ઉપર સૂક્ષ્મ બ્રેક તો જોઈએ જ. એને માટે ક્રાંતિપ્રિય સાધુ-સાધ્વીઓ યોગ્ય નૈતિક અંકુશ રાખી શકે. એટલે આ શિબિરમાં તેમનું અને સાધક-સાધિકાઓના સંગમનું જ્ઞાનભાતું મળ્યું છે. .

શ્રી. માટલિયાજી : "એટલા માટે જ કહું છું કે જીવનમાં અને તેમાં યે આવા જટિલ સમયના સામાજિક કાર્યક્રમોમાં તો માર્ગદર્શક પણ જોઈએ જ. પૂ. મહારાજશ્રી કહે છે તેમ" ક્રાંતિ પ્રિય સાધુ-સાધ્વીઓનું માર્ગદર્શન અને રચનાત્મક કાર્યકરોની સંસ્થાની-પ્રેરણા વડે જનસંગઠનો રાજ્યપૂરક થઈને ચાલે તો આ બધા પ્રશ્નો પતે." એ વાત પહેરાઈ અને યથાર્થ છે.

પૂ. દંડીસ્વામી : "સાધુ-સંન્યાસી તરીકે અમોએ અમારી ફરજ બજાવી છે."

ડૉ. મણિભાઈ : "શિબિરાધિપતિ તરીકે પૂ. મહારાજશ્રીનું તથા શિબિરનું નામ આપણી સાથે હવે જોડાઈ જતું હોઈ અડગપણે રહી રહી અનુબંધ વિચાર ધારાનું કામ આપણે સૌએ પોતાના મથકે જઈને ચાલુ કરી દેવાનું છે. અને જ્યારે પ્રાયોગિક સંઘ બોલાવે ત્યારે હાજર થવાનું છે.

શ્રી. માટલિયા : ભાઈ સુંદરલાલે કહ્યું તેમ જીવનમાં અને સામાજિક જીવનમાં સૂક્ષ્મ બ્રેક લાવવા માટે આપણે બધાએ ગુજરાત પ્રાયોગિક સંઘના સભ્ય થઈ જવું અને તેના કાર્યક્રમો તથા આદર્શોને અપનાવવા, એટલે એમાંથી સંસ્થાના સભ્યો અને મહારાજશ્રીનું ઇચ્છું માર્ગદર્શન એ બંને બાબતો આવી જશે!"

ગોસ્વામીજી : "શું મારાથી પણ સભ્ય બની શકાય?"

પૂ. મુનિશ્રી સંતબાલજીએ કહ્યું: "ક્ષેત્રવિશુદ્ધિપૂર્વકનુ ધાર્યું હતું તેનુ બીજ વવાઈ ચૂકયું. એનો મને અને નેમિમુનિને સંતોષ છે. કુદરત અને તમારા પ્રત્યક્ષ તેમજ અનેકના પરોક્ષ પુરુષાર્થથી તે વૃક્ષ રૂપે ફળશે એવી આશા છે."

આજની સભામાં શિબિરના વ્યવસ્થાપક શ્રી. છોટુભાઈનુ વિદાય વક્તવ્ય પણ થયુ.

શ્રી. છોટુભાઈનું વિદાય વખતનું વક્તવ્ય

પરમપૂજ્ય ગુરુદેવ, પૂ. નેમિચંદ્રજી મહારાજ, પૂ. હરીસ્વામી, શ્રી. ગોસ્વામીજી, સાધકભાઈ ઓ તથા સાધિકા બહેનો!

શિબિર આજે પૂરો થાય છે આવતી કાલે પૂર્ણાહુતિનો સમારોહ પણ છે. પણ મારે આવતી કાલે મૌન થાય છે. જેથી મારે આપ બધાની ક્ષમા આજે માંગી લેવાની છે.

જે મહાન કાર્યના ઉદ્દેશ માટે શિબિરની યોજના થઈ એ મહાન કાર્યનુ બી તો સુંદર રીતે ક્ષેત્રવિશુદ્ધિ સાથે વવાણુ છે અને તે કાર્ય ઘણી જ ઉત્તમ રીતે પાર પડ્યુ છે. તેમાં આપ બધાના સાથ સાથે જે અથાગ પરિશ્રમ, પૂ. ગુરુદેવ તથા પૂ. નેમિચંદ્રજી મુનિએ કાર્યકૌશલ્ય સાથે સમત્વયોગ જાળવીને લીધો છે અને કાર્યને એક દષ્ટિએ તો પરિપૂર્ણ રીતે નિર્વિઘ્ને પાર ઉતારેલ છે. હવે આ બીજના ચંદ્રને દિન પર દિન વિકસાવી સમાજના બધા પ્રશ્નોને સ્પર્શીને બધાને પોતપોતાનો ધર્મ સમજાવી, શીતળતા આપી આપ સૌ વિકસાવો એ જ પ્રભુ પ્રત્યે પ્રાર્થના. આ મહાન ભગીરથ કાર્ય છે. એ માટે સમય જોઈશે, સાથે પ્રભુકૃપા અને આપ બધાનો પ્રામાણિક જાગૃતિ સાથેનો પુરુષાર્થ જ આ કાર્યને વિકાસના પંથે લઈ જશે. પ્રભુ પાસે પ્રાર્થના કરું છું કે એ બળ આપો.

આ શિબિર અંગેનું બીજું કામ, વ્યવસ્થા અને ભોજન અંગે, આ કાર્યની જવાબદારી શ્રી. માટલિયાભાઈ તથા બહેન મીરાંની સચિના-

વિદાય

વિદાય વેળા ખૂબ જ વસમી હોય છે. જે શિબિરાર્થી, સાધક-સાધિકાઓ અને સાધુમન્યાસી ચાર સાડાચાર માસ એક જ સ્થળે શિબિરમાં રહ્યા અને જેઓ આચાર-વિચારની દૃષ્ટિએ ઘડાયા, તેમને જ્યારે છૂટા પડવાનું આવે ત્યારે તેમનું હૃદય ભરાઈ આવે તે સ્વાભાવિક છે. તેના હૃદયમાં પોતાના શ્રધ્ધેય અને સાથીજનો પ્રત્યે અનેરો ભાવ હોય છે.

શિબિરાર્થીઓ પૈકી પૂ. શ્રી. દંડીસ્વામીજી અને ગોસ્વામી જયગુરજી તો પૂર્ણાહુતિ થયા પછી બીજે જ દિવસે વિદાય થયા હતા. પૂ. દંડીસ્વામીની સરળતા અને પ્રકૃતિભદ્રતા સાધુતાને દીપાવે એવી હતી. તેમણે ફરી મળવાનુ વચન આપ્યુ અને પૂ. મહારાજશ્રીના અનુભવ વડે મળેલ અપૂર્વ લાભ માટે સતોષ વ્યક્ત કર્યો હતો. શ્રી. ગોસ્વામીજીએ પણ વિદાય વેળા પૂ. મહારાજશ્રીને પોતાના જીવનમા ઘર ઘાલી ગયેલા ધૂમ્રપાનના વ્યસનને ધીમે ધીમે કાઢવાનો પ્રયત્ન કરવાનુ વચન આપેલ, તેમજ પત્રવહેવાર વડે સપર્ક સાધવાની વાત કહી.

શ્રી. બ્રહ્મચારીજી, સુદરલાલ શેઠ, ડૉ. મણિભાઈ પણ પૂર્ણાહુતિના બીજે દિવસે ગયા. એમણે પૂ. મહારાજશ્રીને નમન કરીને શિબિરના અનુભવનું ભાતું લીધુ અને વિદાય થયા.

બાકીનાં સાધક-સાધિકાઓ પોતપોતાની અનુકૂળતા પ્રમાણે વિદાય થયાં. પૂ. મહારાજશ્રીના વાત્સલ્ય અને સૌહાર્દનો રસ સૌએ ચાખ્યો હતો એટલે વિદાય વેળા સહુની આખોમાં હર્ષાશ્રુ હોય તે સ્વાભાવિક છે.

"સાધુ સો ચલતા ભલા" એ ન્યાયે પૂ. મહારાજશ્રીએ પણ પૂ. નેમિમુનિ સાથે ત્યાંથી વિહાર કર્યો...



પૂંજાભાઈ, સાથે પણ પત્રવ્યવહારથી સંપર્ક રહ્યો. સવિતાબહેન તો શિબિરના ૧ માસ પછી ઘાટકોપરમાં અમે હતા ત્યારે પાછા મળી ગયાં અને પોતાનાં નણંદબહેન અને તેમના દીકરાને દર્શનાર્થે લાવ્યા હતા. સવિતાબહેનની પ્રેરણાથી શિબિર દરમ્યાન 'બ્રહ્મચર્યનાં નવા મૂલ્યો' પુસ્તક એમના તરફથી છપાવાયું હતું. તેમા ઉલ્લિખિત વિચારોના આરામોહા પ્રત્યાઘાતો વિચારક વર્ગમા જાણવા મળ્યા. ચંચળબહેન બહેના પત્રમાં શિબિરનાં મધુર સ્મરણોનો ચિતાર રહેતો શ્રી હરી સ્વામી સાથેના પત્રવ્યવહારમા શિબિરનાં મધુર સંસ્મરણોનો જ સવિશેષે ઉલ્લેખ રહેતો. વચ્ચે જ્યારે શ્રી. બળવંતભાઈ એમની પાસે સન્યાસ લેવાનુ વિચારતા હતા ત્યારે એમણે પૂ. મહારાજશ્રીને પૂછાવેલ કે મારે આમા શું કરવુ? પૂ. મહારાજશ્રીએ એ મતલબનુ લખ્યુ કે જ્યા સુધી બળવંત-ભાઈના બા હૈયાત છે, ત્યાં સુધી ક્રમમાક્રમ તેમને સન્યાસ લેતા અટકાવો. ત્યાંસુધીમાં તેનું પોતાનુ ઘડતર અને પ્રકૃતિ ઉપર કાબૂ વગેરે સારી પેઠે થઈ જાય, તે હિતાવહ છે.

શ્રી. હરિયાણી સાથે તો મુબઈ, પરાઓ અને ચીચણીમા અવાર-નવાર સંપર્ક રહેતો.

શિબિરાર્થીઓએ કરેલ પ્રગતિ

શિબિર પ્રેરક પૂ. મુનિશ્રી સંતબાલજી મ. શિબિરપૂર્ણાહુતિ પછી થોડા દિવસ સાયણ રહી ઘાટકોપર પધાર્યા હતા. ત્યારે શિબિરમાં થયેલ ચર્ચા-વિચારણાને આગળ ધપાવવા, સાધુસાધ્વીઓને એ વિચાર ગળે ઉતરાવવા, તેમજ વિચારક સદ્‌ગૃહસ્થ-ભાઈબહેનોમા અનુબંધ વિચારધારા સમજાવવા અને કયારેક અહિંસાનો સામુદાયિક પ્રયોગ કરવો પડે તો તે માટે તપશક્તિ સચિત કરવા માટે પૂ. મહારાજશ્રીની પ્રેરણાથી વિ. વા. પ્રાયોગિક સંઘની દેઠળ નીચે મુજબ ત્રણ સમિતિઓ સ્થપાઈ:—

૧. સાધુસાધ્વી સંપર્ક સમિતિ (જે સાધુસાધ્વીઓનો સંપર્ક કરે

સ્થાનકવાસી અનેક સાધુસાધ્વીઓનો સંપર્ક થયો હતો. સામુહિક ક્ષમાપના દિવસના રોજ જૈન–એકતા માટે ત્રિસૂત્રી કાર્યક્રમ મૂકયો હતો.

દિલ્હી ચાતુર્માસ પછી કલકત્તા ભણી વિહાર કરેલ તેમા પંજાબ, યુ. પી. બિહાર, અને બંગાળના અમુક ગામો નગરો આવ્યા યુ. પી.માં કેટલાક સાધુ શ્રાવકોનો સંપર્ક થયો. જૈનેતર જનતાનો ભાવભીનો પ્રેમ સાપડ્યો. અનેક અવનવા અનુભવો થયા. આગ્રામા સર્વોદય કાર્યકર્તાઓનો સંપર્ક થયો અને શ્રી. ચિમનલાલજી જૈને ગ્રામસંગઠન માટે આગ્રા જિલ્લાનું ક્ષેત્ર પસંદ કરીને પ્રયોગ કરવાની વિનંતિ કરી. આમ તો દિલ્હી ચાતુર્માસમાં શ્રી. ત્રિલોકચંદજી ગોલેછા વ. રાજસ્થાનના કાર્યકરો પણ રાજસ્થાનમાં ગ્રામસંગઠનના પ્રયોગ માટે વિનંતિ કરી ગયા હતા.

પણ કલકત્તા જવાનુ હતુ એટલે તે તરફ વિહાર ચાલુ રહ્યા. કલકત્તા પ્રવેશ વખતે જ સ્વાગત ભાષણમાં. પૂ. મહારાજશ્રીએ બંગાલમા ત્રણ વસ્તુઓને નિવારવાની વાત કરી, તેમાં પશુબલિનિષેધ કાર્ય સૌથી પહેલા હાથ ધરવાનુ વિચાર્યું. તેને માટે ચક્રો ગતિમાન થયા. પશુબલિનિષેધક સમિતિ સ્થપાઇ. જે વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘની કલકત્તા શાખા હેઠળ ચાલશે. અને હવે સંઘના નૈતિક સંચાલન તળે માનવસમાજ સંસ્થા પણ સ્થપાઈ ગઈ છે. અને સુંદર ચાલે છે.

આમ તો શિબિર પછીના ત્રણ વરસોમા શિબિર પ્રવચનોના ૯ ભાગ છપાયા, એનાં પ્રવચનો વ્યવસ્થિત કરીને મઠારવાનુ, તેમજ સંપાદન કરેલ પ્રવચનો જોવા તપાસવાનુ કામ પણ નેમિમુનિએ કર્યું જ છે. ને ઉપરાંત શિબિર પ્રવચનોની ઝાંખી શુદ્ધિપ્રયોગની પૂર્વપ્રભા, અને 'શુદ્ધિપ્રયોગની ઝાંખી' વગેરે પુસ્તકો પણ લખ્યા છે. પૂ. મહારાજશ્રીએ એ પ્રયોગ અને વિચારધારાની માહિતી માટે ૧૦ પત્રિકાઓ બહાર પાડી છે. સર્વ–ધર્મ–સમન્વયનો પણ પ્રાર્થના નિમિત્તે પ્રચાર–પ્રસાર થયો છે.

સાહિત્ય પ્રચાર પણ કર્યો છે અને પોતાના કૌટુંબિક જીવનમા સયમની દિશામાં પ્રગતિ કરી છે; તે તેમના ગજા પ્રમાણે પૂરતી પ્રગતિ જ ગણાય.

શ્રી. દેવજીભાઈ ચાડે ખેડૂત મડળ (ભચાઉ તાલુકામા સ્થપાયેલ)ના ગામોમાં પ્રગતિ કરી અને ખેડૂતોના મૂઝવતા પ્રશ્નોમાં ભાગ લીધો અને લે છે. તે ઉપરાંત કચ્છમાં પધારનાર સ્થાનકવાસી દેરાવાસી સાધુ–સાધ્વીઓનો સપર્ક સાધી તેમને આ વિચારધારા ગળે ઉતરાવવા પુરુષાર્થ કર્યો. કેટલાંક સાધુ–સાધ્વીઓ આ વિચારધારાને સમજવા અને આચરવા માટે ઉત્સુક થયા. એક ગરાસદાર ભાઈને કેન્સરના રોગના ઉપચારમાં સેવા કરી તેથી તેનો હૃદય પલટો થયો અને તે ધૂમ્રપાન છોડવા તૈયાર થયા. એક સાધ્વીની છેડતી કરવા એક યુવકે પ્રયત્ન કરેલ, તે બાબતમાં જ્યારે સાધ્વી–શ્રાવકો મૌન ધારીને બેઠી ગયા હતા, ત્યારે દેવજીભાઈએ અઠ્ઠમ (ત્રણ ઉપવાસ)ની પહેલ કરી અને એ પ્રશ્નનો નૈતિક દૃષ્ટિએ ઉકેલ લાવ્યા. આમ શિબિર પછી શ્રી. દેવજીભાઈમાં નિર્ભીકતા, કાર્યશ્રમતા અને યોગ્યતા વધી છે.

શ્રી. બળવંતભાઈએ શિબિર પછી પોતાનુ સ્વાસ્થ્ય સુધાર્યું, ત્યારપછી કોટડાપીઠા, બાબરા વગેરે ગામોમા ખેડૂતોના પ્રશ્નો લઈ ખેડૂત મંડળ સ્થાપવાનો પ્રયત્ન કર્યો; પણ એકલવાયા હોઇ તેમા ફાવ્યા નહીં. પછી પોતે આર્થિક દૃષ્ટિએ સબળ બનવા માટે અબર ચરખાની તાલીમ લીધી. અને ત્યારપછી આ વિચારધારાના પ્રચાર અને આત્મવિ-દ્યાની દૃષ્ટિએ સાહિત્ય વેચાણનું કામ લીધુ પરતુ વચ્ચે પોતાના ગામના એક ગિરાસદારભાઈ વગેરેના અનિષ્ટો દૂર કરવા માટે એની વિરુદ્ધ આત્મારામભાઈ ભટ્ટની પ્રેરણાથી નિવેદન બહાર પાડ્યુ અને તેમા એમના ઉપર પેલા ગિરાસદારભાઇએ બદનક્ષીનો કેસ કર્યો. હજી એ પ્રશ્નનો સંતોષકારક નિકાલ આવ્યો નથી પણ હાલમાં સાહિત્ય વેચાણનું કામ થભી ગયું છે. પરતુ વૈચારિક ઘડતર શ્રી. બળવતભાઈનુ એકદરે સારું થઈ ગયુ છે.

છે. મને ખાતરી છે, કામ બહુ સંતોષકારક થશે; કારણકે તેમણે પહેલાં મુનિશ્રી હેમચન્દ્રજીનાં પ્રવચનો વગેરેનું સંપાદન પણ કર્યું છે.'

ત્યાર પછી શ્રી. ગુલાબચંદભાઇ મદ્રાસથી જ્યારે મુંબઇ આવેલા, ત્યારે તેમને શિબિરનાં પ્રવચનો અને ચર્ચાસારના સંપાદન માટે વાત કરીને સંપાદનનું કામ સોંપાયેલું. શિબિરના કુલ્લે ૧૦ મુદ્દાઓ હોઇ, ૧૦ ભાગોમાં પ્રવચન પુસ્તક બહાર પાડવાનું નક્કી થયું. ત્યારપછી શ્રી. ગુલાબચંદભાઇ બીજી વખત બોરીવલીમાં મળેલા તે વખતે પહેલા ભાગના કેટલાંક પ્રવચનો તૈયાર કરીને લાવેલા. તે જોયા અને તેમનું કાર્ય બહુ પસંદ પડયું. છેવટે સુરતમાં 'પ્રતાપ' પ્રિન્ટીંગ પ્રેસમાં આ પ્રવચનોની છપામણીનું નક્કી થયું. કાગળો વ. લેવાયા અને એમ નક્કી થયું કે આના પ્રકાશક તરીકે 'મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર', અમદાવાદ જ રહે. દ્રવ્ય સહાયતા શ્રી. મણિભાઇ અને તેમના સ્નેહી કરે, તેમના નામની નોંધ લેવામાં આવે.

એટલે પ્રવચન પુસ્તકોના પ્રકાશનનું કામ શરૂ થયું અને અત્યાર સુધીમાં ૯ ભાગો બહાર પડી ગયા છે દશમા ભાગનું પ્રકાશન ચાલુ છે, અને ટુંક સમયમાં બહાર પડશે. જો કે પ્રકાશનમાં મોડું બહુ થયું છે, પણ કામ ખૂબ સરસ થયું છે.

અત્યાર સુધીમાં ૫ ભાગ સાધુ સાધ્વીઓ, રચનાત્મક કાર્યકરો, સંન્યાસીઓ, પત્રો, સાધક-સાધિકાઓને મોકલવામાં આવ્યા છે. ૫૦-૬૦ જણ અગ્રિમ ગ્રાહક બન્યા છે. બાકીના કેટલાક લોકોએ વેચાતા લીધાં છે.

હવે બીજી વખત બાકીના ૫ ભાગ મોકલવાની યોજના છે.

કેટલાક સાધુસાધ્વીઓના આ ૫ ભાગ ઉપર સારા અભિપ્રાયો આવ્યા છે, અને કેટલાક ગૃહસ્થ સાધક-સાધિકાઓના પણ આ તરફ મૌખિક અને લેખિત ઉત્તમ અભિપ્રાયો મળ્યા છે.

શ્રી અમૃતલાલભાઈ મહેતા પુસ્તકો આપવા ગયા હતા. તેમણે કલકત્તામાં કસાઈઓના પાસે થતા પશુવધને અટકાવવા માટે ઘણી જ સારી રજૂઆત બતાવી.

એવી જ રીતે શિબિર-પ્રવચનો વાંચીને કેટલાક મુનિઓ ઉપર ઘણી સારી અસર થઈ છે. તેઓ હવે આ પ્રયોગને જોવા-જાણવા માટે પ્રયોગક્ષેત્રમાં જાય છે. એવી જ રીતે એક સ્થાનકવાસી મુનિ, જેમણે આ પ્રયોગ અને વિચારધારા વિષે ધ્યાન ચાતુર્માસમાં ત્યાંના એક વિચારકભાઈના સંપર્કથી સાંભળેલ; એટલે તેમણે પૂ. મહારાજશ્રી સાથે પત્રવ્યવહાર કર્યો. અને હવે તેઓ સાથે રહેવા અને રાજસ્થાનમાં ધર્મમય સમાજ રચનાના પ્રયોગમાં સહયોગી થવા તૈયાર થયા છે. હાલમાં તો તેઓ બીજા એક તેમના વિચારને મળતા મુનિજી સાથે વિચરવા માગે છે, અને તેમને પણ સક્રિય રીતે તૈયાર થાય તો કરવા માગે છે.

શિબિર પ્રવચનોએ સાધુસાધ્વીઓ સિવાય કેટલાક રચનાત્મક કાર્યકર ભાઈબહેનોમાં સારી અસર ઉપજાવી છે અને તેઓ એ પ્રવચન પુસ્તકોને ધર્મગ્રંથ તરીકે વાંચે છે અને બીજા શ્રાવકો તેમ જ સાધુસાધ્વીઓને વંચાવે છે; વાતાવરણ તૈયાર કરે છે

★

થઈ ગયા. કેટલાંક સાધુસાધ્વીઓએ શિબિર સાહિત્ય ઉપરથી પ્રેરણા લઈને પોતાના જીવનનો ઢાળો બદલવાનો યત્કિંચિત્ પુરુષાર્થ કર્યો છે, અને કરે છે, તેમ સ્પષ્ટ જણાઈ રહે છે.

જે સાધુસાધ્વી વર્ગ એક દિવસ રાષ્ટ્રીય સંકટ સમયે કાંઈ બોલતો નહોતો, તે જ સાધુ વર્ગ પૈકીના ઉચ્ચ કોટિના ધર્મવીર સાધુસાધ્વીઓ ચીનના આક્રમણ વખતે રાષ્ટ્રીય આફતને નિવારવા પોતે (પોતાની સાધુ મર્યાદામાં) તૈયાર થયા અને પોતાના અનુયાયીઓને પ્રેરણા આપીને પોતાનો સાધુ ધર્મ દીપાવ્યો છે.

જે સાધુવર્ગ રાજકારણની વાતોથી ભડકતો હતો, તે જ સાધુવર્ગ રાજ્ય સરકાર દ્વારા મુંબઈ પાસે દેવનારમાં ઊભા કરાતા કતલખાનાનો વિરોધ કરવા માટે સામુદાયિક તપત્યાગ અને બલિદાનરૂપ અહિંસક પ્રતિકાર કરવા માટે વિચારતો થઈ ગયો. તેમ જ પંજાબ સરકાર દ્વારા ધર્મશાળાની નિશાળોમાં બાળકોને અંડા વિતરણ કરવાની યોજનાની સામે અહિંસક પડકાર ફેંકવા પુરુષાર્થ કરતો થઈ ગયો. મુંબઈમાં વર્ષમાં ૮ દિવસ આઠ મહાપુરુષોની પુણ્યતિથિઓ ટાણે, કતલખાના બંધ કરાવવા માટે પ્રબળ પુરુષાર્થ કરવા તત્પર થઈ ગયો. સામુદાયિક રીતે હવે તો સર્વધર્મીય પરિષદો અથવા જુદા જુદા ધર્મના લોકોના પર્વ દિવસોમાં ભાગ લેવા તૈયાર થઈ ગયો. પહેલાં આવી ઉદારતામાં કોઈ સાધુ કે સાધ્વી એકલદોકલ લાગતાં તેણે હવે સામુદાયિક રૂપ લીધું છે.

આ બધું બતાવી આપે છે કે જૈન સાધુ સાધ્વીઓ ઉપર શિબિરના વાતાવરણની સારી અસર થઈ છે.

મુંબઈ અને પરાંઓના મળીને ૧૩ સંઘોના ફેડરેશનને અત્ર.૨ સુધી રચ્યા. સાધુસાધ્વીઓ દ્વારા માઇકમાં નહિ બોલવાની રૂઢિને પકડી

અમદાવાદ, ગૂદી વગેરે સ્થળોમાં આવ્યુ હતુ; અને સારી છાપ લઇને વિદાય થયુ હતુ.

શિબિર પહેલાં એક બહુ જ જિજ્ઞાસુ અને દેરાવાસી સપ્રદાયના સુવિદિત મુનિજી શિબિરમાં પધારવાની ઇચ્છા ધરાવતા હતા. પણ તેમના અમુક સજોગો લઇને તેઓ નહોતા આવી શકયા, પણ તેમના તરફથી એક વિદ્વાન, માસિક પત્રના સપાદક ભાઈ ભાલનળ કાંઠા પ્રદેશનો ધર્મમય સમાજરચનાનો પ્રયોગ જોવા-જાણવા અને આ વિચારધારા તથા શિબિરની માહિતી મેળવવા પૂ. મુનિશ્રી નેમિચન્દ્રજી પાસે અમદાવાદ આવ્યા હતા, અને ત્યાંથી ગૂદી વગેરે પ્રયોગ ક્ષેત્રે ગયા હતા. તેમના ઉપર એ પ્રયોગની સારી અસર થઈ હતી. તેમણે પેલા મુનિજીને બધી વાત કરી. અને છેલ્લાં બે વર્ષથી તેઓ હવે ભાલનળ કાંઠા-પ્રયોગની પેઠે પજાબમાં ધર્મસમાજરચનાનો પ્રયોગ કરવા વિચારી રહ્યા છે. આ વર્ષે તેમણે પજાબમા સરકારની નિશાળમા બાળકોને ઈંડા (નાસ્તામાં) આપવાની યોજનાની સામે પજાબમા ઠેર-ઠેર ફરીને, ત્યાના અહિંસાપ્રેમી જનોને સમજાવીને સારુ વાતાવરણ તૈયાર કર્યું અને છેવટે પજાબ પ્રદેશીય શાકાહાર સમ્મેલન પણ ગોઠવ્યુ. પજાબ સરકારે ઈંડા-યોજના તો પડતી મૂકી છે અને શાકાહારને આ સમ્મેલનને લીધે ખૂબ જ પ્રોત્સાહન મળ્યુ છે. તેમજ ચીનના ચાનકી હુમલા ટાણે પણ તેમણે પોતાની સાધુતાની જવાબદારી સમજીને રાષ્ટ્ર નાગરિકોને પોતાનુ રાષ્ટ્ર રક્ષણ કર્તવ્ય બતાવીને રાષ્ટ્રધર્મ સમજાવ્યો હતો. અને હવે તેમણે પજાબ પ્રાન્તનો એક જિલ્લો પસદ કરી ત્યા ભા. ન. કાંઠા પ્રયોગની જેમ જનસંગઠન, અને જનસેવા સગઠનો વડે, ધર્મમય સમાજરચનાનો પ્રયોગ કરવા વિચાર કર્યો છે. શિબિર પ્રવચનોની તેમના ઉપર ઘણી સારી અસર થઈ છે, એ આ પ્

સંપાદકની વિદાય

૨૧મી ડીસેમ્બર ૧૯૬૧ના હું સર્વપ્રથમ થોડાક પ્રવચનો લઈને મુંબઈ પહોંચ્યો હતો. પૂ. મુનિશ્રી સંતબાલજી અને પૂ. નેમિચંદ્રજી મહારાજ બોરીવલી બિરાજતા હતા. ત્યાંથી તેમને પ્રસ્થાન કરવાનું હતું. શિબિર અંગેની પ્રવચન નોંધ ઉપરથી મારે કેટલાક ખુલાસાઓ લેવાના હતા. ઘણા શબ્દો મારે માટે નવા હતા—ઘણા વિચારો નવા હતા તે જ્યારે પ્રારંભના બે ત્રણ પ્રવચનોનું વાચન પૂ. મુનિશ્રીજી આગળ કર્યું ત્યારે તેમણે સંતોષજનક કાર્ય તરીકે ઓળખાવ્યું—ત્યારે મનમાં થયું કે હું તેમના આ નવી વિચારધારા અને સક્રિય કાર્યને કંઈક સમજી શક્યો છું. એક પરીક્ષામાં પાસ થયો એવું મને લાગ્યું.

પૂ. મુનિશ્રીએ કહ્યું "થોડા દિવસમાં (ચાર પાંચ દિવસ બાદ) પ્રાયોગિક સંઘની બેઠક ભરાશે ત્યારે તેમાં બધાં કાર્ય અને દેખાડી જજો!"

મારા માટે આ બીજી પરીક્ષા હતી. કદિ પણ મારું સંપાદન કરેલું સાહિત્ય મારે લોકોની સ્વીકૃતિ માટે વાંચવું પડે તેમ ન હતું બન્યું. પણ મારે તેના માટે તૈયાર રહેવું જોઈએ.

સંપાદન કરવા માટે સ્વીકૃતિ આપી ત્યારે મનમાં આનંદ હતો કે જે પૂ. મુનિ વિદ્વાનોના સંપાદિત સાહિત્ય માટે મને કંઈક માન હતું—તેમના વિચારોને સંપાદન કરવાનું મને મળ્યું! અને તેમને સંપાદિત પ્રવચનો દેખાડવા બાદ તેમની અભિવ્યક્તિ માન માટે પણ [illegible] હતી [illegible]

ચાર પાંચ દિવસ બાદ [illegible]

પૂ. મુનિશ્રીએ [illegible]

મનમાં ગડમથલ ચાલતી હતી [illegible]

કહેશે! ત્યારે તેમણે પણ [illegible] આપી [illegible]

થયું કે બીજી પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ ગયો છું

બધાની વચ્ચે 'કોમના અતિશય, બોજા વચ્ચે તબિયત પણ ઠીકઠીક રહેતી. આ બધું મારે કોઈ મોટી પરીક્ષા આપવી હોય તેમ પૂ. મહારાજશ્રીએ ઘણી જ ઉદારતાથી ચલાવી લીધું અને હમેશા ઉમળકો આપતા રહ્યા. અને આજે આ કાર્ય પૂર્ણ થાય છે.'

આમાં એક વસ્તુનો સંપાદન અંગે ઉલ્લેખ કરીશ. મૂળ પ્રવચન નોંધોમાં કેટલીક વાતો નકારાત્મક કે પ્રશ્નાત્મક રીતે રજૂ કરવામાં આવી છે. દા. ત. "આમ થવું ન જોઈએ" તેના બદલે જેમ હું સમજતો ગયો અને સ્થિર કરતો ગયો કે તેની શૈલીમાં "હકારાત્મક" ફેર કર્યો છે. આ નકારાત્મક (Negative) કરતાં હકારાત્મક (Positive) સંપાદનનું વલણ (approach) મારી કેટલીક ધારણા નક્કર બનતાં મેં લીધેલું. સમયના લખાણ સાથે વિશ્વની બદલાતી ઘટનાઓ વચ્ચે પણ વિષય-મુદ્દાઓની એટલી જ સચોટતા, અટલતા તેમજ સ્થાયીપણું એ મેં અનુભવ્યું. દા. ત. આર્થિક પ્રયોગ કે ક્રાંતિકારો માટે એક સૂત્ર આપવામાં આવ્યું છે "ક્રાંતિકાર જાતિ, ધર્મ કે એવા બંધારણો કે હિંસા નીતિમાં માનનારી સંસ્થા સાથે સબંધ ન બાંધવો જોઈએ." આ વાત મુંબઈ-મહારાષ્ટ્રના આગલા વખતે કોંગ્રેસનું પ્રાંતીય સમિતિ સાથે જોડાણ, કેરલમાં મુસ્લિમ લીગ સાથે જોડાણ અને છેલ્લે ચીન સાથે સંધિ છતાં આક્રમણના પ્રત્યાઘાતોમાં બહુ જ સ્પષ્ટપણે ઉપર આવી હતી.

આ અંગે મારે એક વાતનો જરૂર ઉલ્લેખ કરવો જોઈએ કે આ સાહિત્યનું સંપાદન હું સરળતાએ કરી શકું તે માટે પૂ. મુનિશ્રી નેમિચંદ્રજી તેને વ્યવસ્થિત કરીને મોકલતા એટલું જ નહીં, નવદિન પ્રવેશ સમારંભને પણ ફરી જોઈ તપાસીને, કયાંક ફેર કરી દેતા. હાથ તેને ઉપયોગી-પધારી સેવા

એટલે સંપાદન કાર્ય સમાપ્ત થાય તે પહેલાં મારે મેરા ઉપકારક મુનિશ્રીઓનો આભાર માનવો જ રહ્યો. પૂ. મુનિશ્રી સંતબાલજી

[illegible] [illegible] મળ્યો છે. [illegible] [illegible]
[illegible] અને [illegible] [illegible] અને [illegible] [illegible] છે [illegible]
[illegible] છે. તેઓએ મને આ [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] થયું છે અને [illegible]
છે. તે માટે તેમનો આભારી છું. [illegible]
[illegible] પરોક્ષ રીતે મદદરૂપ થયા છે [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] છું. તે માટે તેમનો આભારી [illegible]

[illegible] [illegible] આ અને [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] એ [illegible] [illegible]
[illegible] એ [illegible] હું [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] છે. આમાં [illegible] [illegible]
[illegible] અને વિચાર [illegible] [illegible] [illegible]
તેનાથી [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] જ નથી, જેમના [illegible] [illegible]
તેમાં એવી વધારે [illegible] [illegible]

[illegible] [illegible] જેમનો [illegible]
[illegible] અને [illegible] [illegible] [illegible] છું.

[illegible]